The Secret Letters (Gujarati)

Sharma, Robin

રોબિન શર્મા

રહસ્યમય પત્રો

THE SECRET LETTERS

NOW IN GUJARATI

સંન્યાસી જેમણે પોતાની સંપત્તિ
વેંચી નાખી માંથી
શ્રેષ્ઠ જીવન જીવવાની કથા

"દુનિયાભરમાં લોકોને પોતાની જીંદગીને બહેતર બનાવવામાં
રોબીન શર્માના પુસ્તકો ઘણાં મદદરૂપ બન્યાં છે."
પાઉલો કોએલ્હો, 'ધ અલ્કેમિસ્ટ'ના લેખક

Robin Sharma's books have sold 6 million copies worldwide
6 MILLION COPIES SOLD WORLDWIDE

JAICO

રહસ્યમય પત્રો

સંન્યાસી જેમણે પોતાની સંપત્તિ વેંચી નાખી માંથી શ્રેષ્ઠ જીવન જીવવાની કથા

THE SECRET LETTERS

NOW IN GUJARATI

રોબિન શર્મા



જયકો પબ્લિશિંગ હાઉસ

અમદાવાદ બેંગલોર ભોપાલ ભુબનેસ્વર ચેન્નાઇ
દિલ્હી હૈદરાબાદ કલકત્તા લખનૌ મુંબઇ

પ્રકાશક
જયકો પબ્લિશિંગ હાઉસ
એ-2, જશ ચેંબર્સ, 7-એ સરફિરોઝશાહ મહેતા રોડ
ફોર્ટ, મુંબઈ - 400 001
jaicopub@jaicobooks.com
www.jaicobooks.com

હાર્પર કોલિન્સ પબ્લિશર્સ લિમિટેડ
ટોરંટો, કેનેડાના સહયોગથી
ધ મંક હુ સોલ્ડ હીઝ ફેરારી

માત્ર ભારત, બાંગ્લાદેશ, ભૂતાન, પાકિસ્તાન,
નેપાલ, શ્રીલંકા તથા માલદીવમાં વેચાણપાત્ર.

THE SECRET LETTERS
રહસ્યમય પત્રો
ISBN 978-81-8495-346-6

અનુવાદ : હરનિશ કંસારા

પહેલી જયકો આવૃત્તિ: 2012

તમને રસ્તો

જયાં સુધી દેખાય

ત્યાં સુધી આગળ વધો.

ત્યાં પહોંચ્યા પછી

ત્યાંની આગળનું તમે

જોઈ શકશો.

- થોમસ કેરલીલ

અનુક્રમણિકા

પ્રાક્કથન

મારો મૂંગોમંતર ગાઈડ ઝડપથી મારી આગળ ચાલી રહ્યો હતો, જાણે તેને પણ ત્યાં હાજર હોવું પસંદ ન હતું. બોગદાંની હવા અણગમતી અને ભેજવાળી હતી, પ્રકાશ નહીંવત હતો.

હા, આ જગ્યાએ સાઈઠ હજાર પર્શીયનોના હાડકાં દાટવામાં આવ્યાં હતા...

અચાનક નવા બોગદાંના પ્રવેશદ્વાર પાસે તે માણસ ઉભો રહી ગયો. બન્ને બોગદાં વચ્ચે લોખંડની જૂની તારની વાડ હતી. બોગદામાં અંધકાર ભર્યો હતો. મારા ગાઈડે વાડ બાજુમાં ખેસડી અને અંધકારમાં પ્રવેશ કર્યો. પળવાર માટે અટકીને પાછળ જોયું, ખાત્રી કરી કે પાછળ હું આવતો જ હતો. તેની પીઠ અંધકારમાં ઓગળી ગઈ. હું અનિર્ણાયકતાથી આગળ વધ્યો. થોડાં ડગલાં આગળ ભરતાં મારો પગ કોઈ વસ્તુ સાથે અથડાયો. અચાનક એક અવાજે હવા ભરી દીધી અને હું સ્તબ્ધ થઈ ગયો. આમ થયું કે તરત મારી આસપાસ પ્રકાશ ઘેરી વળ્યો. મારા ગાઈડે ફ્લેશલાઈટ કરી હતી. અચાનક મને થયું - તેણે તેમ ન કર્યું હોત તો સારું થાત. બધું અસ્તવ્યસ્ત અને બિહામણું હતું. ચારે બાજુ હાડકાંઓ જ હતા - અમારા પગ પાસે વિખરાયેલા... દિવાલો પાસે ઢગલાબંધ. ફ્લેશલાઈટના અજવાળામાં ધૂળ અને છત પરથી લટકતાં કરોળીયાનાં ઝાળા સિવાય કંઈ દેખાતું ન હતું.

'કા સેસ્ટ પોઅર વોસ' મારો ગાઈડ (ફ્રેન્ચમાં) બોલ્યો. તેણે ફ્લેશલાઈટ મારા તરફ ધકેલી, જેવી મેં લીધી, તે ઝપાટાભેર આગળ નિકળી ગયો.

'અરે....' તેને બોલાવવા મેં કહ્યું. મારું બોલવાનું પૂરું થાય તે પહેલાં જ તે મોટા અવાજે બોલ્યો- "ઈલ વોસ રેનકોન્ટ્રેરા ઈસી" અને તે ચાલ્યો ગયો, મને એકલો મૂકીને.

હું હતો જમીનથી પચાસ ફૂટ નીચે, મૃત્યુ પામેલાઓના સમુદ્રના તળીયે, એકમાત્ર જીવંત વ્યકિત.

લેખક વિશે

રોબીન શર્મા દુનિયાનાં સૌથી વધુ વંચાતા લેખકોમાંના એક છે. તેની અગિયાર આંતરરાષ્ટ્રીય બેસ્ટસેલર કલાસીકમાં The Monk Who Sold His Ferrari, Who Will Cry When You Die ?, The Greatness Guide - ઉપરાંત પોતાના નેતૃત્વલક્ષી વર્તન દ્વારા અસર ઉપજાવતી વ્યકિતઓ થકી દુનિયાભરમાં આંદોલન જગાવનાર પુસ્તક The Leader Who Had No Title નો સમાવેશ થાય છે.

રોબીન શર્માનાં પુસ્તકો દુનિયાભરમાં ૬૫ થી પણ વધુ દેશોમાં તથા ૭૫થી પણ વધુ ભાષાઓમાં વંચાય છે અને દુનિયાભરમાં તેનાં પુસ્તકોની લાખો નકલો વેચાઈ છે. ફેસબુક તથા ટવીટર પર તેનાં પ્રશંસકો સાથે તે સતત સંપર્કમાં રહે છે, જેમાં ફિલ્મસ્ટાર્સ, વિખ્યાત લેખકો, વૈશ્વિક વ્યકિતત્વ ધરાવતા મહાનુભાવોનો પણ

Nike, GE, FedEx, IBM, Coca-Cola, Yale University, Young President's Organisation વગેરે જેવી ગ્લોબલ કંપનીઓમાં પ્રવચનો આપવામાં રોબીન સતત વ્યસ્ત રહે છે. આપની સંસ્થામાં પણ તેને બોલાવવા માટે તેનો સંપર્ક આપ robinsharma.com પર આપ કરી શકો છો.



પ્રકરણ– એક

મારા અતિ વ્યસ્ત દિવસો ચાલી રહ્યાં હતા. મારૂં મનગમતું કરવાની દસ મીનીટ મળે તો પણ ઘણું. તે દિવસે શરૂઆત થઈ. સવારે મારી આંખ ઉઘડી ત્યારે રૂમમાં જરા વધારે પ્રકાશ પથરાઈ ગયો હતો. મારા માટે 'તમે આજે મોડા છો'ની ચેતવણી સમાન તે હતો. સાત નહીં પણ આઠ વાગી ગયા હતા. એલાર્મ એનું કામ નિષ્ઠાપૂર્વક કરતું હતું. ત્યાર પછીની વીસ મિનિટ ઉતાવળ, ઘાંટાઘાટ અને રડવામાં (મારો છ વર્ષનો પુત્ર રડી રહ્યો હતો...) ગઈ. મારા પુત્ર આદમની તથા મારી પણ દિવસભરની જરૂરિયાતોની વ્યવસ્થા કરવામાં ઘરમાં - રસોડું, બાથરૂમ, ડ્રોઈંગરૂમ, અહીં-તહીં બધે જ - મારે દોડાદોડી કરવી પડી. આદમને સ્કૂલે પહોંચાડવામાં મેં પીસ્તાલીસ મિનિટ મોડું કર્યું હતું. આદમની ઠપકાભરી નજર મારા પર હતી.

“મમ્મીએ કહ્યું છે કે જો સોમવારે સવારે સ્કૂલે પહોંચવાનું આમ મોડું જ થતું હોય તો રવિવારે રાત્રે રોકાવાનો કોઈ અર્થ નથી.”

અરે, મારા દિકરા. “છેલ્લી વખત, બસ ?” મેં કહ્યું: “પ્રોમીસ બસ ? આ છેલ્લી વખત.”

આદમ કારમાંથી ઉતરી રહ્યો હતો. તેને મારા પર ભરોસો ન હતો.

“આ લે.” પ્લાસ્ટીકની એક અસ્તવ્યસ્ત થોડી ભારે બેગ તેને આપતાં મેં કહ્યું: “તારૂં લંચ લેવાનું ભૂલતો નહીં.”

મારી સામે પણ જોયા વિના તેણે કહ્યું: “તમારી પાસે જ રાખો. સ્કૂલમાં પીનટ-બટર લાવવાની મનાઈ છે.”

તે મોડો જ હતો. ઝડપથી સ્કૂલના ધૂળીયા મેદાનમાં તે દોડી ગયો. બિચારો. સ્કૂલના દરવાજા ભણી દોડતાં તેનાં નાના નિર્દોષ કુમળા પગને હું જોઈ રહ્યો. સ્કૂલમાં

મોડા પડવું કેટલું શરમજનક છે ? બધા જ આવી ગયા હોય, હવામાં રાષ્ટ્રગીત ગુંજી રહ્યું હોય ત્યારે તમે હજી સ્કૂલ તરફ જઈ રહ્યા હો અને તે પણ લંચના ડબ્બા વિના ! કમનસીબ બિચારો !

મેં લંચની પ્લાસ્ટીક બેગ પાછળની સીટ પર ફેંકી, નિ:સાસો નંખાઈ ગયો મારાથી. 'કબજેદારી'ના કસ્ટોડીયલ વીક-એન્ડનો શરમજનક અંત આવ્યો. દેખીતી રીતે જ પતિ તરીકે હું નિષ્ફળ ગયો હતો. મને લાગતું હતું કે બાળકના વિખૂટા પડેલા પિતા તરીકે પણ હું વધુ એક વખત શરમજનક રીતે નિષ્ફળ જઈ રહ્યો છું. જયારથી મેં આદમનો હાથ ઝાલ્યો છે, મેં તેને ડગલેને પગલે, માત્ર અને માત્ર, નિરાશાઓ જ આપી છે. આખું અઠવાડીયું જયારે આદમ મારાથી દૂર હોય છે ત્યારે જાણે મારું એક અંગ છૂટું પડી ગયું હોય તેટલી હદે મને તેની ખોટ સાલે છે, છતાં પણ શુક્રવારે તેને તેડવા હું અચૂક મોડો જ પહોંચું છું.

તેને બહાર પીઝા ખવરાવવાનું અને ફિલ્મ દેખાડવાનું વચન માત્ર નિરાશામાં જ પરિણમે છે. તેને મળે છે અનીશાએ તેને ઘેર બનાવી આપેલી બ્રેડ. હું તેને લેવા પહોંચું ત્યારે તેનો સાંજના જમવાનો સમય કયારનોય વિતી ચૂકયો હોય છે અને આ મારો મોબાઈલ, ઉધરસનો દર્દી સતત ઉધરસ ખાય તેમ તે પણ સતત વાગ્યા જ કરે છે - સતત! ફિલ્મ જોતી વખતે, આદમને હું પથારીમાં સુવડાવી રહ્યો હોઉં ત્યારે, નાસ્તો કરતાં હોઈએ ત્યારે કે પાર્કમાં લટાર મારતા હોઈએ ત્યારે મારી અને આદમની 'વચ્ચે' આ મોબાઈલ કાયમ હોય જ છે. તેના માટે બર્ગર લેતો હોઉં કે તેને વાર્તા કહેતો હોઉં - મોબાઈલના અવાજ ચાલુ જ હોય છે.

હકીકતમાં, મોબાઈલના અવાજ આવે એ સમસ્યા નથી, સમસ્યા છે હું તે ઉપાડું છું તે. મેસેજ આવે એટલે તરત જોઈ લઉં છું, તરત તેનો જવાબ પણ આપી દઉં છું, ફોનમાં વાતો કરવા માંડું છું. મારી અને આદમની નજદીકીમાં અંતરાયરૂપ બનતો દરેક મેસેજ કે ફોન આદમને મારાથી વધુ અતડો બનાવે છે. તે વધુ શાંત બનીને મારાથી વધુ દૂર જાય છે ! મારા હૃદયને આઘાત લાગે છે એનાથી, પરંતુ મોબાઈલની અવગણના કરવી કે તેને સ્વીચ ઑફ કરી દેવાનો વિચાર પણ કરી શકતો નથી. તેમ કરવાથી તો મારૂં કામ વધતું જ જાય છે, જે મને વધુ વૈતરૂં કરવાની ફરજ પાડે છે.

વીક-એન્ડના ચિંથરા ઉડી ગયા હતા. હું ઑફિસ પહોંચ્યો ત્યારે મનમાં આ જ વિચારો ઘૂમરાતા હતા. જયારે અનીશાએ મને કહ્યું હતું : "આપણે ભવિષ્યમાં છૂટા પડવા માટે એકબીજાથી અલગ રહેવાનો પ્રયત્ન કરીએ." ત્યારે મને જાણે કોઈએ પાછળથી જોરદાર ધક્કો માર્યો હોય તેમ લાગ્યું હતું. તેની વર્ષોથી સતત ફરિયાદ હતી કે હું તેની અને આદમને માટે સમય ફાળવતો નથી. મારી જીંદગી ભલે તેની જીંદગીનો જ એક ભાગ હતી. પરંતુ હું તેની સાથે રહી શકતો નથી. મને હંમેશા-ચોવીસે કલાક મારૂં કામ વળગેલું જ રહે છે.

મારી દલીલ હતી: "શું છૂટા પડવાથી હું આ ચુંગાલમાંથી બહાર આવી શકવાનો છું ? હું વધુ સમય નથી જ આપી શકતો, તો જે આપું છું તે સમય ઓછો છે તેમ શા માટે માને છે ?"

છેવટે, અનીશાએ કહ્યું હતું : "હું તમને ઘણો પ્રેમ કરું છું પણ હું આ રીતે તમારી સાથે રહી શકું તેમ નથી. આપણા પુત્ર આદમ સાથે તમારે હંમેશા સારા સંબંધો જળવાઈ રહે તેમ હું ઈચ્છું છું."

પછી તો એક ઉચાટ અને થોડી કડવાશ સાથે પણ, હું ઘેર વહેલો પહોંચી જતો. કંપનીની ગોલ્ફ ટુર્નામેન્ટ કે ગ્રાહક સાથેના ડીનરમાંથી છટકવા મેં કંપનીમાં આજીજીઓ કરી, પરંતુ અનીશા કહેતી કે આ બધો માત્ર દેખાડો છે. મૂળ સમસ્યાને દૂર કરવાની મારી કોઈ વચનબદ્ધતા દેખાતી નથી. દરેક વખતે તેનાં શબ્દો મને વાગતાં. હું દાંત કચકચાવીને બેસી રહેતો. મારે ખરેખર કેટલું બધું કામ છે તે અનીશાને દેખાતું ન હતું ? મારે આગળ વધવા માટે આ બધું (અને આટલું બધું!) કામ કરવું કેટલું જરૂરી અને મહત્વનું છે તે અનીશા કેમ સમજતી ન હતી ? આખરે, મોટા સારા ઘરમાં રહેવું હોય, સારી કારમાં ફરવું હોય, ઘરમાં મોટા મોટા ટી.વી. વસાવવા હોય તો આ વૈતરું તો કરવું જ પડે ને?

છૂટા પડયા પછી મેં મારી જાતને એક વચન આપ્યું : "હું આદમ માટે શ્રેષ્ઠ 'વિખૂટા પડેલો' પિતા બનાવીને બતાવીશ, તેના પ્રત્યે હું, સતત ધ્યાન આપીશ. સ્કૂલના દરેક કાર્યક્રમમાં હું જઈશ, તેને સ્વીમીંગમાં કે કરાટેના કલાસમાં લાવવાલઈ જવા હું સતત હાજર રહીશ. હું તેને પુસ્તકો વાંચી સંભળાવીશ. રાત્રે જયારે તેનો ફોન આવે, ત્યારે દુનિયાનાં મારા બધાં જ કામને હું બાજુ પર મૂકી દઈશ. હું તેની મુશ્કેલીઓને બરાબર સાંભળીશ, સલાહ આપીશ અને અમે જૉક પણ કહીશું. તેના હોમવર્કમાં હું તેને મદદ કરીશ અને હા, તેને બહુ ગમે છે તેવી પેલી કંટાળાજનક વિડીયોગેમ પણ હું તેની સાથે રમીશ ! મારી પત્નિ સાથે ન હોય તો પણ મારા દિકરા સાથે તો મારા સંબંધો અદ્ભુત જ રહેશે અને અનીશાને હું બતાવી આપીશ કે હું માત્ર 'દેખાડો' નથી કરતો !"

છૂટા પડયાનાં થોડા અઠવાડીયા તો મને લાગ્યું મેં ઘણું સારું ધ્યાન રાખ્યું છે. એક રીતે જોતાં એ કંઈ અઘરું નથી. મને આશ્ચર્ય એ વાતનું રહેતું કે એ બંને વિના મને સ્હેજ પણ ગમતું નહીં. મારા એપાર્ટમેન્ટમાં હું જાગતો ત્યારે મને જે તેનાં મધુર અવાજો સંભળાતા તે હવે અલોપ થઈ ગયાં છે. લગભગ આખી રાત્રિ હું વિચાર કર્યા કરતો. આ સમયે હું આદમને પથારીમાં વાર્તા કહેતો હતો. આ સમયે હું તેને ગુડનાઈટ કહીને ભેટતો હતો અને આ સમયે તો હું અનીશાને પથારીમાં મારી બાહોમાં જકડી લેતો હતો. મારા માટે અઠવાડિયાના છેલ્લા દિવસો હંમેશા દૂર લાગતાં.

પરંતુ જેમ જેમ મહિનાઓ પસાર થવા લાગ્યાં, એ ખ્યાલો ધુંધળા થવા લાગ્યાં. મારી જવાબદારીઓના ગુંચળામાં આદમ-અનીશાના વિચારો ખોવાઈ જવા લાગ્યાં. દરરોજ સાંજે હું ઓફિસનું કામ ઘેર લાવતો અથવા ઓફિસમાં જ મોડે સુધી કામ કરતો. આદમનો ફોન આવે ત્યારે મારી આંગળીઓ કોમ્પ્યુટર પર ચાલુ જ રહેતી. તેની વાત પણ હું પૂરી સાંભળતો નહીં. તે અત્યારે શું કરતો હશે એવું વિચાર્યા વિના જ અઠવાડીયાઓ પસાર થઈ જવા લાગ્યાં. જયારે સ્કૂલમાં રજાઓ આવી ત્યારે મને યાદ આવ્યું કે તેની સાથે સમય વિતાવવા મેં અગાઉથી કોઈ તૈયારી જ કરી નથી.

આદમની સ્કૂલના ભવ્ય કાર્યક્રમ વખતે જ મેં ત્યાં હાજર રહેવાને બદલે કોઈ ગ્રાહક સાથે ડીનર ગોઠવી નાંખ્યું. હું ભૂલી ગયો હતો. દર છ મહિને તેના ડેન્ટલ ચેક-અપને પણ હું ભૂલી ગયો હતો, અનીશાએ તેના એક અઠવાડિયા પહેલાં મને યાદ કરાવ્યું હતું તો

પણ. અને શુક્રવારે 'મોડા' પહોંચવાનું મારૂં ચાલુ થઈ ગયું હતું. જાણે મારા કિંમતી સમયનો મારે ફરજીયાત હપ્તો ચૂકવવાનો હોય એ રીતે હું ત્યાં હાજર થઈ જતો.

ઓફિસના પાર્કીંગમાં હું લગભગ ધસી આવ્યો. મને લાગ્યું મારે થોડી શાંતિ રાખવી જોઈએ. સિકયુરીટી ગાર્ડ ડેનીને નજરથી હાય-હલો કર્યું. ગાડીમાંથી હું બહાર આવ્યો, પરંતુ કદાચ મેં એન્જીન પણ બરાબર બંધ કર્યું ન હતું ! મારા વર્તનમાં અણછાજતી ઉતાવળ કેમ હતી ?

મારા બચાવમાં હું કહી શકું. કામ પ્રત્યેનો મારો લગાવ બિલકુલ કુદરતી હતો. કંપનીમાં કામનું ભારણ હંમેશા રહેતું અને તેથી માનસિક તાણ લગભગ આખા દિવસ દરમિયાન રહેતી. થોડા મહિનાઓથી તો એવી પણ વાતો આવતી કે આપણી કંપની વેચાઈ ગઈ છે. છેલ્લા બાર અઠવાડીયામાં તો અલગ અલગ રીપોર્ટ બનાવવામાં જ સમયનો બગડયો છે. સેલ્સ રીપોર્ટ્સ, ઈન્વેન્ટરી રીપોર્ટ્સ, સ્ટાફીંગ રીપોર્ટ્સ, પ્રોફીટ-એન્ડ-લૉસ રીપોર્ટ્સ. રાત્રે સપનામાં પણ મને થોકબંધ રીપોર્ટ્સ દેખાતા. ઓફિસમાં કામ મારી રાહ જોઈ રહ્યું હતું. તેને વધુ વખત સુધી હું દૂર રાખી શકું તેમ ન હતો. મેં એન્જીન બંધ કર્યું, લેપટોપ લીધું અને ઓફિસમાં ઘૂસી ગયો.

અમારા રીસેપ્શનીસ્ટ ડેવીનને મેં હેલો કહ્યું. તેનું માથું જાણે કોમ્પ્યુટરમાં ઘૂસી ગયું હતું, પણ મને ખાત્રી છે કે તે કોમ્પ્યુટરમાં પત્તાની ગેમ જ રમતો હતો. હું જમણી બાજુ વળ્યો. મને લાગ્યું કે મારી પાછળ ડેવીન મરકતો હતો, કદાચ તે મારી કલ્પના પણ હોય. મારી જગ્યાએ પહોંચવાનો સૌથી ટૂંકો રસ્તો તો ડાબી બાજુનો હતો, પણ એ બાજુ હું ગયો નહીં. ડેવીને ચોક્કસ વિચાર્યું હશે કે ટીસાનું ટેબલ જમણી બાજુ છે એથી જ હું જમણી બાજુ વળ્યો હતો. જો કે એ કારણ તો વધારાનું હતું.

હકીકત એ છે કે જમણી બાજુ જવાથી મારે જુઆનની જગ્યા પાસેથી પસાર થવાનું ટાળી શકાતું હતું. જુઆન. મને એ સમજાતું નથી કે હવે મારે એની શા માટે ચિંતા કરવી જોઈએ. જુઆનની જગ્યા ખાલી જ હતી. ઘણા વખતથી, તેના બ્લાઈન્ડ્સ ખુલ્લા હતા, ટેબલ સાફ હતું અને ખુરશી ખાલી ! ફાઈલીંગ કેબીનેટ પર હવે જુઆનની પત્નિ અને બાળકોનાં ફોટોગ્રાફસ ન હતાં, ટેબલ પર કોફીનો મગ ન હતો, દિવાલો પર કોઈ સુશોભન ન હતાં, હા, છતાં એમ જરૂર હતું કે હજી એ ખાલી જગ્યામાં આ બધી વસ્તુઓની છાયા પથરાયેલી છે.

ટીસાની ખુલ્લી કેબીન પાસેથી પસાર થતાં મારી ગતિ ધીમી પડી. અમે બન્નેએ વર્ષો સુધી સાથે કામ કર્યું છે. એકબીજાની સેન્સ ઑફ હ્યુમરનો ભરપૂર આનંદ માણ્યો છે. અનીશા સાથે હતો ત્યારનું તો હું ચોક્કસ ન કહી શકું પરંતુ મારે કબુલ કરવું જોઈએ કે અનીશાથી છૂટા પડયા પછી હું ટીસાના વિચારોમાં ખોવાયેલો રહું છું.

તેના ઘટાદાર કાળા વાળની એક ઝલક મેં જોઈ. જો કે, તે ફોન પર વાત કરી રહી હતી, તેથી હું આગળ ચાલ્યો ગયો.

કેબીનમાં દાખલ થતાં પહેલાં મેં આજુબાજુ જોયું, મારું કામ શરૂ કરું એ પહેલાં ખાસ જાણવા જેવું કંઈ આવ્યું છે કે નહિં તે મારે ચકાસવું જોઈએ. કદાચ ડીઝાઈન સ્ટુડિઓએ કંઈક બતાવવા જેવું કામ કર્યું હશે. પણ ના, ત્યાં લેબમાં થોડી મિનિટ વાતો

કરવી પડે એ અત્યારે મારા માટે અકળાવનારું હતું. અહીં મારી શરૂઆત ડિઝાઈન લેબથી જ થયેલી. મારું પહેલું કામ ત્યાં હતું એક ઓટોપાર્ટ મેન્યુફેકચરર માટે ડિઝાઈન બનાવવાનું. મને એ ખૂબ ગમતું. ટેકનીકલ ડાયરેકટર જુઆને મને તેની નીચે કામ કરવા પસંદ કર્યો હતો. તે મારો માર્ગદર્શક હતો.

પરંતુ હકીકત એ છે કે તમારે જો કરીયર બનાવવી હોય તો તમને ગમતું કામ છોડીને તેનાથી ઉપર ઉઠવાની તૈયારી રાખવી પડે છે. 'કરીયર' વ્યકિતને કદાચ આમ જ ખલાસ કરે છે ! પરંતુ મને આ કહેનારું કોઈ ન હતું. મારી ઉપરવાળાને ખુશ કરવા હું બધું જ કરી છૂટતો. કહોને સતત પૂંછડી પટપટાવતો ! એ લોકોએ એ જોયું અને જ્યારે બઢતીનો સમય આવ્યો ત્યારે જુઆને મને તેની નજીક રાખી દીધો.

'તને ખબર છે ?' તેણે કહ્યું હતું : "તું આ નવી જગ્યા સંભાળીશ ત્યારે રીસર્ચ અને ડિઝાઈનથી તું દૂર થઈ જઈશ, તે તારા ભલા માટે હશે." તારું કામ મેનેજમેન્ટનું તથા વસ્તુ વેચવાનું રહેશે. તારે એ જ જોઈએ છે ને ?"

"જુઆન, મારે આગળ વધવું છે.", મેં કહ્યું, વળી હસ્યો : "અને હું તારા રીટાયર થવાની રાહ જોવાનો નથી." જુઆને એક નબળું સ્મિત આપ્યું. કંઈ બોલ્યો નહીં.

પહેલાં પગથિયા પછી હું ઝડપથી આગળ વધ્યો. અમારા સૌથી મોટા ગ્રાહક માટેનાં પ્રોજેક્ટ્સ હું સંભાળતો.

મેં કોફીનો મગ ઉપાડયો, નીચે લેબમાં જવાના હોલ તરફ જવા તૈયાર થયો. પણ અટકી ગયો મારે ત્યાં જવાની જરૂર જ નહોતી. કોફીનો મગ નીચે મૂકી હું ખુરશી પર બેસી ગયો. કોમ્પ્યુટરમાં એક ફાઈલ ખોલી અને તેમાં દેખાતા આંકડાઓમાં ડૂબી ગયો. થોડા કલાકોમાં મેં એક વધુ પ્રોફીટ-એન્ડ લૉસ એકાઉન્ટ તૈયાર કર્યું, અને મારા ખીચોખીચ ઈનબોકસને ખોલવા ગયો ત્યાં ફોનની ઘંટડી રણકી.

અવાજ મારી માતાનો છે તે ઓળખતાં મને વાર ન લાગી. એ અપસેટ હોય એવું લાગ્યું. મને થયું બધું બરાબર હોય તો સારું, છેલ્લા થોડાક મહિનાઓથી મારી માતા મારી જીંદગીમાં કંઈક વધુ પડતો રસ દર્શાવી રહી હતી. મને અકળામણ થવા લાગી હતી. "તારા કામમાં દખલ દેવા બદલ દિલગીર છું, જોનાથન, પરંતુ મારી વાત મહત્વની છે." તેણે કહ્યું: "કઝીન જુલીઆન સાથે મારે હમણાં જ વાત થઈ. એ તને અત્યારે જ મળવા માંગે છે, તાત્કાલિક."

મને ? મેં વિચાર્યું. અરે, જુલીઆનને વળી મારું શું કામ પડયું હશે ? હકીકતમાં તેને તો હું ઓળખતો પણ નથી. તે મારો કઝીન (પિતરાઈ) નથી. પણ મારી માતાનો છે. તેઓ નાના હતા ત્યારે મારી માતા, જુલીઆન અને તેની બહેન કેથરીન નજીક હતા, જયારે મારો ઉછેર તો બીજી જગ્યાએ થયો હતો. ઘણા દૂરનાં સગા-સંબંધીઓ પણ હમણાંથી મારામાં રસ લઈ રહ્યાં છે.

હું જુલીઆનને માત્ર એક જ વખત મળેલો, હું દસ વર્ષનો હતો ત્યારે. અમે કેથેરીનના ઘરે ગયા હતા. તેના ઘેર રાત્રે જમવાનું હતું. ત્યારે જુલીઆન સાથે તેની પત્ની હતી કે નહીં, કે તેણે છૂટાછેડા લીધેલ કે નહીં - મને બરાબર યાદ નથી. ખરેખર તો મને તે

મુલાકાતનું ખાસ કંઈ યાદ નથી, સિવાય કે જુલીઆનની ગાડી - ચમકતી લાલ ફેરારી, કેથેરીને તેનો ઉલ્લેખ કર્યો હતો. મને યાદ છે, હું સૌથી પહેલો ઉભો રહીને તે ગાડી આવવાની રાહ જોતો હતો.

મારી નાનકડી દાઢી મારા ગોઠણ પર ટેકાવીને હું તેની રાહ જોતો બેઠો હતો. તે કાર લઈને રુઆબથી આવ્યો હતો. કાર મેં ધાર્યું હતું તેના કરતાં ઘણી વધુ આકર્ષક હતી. જુલીઆને મને જોયો અને મને ગાડીમાં લટાર મારવાનું આમંત્રણ આપ્યું. આટલી ઝડપથી દોડતી કારમાં આ પહેલાં હું કયારેય બેઠો ન હતો. એવું લાગતું હતું કે ગમે તે ઘડીએ ગાડીના પૈડાં છૂટા પડી જશે ! ગાડીમાં એક પણ શબ્દ હું બોલ્યો હતો તેવું મને યાદ નથી. લટાર મારી પાછા ઘેર આવ્યા, ત્યારે જુલીઆન ગાડીની બહાર નીકળ્યો, પરંતુ હું ન નીકળ્યો.

તેણે કહ્યું: “ગાડીમાં બેસી રહેવું હોય તો બેઠો રહે.” તે જવા લાગ્યો. તરત મેં તેને કહ્યું: “કઝીન જુલીઆન?” “બોલ”, તેણે કહ્યું: “આ ગાડી તમે કેવી રીતે મેળવી ?... એટલે કે શું તે ખૂબ જ મોંઘી છે ?”

“ચોક્કસ મોંઘી છે.” તેણે કહ્યું.” જો તારે પોતાને આ કાર મેળવવી હોય તો મોટો થઈને તારે ખૂબ, ખૂબ અને ખૂબ મહેનત કરવી પડશે.”

હું આ કયારેય ભૂલ્યો નહીં.

મને યાદ છે ત્યાં સુધી રાત્રે ડીનર પૂરું થયું, પછી જુલીઆન બહુ રોકાયો ન હતો. મારી મા અને કેથરીન નિરાશ થયા, તેમને તે ગમ્યું નહીં. હું ત્યારે માત્ર દસ વર્ષનો હતો, પણ મને ત્યારે ખ્યાલ આવ્યો હતો કે જુલીઆનને બીજી મહત્વની જગ્યાએ જવાનું હતું. મોટા થઈને જેવી જીંદગી જીવવાની મારી ઈચ્છા હતી તેવી જીંદગી જુલીઆન જીવી રહ્યો હતો. તેની ખૂબ જ આકર્ષક કારને હું ઈર્ષાથી જોઈ રહ્યો હતો.

ઘણા વર્ષો પછી - લગભગ તે ભુલાઈ ગયા પછી અચાનક હમણાં હમણાં મારી મા તેનો વધુને વધુ ઉલ્લેખ કરવા લાગી હતી. તેણે કહ્યું જુલીઆને ફેરારી તો કયારનીય કાઢી નાંખી હતી. કેટલાક અનુભવોમાંથી પસાર થયા પછી જુલીઆનની જીંદગી બદલાઈ ગઈ છે. ખૂબ વર્ચસ્વ ધરાવતો લીટીગેટર તરીકેનો વ્યવસાય તેણે છોડી દીધો હતો. ફેરારી વેચી કાઢી હતી, એક સાવ ‘સામાન્ય’ અસ્તિત્વ ધરાવતી જીંદગી તે જીવવા લાગ્યો હતો.

માએ કહ્યું હિમાલયમાં દૂર દૂર સન્યાસીઓનાં બહુ ઓછા જાણીતા સમૂહ વચ્ચે રહી તે ઘણું શીખ્યો છે. હવે તે મોટેભાગે લાલ ઝભ્ભામાં જ દેખાય છે. માએ કહ્યું: “હવે તો તે સાવ બદલાઈ જ ગયો છે.” મને ખબર નથી પડતી કે મા કેમ એમ માને છે કે આ બદલાવ ઘણો સારો કહેવાય.

મારી અને જુલીઆનની મુલાકાત થાય તેવા પ્રયત્નો તે કરી રહી છે. તેણે મને કહ્યું જયારે ધંધાના કામે હું જુલીઆનના શહેરમાં જાઉં ત્યારે મારે તેને અચૂક મળવું. ખરું કહું તો અનીશા કે આદમ માટે પણ મારી પાસે જો સમય ન હોય તો લગભગ અજાણ્યા એવા જુલીઅનને મળવા માટે શા માટે સમય ફાળવવો જોઈએ ?

હા, જો તે અત્યારે એક ઝમકદાર જીંદગી જીવતો અને મોંઘી સ્પૉર્ટસ કાર ધરાવતો સફળ વકીલ હોત તો મેં કદાચ વિચાર્યું હોત. પરંતુ કંઈ કામકાજ વિનાના (હવે ફેરારી વિનાના) જુલીઆનને મળવાનો કોઈ અર્થ ન હતો. અહીં આજુબાજુમાં જ તેના જેવા કેટલાય લોકોને આંટા મારતા મેં જોયા છે !

"મા, તું શું વાત કરે છે ? જુલીઆન મને કેમ મળવા માંગે છે ?"

મા પાસે બીજા શબ્દો ન હતા. તેણે માત્ર કહ્યું; જુલીઅન મને મળવા માંગે છે, કોઈ કામ માટે તેને મારી મદદની જરૂર છે.

"હંઅઅ... એમ વાત છે." મેં કહ્યું: "ઘણા વર્ષોથી મેં જુલીઆનને જોયો પણ નથી. તેને હું ઓળખતો પણ નથી. તેને બીજા કોઈની પણ મદદ મળી શકે." મા કંઈ બોલી નહીં, પણ મને લાગ્યું તે ધીમેથી રડી રહી હતી. મારા પિતાના અવસાન પછી છેલ્લા થોડાં વર્ષો તેના માટે મુશ્કેલ રહ્યાં હતા, "મા" મેં કહ્યું: "તું બરાબર તો છો ને ?"

તેણે અવાજ થોડો ઠીક કર્યો. પછી તેનો અવાજ થોડો મજબૂત થયો, મને અજાણ્યું લાગ્યું, તેણે કહ્યું: "જોનાથન, જો તું મારું કહ્યું માનતો હોય તો તું તેને મળવા જા, જુલીઆન તને જે કરવાનું કહે તે કરજે."

"પણ સાંભળ...." વાકય પૂરું કરવાની મને તક જ ન મળી.

"તું ઘેર પહોંચીશ ત્યારે વિમાનની ટીકીટ તારા ઘેર પહોંચી ગઈ હશે." તેનો અવાજ તૂટતો હતો. "જોનાથન, મારે જવું પડશે." તેણે કહ્યું અને ફોન કપાઈ ગયો.

માના આ ફોન પછી કામમાં મન પરોવવું મારા માટે ઘણું મુશ્કેલ થઈ પડયું. માના સ્વભાવથી વિરુદ્ધ - ફોનમાં તેના આગ્રહ અને નિરાશા દેખાતા હતા. હું ઢીલો થઈ ગયો હતો. હું વિચારોના ચકરાવે ચડી ગયો. જુલીઆનને એવું તે શું કામ હશે ?

તેની જીંદગી આ રીતે બદલાઈ ગઈ તેનું મને આશ્ચર્ય હતું. તેના ઊંચા સ્થાનેથી તે ખરેખર નીચે પછડાઈ ગયો હતો ? શું મારે બધી બાબતોમાં ફરિયાદ કરતા, બક બક કરતાં, એક મૂર્ખ જડ માણસને મળવાનું છે ? રસ્તામાં રખડતાં એક મુફલિસ માણસને મળવાનું છે ? (મને ખબર છે, માએ જયારે લાલ ઝભ્ભાનો ઉલ્લેખ કર્યો તે આ અર્થમાં નહોતો, છતાં મારા મનમાં એક મુફલીસની છબી અત્યારે ઉપસી આવી.) મારા મનમાં ચાલી રહેલા આ બધા વિચારોના ધમસાણ વચ્ચે હું જુઆનની ખાલી કેબીન પાસેથી પસાર થઈને કયારે ઓફિસ છોડી ગયો તે મારા ધ્યાનમાં ન રહ્યું. છેક લૉબીમાં પહોંચ્યા પછી આ મારા ધ્યાનમાં આવ્યું. મારે માટે તે અપશુકન સમાન હતું.

મારા એપાર્ટમેન્ટમાં પહોંચ્યો ત્યારે મેઈલબોકસ તો તપાસવાનું મને યાદ જ હતું. મેઈલબોકસ ખોલવામાં થોડી મહેનત કરવી પડી. પણ છેવટે ધાતુનો તે દરવાજો ખુલ્યો. જમીન પર પીઝાની ઓફર, ઈન્સ્યોરન્સ વગેરેનાં નકામાં કાગળીયાંનો ઢગલો થઈ ગયો. તેને ઉપાડતાં તેની વચ્ચે એક થોડું વજનદાર કવર મેં જોયું. તે મારી માએ મોકલ્યું હતું. મે નિ:સાસો નાંખ્યો, મારા ખિસ્સામાં કવર મૂકી એપાર્ટમેન્ટમાં જવા ઉપર ચડવા લાગ્યો. ફ્રીઝમાંથી ઠંડુગાર લસાગ્ના એન્ટરી કાઢી મેં માઈક્રોવેવમાં ગરમ કરવા મૂકયું અને કવર

ખોલ્યું. માએ એક નાનકડી ચિઠ્ઠીમાં લખ્યું હતું કે જુલીઆન હાલ પૂરતો આર્જેન્ટિનામાં રહે છે. બ્યુનોસ એઈરેસની એક રીટર્ન એર ટીકીટ પણ હતી.

અરે ? એક દૂરના પિતરાઈને કલાક બે કલાક મળવા માટે મારે બાર કલાકની ફ્લાઈટમાં જવાનું ? વીક-એન્ડ મારે આમાં બરબાદ કરવાનો ? વાહ, મારે મારા પુત્ર આદમને નિરાશ કરવાનો અને મહત્વના વીક-એન્ડના દિવસોમાં વિમાનમાં પુરાઈ રહેવાનું ! બીજી બાજુ, આમ ન કરું તો મારી નિરાશ થયેલી માને વધુ નિરાશ કરવાની !

ગરમ થઈ ગયેલા લસાગ્નાને મેં ટેબલ પર મૂકયું. લાગ્યું સ્કોચનો એક મોટો ગ્લાસ ઠીક રહેશે. કદાચ મારા મૂડને ઠેકાણે લાવશે. આદમ સૂઈ ન જાય ત્યાં સુધી અનીશાને ફોન કરવાનું મેં ટાળ્યું. અનીશા એક રાબેતા મુજબ કામ કરનારી સ્ત્રી છે, તેથી કયારે તે શું કરી રહી હશે તે ધારવું સહેલું છે. ફોનમાં તેણે વાત કરી ત્યારે તે થાકેલી હતી, પણ દુ:ખી ન હતી. વીક-એન્ડમાં મારા જવા બાબતની વાત તેને કરું ત્યારે તેનો મૂડ બદલાઈ જશે તો તેને સંભાળવા માટે મેં મારી જાતને તૈયાર કરી, પરંતુ આશ્ચર્ય, અનીશાને તો તેની ખબર જ હતી !!

તેણે કહ્યું: "તારી મા સાથે મારે વાત થઈ ગઈ છે, જોનાથન. તારે એમણે કહ્યું તે કરવું જ જોઈએ. આદમ પણ સમજવા તૈયાર થઈ જશે."

ઓહ, તો વાત આમ છે !



પ્રકરણ-બે

ટેકસી હાઈવે પરથી બન્ને બાજુ વૃક્ષોની હાર ધરાવતા અતિશય પહોળા રસ્તા તરફ વળી. આમ તો એ શહેરની સાધારણ ગલી જેવો રસ્તો હતો. બન્ને બાજુ લીલાં વૃક્ષો, વચ્ચે રસ્તાના બે ભાગ કરતો લીલો પહોળો પટ્ટો - પરંતુ તે ઓછામાં ઓછો દસ લેન ધરાવતો રસ્તો હતો, દક્ષિણ અમેરિકામાં પહેલા હું કયારેય આવ્યો ન હતો અને આશ્ચર્ય થયું કે બ્યુનોસ એઈરેસ એક યુરોપીયન શહેર જેવું લાગતું હતું. વૉશીંગ્ટનનાં સ્થાપત્યને યાદ કરાવે તેવો મોટો સ્તંભ મેં જોયો, પરંતુ મકાનો અને રસ્તાઓ મને પેરીસ જેવાં લાગ્યાં.

જુલીઆને શુક્રવાર રાત્રિની ફલાઈટની ટીકીટ મારે માટે મોકલી હતી. મારા આશ્ચર્ય વચ્ચે ફલાઈટ દરમ્યાન હું સૂઈ જ ગયો. મારી આંખો ખુલી ત્યારે સવાર પડી ગયું હતું, પરંતુ આ પૃથ્વિનો બીજો અર્ધગોળાર્ધ હતો, જ્યાંથી હું વિમાનમાં બેઠો હતો તેનાથી અલગ. સમયનો તફાવત ઘણો હતો.

સૌંદર્ય અને સૌમ્યતા ધરાવતા પથ્થરનાં મકાનો, કાળા રંગની કાસ્ટ આયર્ન (લોખંડ)થી શોભતી બાલ્કનીઓ અને ચોરસ બારીઓ અમને ઉભા રસ્તે જોવા મળી. પરંતુ આગળ જતાં અમે એક જરા જૂના અને પ્રમાણમાં ઝાંખા વિસ્તાર બાજુ વળી ગયા. મકાનોની દિવાલો પર અણઘડ લખાણો કે ચિત્રો હતાં, પ્લાસ્ટરો પણ અણઘડ અને જાતજાતનાં હતા. મકાનો પર ધૂળ છવાયેલી હતી. આજે અહીં હળવો બરફ પડયો હતો. મકાનોની બારીઓ ખુલ્લી હતી, હવામાં પડદાઓ લહેરાઈ રહ્યાં હતા. એક ખૂણામાં થોડા લોકો ભેગા ગયા હતા અને સંગીતકારો કંઈક વગાડી રહ્યા હતા.

ટેકસી ધીમી પડી અને એક ગોડાઉન જેવા મકાન સામે ઉભી રહી. બારી પર ચિતરેલી સંજ્ઞા કંઈક સૂચક હતી, અર્ધખુલ્લા દરવાજામાંથી સંગીતનાં સૂરો અડધા-પડધા સંભળાઈ રહ્યાં હતા. જુલીઆને આપેલું સરનામું મેં ફરીથી તપાસી લીધું. હા, આ ડાન્સ

સ્ટુડીયો એ જ તે સરનામું હતું.

ટેકસી ડ્રાઈવરને મેં સરનામાની ચિઠ્ઠી બતાવી. કંઈ ગોટાળો તો નથી ને? તેણે માથું ધુણાવ્યું, ખભા ઉલાળ્યા. મેં તેને પૈસા ચૂકવી દીધા અને ટેકસીની બહાર આવ્યો. અર્ધખુલ્લા દરવાજામાંથી મેં ડોકીયું કર્યું, ઓહ ! માએ સાચું જ કહ્યું હતું - જુલીઆને તેની જીંદગી બદલી નાંખી હતી. રૂમ લાંબો હતો, પણ ખાસ પહોળો નહીં. તેની દિવાલો ભભકાદાર લાલ રંગની હતી. છત પર કાચના ઝુમ્મર લટકતાં હતા. તાલબદ્ધ સંગીતના સથવારે એક પુરૂષ અને સ્ત્રી હાથમાં હાથ પરોવી - એકબીજાના ઘણાં નજીક હોવા છતાં ઔપચારિક રીતે - હળવા નૃત્ય સાથે આજુબાજુ ફરી રહ્યા હતા.

મારી નજર પડતાં એક ઊંચો, લાક્ષણિક વસ્ત્રો ધરાવતો માણસ પોતાના સાથીને અલગ કરીને અન્ય નૃત્ય કરનારાઓની વચ્ચે થઈને મારી તરફ આગળ વધ્યો. મારી નજીક આવ્યો ત્યારે મેં જોયું કે તે સ્મિત કરી રહ્યો હતો.

“જોનાથન,” તે બોલ્યો : “તું આખરે આવ્યો જ, ઘણું સારું કર્યું.”

તેણે હાથ લાંબા કર્યા : અમે હસ્તધૂનન કર્યું.

સફર દરમ્યાન જે માણસની મેં સતત કલ્પના કરી હતી તેની સાથે મારી સામે ઉભેલા જુલીઆનને મેં સરખાવ્યો. વીસ વર્ષ પહેલાં મેં જોયો હતો તેના કરતાં તે અત્યારે ઘણો નાની ઉંમરનો લાગતો હતો. તેના સ્હેજ નમેલા પણ સ્નાયુબદ્ધ બાંધાને જાણે પેલા ફરારીમાં બેઠેલા ભદ્દા જેવા જુલીઆન સાથે કંઈ સંબંધ જ ન હતો. તેના ચહેરા પર કરચલીઓ ન હતી. તે શાંત હતો, તેની ચમકદાર વાદળી આંખો જાણે મને આરપાર માપી રહી હતી.

“મને માફ કરજે, ”, જુલીઆને હવામાં હાથ ફેલાવતાં કહ્યું: “તારી ફલાઈટ આવવાના ચોક્કસ સમયની મને ખબર ન હતી તેથી મેં આ શનિવારનો કલાસ ગોઠવ્યો, પરંતુ હવે તું આવી જ ગયો છે. ચાલ, આપણે ઉપર જઈએ.”

જુલીઆન મને એક દરવાજા તરફ લઈ ગયો. આ રૂમમાં દાખલ થતી વખતે તે દરવાજો દેખાયો ન હતો. તેમાં દાખલ થતાં તેણે મને પગથિયા ચડવાનો ઈશારો કર્યો. ઉપર ગયા પછી તે મારી આગળ થઈ ગયો અને વળી બીજો દરવાજો ખોલતા બોલ્યોઃ “આવ, અંદર આવ.” તે રૂમમાં દાખલ થયો.

એપાર્ટમેન્ટ ઘણો પ્રકાશિત અને વિશાળ હતો, પરંતુ મેં કયારેય વિચાર્યું ન હતું કે જુલીઆન આવા ઘરમાં રહેતો હશે. ફર્નિચરમાં કંઈક આધુનિક તો કંઈક જૂનું - થોડું વિચિત્ર લાગતું હતું. દિવાલ પર સંગીતકારો તથા નૃત્યકારોનાં પોસ્ટર્સ હતા. નીચે ફરસ પર ચોપડીઓનો ઢગલો હતો. જાણે કોઈ કોલેજના વિદ્યાર્થીનું ઘર હોય એમ લાગતું હતું.

“તને વિચારવાનો બહુ સમય આપ્યા વિના અહીં આટલે દૂર સુધી મારે બોલાવવો પડયો તેનો અફસોસ છે, પણ છેલ્લા થોડાં મહિનાઓથી હું આજ અદ્‌ભુત શહેરમાં રહું છું, મારા એક મિત્રને તેનો એપાર્ટમેન્ટ ભાડે આપવાનો હતો અને મને પણ આ નૃત્ય - ટેંગો - શીખવવાની ઈચ્છા હતી. મને થયું આ સારો મેળ છે એટલે આ ચાલુ કર્યું. હું જરા કપડા

બદલી લઉં, પછી હું થોડી કોફી બનાવીશ."

નીચે તરફ જતા સાંકડા લાંબા રસ્તામાં જુલીઆન અદૃશ્ય થઈ ગયો. હું એક ખુરશીમાં બેસી ગયો. તેમાં ચડાવેલા કાપડ પર એમ્બ્રોઈડરીથી લખ્યું હતું: "કંઈક અસાધારણ બનો." દાદરની નીચેથી આવતો સંગીતનો અવાજ સંભળાતો હતો. નીચેના માળે ડાન્સ થઈ રહ્યો હોય એમ લાગતું હતું.

જુલીઆનની રાહ જોતાં જોતાં મારું મન ચકરાવે ચડયું. આ હું શું કરી રહ્યો હતો ? આ માણસને હું ઓળખતો પણ નથી. અણગમાની એક તીવ્ર સંવેદના મારામાંથી પસાર થઈ ગઈ. મને થયું, જુલીઆન અહીં પાછો ફરશે પછી મારી જીંદગી અત્યારે છે તેનાથી ઘણી બદલાઈ જશે.

મને અણસાર આવી ગયો. મારી સામે જે કંઈ થવાનું છે તે મુશ્કેલ અને ભારે પરિસ્થિતિમાં મને મૂકવાનું છે. મેં વિચાર્યું, આ મારે કરવાની જરૂર નથી. અહીંથી જવા માટે ટેકસી મેળવવામાં મને કેટલો સમય લાગશે એ જોવા મેં બહાર એક નજર કરી, અને જુલીઆન રૂમમાં પાછો ફર્યો. તેણે લાંબો લાલ ઝભ્ભો પહેર્યો હતો, તેનું માથું સરસ રીતે ઢંકાયેલું હતું.

જુલીઆને માથા પરનું કપડું સરખું કર્યું અને સ્હેજ ઊંચો થઈને તેણે બે મગ ઉતાર્યા.

"મારૂં સ્વાસ્થ્ય પાછું મેળવવામાં મને મહિનાઓ લાગ્યાં, પરંતુ તે દરમ્યાન મેં એક નિશ્ચય કર્યો."

મેં નિઃસાસો નાંખ્યો, હવે ફેરારી કેમ વેચી નાંખી તેની વાત આવશે.

"મેં મારૂં મકાન, કાર કે જે કંઈ હતું તે બધું વેચી નાખ્યું અને સમૃદ્ધ જ્ઞાન અને જીવનના અર્થની શોધમાં હું ભારત ઉપડયો. મારા જીવનની યથાર્થતાની શોધ સામે મને જીવનમાં મેં અત્યાર સુધી શું મેળવ્યું છે તે જોવામાં કોઈ રસ ન હતો. સુંદર સ્ત્રીઓ પાછળ ફરવાનું છોડી મેં સકલ આનંદ મેળવવાના પ્રયત્નો કરવામાં જાત પરોવી."

મને ખાસ ગમ્યું નહીં. લાગ્યું આ એક બહુ લાંબી વાતની શરૂઆત છે. મારે તો માત્ર એ જ જાણવું હતું કે આમાં મારી જરૂર શા માટે પડી ? હું અધીરો થઈ ગયો હતો.

"હિમાલયમાં હું ઊંડે ઊંડે ગયો ત્યાં એક અસાધારણ અદ્વિતીય માણસનો મને ભેટો થયો. હું ધન્ય થઈ ગયો. સિવાના પંથના જ્ઞાનીઓમાંનો એક સન્યાસી તે હતો. જ્યાં જ્ઞાનીઓ અને આધ્યાત્મિક સાધકો રહેતા હતા અને સાધના કરતા હતા તેવા પર્વતોમાં ઘણે ઊંચેના સ્થળે તે મને લઈ ગયો. તે લોકોએ મને જીવનમાં ઉપયોગી થાય એવું ઘણું મહત્વનું શીખવાડયું, જે હું તને કહીશ."

જુલીઆન અટકયો અને તેણે નીચે મારા પગ તરફ જોયું. હું વાતનો જલ્દી અંત આવે એવી અધિરાઈ સાથે પગ હલાવી રહ્યો હતો.

જુલીઆન હસ્યોઃ "તારે જવાની ઉતાવળ લાગે છે, પણ હજુ વાર છે."

મેં કહ્યું: "અધિરાઈ બદલ દિલગીર છું, પરંતુ જલ્દી ઘરે પાછા જવાની મને તાલાવેલી જરૂર છે."

"કોઈ ચિંતા નહીં." તેણે કહ્યું: "જો સાંભળનાર વાત સાંભળવા તૈયાર હોય તો જ વાત કહેવી જોઈએ, નહીં તો નહીં."

કદાચ તેને ખબર ન હતી કે ખરેખર મને શું જાણવામાં રસ છે. તેણે કહ્યું:

"મેં તને અહીં શા માટે બોલાવ્યો છે એ જ તારે જાણવું છે ને ?"

મેં માથું ધુણાવ્યું.

કોફી તૈયાર હતી. જુલીઆને બે મગમાં કોફી ભરી. "દૂધ? ખાંડ?" તેણે પૂછયું.

મેં સહેજ માથું હલાવ્યું, જુલીઆને મને કોફીનો મગ આપ્યો અને તે ઉભો થઈ મને સાથે આવવાનો ઈશારો કરી રૂમમાં જવા લાગ્યો. રૂમમાં અમે બંને ખુરશીમાં ગોઠવાયા અને તેણે તેની વાત આગળ વધારી.

"સન્યાસીઓએ મને જે શીખવ્યું, એમાંનું એક છે તાવીજની શક્તિ."

"તાવીજ ?" મેં કહ્યું.

"ટચૂકડી મૂર્તિઓ અથવા મંત્રેલા પથ્થર. કુલ નવ તાવીજ છે. દરેકમાં જીંદગીને સુંદર અને આનંદદાયી બનાવવા માટેનું અલાયદું જ્ઞાન સમાયેલું છે. અલગ અલગ રીતે તે માત્ર સંજ્ઞા ધરાવતા પથ્થરો છે, જયારે બધાને ભેગા કરીએ તો તે ભયંકર બદલાવ લાવે તેવી અસાધારણ શક્તિ ધરાવતા થઈ જાય છે. હકીકતમાં તે જીંદગીને બચાવી શકે છે."

"તો જીંદગી બચાવવાની જરૂર કોને છે ?" મેં પૂછયું, મારું પૂછવું થોડું નાટકીય લાગ્યું, થોડું તોછડું પણ.

"હા, એક એવી વ્યકિત છે જે ખરેખર મુશ્કેલીમાં છે. બીજા લોકોએ તેને મદદ કરવાના પ્રયત્નો કર્યા પણ નિષ્ફળ રહ્યાં. આજ આપણો છેલ્લો સહારો છે."

"મારી માને આમાંનું કંઈ લાગે વળગે છે?" મેં પૂછયું. ફોન પર તે ઘણી વ્યથિત હતી.

"હા." જુલીઆને કહ્યું: "પણ બધું (કે વધુ) કહેવાની મને પરવાનગી નથી."

"સાંભળ, મારી મા બિમાર હોય કે એવું કંઈ પણ હોય તો તે જાણવાનો મને અધિકાર છે." મારા શ્વાસોશ્વાસ વધી ગયા, છાતી ટટ્ટાર થઈ ગઈ.

"તારી માને કોઈ ખતરો નથી." જુલીઆન બોલ્યો : "વધુમાં વધુ હું આ જ કહી શકું." તેને હલબલાવીને વધુ પ્રશ્નો પૂછવાની મને તીવ્ર ઈચ્છા થઈ આવી. તેણે હોઠ ભીડી દીધા અને મારી સામે ટેબલ પર કોફીનો ખાલી મગ તેણે મૂકયો. જાણે કે તેના તરફથી વાતનો અંત આવી ગયો છે તેમ તે કહેવા માંગતો હોય. હું નિઃસાસો નાંખીને પળભર માટે નીચે ફર્શ તરફ જોઈ રહ્યો.

થોડીવાર પછી મેં કહ્યું: "બરાબર, પણ આમાં હું કયાં વચ્ચે આવ્યો ? મારી શી જરૂર પડી ?"

જુલીઆને તેની ખુરશી ખેંચી લીધી હતી. તે બારી પાસે ગયો હતો. તે બારીની બહાર રસ્તા પર જોઈ રહ્યો હતો, પણ તેની નજર કદાચ દૂર દૂર કોઈ જગ્યાએ કેન્દ્રિત થયેલી હતી.

તે બોલ્યોઃ "મેં જયારે હિમાલયનું તે ગામડું છોડયું, ત્યારે સન્યાસીઓએ મને ચામડાના પાકીટમાં તે તાવીજો આપ્યાં હતા અને તેને સાચવી શકે તેવી કોઈ બીજી વ્યકિતને આપવા જણાવ્યું હતું.

ત્યાંથી નીકળ્યા પછી મુસાફરી દરમિયાન હું એક નાની હોટલમાં ઉતર્યો હતો. હું બહાર લટાર મારવા ગયો તે દરમ્યાન હોટલમાં આગ લાગી અને મારા રૂમમાં બધું નાશ પામ્યું. તાવીજનું પાકીટ તો મારી પાસે જ હતું. મારા એક જોડી પગરખા સિવાય હકીકતમાં કંઈ ગુમાવ્યું ન હતું.

હું માનું છું તાવીજે જ મારી જીંદગી બચાવી. પહેલાં જયારે તે હિમાલયમાં સન્યાસીઓ પાસે હતા ત્યારે તેણે સન્યાસીઓને પણ સલામત રાખ્યા હતા. હિમાલયના તે ગામડામાં ઘણા વખત પછી કોઈ બહારની વ્યકિત આવી હોય તો તે હું હતો. મને તેણે તાવીજ આપી દીધા. હવે કદાચ સન્યાસીઓ અસલામત બન્યા પણ હોય. મારે તાવીજોને બરાબર સાચવવા જોઈએ. ગમે ત્યારે ચોરાઈ જાય. લૂંટાઈ પણ જાય."

જુલીઆન બોલતો ગયો - તેણે નક્કી કર્યું હતું કે તાવીજો અલગ અલગ ભરોસાપાત્ર વ્યકિતઓ વચ્ચે એક એક વહેંચી દેવા, તેને સાચવવા આપવા, જેથી જુલીઆનને જરૂર પડે ત્યારે ફરી પાછા મળી શકે.

દરેક તાવીજની સાથે તેણે એક એક ચિઠ્ઠી પણ મોકલી હતી. હવે એ સ્પષ્ટ હતું કે, જુલીઆનને તે બધા તાવીજો પાછા જોઈતાં હતા. મને તેણે કહ્યું કે મારે જ તે બધા પાછા લાવવાના છે.

"મારે લાવવાનાં છે ?" મેં છણકો કર્યોઃ "આ કુરીયર બધા શા કામના છે ?"

જુલીઆન હસ્યોઃ "તને હજુ આ તાવીજોના મહત્વની ખબર નથી કદાચ. કુરીયરના હાથમાં તે સોંપાય નહીં, તેના પર એટલો ભરોસો કરી શકાય નહીં. આખી દુનિયામાં તે અલગ અલગ જગ્યાએ વહેંચાયેલા છે. મારે એવી જાણીતી વ્યકિત જોઈએ જે રૂબરૂ જઈને તે મેળવી શકે."

"કેમ, તું ન જઈ શકે ?" મેં પૂછયું, મને ખબર હતી મારા અવાજમાં થોડી તોછડાઈ હતી, પરંતુ ટેન્ગો નૃત્ય કરતી વખતે તે તદ્દન સામાન્ય માણસ જ લાગતો હતો, મને તે યાદ હતું.

જુલીઆનને અજુગતું લાગ્યું : "હું જાણું છું કે, હું કોઈ અતિ વ્યસ્ત વ્યકિત જેવો લાગતો નથી." તેનો અવાજ હવે ગંભીર બની ગયો હતો : "પરંતુ ખરેખર મારા માટે આ કામ કરવું અશકય છે."

હું પળભર શાંત થઈ ગયો. વાત કેમ કરવી તે વિચારવા લાગ્યો.

"જો જુલીઆન." મેં કહ્યું: "હમણાં જ તેં કહ્યું કે કોઈ જાણીતી અને ભરોસાપાત્ર વ્યકિત જ આ તાવીજ ભેગા કરી આપે એવું તું ઈચ્છે છે, પરંતુ આપણે તો આ અગાઉ માત્ર એક જ વખત અને તે પણ વરસો અગાઉ મળેલા. ત્યારે તો હું દસ વર્ષનો હતો."

"તું ધારે છે તેના કરતાં હું તને વધારે સારી રીતે જાણું છું." તેણે કહ્યું. તેનું મધુર સ્મિત તો અદૃશ્ય થઈ ગયું હતું. તેની આંખોમાં ધારદાર હતી, તેની અભિવ્યકિતમાં સામેવાળાને વેરવિખેર કરી નાંખે તેવું જોર હતું. તેણે ધીરેથી કહ્યું: "જોનાથન, હું તારા વિશે કઈ રીતે જાણું છું તે હું નહીં કહું, પણ હું જાણું છું. આ તાવીજો એકઠા કરી શકે તેવી એક અને માત્ર એક વ્યકિત તું જ છે."

તે થોડું અટકયો, ફરી બોલ્યોઃ "મને ખબર છે, મારો જવાબ સંતોષકારક નથી. પરંતુ જોનાથન, મારા પર ભરોસો કર. આ જીંદગી અને મોતનો સવાલ છે."

અમે ઘણો સમય બેઠા રહ્યા. દરમ્યાન અમારી વચ્ચે માત્ર મૌન છવાયેલું રહ્યું. ફોન પર મારી માનો રડવાનો અવાજ મને યાદ આવ્યો. અનીશાની પથારીમાં બાજુમાં પડેલી ખાલી જગ્યા યાદ આવી, આદમને મેં નિરાશ કર્યો હોય ત્યારે તેની આંખોનું ખાલીપણું મને યાદ આવ્યું.

હા, તમે "માત્ર અને માત્ર એક વ્યકિત" હો તે સામાન્ય વાત નથી. એક પુત્ર કે એક પતિ કે એક પિતા તરીકે તમે કોઈને માટે "માત્ર અને એક માત્ર" વ્યકિત છો તેનું તમને ભાન હોવું જોઈએ.

છેવટે મેં મૌન તોડયું. "આમાં કેટલો સમય લાગશે ?" મેં પૂછયું.

"મેં જેને જેને તાવીજ મોકલેલાં છે તે દરેકને પત્ર લખ્યાં છે, જો કે કોઈના તરફથી જવાબ મળ્યો નથી, પણ તારે કયાંથી શરૂઆત કરવી તે હું કહી શકું - ઈસ્તનબુલમાં મારો એક મિત્ર છે. ત્યાંથી શરૂઆત કરવી ઠીક રહેશે. બધા તાવીજો ભેગાં કરવામાં થોડા અઠવાડિયા લાગી શકે - કદાચ એક મહિનો."

હે ભગવાન, મારું આખું વેકેશન ઉપરાંત થોડાં વધારાનાં દિવસો મારે આપવા પડશે. મેં ઊંડો શ્વાસ લીધો. જુલીઆને મારી સામે જોયું તેની ડોક થોડી ત્રાંસી થઈ ગઈ.

"જોનાથન ?" તેણે કહ્યું.

મેં ફરી જુલીઆન તરફ જોયું. તેની આંખો માયાળુ હતી. પળભર માટે તો મને મારા પિતા યાદ આવી ગયા. મારા પિતાની કેટલી ખોટ સાલતી હતી તે મને સમજાય છે. મને એ પણ યાદ આવ્યું કે મેં નિર્ણય કરી લીધો છે. મારા ગળામાં શબ્દો અટવાઈ ગયાં. મેં માત્ર માથું ધુણાવ્યું.

જુલીઆન સ્હેજ હસ્યો. ઉભા થઈને પોતાના લાલ ઝભ્ભા ફરતે હાથ ઘુમાવ્યા. "અને હવે," તે બોલ્યોઃ "આપણે છેવટે હકારાત્મક નિર્ણય પર આવ્યા છીએ. તારા માટે જમવાની હું વ્યવસ્થા કરીશ, પછી કદાચ આજુબાજુમાં આપણે ફરવા પણ જઈશું. સેન

ટેમ્લો તરીકે ઓળખાતી નજીકની એક જગ્યા મને બેહદ પસંદ છે.”

જુલીઆન સાથે મેં એક થોડી અજુગતી પણ આનંદદાયક સાંજ વિતાવી. થોડે દૂર આવેલ એક બૉલરૂમમાં તે મને લઈ ગયો. જયાં અનુભવી ટેન્ગો ડાન્સરનો શો ચાલતો હતો. સંગીતનાં સૂરતાલ મને ખૂબ ગમ્યાં. જુલીઆન તેનાં પગ થરકાવવા લાગ્યો. જાણે તે પોતે પણ ડાન્સ કરતો હોય એવી કલ્પનામાં તે લાગ્યો. અમે ત્યાર પછી આડી અવળી વળાંકો ધરાવતી પગદંડી પર ઘણું ચાલ્યા.

મારી ફલાઈટ પકડવા માટે ઘેર જવાનો સમય થઈ ગયો હતો, અમે ઘેર પાછા ફર્યા. જુલીઆનના એપાર્ટમેન્ટની બહાર અમે ઉભા હતા. અંદરથી આવતો સંગીતનો અવાજ આજુબાજુની હવાને ભરી દેતો હતો.

જુલીઆન મારા તરફ ફર્યો. “વધુ એક વાત કરવાની છે.” તે બોલ્યો. તેણે ખિસ્સામાંથી એક નાનકડી લેધર-બાઉન્ડ નોટબુક કાઢી. “મારી ઈચ્છા છે કે, તારી સફર દરમ્યાન તું એક નોંધપોથી લખવાનું રાખે.”

“ડાયરી ?” મેં પૂછયું : “શા માટે?”

“ડાયરી નહીં, નોંધપોથી, જર્નલ, જોનાથન. તાવીજોને જે જાળવી શકે છે તેને જ તેની શક્તિ મળતી જશે. સફર દરમ્યાન તારા વિચારો અને ભાવનાઓમાં ફેરફાર થતાં જશે, જે તારી નોંધપોથીમાંથી હું પછી જોઈ શકીશ, તને તે તાવીજો શું અસર કરે છે તે મારે જોવું છે.”

મેં થોડા ખભા ઉલાળી આશ્ચર્ય વ્યકત કર્યું. વિચાર્યું, આ તે કેવું ! કોઈની વસ્તુઓ ભેગી કરવા સમય આપવાનો, રખડવાનું અને વળી તેની નોંધ પણ રાખવાની. જાત વિશે મનન-મંથન કરવાનું મને કયારેય ફાવ્યું જ નથી.

જુલીઆન બોલ્યો : “એક વખત તે તાવીજ તારા હાથમાં આવતાં જશે, પછી તારા વિચારો અત્યારે છે તેવાં નહિ રહે. તારી ભાવનાઓ અને માન્યતાઓ બદલાઈ જશે.”

“જે કંઈ હોય, ઠીક છે હવે.” એવું હું બોલવા જતો હતો, પણ અટકી ગયો. તેમ બોલવાનો કોઈ અર્થ ન હતો. હવે આ બધું કરવાનું જ છે તો પછી તે જુલીઆન ઈચ્છે છે તે પ્રમાણે જ કરવાનું ઠીક રહેશે.

અમારી સામે મારા માટે ટેકસી આવીને ઉભી રહી. બારણું ખોલી હું તેમાં દાખલ થયો. જે કામ કરવા જઈ રહ્યો હતો તે મનમાં આવતાં થોડો ડર અનુભવ્યો. ‘કંઈક નવું’ તો મેં વર્ષોથી કર્યું જ ન હતું. એમાં પણ આ તો એક સાહસ હતું. મેં બારણું બંધ કર્યું, જુલીઆન સામે જોયું. ટેકસી ધીમે ધીમે આગળ વધી રહી હતી. જુલીઆને તેનો હાથ ઊંચો કર્યો અને મને મોટેથી કહ્યું. “જોનાથન, આનંદમાં રહેજે. તારી નવી જીંદગીની શોધ શરૂ થઈ ગઈ છે.”

સોમવારે સવારે ઓફિસ જવા હું કારમાં બેઠો ત્યારે મારાં બધા ગાત્રો ઢીલાં થઈ ગયા હતા. મને ત્રણ અઠવાડિયાનું વેકેશન તો મળે તેમ હતું, જે મારે બની શકે એટલું

વહેલું જોઈતું હતું. પરંતુ કોઈ કારણસર જો વેકેશન લંબાઈ જાય તો મારે માટે મુશ્કેલી ઉભી થાય તેમ હતું. વધુમાં વધુ ઓફીસમાં હું તે વધારાના દિવસો પગાર વગરની રજા તરીકે ગણવાની વિનંતી કરી શકું. તેમાં જો તે ના પાડે તો સમજો નોકરી ગઈ.

સાચું કહું તો, જેવો હું મારા ઢીલા થઈ ગયેલા મન અને શરીરને યેન કેન સંભાળીને ઓફિસના દરવાજામાં દાખલ થયો, મેં વિચાર્યું : "વધુમાં વધુ શું થઈ શકે ?"

ભૂતકાળમાં તો મેં જે નિર્ણયો લીધા હતા તે યોગ્ય જ સાબિત થયેલા છે ને? અને આ નોકરીએ પણ છેવટે મને શું આપ્યું છે ? માનસિક તાણ અને હતાશા, સિવાય મને શું મળ્યું છે ? સરસ મજાની મારી પત્નિ પણ મને છોડીને ચાલી ગઈ. અત્યાર સુધીની મહામહેનતે કરેલી બધી બચત પણ છૂટાછેડાના કારણે ધોવાઈ ગઈ. મારા અપરાધભાવને કારણે આદમ સાથે હું આનંદથી હળતો- મળતો હતો તે પણ બંધ થઈ ગયું છે. હવે માત્ર શનિ-રવિ જ મળી શકું છું, અને તેમાંથી પણ ઉષ્મા જતી રહી છે.

મેં જોઈ વિચારીને કરેલા નિર્ણયોથી મેં જે કંઈ મેળવ્યું છે તેનાથી વધુ ખરાબ મને હવે શું મળવાનું છે ?

એક કલાક સુધી મારી ખુરશીમાં હું અસમંજસમાં બેસી રહ્યો. નિષ્ફળતા અને નિરાશા મને ઘેરી વળી, જે કંઈ પરિસ્થિતિ છે તેનો છેવટે રાજીનામાની ઑફર કરીને પણ સામનો કરી જ લેવો તેવો મનસૂબો કરીને હું બૉસની કેબીનમાં દાખલ થયો. આ ચર્ચા કેટલી મુશ્કેલ બનશે તે બાબત હું વિચારવાનું જ ભૂલી ગયો હતો.

હું થોડાં વાકયો બોલ્યો પછી અચાનક મને એ વાતનું ભાન થયું. ડેવીડના મહાકાય ટેબલ સામે મુલાકાતી માટે ગોઠવેલી ખુરશી જાણી બૂઝીને નીચી રાખવામાં આવી હતી. હું તેની કેબીનમાં દાખલ થયો ત્યારે પણ કોમ્પ્યુટરમાંથી માથું ઊંચું કરીને મારી સામે જોવાની પણ પરવા તેણે કરી ન હતી.

મેં વિગતવાર જણાવ્યું કે મારે લાંબી રજાની જરૂર છે. કૌટુંબિક મુશ્કેલીના કારણે મારે વિદેશ જવું પડે તેમ છે, કદાચ રજા લંબાઈ પણ જાય. તેણે માથું ઊંચું કર્યું. તેના હાવભાવ પ્રયત્નપૂર્વકની 'સ્તબ્ધતા' બતાવતા હતા. મારી કેટલી રજા જમા છે, કેટલી વાપર્યા વિનાની પડી છે, તે દર્શાવવા હું બોલ્યો કે તેણે હાથ ઊંચા કર્યો.

"ચોખ્ખી જ વાત કરને !" ડેવીડ બોલ્યોઃ "તારે એકવીસ દિવસની સળંગ રજા જોઈએ છે અને તે પણ તાત્કાલિક ?"

હું મારો બરાબર બચાવ પણ ન કરી શકયો. "એટલે.... શનિ-રવિ તો આમ પણ રજા હોય જ છે... તેથી સળંગ એકવીસ દિવસ ખરેખર તો ન ગણાય...."

મેં વળી ચોખવટ કરી : "હકીકતમાં છેવટે રજા કેટલા દિવસની થશે તે તો હું અત્યારે કહી શકું તેમ નથી."

વાત વધારે બગડી ગઈ.

"જોનાથન, તને બરાબર ખબર છે કે એક સાથે બે અઠવાડીયાથી વધારે લાંબી

રજા તો કોઈને પણ આપતા જ નથી." તેણે કહ્યું. "આખી ઓફીસમાં આવી બેહૂદી માગણી આજ સુધી તારા સિવાય કોઈએ કરી નથી."

તે સાચો હતો મેં કહ્યું: "બરાબર છે."

"જોનાથન, તારી ગણના અહીં ઓફિસમાં એક ઝડપથી આગળ વધતા કાબેલ કર્મચારી તરીકે થાય છે. ઓફિસના નાના મોટાં બધા જ કામ કરવામાં સૌથી વધુ, હોંશિયાર જો કોઈ હોય તો તે માત્ર તું જ છે અને તું આ રીતે રજા પર ઉતરી જાય, આવા સમયે !"

તે બારીની બહાર જોઈ રહ્યો, હાથમાં પેન રમાડતો રહ્યો. તેનાં ભવાં ચડી ગયાં, ચહેરા પર સખ્તાઈ આવી ગઈ.

મારી પણ હદ આવી ગઈ હતી. મારે હવે વધુ સાંભળવાની જરૂર ન હતી.

"જુઓ." મેં કહ્યું: "અઠવાડીયા પહેલાં મેં નવાંગને વાત કરેલી જ છે. મારી ગેરહાજરી દરમ્યાન તે મારું કામ સંભાળી લેશે. તેને કામની ખબર છે. વળી, તાત્કાલિક જરૂર પડે તો તે મારો ફોન પર પણ સંપર્ક કરી શકશે. મને રજા મળી શકે તેમ હોય તો ઘણું સારું ! નહીં તો મારે ન છૂટકે રાજીનામું આપવું પડે તેમ છે."

ડેવીડ સ્પષ્ટતાથી બોલ્યોઃ "રજા લઈ શકે છે, પણ એક વસ્તુ યાદ રાખજે. જો એક મહિનો અમે તારા વગર ચલાવી શકીશું, તો પછી કાયમ માટે ચલાવી શકીશું."

હું ખુરશી પરથી ઊભો થયો અને દરવાજા તરફ જવા લાગ્યો. પળભર અટકીને ડેવીડ તરફ ફરીને હું બોલ્યો : "મારી પત્નિ કે બાળકોની સાથે કંઈ અઘટિત બની રહ્યું હોત તો પણ તમે મને આમ જ કહ્યું હોત ?" ડેવીડ તો બારીની બહાર જ જોઈ રહ્યો હતો, તેનાં હાવભાવ અકળ રહ્યાં.

મારી જગ્યા સુધીનું અંતર મને ઘણું લાંબુ લાગ્યું. મારા બાળકને માંદગી હોય કે તેને મારી જરૂર હોય તો તેની ડેવીડને પડી જ નથી એ વિચારે મને ઘણો ચચરાટ થયો. હા, તેની પાસેથી આ સિવાયના વર્તનની મારે અપેક્ષા પણ શા માટે રાખવી જોઈએ ? આ ઓફિસમાં તો આવું જ થાય છે. જુઆન સાથે પણ થયેલું, મેં જોયું હતું.

જુઆન. એક પણ દિવસ એવો ન હતો જયારે મારા આ જૂના ઉપરી અને પરમ મિત્રને મેં યાદ ન કર્યો હોય. તેને ગયાને મહિનાઓ થયા, પણ તેની ગેરહાજરીને પચાવવી મારા માટે ઘણી મુશ્કેલ છે. અડધી રાત્રે ઊંઘ ઉડી જાય છે ત્યારે તેની સાથેના પ્રસંગો યાદ આવે છે. મનમાં તેની વાતો ઘુમરાયા કરે છે. મુસીબતો મારી સમક્ષ ધસી આવે છે. તેની યાદોથી પીછો છોડાવવો અઘરો છે મારા માટે, પરંતુ તેને ભૂલી જવામાં જ ડહાપણ અત્યારે તો.

ત્યાર પછીના થોડાં દિવસો તો ઉત્પાતભર્યા ગયા. ઓફિસમાં મારું કામ ઝડપથી આટોપવા લાગ્યો. ઢગલાબંધ મેસેજ અને ફોનના જવાબો આપ્યાં. ચારેબાજુ દોડાદોડી થઈ ગઈ. બેન્કમાં જવાનું, ડ્રાયકલીનીંગમાંથી કપડાં લાવવાનું, ઉભાઉભ મારા દિકરાને મળવા જવાનું, કેટકેટલા કામ હતા ? વળી, બેગ તૈયાર કરવાનું તો ખરેખર મુસીબતભર્યું

હતું, કારણ કે ખરેખર તો મારે કયાં અને કેટલા દિવસ જવાનું છે તે તો નક્કી જ ન હતું. બધું હેમખેમ પૂરૂં થયું અને છેવટે મેં જુલીઆનના મિત્રને મળવા તુકીર્ની ફલાઈટ પકડી.

મારો મોબાઈલ સ્વીચ ઑફ હતો. મારે કોઈ પેપરવર્ક પણ કરવાનું હવે ન હતું. હવે મારે કંઈ જ કર્યા વિના થોડાં કલાકો કાઢવાનાં હતા. હું ઈચ્છું તો પણ કંઈ કરી શકું તેમ ન હતો. મને આરામ કરવાની ઈચ્છા હતી, પણ મારું મન શાંત ન હતું. જેકેટના ખિસ્સામાંથી મેં એક કાગળનો ટુકડો કાઢયો. જુલીઆને એરલાઈનની ટીકીટની સાથે મને એક ટૂંકો સંદેશો મોકલ્યો હતો.

તેમાં લખ્યું હતું : "તારું કુટુંબ અને તારું કામ છોડીને આ મુસાફરીએ નીકળવા બદલ આભાર. મને ખબર છે કે, તારી પાસે ના પાડવાના હજાર કારણો છે, પરંતુ આપણી જાતને બહાનાબાજીમાંથી મુકત કરવી એ આપણે આપણી જાત ઉપર કરેલો ઉપકાર છે. રૂડયાર્ડ કીપલીંગે એક વખત લખ્યું હતું. "નિષ્ફળતાના હજાર કારણો ચાલે પણ એક પણ બહાનું ન ચાલે." અને બહાનાનું તો એવું છે કે આપણે પોતે જ લાંબાગાળે તે બહાનાને - તે માત્ર બહાનું જ છે તે જાણતા હોવા છતાં - સાચું 'કારણ' માનતા થઈ જઈએ છીએ. તને સોંપેલા આ કામમાં તારે ઘણી મુસાફરી કરવી પડશે. પરંતુ હું માનું છું કે, તેમાં પડનારી મુશ્કેલીઓને નહીં જોતાં તેમાંથી મળનારી તકોને તું જોઈશ. જીંદગી પોતે જ ખરેખર તો એક મુસાફરી છે. તેમાં તમે શું મેળવો છો તે નહીં પણ તમે શું બનો છો તે જ મહત્વનું છે. "

જુલીઆને લેધરનું એક નાનકડું પાઉચ પણ આપ્યું હતું. તે મારે ગળે ફરતે વિંટાળી રાખવાનું હતું, અને મેં મેળવેલા તાવીજો મારે તેમાં સાચવી રાખવાનાં હતા. હાલ તો તે મારા જેકેટના ખિસ્સામાં હતું. મેં શુન્યમનસ્કપણે તે પાઉચને સ્પર્શ કર્યો.

વિમાનમાં મારી આજુબાજુના બધા જ સૂઈ ગયા હતા. વિમાનના એન્જિનનો અવાજ શાંત, ધીમો અને એકધારો આવી રહ્યો હતા - શાસ્ત્રીય સંગીતના કોઈ નાદ જેવો લયબધ્ધ.

ડ્રીન્ક્સ વગેરે આપવાનું કયારનુંય પૂરૂં થઈ ગયું હતું. મેં આંખો બંધ કરી, મેં અનીશા અને આદમને યાદ કર્યાં. ગમે તેમ પણ તેનાથી આટલે બધે દૂર હોવાથી તેની યાદ મને વસમી લાગી. અન્ય વ્યકિતઓને પણ મેં યાદ કરી. મારા પિતાની ગેરહાજરી મારા હૃદયમાં કાયમી ધોરણે એક 'ભાર' બનીને વસી ગઈ હતી. મારા પિતા સાથેના આનંદભર્યા દિવસોની પણ એક યાદ હતી. પાછો જુઆન યાદ આવ્યો.

જુલીઆનના શબ્દો યાદ આવ્યાં : "જોનાનથ, આનંદમાં રહેજે. તારી નવી જીંદગીની શોધ શરૂ થઈ ગઈ છે."

મને થયું, કદાચ આ બિલકુલ સાચું જ હશે.



પ્રકરણ-ત્રણ

મારે કયાં કયાં જવાનું હતું અને કોને કોને મળવાનું હતું તેની યાદી મને જુલીઆને આપી ન હતી. બ્યુનોસ એઈરેસમાં માત્ર તેણે "અલગ અલગ જગ્યાએ" એટલું જ કહ્યું હતું. "યુરોપ, એશિયા, નોર્થ અમેરિકા, બધાનો સંપર્ક સાધવાનું હજુ શકય નથી બન્યું," તેણે કહ્યું હતું.

મારી શરૂઆત ઈસ્તનબુલથી થઈ હતી, જેમાં મારે તેના જૂનાં મિત્ર એહમત ડેમીરને મળવાનું હતું.

"એહમત તને એરપોર્ટ જ મળશે. મને ખબર છે, એ તને તેનું શહેર દેખાડવા લઈ જશે, પણ તારી પાસે ટુરીસ્ટની જેમ રખડવાનો સમય નથી. તરત બીજા દિવસની જ ત્યાંથી પેરીસ જતી ફ્લાઈટમાં તારું બુકીંગ થઈ ગયું છે."

ટુરીસ્ટ તરીકે રખડવાનું ? મને હસવું આવ્યું. હું તો તાવીજો જલ્દી ભેગા કરીને તેને આપીને વહેલામાં વહેલો ઘરભેગો થઈને કામે ચડી જવા માંગતો હતો.

અનાતુર્ક એરપોર્ટ ઉપર હું ઉતર્યો ત્યારે પણ નવાંગના કોઈ મેસેજ છે કે નહીં તે હું ચકાસતો હતો. મારી ગેરહાજરીમાં ઓફિસમાં શું અને કેવી રીતે થઈ રહ્યું છે તે જાણવા હું આતુર હતો.

મારી માતા તરફથી મળેલો મેસેજ ઘણો સરસ હતો. મેં તેને પૂછયું હતું કે આ બધા તાવીજો ભેગા કરીને જુલીઆન કોને મદદ કરવા માંગતો હતો ? મારી માતાએ કહ્યું હતું કે, તેને ખબર ન હતી. તેના અવાજમાં જે લાગણી હતી તેને જોતાં મને તેના પર વિશ્વાસ ન બેઠો.

પાસપોર્ટ અને લગેજ મેળવવા માટેની લાઈનમાં હું ઉભો હતો ત્યારે પણ મારા

મોબાઈલે મને નવરો પડવા દીધો ન હતો. બધી ઔપચારિકતા પતાવીને છેવટે હું હાથમાં સુટકેસ લઈને બહાર આવ્યો ત્યારે મને અચાનક ખ્યાલ આવ્યો કે આ ટોળામાં હું એહમતને કેવી રીતે ઓળખીશ ?

બહાર ટોળામાં મેં નજર ફેરવી તો લેવા આવનારાઓમાં કુટુંબીજનો, ડ્રાઈવરો વગેરેની વચ્ચે મેં એક ઊંચા માણસને હાથમાં મારા નામનું બોર્ડ લઈને ઉભેલો જોયો. રૂપેરી વાળ, ટૂંકી થોડી સફેદ દાઢી અને ઉષ્માભર્યું સ્મિત. તેને મેં સ્હેજ ઈશારો કર્યો અને તેની તરફ હું ગયો.

તેની નજીક ગયો ત્યારે તેણે બોર્ડ નીચું કરીને મારી સાથે ઉષ્માસભર ઉત્સાહથી હાથ મિલાવ્યા. તેણે કહ્યું : “જુલીઆનના કુટુંબના સભ્યને મળતાં મને ખૂબ આનંદ થાય છે, હું તેને મારૂં સન્માન ગણું છું.”

એહમતના અતિ ઉત્સાહના જવાબમાં હું કંઈક બોલ્યો, પરંતુ ખરેખર તે પૂરતું ન હતું.

એહમતે કહ્યું : “બધું બરાબર છે ? આપણે નિકળીશું? ” મેં હા પાડી. મારી કોણીએ ધીમેથી હાથ મૂકીને એહમત મને ટર્મીનલ તરફ દોરી ગયો. સંખ્યાબંધ કાર પાસેથી પસાર થઈને એહમત મને ચળકતી સિલ્વર રંગની રીનોલ્ટ કાર પાસે લઈ આવ્યો. “આ રહી આપણી ગાડી.” તેણે કહ્યું. મારી બેગ તેણે લઈને અંદર મૂકી, કારનો દરવાજો ખોલીને તેમાં બેસવા જતો હતો ત્યાં મારા મોબાઈલમાં મેસેજ આવ્યો : “એકસકયુઝ મી!” મેં એહમતને કહ્યું. મેં સીટબેલ્ટ બાંધ્યો અને મેસેજ વાંચવા લાગ્યો.

નવાંગનો મેસેજ હતો. અમારા એક ગ્રાહકનો ફોન આવ્યો હતો. અમારા ગ્રાહકની સેડાનના એક ખૂબ લોકપ્રિય મોડલ માટે અમે ડિઝાઈન કરેલાં પાર્ટ માટે તેને તેના ડીલરો તરફથી અસંખ્ય ફરિયાદો મળવા લાગી હતી. મારા પેટમાં તેલ રેડાયું. આમાં તો કંપનીએ બધી કાર પાછી મંગાવી લેવી પડે અને અમારી કંપનીએ નુકશાનીની રકમ આપવી પડે એવું પણ બની શકે. નવાંગે કવૉલીટી કન્ટ્રોલ ડીપાર્ટમેન્ટમાં એ પાર્ટ મોકલીને મૂળભુત સમસ્યા શું છે તે શોધી કાઢવી જોઈએ.

“એહમત”, એહમતે ગાડી પાર્કીંગમાંથી બહાર કાઢી ત્યારે મેં કહ્યું: “મારે થોડું કામ તાત્કાલિક પતાવવું પડે તેમ છે. અમુક મેસેજ મોકલવા પડશે.” એહમતે નમ્રતાથી હા પાડી. “તારે જે જરૂરી હોય તે ચોક્કસ કર. એકબીજાને અનુકૂળ થતાં આપણને બહુ વાર નહીં લાગે.”

કાર આગળ ધપી રહી હતી. આજુબાજુની દુનિયા જોવાનો મને સમય જ ન હતો. મારી આંખો તો મોબાઈલની સ્ક્રીન પર ચોંટી ગઈ હતી. મોબાઈલમાં ડૂબેલો હતો છતાં મને ખ્યાલ હતો કે હાઈવે પર ટ્રાફિક ઘણો હતો, આજુબાજુ ગાડીઓ ઘણી ઝડપે પસાર થઈ રહી હતી. નદી પર બાંધેલા ઘણા પુલો પરથી પણ અમે પસાર થઈ રહ્યાં હતા. હું મોબાઈલમાંથી બહાર આવ્યો ત્યારે અમે સાંકડી ગલીઓમાંથી પસાર થઈ રહ્યા હતા.

એહમતે જોયું, હું બરાબર તો હતો ને? “મને લાગે છે કે, લાંબી મુસાફરીને કારણે તું થાકી ગયો હોઈશ, આપણે બહાર જઈએ એ પહેલાં તું જરા નાહી-ધોઈ લે. બિયોગ

લુમાં આવેલા મારા એપાર્ટમેન્ટ પર તને લઈ જાઉં છું.” એહમતે કહ્યું.

અમે હવે ધીમા થઈ ગયા હતા. આજુબાજુ પીળાં પથ્થર અને ઈંટના બનેલા ભૂખરા થઈ ગયેલાં નીચાં મકાનો અને દુકાનો દેખાઈ રહ્યાં હતા. ગલીમાં ચાલીને જનારા પણ ઘણા લોકો હતાં. આગળ જતા મેં બ્લ્યુ-ગ્રે રંગના શિખરવાળું એક ઊંચા ટાવર જેવું મકાન જોયું, તે ટેકરીની ટોચ પર હતું. તેમાં બારીઓની બે હાર હતી. બારીમાં અંદર રહેનારાઓની હિલચાલ પણ જોઈ શકાતી હતી.

“ધ ગલાટા ટાવર” એહમતે કહ્યું: “અહીંથી શહેરનો નજારો અદ્ભુત દેખાય છે.” એહમતે ગલીમાં એક જગ્યાએ ધીમેથી કાર ઉભી રાખી.

બાજુના ત્રણ માળવાળા મકાન તરફ આંગળી ચિંધી તે બોલ્યો: “આ રહ્યું.” બહારની બાજુએ ખુલતા લાકડાના દરવાજાને ખોલીને એહમતે મને અંદર આવવાનો ઈશારો કર્યો. અંદર આરસપહાણના પગથિયાવાળો દાદરો હતો.

“ઉપર ચઢવું પડશે, વાંધો નથી ને?” તેણે કહ્યું.

“ના, બિલકુલ નહીં.” મેં જવાબ આપ્યો.

એહમતના એપાર્ટમેન્ટની સજાવટ બહુ સરસ હતી. ફરસ પર સુંદર પેટર્નવાળી કારપેટ હતી. પહોળા સોફા પર ચમકદાર રંગના તકીયા હતા. દિવાલ પર ખાસ પસંદ કરાયેલા દરિયાઈ પક્ષીઓ, હોડી, ફૂલ, વગેરેનાં ફ્રેમજડિત ફોટાઓ હતા. તેનું ઘર મારી અપેક્ષાથી થોડું જુદું લાગ્યું. જુલીઆને કહ્યું હતું કે એહમત એક મોટી બોટનો કેપ્ટન હતો. મને હતું કે તેનું ઘર તો ઘણું વધારે સરસ હશે.

“તેં કદાચ ધાર્યું હશે તેમ, હું અહીં બહુ સમય રહેતો નથી.” તેણે કહ્યું: “આ એપાર્ટમેન્ટ ઘણાં વર્ષો પહેલાં માત્ર મૂડીના રોકાણના હેતુથી જ મેં લીધું હતું. સામાન્ય રીતે અહીંની એમ્બેસીમાં કામ કરનારા વિદેશીઓ કે અહીં ધંધાર્થે આવનારા વિદેશીઓને તે હું ભાડે આપું છું. પરંતુ, થોડાં વર્ષો પહેલાં મારી પત્નિનું અવસાન થયું અને મેં બેસીકલાસનું મારું મકાન વેચી નાંખ્યું. હવે હું મારી ફેરી (બોટ) ચલાવું છું કે લોકોને આ પૌરાણિક શહેર બતાવું છું તે દરમ્યાન હું અહીં જ રહું છું. બાકીના દિવસોમાં હું જયાં મારા નાનપણનાં દિવસો વિત્યાં છે તે બોસ્ફોરસ પાસેના નાના ગામડામાં રહું છું.

બારી પાસેથી પસાર થતાં એહમત બોલ્યો : “આવ, તને શહેર બતાવું.”

કારમાં અમે કેટલી ઊંચાઈએ આવ્યા હતા તે મારા ધ્યાનમાં ન હતું. મુખ્ય ઓરડામાંથી બહાર નીકળીને જેવું મેં બહારનું દૃશ્ય જોયું, મને તેનું આ મૂડીરોકાણ કેટલું અદ્ભુત છે તેનો ખ્યાલ આવ્યો ! જીંદગીમાં મેં જોયેલી સૌથી સુંદર જગ્યાઓમાંની આ એક હતી.

“ત્યાં જો.” એહમતે નીચે એક નદી તરફ આંગળી ચિંધીને કહ્યું: “પેલી નદી જો, એ ગોલ્ડન હોર્ન નદી છે. ત્યાં અતાતુર્ક બ્રીજ અને ગલાટા બ્રીજ છે. તેના હાર્બર (હોડીઓને પાર્ક કરવાની જગ્યા)માં મારી હોડી પાર્ક થયેલી છે. અને તારી ડાબી બાજુએ જે ભરપૂર પાણી દેખાય છે તે છે બોસ્ફોરસ સ્ટ્રેઈટ. મારું શહેર તો તેનાથી પણ આગળ

સુધી વિસ્તરેલું છે. પરંતુ નવાઈની વાત સાંભળ, તું અત્યારે યુરોપમાં ઉભો છે પરંતુ ઈસ્તનબુલની બીજી બાજુએ તું જાય તો તું એશિયામાં હોઈશ."

મેં એશિયન વિસ્તાર પર નજર માંડી, પછી મારી બરાબર સામે પથરાયેલ ઊંચા મકાનો ભરેલા શહેર પર સ્થિર થઈ.

"હા," એહમતે કહ્યું: "એ અમારું જૂનું શહેર છે. સુલ્તાન એહમત. બજાર કવાર્ટર્સ, સેરાગ્લિઓ પોઈન્ટ, વગેરે."

મને દૂર દૂર ઘુમ્મટ, મિનારાઓ, બગીચો અને દિવાલો ધરાવતાં બે મકાનો દેખાયાં.

"એ હેગીઆ સોફીસા છે?" મેં પૂછયું. ઈસ્તનબુલમાં હું જાણતો હતો તેવી જોવા જેવી એ એકમાત્ર જગ્યા હતી. શહેનશાહ જુસ્તીનીઆને બંધાવેલ ઘુમ્મટવાળા ભવ્ય ચર્ચ હતા. તે વખતે આ જગ્યા રોમન સામ્રાજ્યનો એક ભાગ હતી અને કોસ્ટાનીનોપોલ તરીકે ઓળખાતા ક્રિશ્ચિયન ચર્ચે તેની જાળવણી કરી હતી. તે ચર્ચ પાછળથી મસ્જીદમાં રૂપાંતર પામી હતી. તેમાં મિનારાઓ ઉમેરવામાં આવ્યાં હતા. અંદરની રચના પણ બદલવામાં આવી હતી. પરંતુ તેની લાદીઓ તો મૂળ હતી એ જ હતી. તે બહુ સુંદર છે તેમ મેં સાંભળેલું.

એહમતે કહ્યું: "તેની નજીક જ ડાબી બાજુ પાછળ એક બ્લ્યુ મસ્જિદ છે. હિપ્પોડ્રોમ, ટોટકાપી, સીસ્ટર્ન, મ્યુઝીયમ.... ઘણું બધું છે જોવા જેવું. પણ આજે બપોર પછી હું તને મસાલા બજાર અને ગ્રાન્ડ બજાર જોવા લઈ જઈશ. ત્યાંથી પછી બોટમાં જઈશું."

"બોટ?"

"હા."બારીથી દૂર જતાં એહમત બોલ્યો. હું પાછળ જ આવું છું તેવું ધારી એહમત આગળ ચાલી રહ્યો હતો. "હવે તારે ન્હાવું-ધોવું હોય તો તે જગ્યા તને બતાવું. પછી જમવાનું અને પછી આપણે બજાર જઈશું."

મસાલા બજારમાંથી પસાર થતી વખતે મને સૌથી વધુ કંઈ ગમ્યું હોય તો હતી વિવિધ મસાલાની સુગંધ. જાણે સુગંધના બગીચામાંથી પસાર થતા હોઈએ એવું લાગતું હતું. એક પછી એક, એક એકથી ચડિયાતી સુગંધ આવી રહી હતી.

હારબંધ દુકાનો હતી. ખજૂર અને સૂકા મેવાના ઢગલે ઢગલા હતા. કાજુબદામના ઢગલા અને હળવા રંગના હલવાના તો જાણે પિરામીડ હતા. અંજીરના થોકબંધ હારડા હતાં, અને ખાસ પસંદ કરાયેલા તુર્કીની ખાસ ચીજ હતી જેને બધા ત્યાં 'લોકમ'ના નામે ઓળખતા હતા.

કાઉન્ટર પર ખુલ્લા ખોખાં પડયા હતા જેમાં હળદર, ઈલાયચી, લવીંગ વગેરનાં ઢગ ખડકાયેલાં હતા.

એહમતે જતાં પહેલાં થોડાંક ખજૂર ખરીદ્યાં પછી અમે ગ્રાન્ડ બજાર તરફ આગળ વધ્યા, જયાં પથ્થરનાં બનાવેલા મકાનોમાં પુષ્કળ દુકાનો હતી. મસાલા બજારે તો મને

વ્યાકુળ બનાવી દીધો હતો. તેની અદ્ભુત સુગંધ મારા દિલોદિમાગ પર છવાઈ ગઈ હતી. હું મારી આજુબાજુના વાતાવરણમાં ખોવાઈ ગયો હતો. મારી જાતને કે મારી પત્નિને હું ભુલી ગયો હતો. જયારે અહીં ગ્રાન્ડ બજારમાં તો ઉલ્ટું જ થયું. મને મારી દરેક પ્રિય વ્યકિત યાદ આવવા લાગી.

ગ્રાન્ડ બજારમાં જેવો હું દાખલ થયો કે મારી સામે દુકાનોની ખતમ ન થાય એટલી બધી લાંબી હાર હતી. અનીશાને ગમે તેવી ઘણી વસ્તુઓ અહીં હતી, જેમ કે મોઝેક લેમ્પ, સીલ્કના સ્કાર્ફ, અદ્ભુત ડિઝાઈનવાળા સિરામિક અને રંગોનું તો જાણે તોફાન મચ્યું હતું ચારે તરફ.

અનીશાને હું પહેલી વખત મળ્યો ત્યારે મને આ જ ચીજ પસંદ પડી ગઈ હતી. તેણે જે કંઈ પણ પહેર્યું હોય તેનાં રંગ ચોક્કસપણે ચમકદાર અને આકર્ષક જ રહેતા, ચમકદાર લીલા એરીંગ્સ, શિયાળામાં જાંબલી રંગનો સ્કાર્ફ, ઝગમગતો કેસરી લેરેટ. તેના એપાર્ટમેન્ટમાં પણ રંગોનું શાસન દેખાઈ આવતું. નાની મોટી દરેક ચીજવસ્તુમાં તમને રંગોની વિવિધતા અને એક સુંદર લય જોવા મળે.

મારે તો હજુ ઘણી લાંબી મુસાફરી કરીને ઘરે પહોંચવાનું હતું, તેથી ભારેખમ કોઈ વસ્તુ મારાથી ખરીદી શકાય તેમ ન હતી. છતાં મારે લઈ જઈ શકાય તેવી પણ ભરપૂર ચીજ હતી. મેં નઝર નેકલેસ અનીશા માટે પસંદ કર્યો. તેમાં જડેલ શેતાનની આંખ તરીકે ઓળખાતો પથ્થર વ્યકિતને નુકસાનથી બચાવે છે તેવી માન્યતા હતી. અને આદમ માટે મેં હળવી એમ્બ્રોયડરીવાળું વેસ્ટ લીધું, તેને તે ચોક્કસ સરસ લાગશે.

મારું ધ્યાન કયાં હતું તે એહમતે જોયું. “અરે, હા”, તેણે કહ્યું : “તારે તો અહીં ભરપૂર સમય લઈને જ આવવું જોઈએ તો જ તને ભાવ કરવાની અને ખરીદવાની મજા આવશે.” મેં કારપેટ જોઈ. તેણે કહ્યું : “કારપેટ પસંદ કરવી સહેલું કામ નથી. તેનું વિવીંગ-નોટીંગ, મટીરીયલ, રંગોની ગુણવત્તા, તેની કલાકારીગરી ઘણું બધું જોવું પડે અને તેની સાચી કિંમતનો અંદાજ લગાવતા તમારે શીખવું પડે. ભાવતાલ કરતાં પણ આવડવું જોઈએ. એ બાબતમાં હું તને ઘણું શીખવી શકું.”

મને કંઈક શીખવવાની એહમતની ઉત્સકુતા જોઈ મને મારા મા-બાપ યાદ આવી ગયા. તેઓ બંને ગતિશીલ વિચારો ધરાવતા હતા અને મને જિંદગી પર્યંત કંઈકને કંઈક શીખતા રહેવા ઉત્તેજન આપતા. મારા મમ્મી “પુસ્તકોનો કીડો” હતી. હું અને મારી બેન પ્રાથમિક શાળામાં હતા, મારા મમ્મીને પુસ્તકોની નાની દુકાનમાં નોકરી લીધી હતી. તે ઘરે એટલા બધા પુસ્તકો લાવતી કે કદાચ તેને એક સારામાં સારા ગ્રાહક તરીકે ગુમાવવી ન પડે એટલે જ દુકાનવાળાએ તેને નોકરીમાં રાખી હશે ! તે પોતાના માટે વાર્તાની ચોપડીઓ, પપ્પા માટે નોનફિકશન તથા મારા તથા કીરા માટે ચિત્રોની તથા બીજી સરળ ચોપડીઓ લઈ આવતી.

પપ્પાને આ બધું જોઈને અનહદ આનંદ થતો. દરેક પુસ્તકને સરસ મજાના પુંઠા ચઢાવી દેતાં. વધુમાં, નીક લૉન્ડ્રીમાં તે તેનું જ્ઞાન સતત પીરસતા, તે પ્રાથમિક શાળાના શિક્ષક હતા. ભણાવવાની તેને ઘણી ધગશ હતી. તે એટલી હદ સુધી કે અમે જયાં પણ જતાં ત્યાં મારા પિતા એક કલાસરૂમનું વાતાવરણ ઊભું કરી દેતા. તેની આજુબાજુ તરત

જ નાના બાળકોનું ટોળું ભેગું થઈ જતું.

ઉનાળાના વેકેશન દરમ્યાન દર વરસે અમે પ્રવાસ જતા. ગમે ત્યાં જવાનું હોય - પહેલાં મમ્મી-પપ્પા તેના વિશેની સંપૂર્ણ માહિતી ભેગી કરી લેતા. ગામડામાં રખડતાં હોઈએ ત્યારે મમ્મી કયાંકથી ખેતીવાડીના જાણકારને પકડી આવતી અને જેક પાઈન વૃક્ષને પોતાના બીજ બનાવવા માટે જંગલમાં આગ લાગી હોય એટલી બધી તીવ્ર ગરમીની શા માટે જરૂર પડે છે તે પૂછતી અને અમને પણ સમજાવતી. પપ્પા પણ અમને તેના ઐતિહાસિક જ્ઞાનના ખજાનામાંથી સતત કંઈક આપતા રહેતા. કોઈ સ્થળે તો ત્યાંના ગાઈડ કરતાં પણ અમારા મમ્મી-પપ્પા ઘણું વિશેષ જાણતા. થીમપાર્કમાંથી પણ કોઈએ વિચાર્યું પણ ન હોય તેવું અમને શીખવા મળતું.

અવનવી માહિતી અને નવા વિચારો માટે મમ્મી-પપ્પા હંમેશા ઉત્સુક રહેતા. અમારો પ્રવાસ કુતુહલતાથી ભરપૂર રહેતો. અમે કંઈક નવું શોધીએ તો મમ્મી તરત કહેતી: “અરે વાહ, આ તો અદભુત છે.” હું અને મારી બહેન નવું જાણવાની કુતુહલવૃત્તિ દેખાડીએ એટલે તરત પપ્પા કહેતા: “બહુ સરસ પ્રશ્ન છે!” અમે કંઈ પણ પૂછતા ત્યારે તેના ચહેરા પર આનંદ વ્યાપી જતો. તેને ગૌરવ પણ થતું. અમે જાણે કેન્સરની દવા શોધી કાઢી હોય એટલા ઉત્સાહથી અમારી વાતને બિરદાવતા.

એ ઉત્સાહને અત્યારે તો હું માત્ર બાળપણથી સ્મૃતિરૂપે જ જોઉં છું, પરંતુ ત્યારે તેમનું પ્રોત્સાહન પાગલ કરી દેતું હતું. જયારે હું તરૂણ અવસ્થામાં પ્રવેશ્યો ત્યારે અમારા નાનાં નાનાં પ્રવાસ, સતત સૂચનાઓ, અવિરત નવીનતા - આ બધું મારા મનમાં સતત રમ્યા કરતું. ઉનાળાની એક સાંજે જયારે હું અને કીરા અમારી પ્રિય કારની પાછળની સીટમાં આરામથી બેઠા હતા ત્યારે પપ્પાએ એરી કેનલની દિલધડક દાસ્તાન સંભળાવી ત્યારે અમે બંને ઘણા ઉત્સાહમાં આવી ગયા હતા. જીવનનો પ્રવાહ ત્યારે અમને હંમેશા નવીનતાસભર અને ઉત્સાહથી ભરપૂર લાગતો.

મને થયું. મમ્મી-પપ્પાને આ શહેર, આ જગ્યા કેટલા બધા ગમ્યાં હોત. એ વિચારે થોડું દુઃખ પણ થયું. કદાચ આવી જગ્યા જોવાનું તેમનું સપનું હતું. નિવૃત્તિ પછીની મુખ્ય પ્રવૃત્તિ ફરવાની જ હોય તેવી તેની યોજના હતી. બધા જાણતાં જ હતા. પપ્પાએ કામ છોડયું ત્યારે તેનાં સહકર્મચારીઓએ તે ભેટમાં ‘લગેજ બેગ’ આપી હતી !

તેની નિવૃત્તિ પછીના શરૂઆતના મહિનાઓમાં તો અમારા ઘરમાં ટ્રાવેલબુકના ઢગલે ઢગલા જોવા મળતાં. ડ્રોઈંગ રૂમમાં તેની પ્રિય ખુરશીની આજુબાજુ કે તેના બેડરૂમનાં ટેબલની નીચે - બ્રોશર્સ, બુકસ, નકશા, મેગેઝીન્સ, વગેરેનો જાણે રાફડો ફાટયો હોય તેવું લાગતું. આયર્લેન્ડ, તુસ્કાની, થાઈલેન્ડ, ન્યુઝીલેન્ડ... જાત જાતની માહિતી અને ફોટાઓની પ્રિન્ટ કાઢીને પપ્પા તેના કોમ્પ્યુટરની બાજુમાં ચોંટાડી દેતા. વરસમાં છ મહિના તો એ અને મમ્મી કયાંકને કયાંક ફરવામાં જ વિતાવતા.

અને એક દિવસ, અચાનક જ, મમ્મીને ગેરેજમાં કંઈક જોરદાર પડયું હોય તેવો અવાજ સંભળાયો. ગેરેજમાં કયાંક ઉપર ચડીને પપ્પા જૂનું ફર્નિચર આમતેમ ગોઠવતાં હતાં. તેમાં અકસ્માતે કંઈક વાગવાથી તેની ધોરી નસ કપાઈ ગઈ ! જમીન પર પડે તે પહેલાં જ તે મૃત્યુ પામ્યા હતા !!

પછી તો મહિનાઓ સુધી મમ્મી શાંત પાણીની જેમ જાણે સ્થિર થઈ ગયા હતા. ટ્રાવેલ માટેનું બધું જ સાહિત્ય ધીમે ધીમે અદૃશ્ય થઈ ગયું. ટ્રાવેલ બુકસ માળીયે ચડી ગઈ. અને મમ્મી પાછી બુકસ્ટોરમાં પાર્ટટાઈમ નોકરીએ લાગી ગઈ. કીરાને હતું, થોડા સમય પછી મમ્મીમાં ધીમે ધીમે ફરવા જવાનો ઉત્સાહ આવશે, પરંતુ આજ સુધી મમ્મીએ પપ્પા વિના ફરવા જવાનો વિચાર જ નથી કર્યો.

કારપેટ વેચનારાની છેલ્લી બૂમે મને મારા મમ્મી-પપ્પાના વિચારોમાંથી જગાડયો. સાંજ ઢળી ગઈ હતી. એહમત હવે બજારમાંથી બહાર નીકળી રહ્યો હતો.

મને એક મકાન પાસે ઊભો રાખીને એહમતે કહ્યું: “હવે જમવાનો સમય થઈ ગયો છે.” અમે એ જૂના શહેરની ગલીમાં એક પછી એક દુકાનો વટાવતા આગળ વધવા લાગ્યા. અચાનક પથ્થરનાં નીચાં મકાનોની વચ્ચે આવેલા એક લાલ રોશનીથી ચમકતા મકાન સામે એહમત ઉભો રહી ગયો.

“આવી ગયું” તેણે કહ્યું. હું તેની પાછળ પાછળ ગયો. તે એક નાની રેસ્ટોરન્ટ હતી. રંગોથી સુશોભિત આછા અજવાળાવાળી શાંત જગ્યા હતી, પથ્થરની દિવાલ પર લાલ અને સોનેરી રંગના પડદા હતા. તેની નીચે ભૂરા અને કેસરી રંગના મોટાં તકીયાઓ ધરાવતાં બાંકડાઓ હતા. બાંકડાઓ વચ્ચે લાલ પટ્ટાવાળા કાપડથી ઢંકાયેલા નાના ટેબલ હતાં. દરેક ટેબલ પર પિત્તળનો મોટો દિવો હતો.

અમે મરીવાળા ભાત, પાઈનનટ્સ, ઈંડા સાથે રાંધેલું માંસ તથા તલવાળી બ્રેડ ખાધી. એહમત અને મેં અમારા કામ વિશે અને જિંદગી વિશે વાતો કરી. કેટલીક વખત અમારા બંને વચ્ચે મૈત્રીપૂર્ણ મૌન પણ છવાયેલું રહ્યું. કયારેક એહમત કહેતો: “આ ખાવા જેવું છે.” તો કયારેક હું બોલતો: “આ બહુ સરસ છે.” અમારા મૌન સંવાદ વચ્ચે પણ શેરીમાંથી આવતા વિવિધ અવાજો વાતાવરણને ખાલી રહેવા દેતા ન હતા. હું દૂર દૂર કોઈ અજાણી જગ્યામાં હોઉં તેમ લાગ્યા કરતું.

અમે બોટ પાસે આવ્યા ત્યારે સૂરજ ઝડપથી ઢળી રહ્યો હતો. સમુદ્રની ખારાશ હવામાં સ્પષ્ટપણે વર્તાતી હતી. હાર્બર નાની-મોટી બોટથી ચિક્કાર હતો. વ્યાવસાયિક ફેરી બોટવાળા વધુ જગ્યા રોકીને બેઠા હતા.

મને ખ્યાલ હતો, એહમત કોઈ સામાન્ય ફેરી કેપ્ટન ન હતો. વર્ષો પહેલાં તે એક ફેરી બોટની કંપનીનો માલિક રહી ચૂકયો હતો. તે હવે અંશત: નિવૃત્ત હતો. તેણે માત્ર એક જ બોટ પોતાની પાસે વાપરવા રાખી હતી. આ બોટ તેણે કંપનીની શરૂઆતમાં જ ખરીદેલી હતી, જે અગાઉ માછલીઓ પકડવાના ઉપયોગમાં લેવાતી હતી. તેણે કહ્યું: “આ બોટને અળગી કરી શકું તેમ નથી. બોસ્ફોરસ જવા-આવવાના મારા અંગત ઉપયોગ માટે મેં તે રાખી છે. જુલીઆનનો ફોન આવ્યો એટલે તરત મેં એક બોટ બુક કરાવી લીધી હતી. મારો પુત્ર એ બોટ લઈ ગયો છે.”

અમે ચાલતાં ચાલતાં મોટી પબ્લીક ફેરી તથા મોટી ટુરીસ્ટ બોટને પસાર કરતાં આગળ વધ્યાં. એક બાજુ અમે એક લાંબી, ઊંડાણ ધરાવતી, ખાસ વળાંકવાળી બોટ જોઈ. જેમાં સરસ સુશોભન કરવામાં આવ્યું હતું. તેને કાળજીપૂર્વક તૈયાર કરેલું છત્ર હતું અને બોટની ફરતે એક સોનેરી ચળકતી કિનાર હતી. તેણે કહ્યું: “આ ટુરીસ્ટ માટેની બોટ

છે, ઈમ્પેરીયલ કઈકની પ્રતિકૃતિ!"

અમે નાની બોટ રાખવામાં આવી હતી તે વિસ્તારમાં આવી પહોંચ્યા. બ્લ્યુ રંગની કિનાર ધરાવતી એક સફેદ બોટ પાસે એહમત જઈ ઉભો રહ્યો. "આ રહી આપણી બોટ. મને ગમતી અને મારા ગૌરવસમી!" કહીને તે હસ્યો. તે મજબૂત ઢાંચાની ટગ જેવા દેખાવની બોટ હતી. તેના મોરાનો ભાગ (આગળનો ભાગ) ખુલ્લો હતો જયાં વ્હીલ-હાઉસ હતું. એની પાછળ લાકડા અને કાચનું બનેલું નાનું પાર્ટીશન હતું, જેની પાછળ વ્હીલ અને કન્ટ્રોલ પેનલ હતાં. વ્હીલની પાછળ એક લેધર મઢેલું નાનું ટેબલ હતું. વ્હીલ હાઉસની પાછળ લાકડાની બેન્ચો હતી, જેમાં બેસવાની વ્યવસ્થા હતી. બોટની બાજુ તથા ફરસ પરના બ્લ્યુ અને સફેદ રંગો ઘણી જગ્યાએ ઉખડી ગયા હતા, પણ બધું ચોખ્ખું હતું. બધું જૂનું પણ કાળજીપૂર્વક સાચવેલું હતું.

"આપણે યુસુફને મળી ન શકયા. કંઈ વાંધો નહીં, કદાચ તું ફરી આવે ત્યારે તારી ઓળખાણ મારા કુટુંબ સાથે કરાવીશ." એહમતે કહ્યું અને તેણે ડૉકમાંથી બોટને છોડી.

હાર્બર છોડીને ખુલ્લા પાણીમાં આવતા અમને ઘણો સમય લાગ્યો. અમે ધીમી ગતિથી આગળ વધી રહ્યા હતા, પરંતુ એમ લાગતું હતું કે આ અંધકારમાં આજુબાજુનું સમગ્ર વાતાવરણ આળસની મોજ માણી રહ્યું હતું. એક મોટી ફેરીબોટ તેની લાઈટના ઝબકારા મારતી એશિયન કિનારા તરફ ગઈ. નાની નાની બોટ તો હવે દૂર જતી રહી હતી. પાણી પણ જાણે તેના સ્વભાવ વિરુદ્ધ જઈને શાંત થઈ ગયું હતું.

અહીંથી ઈસ્તનબુલ મને બન્ને કિનારા પર પથરાયેલું સ્પષ્ટ દેખાયું. ઘુમ્મટવાળી મસ્જિદો, મહેલો અને લાલ નળીયાવાળા સુંદર મકાનો, એપાર્ટમેન્ટસ, નાળીયેરીના વૃક્ષો, દુકાનો, કાફે.... ઘણું બધું... સુંદર લાગતું હતું. અમે બોસ્ફોરસ બ્રીજની નીચેથી પસાર થઈને દક્ષિણ બાજુ વળ્યાં. મેં લાકડાની છતવાળા મકાનો જોયાં. એહમતે કહ્યું: "તેને અહીં બધા ટાલી કહે છે. અમીરોનાં ઉનાળાની રજા ગાળવા માટેના મકાનો છે." તે પાણીની નજીક એટલા ઝળુંબતા છે કે તે જાણે પાણીમાં તરતાં હોય એવા જ લાગતાં.

ધીમે ધીમે રાત્રીનો અંધકાર વધવા લાગ્યો. આકાશમાં ચંદ્ર એક મોટા તેજસ્વી મોતી જેવો દેખાવા લાગ્યો. ચંદ્રનું અજવાળું પાણીમાંથી પરિવર્તિત થઈને આવતું હતું. એહમતે બોટની ગતિ ઓર ધીમી કરી. એન્જીનનો ધીમો અવાજ આજુબાજુના નીરવ વાતાવરણની આમન્યા રાખતો હોય તેમ લાગ્યું.

"આ બધું અનોખું છે, નહીં?" એહમતે કહ્યું. મેં માથું ધૂણાવ્યું.

"ખરેખર આ બધું દેખાય છે એટલું શાંત નથી. જો કે ખરેખર શું છે તે કહેવું બહુ મુશ્કેલ છે." તેણે બોલવાનું ચાલુ રાખ્યું. "હા, બરાબર." મેં કહ્યું. અત્યારે આ બાબતમાં વિચારવાની મને ઈચ્છા ન હતી.

હું બોટના એક છેડે ગયો અને દૂર દૂર જતા શહેરને જોઈ રહ્યો.

એહમત બોલ્યો: "તને ખબર છે ? સામુદ્રધુની અને નદીમાં ફરક છે. અહીં પાણી માત્ર એક જ દિશામાં નથી વહેતું."

મેં એહમત બાજુ ફરીને માથું હલાવ્યું.

"અહીં સામુદ્રધુનીમાં દરિયાઈ મોજાંને કારણે પાણી દરિયા તરફ ખેંચાય છે અને પાછું ધકેલાય છે. અહીં આ જ જગ્યાએ - યુરોપ અને એશિયા ભેગા થાય છે. મર્મરા અને કાળો સમુદ્ર - એમ બે સમુદ્રનાં પાણી અહીં ભેગા થાય છે અને છતાં તે દેખાય છે તેના કરતાં પણ કંઈક વિશિષ્ટ છે."

"એટલે ?" મેં પૂછયું.

"થોડા વર્ષો પહેલાં આ સામુદ્રધુનીનો અભ્યાસ કરવા ઈંગ્લેન્ડ, કેનેડા અને તુર્કીથી વૈજ્ઞાનિકો આવ્યા હતાં. તેણે શું શોધી કાઢયું ખબર છે ?" એહમતે વ્હીલ ફેરવ્યું અને મારા તરફ ફરીને બોલ્યો. મેં ખભા ઉલાળ્યા અને માથું હલાવ્યું. "તેમણે શોધ્યું કે આ સામુદ્રધુનીના તળીયે - સમુદ્રની અંદર - એક નદી વહે છે, માર્મરા સમુદ્રમાંથી કાળા સમુદ્ર તરફ."

"સમુદ્રની અંદર-નીચે નદી ? જબરૂ કહેવાય !" હું બોલ્યો.

"આ બધું જાણીને તને નવાઈ જ લાગે ને ? બધું કયારેક દેખાય છે એટલું જ સરળ હોતુ નથી."

હું બોટમાં થોડું અહીં તહીં ફર્યો અને છેવટે વ્હીલ પાસે એહમતની બાજુમાં જઈને ગોઠવાયો. ઘણો સમય અમે શાંત બેસી રહ્યા.

એહમત પોતાની બેઠક પર થોડો પાછળ ખસ્યો.

"આજે આપણે ઘણો સમય સાથે વિતાવ્યો." તે કંઈક વિચારપૂર્વક બોલ્યો: "પરંતુ હકીકતમાં આપણે એકબીજા વિશે બહુ જાણતાં નથી. તું મારા પ્રિય મિત્ર જુલીઆનનો સંબંધી છે એ જ હું જાણું છું, તું એક ઈલેકટ્રીક એન્જીનિયર છે, પરિણિત છે, તારે એક છ વર્ષનો પુત્ર છે. બરાબર, પરંતુ હકીકતમાં તું કોણ છે ?"

મારી પાસે આનો જવાબ ન હતો. મારા ચહેરાના અનુત્તરભાવને એહમત જોઈ રહયો અને સહેજ હસ્યો.

"મારે પણ એવું જ કંઈક છે." તેણે કહ્યું: "સાંજે જમતી વખતે મેં તને કહ્યું હતું કે, હું સાંઈઠ વર્ષનો બિઝનેસમેન છું. હું વિધુર છું. મારા ચારેય દિકરાઓ મોટા થઈ ગયા છે. છતાં પણ, તું મને જાણે છે ?"

"આપણે અત્યારે જ એકબીજાને 'જાણવાની' શરૂઆત કેમ ન કરીએ?" મેં કહ્યું: "એટલે કે તારી કંપની કે તારા પુત્રો વિશે હું કંઈક વધુ પૂછું ?"

"એકબીજાને જાણવામાં આપણને ઘણો સમય લાગશે, છતાં સાંભળ. મારે માટે તો પાણીની સંગતમાં રહેવું એ જ જીવન છે. હું નાનો હતો ત્યારથી જ મને થતું, હું પાણીની નજીક જ કામકાજ કરતો રહું, પાણીની નજીક જ જીવું. મારી મા મને કહેતી કે એ મને જયારે નવરાવતી ત્યારે મને અનહદ આનંદ આવતો. પાણી, ફીશીંગ, તરવાનું,

બોટ, બોટ અને બોટ. મારે બીજું કંઈ કરવું જ નથી, મારે બીજું કંઈ જોઈતું જ નથી. જયારે હું મારી કોઈ બોટમાં ન હોઉં ત્યારે મને હંમેશા કંઈક ખૂટતું લાગે છે. મારી પત્નિને અને મારા બાળકોને માટે આ બાબત ઘણી મુશ્કેલ લાગતી અને જયારે દરિયાકિનારે કે બોટમાં હોઈએ ત્યારે જ અમે સૌ ખુશખુશાલ રહેતા. કંઈક વિચારવા, દુનિયાને ઓળખવા કે જીંદગીને જાણવા માટે મારે હંમેશા પાણીની જરૂર પડી છે. આ એ જ નાનકડી બોટ છે, જેમાં બેસીને મેં કનીઝને પરણવાનું નક્કી કર્યું હતું. મારી બધી યોજનાઓ કે જીવનના સૌથી મોટા નિર્ણયો અહીં, આ નાનકડી બોટમાં જ મેં લીધેલા." એહમતે બોટનું વ્હીલ સહેજ ફેરવ્યું.

તેણે આગળ કહ્યું: "આપણે કોઈ વ્યકિત વિષે કંઈક જાણતા હોઈએ છીએ, કંઈક સમજતા હોઈએ છીએ અને તે વ્યકિત હકીકતમાં કંઈક અલગ જ હોય તેવું પણ બને છે."

મેં કહ્યું: "મને લાગે છે કે, બીજી વ્યકિત વિશે આપણે જે કંઈ સમજતા હોઈએ છીએ તે માત્ર સપાટી પરનું જ હોય છે."

"હા." માથું ધુણાવીને એહમતે કહ્યું: "અને એ જ તો દુ:ખની વાત છે." થોડી ક્ષણો માટે એહમત શાંત થઈ ગયો.

તેણે વાત આગળ ચલાવી: "પણ એનાથી પણ વધુ દુ:ખની વાત એ છે કે એ આપણને પોતાને - પોતાની જાતને - પણ આ જ વસ્તુ લાગુ પડે છે. આપણે આપણા પાડોશીની જીંદગી જીવવા માંગીએ છીએ, આપણી પોતાની નહીં. આપણે જીવનની સપાટીને જોઈએ છીએ, જીવનને નહીં."

બોસ્ફોરસ પર અમે ઘણો સમય વિતાવ્યો, અંધારામાં ચળકતું પાણી, શાંત અને અબોલ ચંદ્ર, એન્જીનનો ધીમો અવાજ, બધું જાણે સ્વપ્નવત લાગતું હતું. અમે કદાચ સમયને પાર હતા. એહમતે એશીયન કિનારા પર ઝબુકતી લાઈટો તરફ બોટને લઈ જવા વ્હીલ ફેરવ્યું.

"અનાડોલુ કાવાત્રી." આંગળી ચિંધીને એહમત બોલ્યો: "તને અત્યારે નહીં દેખાય પણ ત્યાં ટેકરી ઉપર જીનોઈસના કિલ્લાના ખંડેરો છે. મારું ઘર બીજે રસ્તે, ગામના દક્ષિણ છેડે કિનારા પાસે છે."

થોડા જ સમયમાં અમે ડૉકમાં પહોંચી ગયા. બોટને નાંગરી (પાર્ક કરી) ને અમે એહમતે ત્યાં તૈયાર રાખેલી એક નાનકડી કારમાં તેના ઘર ભણી જવા લાગ્યા. એહમતનું એપાર્ટમેન્ટ બીજું કંઈ નહીં પણ પથ્થરનું નાનું મકાન હતું. ફરસ પર ટેરાકોટાની ટાઈલ્સ જડી હતી. પ્લાસ્ટર ઢંગધડા વગરનુ હતું અને સિલીંગ પર આડાઅવળા લાકડાનું માળખું જાણે - દૂરના ઈતિહાસની વાત કરતું હતું. રસોડામાં ખુલ્લા ખાનામાં થોડી ક્રોકરી અને પિત્તળના વાસણો દેખાતા હતા. અહીં તહીં મોઝેક તથા ચળકતા રંગીન કાચ જડેલા દેખાતા હતા. બારીનાં પડદા તથા સોફા પરના કવર એહમતના 'પાતળા' સમયની ચાડી ખાતા હતા ! મારો સામાન એહમતે એક નાના રૂમમાં મૂકયો. તેણે એક નાનકડા પલંગ તરફ ઈશારો કર્યો. કદાચ તે જાતે જ બનાવ્યો હોય તેમ લાગ્યું.

"આ જ પલંગમાં હું મારા બે ભાઈઓ સાથે સૂતો." તે હસ્યો, તેણે મારો સામાન પલંગ પાસે તેણે મૂકયો અને મને ડ્રોઈંગ રૂમ તરફ દોરી ગયો. "આપણે થોડી વાર બહાર બેસીશું ?" તેણે પૂછયું. અમે સ્વેટર પહેર્યા અને બહાર ચંદ્રના અજવાળામાં ચમકતી બોસ્ફોરસ તરફ એક બાંકડા પર બેઠા.

"એવું કહેવાય છે કે, કાળો સમુદ્ર અગાઉ તાજા પાણીનું સરોવર હતો. હજારો હજારો વર્ષ પહેલાં એક બહુ જબરદસ્ત પૂર આવ્યું હતું. ભૂમધ્ય સમુદ્રમાં ઉથલપાથલ થઈને આ ખારા પાણીની બોસ્ફોટસની ખાડી અસ્તિત્વમાં આવી."

"અને સમુદ્રની અંદર વહેતી નદી કદાચ તેનો જ અવશેષ છે ?" મેં પૂછયું.

એહમતે કહ્યું: "કેટલાક લોકો માને છે કે, તે પૂર તે બાઈબલમાં વર્ણવેલું નોઆદનું પૂર હતું."

"ના હોય." મેં કહ્યું.

"અને ગ્રીકના પુરાણોમાં પણ બોસ્ફોરસનો ઉલ્લેખ છે. તને ગોલ્ડન ફ્રીસના જાસન વિશે કંઈ ખબર છે ?"

મેં માથું હલાવ્યું.

"હં..... ગ્રીક પુરાણોમાં બોસ્ફોરસ એ સિમ્પલગેડ્ઝનું ઘર મનાતું તે તરતા ખડકોનું બનેલું અને તેમાં દાખલ થવાની જે હોડી હિંમત કરતી તેનો કચ્ચરઘાણ વાળી દેતું. જયારે જેઅન બોસ્ફોરસમાંથી પસાર થતો હતો ત્યારે તેણે તે ખડકો તરફ એક સફેદ કબૂતર ઉડાડયું. ખડકોએ તેને મારવાની કોશિષ કરી પણ કબુતર બચી ગયું, તેનાં માત્ર થોડાં પીંછા જ ખર્યાં. ત્યાર પછી જેઅન અને આર્ગોનોટ્સ આગળ વધ્યાં. હોડીના પાછળના ભાગને થોડું નુકસાન થયું, પણ તેઓ પસાર થઈ ગયા. ત્યાર પછી ખડકો સ્થિર થઈ ગયાં અને ગ્રીક લોકોનો કાળા સમુદ્રનો માર્ગ કાયમ માટે ખુલ્લો થઈ ગયો."

હું સહેજ હસ્યો અને મેં માથું હલાવ્યું. એહમત અને તેની વાતો મારી માને જરૂર ગમી હોત.

"અરે મિત્ર," એહમત બોલ્યો: "તું અહીં શા માટે આવ્યો છે તે તો હું લગભગ ભૂલી જ ગયો. જુલીઆનના તાવીજ માટે. ઉભો રહે હું લઈ આવું."

અહેમત ઝડપથી ઉભો થયો અને ઘરમાં દાખલ થયો. થોડા સમયમાં તે કાગળના એક ચોરસ પડીકા તથા લાલ રેશમી કાપડના નાના પોટલાં સાથે પાછો ફર્યો. બંને તેણે મને આપ્યાં.

"તું જેને માટે આવ્યો છે તે હવે તારી પાસે છે." તેણે કહ્યું: "આપણે હવે સૂઈ જવું જોઈએ. કાલે સવારે વહેલા ઉઠીને આપણે ઈસ્તનબુલ જવાનું છે. એરપોર્ટ જતાં પહેલાં હું તને આયાસોફ્યા-હેગીઆ લઈ જઈશ. પણ તારે અહીં ફરી આવવાનું વચન આપવું પડશે. હજી મારે તને ઘણું બતાવવાનું બાકી છે."

મેં રાજીખુશીથી હા પાડી.

જયારે હું રૂમમાં પાછો આવ્યો ત્યારે મેં પલંગ પાસે પડેલા નાના ગોળ ટેબલ પર નાનું પોટલું મૂકયું. પલંગની કિનાર પર બેઠો. ધીમેથી તે રેશમી કાપડ મેં ખોલ્યું.

તેમાં વચ્ચે એક પિત્તળનો સિક્કો હતો. સિક્કો તો કદાચ ન કહેવાય પણ એક નિકલ (એક નાણું)ના માપની તકતી હતી. તેની એક બાજુ સૂર્યનું ચિત્ર હતું, જેનાં કિરણો ચારે તરફ પ્રસરતા હતા. બીજી બાજુ બીજનો ચંદ્ર હતો. સિક્કો ટેબલ પર મૂકીને મેં બંધ કાગળ ખોલ્યો, જેમાં હસ્તલિખિત લેખ હતો. તે મારા ગોઠણ પર મૂકીને હું વાંચવા લાગ્યો.

નિરપેક્ષતાની શક્તિ

એક નિરપેક્ષ અને પ્રમાણભૂત જીવન જીવવાની પ્રતિબદ્ધતા કેળવવી એ જ આપણે આપણી જાતને આપેલ સર્વશ્રેષ્ઠ ભેટ છે. પોતાની જાત પ્રત્યે સત્યતા કેળવવી એ સહેલું કામ નથી. સમાજ જેની પાછળ દોડે છે તેને છોડીને પોતાની શરતોએ જીંદગી જીવવી, પોતાનાં સ્વપ્તો અને મૂલ્યોને જાળવી રાખવાં એ જ અગત્યનું છે. આપણી ભીતર ઘરબાયેલી છૂપાયેલી આકાંક્ષાઓ, આશાઓ, શક્તિઓ અને નબળાઈઓનો ઢંઢોળવાનું કામ આપણે કરવું જોઈએ. આપણે કયાં છીએ અને કયાં જવાનું છે તે શોધી કાઢવું જોઈએ. આપણું દરેક પગલું, દરેક નિર્ણય આપણી જાતને આપેલા - સાચી, પ્રામાણિક અને પ્રમાણભૂત જિંદગી જીવવાના વચન સાથે સંકળાયેલું હોવું જોઈએ. આમાં આગળ વધતાં રહીએ તો આપણી સર્વોચ્ચ કલ્પનાથી પણ અધિક ખજાનો મળ્યાનો અનુભવ પ્રાપ્ત થાય છે.

મારી બેગ પાસે જઈને તેમાં છેક તળીયે મૂકેલી જુલીઆને મને આપેલ જર્નલ મેં કાઢી. આ લખાણવાળો કાગળ મેં તેમાં મૂકીને તે ફરી બેગમાં મૂકી દીધી. તાવીજ હાથમાં લઈને તેને આમ-તેમ ફેરવીને જોયું. મારા ખિસ્સામાંથી નાનકડું લેધર પાઉચ કાઢીને તેમાં તે મૂકી દીધું અને હું પથારીમાં પડયો. સવારે ઉઠયો ત્યારે મેં જોયું કે હું રાતભર હલ્યા વિના જ એમને એમ સૂતો રહ્યો હતો. આટલી સરસ ઉંઘ તો મને માત્ર રજાના દિવસોમાં જ આવી હતી. રસોડા તરફ આગળ વધ્યો, ત્યાં તુર્કીશ કોફીની તીવ્ર અને ઘેરી સુગંધથી જાણે મારું નાક ભરાઈ ગયું. એહમતે કોફીની સાથે ફળો અને દહીં પણ આપ્યાં. એ પતાવીને એહમત મને ફટાફટ બહાર લઈ ગયો. પથ્થરોવાળી ગામડાની એ શેરીઓ વટાવીને અમે ફરી પાણી પાસે પહોંચ્યા.

એહમત બોટમાં ગોઠવાયો, બોટને કાળજીપૂર્વક ડૉકમાંથી બહાર કાઢી. બહાર નીકળ્યા પછી તેણે બોટની ગતિ વધારી. રાત્રે આવ્યાં તેનાં કરતાં અત્યારે બોટની ગતિ ઘણી વધારે હતી.

હજી તો વહેલી સવાર હતી, છતાં સૂર્યનું તેજ ઘણું હતું. ગામડાંઓ, હરિયાળી ટેકરીઓ, પાણી - દરેક વસ્તુ સ્વચ્છ અને ચળકતી અને ચેતનવંતી લાગતી હતી. ગઈ કાલ રાત્રિની પૌરાણિકતા અને ગૂઢતા હવામાંથી અદૃશ્ય થઈ ગયાં હતા, “બધું કંઈક જુદું જ લાગે છે.” મેં કહ્યું: “સુંદર છે છતાં અલગ છે.”

"હા." એહમતે વિચારપૂર્વક કહ્યું: "મારી જાત સાથેનો પણ મારો આ જ અનુભવ છે. રાત્રિ ઘણી વસ્તુને છુપાવે છે અને ઘણી વસ્તુને બહાર પણ લાવે છે."

"મોટા શહેરોમાં પણ એમ જ બને છે." મેં કહ્યું: "રાત્રે કંઈક જાદુઈ લાગે છે, દિવસભર રાબેતા મુજબ લાગે છે."

"છતાં બંને વસ્તુ વાસ્વતિક છે." એહમતે સ્હેજ અટકીને કહ્યું, પછી ઉમેર્યું "હું માનું છું કે આપણને એવું એટલા માટે લાગે છે કે આપણે જે વસ્તુ જેવી છે તેવી તેને જોઈ શકતા નથી. કોઈ સ્થળ, વ્યકિત કે આપણી જાતને ખરેખર છે તેવી જોવામાં આપણને વરસો નીકળી જાય છે."

પાણી પર બોટ સરળતાથી સરકી રહી હતી. અમારી ઉપર દરિયાઈ પક્ષીઓ ચકરાવો લઈ રહ્યાં હતા. મને લાગ્યું કે આ દરિયા કિનારે મેં અગાઉ મુસાફરી કરી છે છતાં હું તેને પહેલી વાર જોઈ રહ્યો હતો.

"હા." મેં મારા નવા મિત્ર એહમતને કહ્યું: "તું જે કહે છે તેમાં મને સત્ય દેખાઈ રહ્યું છે."



પ્રકરણ-ચાર

ઈસ્તનબુલમાં ફરતી વખતે કયારેક મને જાણે હું કોઈ ફિલ્મનું પાત્ર હોઉં એવું લાગતું. જાણે હું દુનિયાને કોઈ કેમેરા થકી જોઈ રહ્યો હોઉં, જાણે મારા મોઢામાંથી નિકળતા દરેક શબ્દને નક્કી કરનાર કોઈ બીજું જ હોય. બધું છિન્નભિન્ન હતું છતાં સ્ફૂર્તિદાયક હતું.

દુનિયા જાણે ભરપૂર શક્યતાઓથી ભરી ભરી લાગતી હતી. બોસ્ફોરસ પર ઉપર ચન્દ્ર અને નીચે પાણીની વચ્ચે ગુજારેલી રાત્રિ મેં આજ સુધી કયારેય માણી ન હતી.

જુલીઆને કહ્યું હતું જિંદગી કંઈક 'બનવામાં' છે, કંઈ પણ 'મેળવવામાં' નહીં. મને તેનો અનુભવ થઈ રહ્યો હતો.

પણ અહીં, અતાતુર્ક એરપોર્ટ પર બેઠાં બેઠાં એ જ ઈસ્તનબુલ શહેર મને અરીસામાં ઝડપથી ઓઝલ થતું દેખાયું. બપોર પહેલાં જ મેં મારો મોબાઈલ સ્વીચ ઑફ કરી દીધો હતો, હજુ તે ચાલુ કરવાનું મને યાદ પણ ન હતું આવ્યું.

સ્વીચ ઑન કરીને ઈન્બોક્સ જોયું તો ચક્કર આવી જાય તેટલા મેસેજ હતા. "માલ જલ્દી મોકલાવો." "કવોલીટી કન્ટ્રોલની સમસ્યા" "XD95 નિષ્ફળ ગયું છે" "માસિક રીપોર્ટસ મોકલવાનો સમય થઈ ગયો છે." "તું કયાં ખોવાઈ ગયો છે?"

ડેવીડે જે રીપોર્ટ માગ્યા હતા તે તો મેં તેને આપી જ દીધા હતાં. એકની એક વસ્તુ ફરી મોકલવામાં મારો કેટલો સમય બરબાદ થતો હતો. મેં અગાઉ સમય પર મોકલેલા રીપોર્ટસ તે વાંચતો હતો કે નહીં તે જ શંકા છે. અનીશા અને આદમના મેસેજ વાંચવા હું પિસ્તાલીસ મીનીટ પછી નવરો પડયો. હું ઈસ્તનબુલ સુખરૂપ પહોંચી ગયો કે નહિ તે જાણવા અનીશાનો મેસેજ હતો. હું જેવો ઈસ્તનબુલ પહોંચ્યો ત્યારે જ મારે તેને જાણ કરી દેવાની જરૂર હતી. આદમ તેની સ્કૂલના નાટક વિશે મને કંઈક કહેવા માંગતો હતો. મેં

તરત જ જવાબો ટાઈપ કર્યા અને પછી ઓફિસના કામ તરફ ધ્યાન પરોવ્યું, નવાંગ સાથે વાત થાય તેવી અપેક્ષા સાથે....

પરંતુ, પ્લેનમાં મારી સીટ પર હું બેઠો તેવો મારી પોતાની જીંદગીના વિચારોમાં ખોવાઈ ગયો. હું કયારેય મારા કામ, મારી જીંદગી, મારી મુસાફરીથી અળગો રહી શકયો નથી. જો મારા મોબાઈલમાં ઈન્બોકસ ચિક્કાર ન થઈ જાય તો એ કંઈ સારી વાત ન કહેવાય. મારી સાથેની નાની કેરી-ઓન બેગમાંથી મેં થોડી વસ્તુઓ કાઢી અને ઉપરની જગ્યામાં મૂકી. મારી પાછળ બેઠેલ વ્યકિત કંઈક અકળાયેલો લાગતો હતો. પાછળ કોઈ બાળક રડતું હતું. મેં મારા દાંત પીસ્યાં અને એક નિસાસો મૂકયો.

આજકાલ એરલાઈન મુસાફરો માટે નાના બાળક માટે હોય તેવી સાંકડી સીટ જ આપે છે. બેસવાની સંકડાશને કારણે મને દુઃખાવો થતો હતો. જુલીઆને તાવીજ રાખવા આપેલું લેધર-પાઉચ એક જાડી દોરીથી બાંધેલું હતું, જે મેં મારા ગળે વિંટાળ્યું હતું. આમ પહેરવાથી તે ગુમ થઈ જવાની શકયતા નહીંવત રહેતી હતી. પરંતુ હવે તે દોરી મને વાગતી હતી. પાઉચ પણ ભારેખમ લાગતું હતું. તેમાં રાખેલા તાવીજ કરતાં તો પાઉચ પોતે ઘણું ભારે હતું. મેં સીટ-બેલ્ટ બરાબર કર્યો અને શર્ટની નીચેથી પાઉચ બહાર કાઢયું.

મેં તેમાંનો સિક્કો બહાર કાઢયો અને આમતેમ ફેરવીને જોવા લાગ્યો. એક બાજુ સૂર્ય, એક બાજુ ચંદ્ર, છયીન અને યાન્ગ, હૃદય અને મસ્તક, સ્વર્ગ અને પૃથ્વિ, ગર્ભિત અને પ્રગટ. મેં તે પાઉચમાં મૂકી દીધો અને પાઉચ ફરી શર્ટની પાછળ ધકેલી દીધું.

મેં જર્નલ કાઢી, નિરપેક્ષતા અને સ્વ-વિશ્વાસ વિશેનું જુલીઆનનું લખાણ તેમાં હતું. મેં પહેલી વખત તે વાંચ્યું. પણ તેના વિશે મેં ખાસ વિચાર કર્યો ન હતો. ઈસ્તનબુલમાં મને થયું હતું કે હું મારી સાચી જિંદગી જીવતો ન હતો. કોઈ અજાણી વ્યકિત તરીકે કયાંક બહાર ઉભા રહીને હું મારી જિંદગીને જોઈ રહ્યો હતો. એક અજાણી વ્યકિત તરીકે મેં જે જોયું તે જો સાચું હોય તો મારે માટે આશ્ચર્યજનક હતું. મારામાં 'પોતાપણું' કયાં હતું ? કેટલું હતું ? હું ખરેખર કોણ છું ? બોટમાં એહમત સાથે થયેલ વાતચીત મેં યાદ કરી. મેં તેને કહ્યું હતું : હું એક ઈલેકટ્રીકલ એન્જીનિયર છું, એક પતિ, એક પિતા છું. આ તો સામાન્ય છે - એ બધાને લાગુ પડે છે. એ સિવાય હું શું હતો ? હું 'પોતે' કોણ છું ?

મેં મારી આગળના ટેબલ પરનું પાટીયું બહાર કાઢયું, તેના પર જર્નલ મૂકીને ખોલી. મેં અગાઉ કહ્યું તેમ સ્વ-અવલોકન કરનારી વ્યકિતઓમાં મારી ગણતરી કયારેય થાય તેમ નથી. મોટાભાગે હું આવા મુદ્દાને જોઈ શકતો જ નથી.

મેં ખિસ્સામાંથી પેન કાઢી અને જર્નલમાં નવા લખાણની શરૂઆત કરી, મથાળે લખ્યું : "હું કોણ છું ?" - કંઈક મૂર્ખામીભર્યું લાગ્યું. હું ખાલી પાના તરફ ખાલી નજરે જોતો જ રહ્યો. ફલાઈટ એટેન્ડેટે કંઈક પીણાની ઓફર કરી ત્યારે મારું ધ્યાન તૂટયું. તેણે મારા તરફ સરસ સ્માઈલ કર્યું અને સીટોની હાર વચ્ચે અદૃશ્ય થઈ ગઈ. મેં કોફીની ચૂસકી લીધી અને જર્નલ બંધ કરવા ગયો પણ અટકી ગયો. કંઈક વિચિત્ર લાગ્યું. મારા મનમાં ઘુમરાતાં પ્રશ્નોના મારે જવાબ આપવા જોઈએ.

બન્યું એવું કે મારી કોફી ખતમ થઈ ગઈ અને હજુ હું નોટબુકના કોરા પાના તરફ જ તાકીને બેઠો હતો. ફલાઈટ ચાર કલાક જેટલી લાંબી હતી. ફલાઈટ પૂરી થાય તે પહેલાં

કંઈક લખવાનું મેં નક્કી કર્યું. શકય છે મેં મારી જિંદગીને નિરપેક્ષભાવથી જોઈ જ ન હોય, કંઈક ‘પોતાપણા’નો મેં કયારેય અનુભવ જ ન કર્યો હોય. મારી જિંદગી હું કેવી રીતે જીવવા માંગું છું, તે બાબત વિચાર્યું જ ન હોય. જીવવાનું તો બસ - મારી આજુબાજુની દોડતી દુનિયામાં બધા જ લોકો રાબેતા મુજબ જીવે છે તેમ જ ? બધા જેની પાછળ દોડી રહ્યાં છે તેની પાછળ હું પણ દોડી રહ્યો હતો. વિશેષ શું હતું ?

સૌથી પહેલું મેં લખ્યું “વાત કહેવાનો સમય.” મારે કોઈ ચોક્કસ ક્ષણ કે ચોક્કસ સમય વિશે કહેવાનું ન હતું, દૂર દૂરના વર્ષોમાં, જયારે હું નાનો હતો, ત્યારે અમારા કુટુંબમાં એક રિવાજ હતો, રાત્રે જમી લીધા પછી મારી મા મારી બહેનને અને મને બેડરૂમમાં લઈ જતી, તે કંઈક વાંચતી, હું સાવ નાનો હતો ત્યારે તે પિકચરબુક વાંચતી. પછી નાની નવલકથાઓ તો પછી કયારેક લાંબી વાર્તાઓ વાંચતી, મારા પર તેની અસર થતી. મારા મિત્રોને પણ તેની વાત કરતો. દિવસભર ગમે તે બન્યું હોય, મારી સાથે કંઈ પણ બન્યું હોય, હું અને કીરા ઝઘડયા હોઈએ, સ્કૂલમાં પણ કોઈ સાથે કંઈક પણ બન્યું હોય, ગમે તે હોય રાત્રે સૂતી વખતે મારી માના કોમળ અવાજમાં હવા જાણે આશ્વસ્ત થઈ જતી. દિવસભરનું બધું જ તેમાં ઓગળી જતું. નીચે મારા પિતા રસોડામાં કંઈકને કંઈક કરતા હોય તેનો અવાજ, કીરા સૂઈ ગઈ હોય તેના શ્વાસ લેવાનો અવાજ, બધું જ મને યાદ છે. હું કોણ છું અને મારું કુટુંબ કેવું છે તે બધું જ હું જાણું છું.

પછી મેં કોઈ ચોક્કસ મુદ્દાને યાદ કરીને લખ્યું: “અનીશા સાથે પર્વતોમાં રખડયો હતો. અમારા લગ્નની તરત પહેલાનો તે સમય હતો. પશ્ચિમ કેનેડાના એક શહેર એવા કેનમોરના ગ્રાસી લેકમાં એક જગ્યાએ દોરડા પર લટકયાં હતા. અમે એક નાનકડી ખાડી પસાર કરી હતી. અનીશા મારી પાછળ હતી. આખા રસ્તે હું તેને મદદ કરતો રહ્યો હતો, જયારે અમે ટોચ પર પહોંચ્યા ત્યારે અમારી આજુબાજુનું વાતાવરણ રમણીય હતું. અમને આજુબાજુ જાણે પહાડો ઘેરી વળ્યા હતા. કેવો સરસ નજારો હતો. ત્યારે મેં અનીશા સામે જોયું હતું. તે ખાસ જગ્યા મને ચોક્કસ યાદ રહી ગઈ છે. મને જાણે જોઈતી હતી તે જ તે જગ્યા હતી. મને અત્યારે ત્યાં પહોંચી જવાનું મન થઈ ગયું. આદમનો જન્મ થયો ત્યારની મારી લાગણી કાબુ બહારની હતી. હોસ્પિટલમાં પલંગ ઉપર અનીશાએ તે મને સોંપ્યો અને મેં તેને તેડયો ત્યારે જાણે આ નાનકડા બાળકે મને મારી જિંદગીની વ્યાખ્યા શિખવાડી દીધી ! હું એક પિતા બન્યો હતો, પિતા હંમેશા રહેવાનો હતો. કંઈક નિશ્ચિત થયું હતું, જે ગંભીરતાથી ભર્યું હતું. છતાં અનુકૂળ હતું.

અને છેવટે મેં લખ્યું : “ફયુઅલ ઈન્જેકશન ડિઝાઈન ટ્રાયલ રન.” આદમના જન્મ પછી મારા જીવનનો આ એક અનોખો ટેકનીકલ, પ્રોફેશનલ પ્રસંગ હતો. મેં વ્યકિતગત રીતે હાથ ધરેલો અને સફળતાપૂર્વક પૂરો કરેલો તે મારો પહેલો પ્રોજેકટ હતો. જુઆને નવી ફયુઅલ-ઈન્જેકશન સીસ્ટમ ઉપર કંઈક કામ કરવાનું કહ્યું હતું. “જો જે, જૂની ડિઝાઈનને વળગી ન રહેતો.” તેણે કહ્યું હતું: “તારે દરેક કામ કંઈક જુદી રીતે જ, તારી પોતાની રીતે જ, કરવાનું છે એવું તેણે સ્પષ્ટ કહેલું. નવું વિચાર, પોતાની રીતે વિચાર. તો જ તું કંઈક નવું કરી શકીશ. નાની વસ્તુથી શરૂઆત કર, પણ તારી દિશા તારી પોતાની હોવી જોઈએ.”

એ ડિઝાઈન પાછળ મેં મહિનાઓ સુધી કામ કર્યું. મને મહેનત કે સમયનું ભાન જ

ન રહ્યું. સવારથી જ હું મારા ટેબલ પર ગોઠવાઈ જતો અને સાંજે છ વાગ્યા સુધી હલવાનું નામ ન લેતો. સાંજે કાર ચલાવીને ઘેર આવું ત્યારે પણ ઓફિસથી ઘર સુધીની મુસાફરી મેં કેવી રીતે કરી તે ભૂલી જતો, મારામાં નવા નવા વિચારોનું ઘમસાણ મચ્યું રહેતું. શક્તિનો જાણે અવિરત પ્રવાહ મારામાં વહેતો જોતો. સવારે ઉઠીને મને ઓફીસે પહોંચવાની તાલાવેલી રહેતી.

જયારે મારા ડ્રોઈંગ્ઝ અને બીજાં કાગળ મેં જુઆન પાસે રજૂ કર્યા ત્યારે તે ધ્યાનપૂર્વક જોઈ રહ્યોઃ "સરસ" તેણે મને કહ્યું : "આ ડિઝાઈન બરાબર કામ કરશે કે નહીં તે જોવાનો એક માત્ર રસ્તો છે, તેને બનાવીને ચકાસવાનો, આપણે તે જરૂર બનાવીશું."

મારી ડિઝાઈન પ્રમાણેનો પાર્ટ અમે બનાવ્યો, કારમાં ફીટ કર્યો અને કાર ચલાવી. એ રાત્રિઓ દરમ્યાન મને ઉંઘ જ નહોતી આવતી, ટેસ્ટીંગ માટે દોડતી કારની ગતિ સાથે મારા હૃદયના ધબકારા પણ વધતા હતા. ધબકારાનો અવાજ જાણ ઘડિયાળના ટક ટક જેટલો સ્પષ્ટ સંભળાતો.

જેવો હું ચાર્લ્સ દ ગૌલે એરપોર્ટના ટર્મિનલમાં દાખલ થયો, મારા હૃદયનાં ધબકારા વધી ગયાં. કસ્ટમની ઔપચારિકતા પૂરી કરવા માટેની લાઈન ખૂબ લાંબી હતી. મારી બેગની રાહ જોવામાં જાણે વરસો નીકળી ગયા હોય એમ લાગ્યું. માંડ માંડ બધું પતાવીને હું છેવટે ટર્મિનલના કાચના દરવાજામાંથી બહાર નીકળ્યો, ત્યારે નાનું બાળક આઈસ્ક્રીમ માટે દોડે તેમ દોડીને જે ટેકસી પહેલી મળી તેમાં ઘૂસી ગયો. મને પેરીસ ખૂબ ગમે છે. તેના રસ્તાઓ પર ચાલવા હું આતુર હતો.

પરંતુ શહેરમાં ટેકસીની ગતિ ધીમી હતી. સાંજે છ વાગ્યાનો સમય હતો. એકસપ્રેસ-વે નો ટ્રાફિક ચિક્કાર હતો. ઈસ્તનબુલ એક 'નવી જ દુનિયા' લાગતું હતું, તેનાથી ઉલ્ટું અહીં તો બધું પરિચિત લાગતું હતું. ચારેબાજુ બધું જ પોતપોતાનામાં ખોવાયેલું હતું.

ડ્રાઈવરનું રસ્તા પર ધ્યાન અર્ધું પર્ધું લાગ્યું. તે તેના વિચારોમાં ખોવાયેલો લાગ્યો. મારું પણ એમ જ હતું ને ? હું પૃથ્વિના કોઈ બીજા ભાગમાં હતો એટલું જ બાકી મને પણ ચોવીસેય કલાક કામ વળગેલું જ રહેતું હતું. અહીં ટેકસી બહારના દૃશ્યો વિદેશના હતા છતાં ઘણા પરિચિત હતા. પરાવિસ્તારની ઊંચા ઊંચા મકાનોની હાર અને હાઈવે જાણે મને કહેતા હતા - આ લાખોની વસ્તી ધરાવતા શહેરમાં તને તો કોઈ ઓળખતું નથી !

જુલીઆને મને ચેમ્પ્સ એલીએ ખાતેની હોટલમાં ઉતરવા જણાવ્યું હતું. પરંતુ ટેકસી જયારે ત્યાં આવીને ઉભી રહી ત્યારે ટેકસીની બહાર નીકળવાનું મને મન ન થયું. મેં ડ્રાઈવરને લગભગ કહી જ દીધું કે "ના, ટેકસી ચલાવ્યે રાખ." સૂરજ આથમે નહીં ત્યાં સુધી પેરીસના રસ્તાઓ પર ટેકસીમાં મારે ફરવાની તીવ્ર ઈચ્છા હતી. ગમે ત્યાં જઈએ ત્યાં પાછળ એફીલ ટાવરની ઝગમગતી લાઈટો જોવા મળતી. જુલીઆને મને એન્ટની ગોશર નામના માણસને મળવાનું કહ્યું હતું, પણ કયારે મળવાનું તે નહોતું કહ્યું. તેણે મને કહ્યું હતું કે, હોટલના કાઉન્ટર ઉપર એન્ટની મારા માટે એક ચિઠ્ઠી લખીને આપશે, તેમાં તે જણાવશે કે મારે તેને કયાં મળવાનું છે. મને લાગ્યું કે, અત્યારે હોટલમાં કદાચ એન્ટની મારી રાહ

જોતો હશે. જુલીઆને કહ્યું હતું : "એન્ટની મજાનો માણસ છે. આ એક વિશિષ્ટ મુલાકાત પણ બની શકે."

ચેમ્પ્સ એલીસે આવીને ટેક્સી ઉભી રહી. હોટલના દરવાજામાં હું દાખલ થયો. લૉબીમાં ઘણા માણસો હતા. વ્યાવસાયિક પોશાકમાં ડઝનબંધ વ્યક્તિઓ જોવા મળી, તેના ગળામાં તેના નામ દર્શાવતા કાર્ડ લટકી રહ્યાં હતાં. રીસેપ્શનની સામે બધા લાઈન લગાવીને ઉભા હતા. કેટલાક લૉબીમાં અલગથી ટોળાના સ્વરૂપમાં ઉભા હતા. એક જગ્યાએ એક નાની બાળકી ડૂસકાં ભરતી તેની સૂટકેસ પર બેઠી હતી. એક નિસ્તેજ મહિલા તેની બાજુમાં ઉભી હતી, પર્સમાં કંઈક ફેંદી રહી હતી. લૉબીમાં ચારેબાજુ ઘોંઘાટ હતો. બૂમબરાડા, હસવાના-રડવાના અવાજ આવી રહ્યાં હતાં.

મારી ફલાઈટ, ટેક્સીની મુસાફરી અને આ વાતાવરણ- મને તો લાગ્યું કે પેરીસની ઝમકદાર ગલીઓમાં ફરવા કરતાં તો ક્યાંક કોફી શોપમાં જઈને બેસું. રીસેપ્શનની આ લાંબી લાઈનમાં મારો નંબર ક્યારે લાગશે ? જ્યારે હોટલના કલાર્કે મારા હાથમાં ચાવી મૂકી અને બોલ્યો : "રૂમ નં.૧૧૩૨" ત્યારે હું વિચારોમાંથી ઝબકીને જાગી ગયો.

"ના, ચોખ્ખી ના." મેં કહ્યું. મેં ફ્રેન્ચ ભાષામાં બોલવાનો પ્રયત્ન પણ ન કર્યો. "ચોથા માળથી ઉપર હરગીઝ નહીં." કલાર્ક મારી તરફ મૂંઝવણભરી નજરે જોઈ રહ્યો - "મને ફાવે તેમ નથી..." મેં કહ્યું, પાછો અટક્યો. મારી મુશ્કેલીઓનું હું વર્ણન કરવા માંગતો ન હતો.

મારે શા માટે કારણો આપવા જોઈએ ? હા, અહીં મારામાં 'પોતાપણું' પ્રગટ થયું. મને મારામાં પ્રગટેલા આ 'પોતાપણાં' નો ચોક્કસ અણસાર મળી ગયો. મને નાની સાંકડી જગ્યામાં ખૂબ અકળામણ થાય છે. લીફ્ટમાં ઘણે ઉપર જવું મને ફાવતું નથી. મોટાભાગના લોકોને મારી આ બાબતની જાણ નથી. લીફ્ટનો ઉપયોગ કર્યા વિના હું પગથિયા ચડીને જ ઉપર જતો હોઉં છું, તેનાથી મારું સ્વાસ્થ્ય પણ સારું રહે ને ? એક ઓટોમોટીવ સંમેલનમાં આઠમે માળે પણ હું પગથિયા ચડીને ગયો હતો, ત્યારે જુઆને મને 'પગથિયા માસ્ટર' કહીને નવાજ્યો હતો. હકીકતમાં, મારા સાથીઓ સમક્ષ ગભરાયેલા ચહેરે રજૂ થવા કરતાં પરસેવે રેબઝેબ રજૂ થવાનું મને વધુ ગમે!

ચોથા માળે મારા માટે રૂમ શોધવામાં કલાર્કને થોડો જ સમય લાગ્યો. હું કાઉન્ટર છોડવા જતો હતો ત્યાં જ મારી રૂમની ચાવીની સાથે તેણે મને એક કવર આપ્યું. તે એન્ટનીનું જ હશે. તેમ વિચારી મેં તે ખિસ્સામાં મૂક્યું. મારી બેગ હોટલના માણસ સાથે મોકલીને હું પગથિયાં તરફ આગળ વધ્યો.

રૂમ પર આવીને શૂઝ કાઢીને સીધો પલંગ પર પડયો. ખિસ્સામાંથી કવર કાઢ્યું. એક માત્ર કાગળમાં તેમાં ટૂંકી નોંધ હતી. "એન્ટની ગોશર, ચળવળકાર." તેમાં લખ્યું હતું: "કોટાકોમ્લેસ ડે પેરીસ," ! એવન્યુ કયુ કોલોનેલ હેન્રી શેલ - ટેન્ગાય, મારી ઓફીસમાં મળવું, સીલ વોઉસ પ્લેઈટ, બુધવારે ૧૭.૩૦ કલાકે, મ્યુઝીયમ બંધ થયા પછી."

સ્પષ્ટ દેખાતું હતું કે એન્ટની વાતોડીયો ન હતો.

બુધવારે એટલે કે આવતી કાલે. પેરીસમાં મારી પાસે આખો દિવસ હતો. મને

આનંદ થયો. દુનિયાના સૌથી ખાસ અને જોવાલાયક શહેરમાં રખડવા માટે એક આખો દિવસ. હું કયાં કયાં ફરીશ ? નોત્રેકેમ ? લા મેરેઈસ ? મોન્ટ માટ્રે? ધ લો ઉરે ? મને કંઈક વિચાર આવ્યાં. એક આખો દિવસ હતો મારી પાસે.

મેં ખિસ્સામાંથી મોબાઈલ કાઢયો. હું બધાથી છેલ્લા બે દિવસથી દૂર થઈ ગયો હતો. હજુ મારે બીજા આઠ તાવીજો ભેગા કરવાનાં હતા. આમ જ ચાલશે તો હું કેટલા દિવસ વધુ લાગશે ? શકય છે ત્રણ અઠવાડિયા પણ થઈ જાય અને કદાચ કંઈ મુશ્કેલી ઉભી થઈ તો ? મારા શ્વાસોશ્વાસને હળવા કરવા અને મારા ખેંચાએલા જડબાને ઢીલા કરવાની મેં કોશિષ કરી.

સમયની બાબતમાં તો હું કંઈ જ કરી શકું તેમ ન હતો. તો પછી તેની ચિંતા શા માટે કરવી ? મેં મારી જાતને કહ્યું : શાંત થઈ જા, બિલકુલ શાંત. તને મળેલી તકનો લાભ લે, આનંદ કર. મેં ઊંડો શ્વાસ લીધો અને બાથરૂમ તરફ જરા ઠીકઠાક થવા આગળ વધ્યો.

ચેમ્પ્સ એલીસે એક ઊંચાણવાળી જગ્યા હતી, જયાં કશુંક અવનવું બનતું રહેતું. ત્યાં અત્યારે સૂરજે ઢળવાની શરૂઆત કરી હતી. મારામાં અધિરાઈ હતી. પેરીસમાં ખરેખર તમારે કોઈ સાથીદાર હોવો જોઈએ. હાથમાં હાથ પરોવીને જતાં યુગલો મેં જોયાં. બહાર રેસ્ટોરન્ટના નાનકડા ટેબલ પર એકબીજા પર ઢળી પડેલા સ્રી પુરુષો મેં જોયાં. અનીશા જો અહીં હોત... તો અમે અમારા સંબંધ વિશે જરૂર વાતો કરી હોત. એવું તે શું ખરાબ બની ગયું ? મારા થકી અનીશા અને આદમ બંનેને નિરાશા અને હતાશા જ મળી હતી. મને ગુસ્સો આવ્યો મારી જાત પર. હવામાં પેરીસનો જાદુ છવાઈ ગયો હતો. છોડો બધું. ટીસા અહીં મારી સાથે હોત તો ? તો વધુ સારુ થાત. અજાણ્યા સાથે રોમાન્સની મજા જ જુદી છે.

હું બગીચામાં થોડું ચાલ્યો, પાછો ફરીને વૃક્ષોની હાર વચ્ચેથી પસાર થતા રસ્તા તરફ આગળ વધ્યો. દૂર મને આર્ક દ ટ્રોમ્ફની અદ્‌ભુત રૂપરેખા દેખાતી હતી. જમવા માટે હું એક નાની રેસ્ટોરન્ટ પાસે અટકયો. મને ખૂબ ભૂખ લાગી હતી. મેં સલાડ અને રેડ વાઈનની બોટલનો ઓર્ડર આપ્યો. ત્યાર પછી બતક અને છેલ્લે ચીઝ. મારી ખાવાની આ રીત હતી.

રેસ્ટોરન્ટમાં ખૂબ ગિર્દી હતી. મારી આજુબાજુ થતી વાતચીતો સાંભળવાનો મેં પ્રયત્ન કર્યો. એક મા-દીકરી રજાઓ ગાળવા આવ્યા હતા. આવતી કાલે તે શું કરશે ? શોપીંગ કરશે કે વર્સેઈલસ ટ્રેનમાં જશે ? કેટલાંક બીઝનેસમેન આ અઠવાડિયાના અંતે અપાનારા પ્રેઝન્ટેશન વિશે વાતમાં મશગૂલ હતા. એક યુગલ તેના પાડોશીનાં કૂતરાનાં ‘અવગુણ-ગાન’ કરી રહ્યું હતું !

ચીઝ ખાવામાં મેં સ્હેજ પણ ઉતાવળ ન કરી. શાંતિથી બેઠો. પછી બીલ ચૂકવીને બહાર આવ્યો. રાત પડી ચૂકી હતી. શહેરની રોશનીનો ઝગમગાટ - વાહ ! મારી આર્ક દ ટ્રોમ્ફ હોટલ તરફના રસ્તે જ ગયો. શહેરનો નજારો જોવા માટે એફિલ ટાવર શ્રેષ્ઠ વિકલ્પ હતો, પણ ત્યાં મારે લિફટમાં બેસવું પડે તે મને પસંદ ન હતું. હોટલમાં ઉપર પહોંચીને દૃશ્ય નિહાળવા માટેની ખાસ જગ્યામાં હું આમતેમ ફરવા લાગ્યો.

પશ્ચિમ બાજુ એફિલ ટાવર આછો દેખાતો હતો. પ્લેસ દ લેટોઈલની સામેના રસ્તા

પર પસાર થતી કાર અને ટેકસીઓની લાઈટો ઝગારા મારતી હતી. ફૂટપાટ પરથી નાની આકૃતિઓ દુકાનોમાં અંદર-બહાર જતી દેખાતી હતી. કેટલા બધા લોકો છે, કેટલી બધી જિંદગીઓ છે. બધી જ અલગ અલગ, બધી જ જિંદગીઓ સતત બદલાતી રહે છે. શું આ બધામાં 'પોતાપણું' છે ? નથી ? તો શું તેને તેની ખબર છે ?

મારા પોતાની અંદર મૌલિક અભિગમ - 'પોતાપણું' છે કે નહીં તે બાબત હું સ્પષ્ટ ન હતો. તે તરફ હું આગળ વધી રહ્યો હતો, કદાચ જો એમ ન હોત તો અનીશા, મારા પિતા, જુઆન વગેરેના વિચારોથી પીછો છોડાવવા ન મથતો હોત ? જો મારામાં મૌલિકતા હોત તો અત્યારે બીજા બધા વિચારોમાં ગુંચવાયા કરતાં હું મોજ ન કરતો હોત ?

હું પગથિયાં ઉતરવા લાગ્યો. ગોળ ગોળ ઘુમરી લેતાં પગથિયા - શાંત અને ચૂપ. એક એક પગલે મારામાંથી શક્તિ બહાર જતી રહેતી હોય એમ લાગ્યું. મારી પાસે પૂરો દિવસ હતો. હકીકતમાં, ઘણા દિવસો હતાં. જુલીઆનને મળ્યા પછી મારી અંદર એક તોફાન મચ્યું છે. મારું ઘર, મારું કામ, બધું દૂર દૂર લાગે છે. આવનારા દિવસો મારા માથે એક મોટા પ્રશ્નાર્થની જેમ ઝળુંબી રહ્યાં છે. હા, રૂમ પર પાછા ફરવાનો સમય થઈ ગયો છે, આ સમય લાગે છે બધું જ ભૂલીને ઘસઘસાટ સૂઈ જવાનો !

બીજે દિવસે સવારે, પેરીસના મેરેઈઝ ડીસ્ટ્રીકટ જતી મેટ્રો મેં પકડી. અગાઉની મુલાકાત વખતે જ્યાં ગયેલો એ એક કાફેમાં ગયો. આ કાફે આ લેઈટ અને એ પેઈન ઔ ચોકલેટ. નાનકડા ટેબલ પર ગોઠવાયો અને મારો મોબાઈલ કાઢયો. થોડાં મેસેજનાં જવાબ આપ્યાં અને ઈન્ટરનેટ તરફ વળ્યો. મેં ટાઈપ કર્યું : "પેરીસની મડદાં દાટવાની જગ્યાઓ."

આ જગ્યા વિશે ઘણું સાંભળ્યું હતું, પરંતુ કયારેય જોઈ ન હતી. તેના વિશે અત્યારે હું વાંચી રહ્યો હતો - મારો નિર્ણય બરાબર હતો. બીજા ક્રિશ્ચિયન દેશોની જેમ જ પેરીસવાસીઓ પણ મડદાંઓને ચર્ચ પાસે ખાસ અલગ રખાયેલી જમીનમાં દાટતાં હતા. હવે અહીં વધુ જગ્યા ન હતી. તે મોટી સમસ્યા હતી. વળી, વસ્તી વધતાં લોકો આ કબ્રસ્તાનની આજુબાજુ જ રહેવાં લાગ્યાં હતા. અઢારમી સદીના ઉત્તરાર્ધમાં પ્લેગ, વ્યાપક રોગચાળો, ભૂખમરો અને યુદ્ધના કારણે દૂનિયાભરનાં કબ્રસ્તાનો ભરાઈ ગયાં હતા. દશકાઓથી તો, જૂનાં જમીનમાં ભળી ગયેલાં મડદાંઓ ઉપર બીજાં મડદાંઓ દાટવામાં આવતાં હતા. અવશેષમાં તો માત્ર હાડકાં અને કોહવાયેલા શરીરોમાંથી બનેલો કાદવ જ હતાં. અહીંની હવા ચોખ્ખી ન હતી. ખરાબ જમીનના કારણે પાણી પણ ખરાબ થઈ જતું હતું, તેમાંથી થતી ખેતીની ઉપજ પણ ચોખ્ખી ન હતી. રોગિષ્ટ ઉંદરો આજુબાજુના ઘરોમાં અને જાહેર જગ્યામાં ઘૂસી જતાં હતા. એક રેસ્ટોરન્ટના ભોંયરાની દિવાલો તો બાજુમાં આવેલ સેઈન્ટસ ઈનોસન્ટસ સેમેટરી (કબ્રસ્તાન)ની જમીનના ખરાબાની અસર થતાં તૂટી પડી હતી. કેટલું ધૃણાસ્પદ કહેવાય. રેસ્ટોરન્ટના ભોંયરામાં અડધી-પડધી લાશ અને હાડકાંઓનો ઢગલો થઈ ગયો હતો. મેં વાંચ્યું હતું. આ બધું દૂર કરવા આવેલ કડીયાને પણ ગેંગરીન થઈ ગયું હતું.

એ બધા વર્ષોમાં આ બાબત લોકોની જબરી ફરિયાદો રહેતી હોવી જોઈએ. પરંતુ, આ બનાવથી જ પાર્લામેન્ટે આ બાબત વિશેષ ધ્યાન આપવું પડયું. એલેકઝાન્ડર લેનોઈટ નામના પોલીસ લેફટનન્ટે આનું નિરાકરણ લાવવાનું નક્કી કર્યું. આ બનાવના પાંચ વર્ષ પછી સરકારે એલેકઝાન્ડરના સૂચનને સ્વીકાર્યું અને સેઈન્ટ્સ ઈનોએન્ટસ સેમેટરીનાં તથા

અન્ય જગ્યાએ જમીનમાં પડેલાં મડદાંઓને શહેરથી દૂર પથ્થરોની ક્વોરીની નીચે ખસેડવાનું નક્કી કર્યું. શહેરની દક્ષિણે આવેલ બોગદામાં થઈને આ બધાં મડદાંઓ નવી જગ્યાએ ખસેડવામાં આવ્યાં.

હાડપિંજરોને આખેઆખા રાખીને ખસેડી શકાય તેમ નહોતું. તેથી હાડકાંઓને તેના પ્રકાર પ્રમાણે અલગ અલગ કરીને ખસેડાયાં હતા. મારી જાણ મુજબ, કબ્રસ્તાનોમાં કુલ ૬૦ હજાર લોકો દટાયેલાં હતા. એન્ટોનીએ મને કબ્રસ્તાન બંધ થઈ જાય પછી મળવાનું કહ્યું હતું. મને પણ ત્યાં ફરવા જવાનો કોઈ શોખ ન હતો. હાડકાંના ખડકલાં વચ્ચે સમય પસાર કરવો એટલે માથાનો દુઃખાવો. પરંતુ નાની નાની અંધારી ટનલ્સ-બોગદાં, તેનાં વિશે વિચારતાં મગજમાં અણગમાનો જાણે હુમલો થયો.

સવારે નાસ્તો કરીને હું શેરીઓમાં રખડયો. બપોર પહેલાં સૂરજ તપી ગયો હતો. સ્વચ્છ આકાશમાં જાણે માત્ર સૂરજનું જ રાજ હતું. ઉજાસ અને ગરમીએ મને તાવીજની ‘નિરપેક્ષતા ’ની યાદ અપાવી - સિક્કા પરના સૂર્ય અને ચંદ્ર.

તમારી જાતમાં તમારું પુનઃસ્થાપન થાય તેવી તેનામાં શક્તિ હતી. તે ચોક્કસ કઈ રીતે તે કામ કરે છે ? શું તેનાથી તમારી જાતને તમે વધુ ભરોસાપાત્ર બનાવી શકો છો ? જો હા, તો તેનાથી મળતી સાંત્વના કઈ રીતે મળે છે ? ચાલતાં ચાલતાં મારી આજુબાજુનાં ચહેરાંઓ મેં જોયા. મેં એક રમત શરૂ કરી. દરેકનો ચહેરો જોઈને નક્કી કરવાની કે તે નિરપેક્ષ જિંદગી જીવે છે કે નહીં ? પેલો લાંબો માણસ, પેરીસની ગાઈડબુકમાં માથું ઘુસાડીને વાંચી રહ્યો છે તે ? નહીં, એક જાડીયા કૂતરાને મજબૂતીથી પકડી રાખતું બાળક - હા, મધ્યમ વયનો વેઈટર - રેસ્ટોરન્ટના દરવાજે ઉભો ઉભો સિગારેટ પીવે છે, તોબરો ચડાવેલો છે - ના. દુકાનમાં જાતજાતનાં રંગીન સ્કાર્ફને ચકાસતી સ્ત્રી - હા.

મેં ઘણા ચહેરાં જોયાં. કોઈપણ ચહેરામાં એવી કઈ વસ્તુ છે જેને આધારે હું નક્કી કરું છું કે તે પોતાની નિજી જીંદગી જીવે છે કે સમાજે થોપી દીધેલી માન્યતાઓની અસર નીચેની જીંદગી ? હા. એ છે ચહેરા પરનો એક પરિપૂર્ણતાનો ભાવ - સંતોષનો ભાવ. તેનો ચહેરો જ કહી આપે છે કે, તે જે કંઈ છે તે ચોક્કસપણે બરાબર જ છે, તેને પોતાને ગમે તે જ અથવા તો તેને જે મહત્વનું છે તે જ તેઓ કરે છે, નહીં કે સમાજે નક્કી કરેલી કોઈ વસ્તુ.

બીજી કઈ વ્યકિતઓમાં મેં આ જોયું હતું ? હા, મારા માતા-પિતાના ચહેરામાં આ પરિપૂર્ણતાનો ભાવ હતો. કદાચ તે એક નાના બાળકની ધારણા પણ હોઈ શકે, પરંતુ એટલું ચોક્કસ હતું કે, ઘર કે કાર બાબતની કોઈ મુશ્કેલી હોય તો પણ તે વિચલિત થતાં ન હતા, શાંત રહેતાં હતા. હકીકતમાં જે કંઈ હોય તેનાથી તે સંતુષ્ટ હતા. આગળ વિચારતાં મેં મારા મિત્રોને યાદ કર્યાં. હા, જુઆનમાં આ પરિપૂર્ણતા હતી. છેલ્લા થોડાં વર્ષોમાં મેં જે જુઆન જોયેલો તે નહીં, પરંતુ શરૂઆતમાં હું તેને મળતો ત્યારે મેં આ જોયેલું.

જુઆનને હું મળ્યો ત્યારે તે તેની ચાળીશીની શરૂઆતમાં હતો. પણ ત્યારે તેનામાં શાણપણ અને બુદ્ધિચાતુર્ય બંને ભરપૂર હતા. મેં ઈન્ટરવ્યુ આપ્યો, ત્યારે તે બેધ્યાન અને ઉદાસીન લાગ્યો હતો. તેથી તેણે મને નોકરી માટે પસંદ કર્યો ત્યારે મને બહુ આશ્ચર્ય થયું

હતું. ઈન્ટરવ્યુ દરમિયાન મેં જુઆનને વિચારોમાં ખોવાયેલો જ જોયો હતો. હકીકતમાં મારા એપ્ટીટયુડ ટેસ્ટ, અગાઉના અનુભવ અને મારી રજૂઆતથી તે પ્રભાવિત થયો હતો અને મને કયા કામમાં ઉપયોગમાં લેવો તે તે વિચારતો હતો. મારા પહેલા દિવસે મેં જુઆનને સતત કામ કરતો જોયો હતો.

"આવ, આવી ગયો ? " તેણે મને બારણામાં દાખલ થતાંની સાથે જ કહ્યું, "બધા આ બાજુ આવી જાઓ. આપણા નવા સાથી નાના પણ જોરદાર એવા આ જોનાથન લોન્ડ્રીને મળો."

બધાની ઓળખાણ થઈ, બધા મળ્યાં અને બાજુની નાની રેસ્ટોરન્ટમાં જમવા ગયા. જુઆને યોગ્ય રીતે જ શરૂઆત કરી હતી. મને રી-ડિઝાઈનનું કામ સોંપ્યું હતું. બપોર પછી હું કોમ્પ્યુટરની સ્ક્રીન પર ચીટેકલો રહ્યો હતો. મારે સફળ થવું હતું. મારે માટે એક એક સેકન્ડ મહત્વની હતી. સાંજે પાંચેક વાગે મારા ખભા પર કોઈએ હાથ મૂકયો. મેં જોયું. જુઆન મારા તરફ મલકી રહ્યો હતો. "આજનો પહેલો દિવસ કામથી ભરપૂર રહ્યો, બરાબરને ?" તેણે કહ્યું : "મારે હજુ થોડું પેપરવર્ક કરવાનું બાકી છે, પણ તું ઘરે જઈ શકે છે. સરસ કામ કર્યું તેં." મેં કોઈ ખાસ કામ કર્યું હોય તેમ મને લાગતું ન હતું. પરંતુ જુઆનનો મારામાં રહેલો વિશ્વાસ મને ગમી ગયો. મેં ઊંડો શ્વાસ લીધો, કોમ્પ્યુટર બંધ કર્યું.

આખું અઠવાડિયું આમ જ ગયું. હું સતત કોમ્પ્યુટરમાં જ ખૂંપેલો રહેતો. એકધારો બેસી રહેતો તેથી કયારેક મારા ખભા દુઃખવા આવતા, માથું પણ દુઃખતું, જુઆન મને મદદ કરવા હંમેશા આતુર રહેતો. કયારેક મને થોડો આરામ કરવા પણ કહેતો.

મારી ધગશ અને ઉત્સાહ બરાબર હતા, પરંતુ મારી કોઈ ગણતરી જ પાયામાંથી ભૂલ ભરેલી હશે કે શું - મહિનાને અંતે મેં તૈયાર કરેલો રીપોર્ટ રદબાતલ કરવામાં આવ્યો. જુઆનનો ઉપરી અમારી ઓફિસમાં ધસી આવેલો, હાથમાંથી કાગળો કાઉન્ટર પર છૂટા ફેંકતા બોલ્યોઃ "કોણ છે આ ? કોણે આ કામ કર્યું છે ?"

જુઆને બધા કાગળ ભેગા કરી, હાથમાં લઈને જોયાં અને બોલ્યોઃ "કાર્લ, હું ખૂબ દિલગર છું." મેં જોયું, ભૂલ અમારી જ હતી.

તેણે કહ્યું: "સાંજ સુધીમાં ભૂલો સુધારીને નવો રીપોર્ટ આપને પહોંચાડી દઈશ." કાર્લ ધુવાંફુવાં થઈ ગયો હતો, શંકાની એક નજર તેણે મારી તરફ કરી. "મારી ભૂલ છે." જુઆને કહ્યું. બોલીને જુઆન દરવાજા તરફ ગયો. તેનો ઈશારો કાર્લને બહાર લઈ જવાનો હતો. "મને ખબર છે શું ભૂલ થઈ છે. તરત સુધરી જશે."

કાર્લ ગયો પછી જુઆન મારા ટેબલ પર આવ્યો. "કામ વધુ હોય તો કયારેક અતિ ચોકસાઈ ન પણ રહે. તેનો કોઈ વાંધો નથી." તેણે કાગળ મારા ટેબલ પર મૂક્યાં "પણ તારે ભૂલ થાય તો ગભરાવાનું નથી. તેમાંથી જ તો આપણે શીખીએ છીએ."

જુઆનનો પૂરો પરિચય કદાચ મને મળી ગયો હતો ! મારી કે મારું કામ જેણે ચકાસ્યું હતું એની પણ કોઈ ભૂલ કાઢી ન હતી. તે એક ફીલોસોફરની જેમ શાંત લાગતો હતો. નિષ્ફળતાને શાંતિથી ચાવી જતો એક પોઝીટીવ માણસ હતો એ. તેની નીચે કામ

કરનારને તેનો પૂરો સાથ હતો, તેનું તે રક્ષણ કરતો. અમારામાં જે કંઈ શ્રેષ્ઠ હતું તે એ મેળવતો, એટલું તો ચોક્કસ હતું.

મને ત્યારે ખબર ન હતી કે આઠ વર્ષ પછી આ જ જુઆન આ બધું છોડીને જતો રહેશે. પણ જે જુઆન અમને છોડીને ગયો તે વિક્ષુબ્ધ અને હેરાન પરેશાન થયેલો હતો. તેનાં ખભા ઢળી ગયાં હતા, ચહેરો ઉતરી ગયો હતો, વાળ તેજવિહીન થઈ ગયાં હતા. હું તેની સાથે કામ પણ કરી શકું તેમ ન હતો કે તેને કંઈ કહી શકું તેમ પણ ન હતો.

મારી નજરમાં માછીમાર દેખાયો, અને જુઆનના વિચારોમાંથી હું બહાર આવી ગયો. હું નોત્રે ડેમ બ્રીજ પર પહોંચી ગયો હતો. થોડું આડુંઅવળું રખડયો અને એક મોટા મંદિર પાસે જઈ પહોંચ્યો. તેનાં દરવાજાં જાજરમાન હતા, પથ્થરમાં દેવ-દેવીઓની મૂર્તિ કંડારેલી હતી, બારીનાં કાચમાંથી સૂર્યનાં કિરણો પરાવર્તિત થતાં હતાં - હું થોડી વાર એ જોવા ઉભો જ રહી ગયો. કેટલું દિલ દઈને કરેલું એ કામ હતું. તે કરનારને કેટલો આત્મસંતોષ મળ્યો હશે. થોડાં ફોટા પાડ્યાં, ઘેર જઈને આદમને બતાવીશ.

બાકીનો દિવસ મેં અહીં તહીં રખડવામાં, મેટ્રોમાં કાઢ્યો. જોવાલાયક રહસ્યો જોયાં. લેચટીન ક્વાર્ટરની શેરીઓમાં રખડ્યો. થાકીને બોલેવર્ડ સેઈન્ટ દ જર્મીન પાસેની લ ડીલક્સ મેગોટ્સ નામની નાની રેસ્ટોરન્ટમાં બેઠો. બપોર પછીનો સમય હતો, આકાશ ખુલ્લું હતું. બહાર બેસવાથી કદાચ ગરમી લાગે - હું બહાર જ બેઠો. મેં સીટ્રોન પ્રીસનો ઓર્ડર આપ્યો અને મારી નેતરની ખુરશીમાં મેં આરામથી લંબાવ્યું. મારા શર્ટની નીચે લટકતા પાઉચ પર હાથ મૂક્યો. આજુબાજુથી પસાર થઈ રહેતાં લોકોને જોઈ રહ્યો.

દિવસ તો મજાનો રહ્યો હતો પણ થાકીને મારા છાતીના પાટીયા બેસી ગયા હતા ! એકલું એકલું તો લાગતું જ હતું - હજુ ક્યાં સુધી આમ રહેવાનું હતું એ પણ ખબર ન હતી. મારે ઘેર પાછા ફરવું હતું. આદમ સાથે વીકએન્ડ ગાળવાના કે ઓફિસમાં બધા સાથે કામ કરતા રહેવાના વિચારો આવ્યાં. ટીસાને લંચ કે ડીનર માટે બોલાવું ? એ બહાને સુનાં લાગતા મારા ઘરમાં પણ કંઈક વસ્તી જેવું લાગે ? ટીસાના ઘટાદાર વાળ યાદ આવ્યાં, હું સ્હેજ હસ્યો.

સૂરજ આથમે ત્યાં સુધી ત્યાં જ બેસવાનો મારો વિચાર હતો, પણ ત્યાં જ મારા મોબાઈલે ‘બીપ’ કર્યું ! પેલા કબ્રસ્તાનમાં પહોંચવાનો સમય થઈ ગયો હતો. બીલ ચૂકવીને હું ફટાફટ મેટ્રો તરફ આગળ વધ્યો.

ટૂંકી મુસાફરી પછી હું ડેન્ફર્ટ-રોશેરો મેટ્રો સ્ટોપ પર ઉતર્યો અને સડસડાટ પગથિયાં ચડી ગયો. બહાર નિકળીને મેં આમતેમ જોયું, કોઈ બોર્ડ છે કે ? મેં તરત એક પથ્થરના મકાન બાજુ પગ ઉપાડ્યાં. મેં વાંચ્યું હતું કે અગાઉ આ મકાન બેરીયટ ડેન્રટ સીટીના દરવાજાનો એક ભાગ હતું. એક નાની અંધારી ઓરડી જેવો ભાગ - કબ્રસ્તાનનું ટીકીટ ઘર હતું. તેનાં નાનાં દરવાજા જડબેસલાક બંધ હતા. આજુ બાજુ કોઈ દેખાતું પણ ન હતું. મેં બારણું ખખડાવ્યું, થોડી રાહ જોઈ પણ કોઈ જવાબ ન મળ્યો. ફરી ખખડાવ્યું, જરા જોરથી, મને લાગ્યું અંદરથી કોઈ આવી રહ્યું હતું. દરવાજા ધીમેથી અંદરની તરફ ખુલ્યાં, લગભગ અઢારેક વર્ષનો એક છોકરો મારી સામે ઉભો હતો.

મેં શંકાથી પૂછ્યું ? “એન્ટોની ?”

" નોન" તેણે ફ્રેન્ચ ભાષામાં કહ્યું, આંખો આમ તેમ ઘુમાવી."ઈલ ટ્રાવેઈલ, સુવેઝ-મોઈ" પાછળ ફરીને તે મકાનમાં જતો રહ્યો. તેની પાછળ પાછળ જવા સિવાય મારી પાસે કોઈ વિકલ્પ જ ન હતો. હું તેની પાછળ ઝડપથી ગયો.

"અ....અ..." મને ફ્રેન્ચ ભાષા બહુ આવડતી ન હતી. કંઈક કહેવા ગયો ત્યાં તેણે મને હાથથી અટકવાનો ઈશારો કરીને તેનાં શબ્દોનું પુનરાવર્તન કર્યું. "સુવેઝ-મોઈ." થોડાં ડગલાં ચાલીને પથ્થરનાં બનેલાં રસ્તા પર તે અદૃશ્ય થઈ ગયો. હું પાછળ પાછળ ત્યાં પહોંચ્યો તો નીચેની તરફ ગોળ ગોળ જતી પથ્થરની સીડીને જોઈને ડરી ગયો. ત્યાં કબ્રસ્તાન હતું.

અમે ટનલ તરફ આગળ વધી રહ્યાં હતા. મારા શ્વાસ થંભી ગયાં. એક થડકારો પસાર થઈ ગયો. મગજ બહેર મારી ગયું, પણ મારા પગ તો ચાલતા જ રહ્યાં હતા - સાંકડા પથ્થરના પગથિયા પર હું આગળ વધી જ રહ્યો હતો.

મારા ચાલવાનો અવાજ મારા ધબકારાથી કંઈક વિશેષ હતો. નીચે, નીચે, ઘણે નીચે અમે ગયા. પગથિયાં ગોળ ગોળ નીચે ઉતરતાં હતાં. હું દિશાવિહીન થઈ ગયો હોઉં તેમ લાગતું હતું. સતત ગોળ ગોળ ઉતરવાને કારણે મને ચક્કર આવતાં હોય તેમ લાગ્યું. અમે ઘણાં માળ નીચે ભોંયરામાં પહોંચી ગયા હતા.

છેવટે અમે થોડી મોકળાશવાળી જગ્યાએ આવી પહોંચ્યા. એક દિવાલ પાછળ એક જર્જરિત ખુરશી અને તેની સામે નાનું ટેબલ પડેલું જોયું. ટેબલ પર મીણબત્તી હતી. દિવાલ ઉપર ધૂળ અને માટીવાળી એક જૂની તકતી દેખાઈ રહી હતી. તેમાં બીજા વિશ્વયુધ્ધ વિશેનું કંઈક લખેલું હોય તેમ લાગ્યું. વિશ્વયુધ્ધ વખતે સૈનિકો ટનલ્સની આ ભૂલભૂલામણીમાં વર્ષો સુધી છુપાયેલાં રહ્યાં હતા.

અત્યંત ક્રૂર નાઝીઓની સામે પડેલાં સૈનિક સતત ભય ને દહેશતનાં ઓથાર નીચે જીવતાં. તેનાં ધ્યેય - ન્યાય, સ્વતંત્રતા પ્રત્યેનાં તેમનાં સમર્પણને આધારે જ તેઓ ટકી શકયાં હતાં કે પછી ભય જ તેમની 'બહાદૂરી' પાછળનું કારણ હતું ? ભયજનક પરિસ્થિતિ ઊભી થાય ત્યારે જ ખરેખર અંદરથી બહાદૂરી બહાર આવે છે. તમારી અંદરની સાચી તાકાત કદાચ ત્યારે જ બહાર આવે છે.

આ જગ્યા પણ કેટલી બધી બંધિયાર અને સાંકડી છે ? અહીં મૃત્યુ પામેલાંઓની વચ્ચે જીવી રહેલાનું પણ મૃત્યુ નિશ્ચિત છે, તેમ આ વાતાવરણ જાણે જોર જોરથી કહી રહ્યું છે. અહીં રહેનારાં સૈનિકોએ પણ આ બધું જોયું જ હશે ને ? અનુભવ્યું જ હશે ને ? આ હાકડાંઓ જેનાં છે એમાંના કેટલાંક સૈનિકો પોતાનાં ધ્યેય માટે બહાદૂરીપૂર્વક લડીને મોતને ભેટ્યાં હશે, તો કેટલાંક ડરનાં માર્યા મરી ગયા હશે. અત્યારે આ હાડકાંનો ઢગલો પડ્યો છે. કોણ કેવી રીતે મર્યું તે અત્યારે કોણ કહી શકે ? શું મૃત્યુ પછી બહાદૂરી અને કાયરતા એક બીજામાં ભળી જતાં હશે ?

અરે, પેલો છોકરો-ગાઈડ-તો હજુ આગળ જ વધી રહ્યો હતો. વળાંક પાસે જલ્દી પહોંચવા મેં ઝડપ વધારી અને મારી સામે હાંડકાંઓનો મોટો ખડકલો જોયો.

હું થોડો ધીમો પડ્યો. ગમે તેમ પણ મારો ગભરાટ થોડો ઓછો થયો હતો. લાંબી

ઢોળાવવાળી દિવાલોની બાજુમાં હાડકાંઓનાં ઢગ ખડકાયાં હતા. જનાવરોનાં પગનાં-થાપાંના મોટા હાડકાંઓનો ઢગલો હતો. પાંસળીનાં હાડકાંઓનો જાણે મોટો 'સુશોભિત' હાર મારી સામે પડ્યો હતો, મારી બરાબર સામે પડી રહેલી ખોપરીઓ જાણે મારી સામે હસી રહી હતી ! એમને તો ક્યાંક ખૂણામાં દેખાય નહીં તેવી જગ્યાએ જ રાખવી જોઈએ. પેરીસ, લોડ્ઝ, બર્લિન, એમ્સ્ટર્ડામની ગલીઓમાં જે ભયનાં ભૂતાવળ વચ્ચે લોકો તે વખતે જીવતાં હતાં, તેનાથી સ્હેજ પણ ઓછો ભય આ છૂપાવાની 'સલામત' જગ્યાએ સૈનિકોને લાગ્યો નહીં હોય ! પણ ડરીને ભાગી જવા કરતાં તો હિંમતથી સામનો કરવાનું જ તેમણે યોગ્ય માન્યું હશે.

એક નવી ટનલમાં પ્રવેશદ્વાર પાસે પલો છોકરો અચાનક ઉભો રહી ગયો. ત્યાં એક લોખંડની કટાઈ ગયેલી તારની વાડ હતી. ટનલ અંધારી હતી. તારની વાડને એક બાજુ હડસેલી ગાઈડ પેલા અંધકારમાં દાખલ થઈ ગયો. થોડું અટકીને તેણે પાછળ જોયું, ખાત્રી કરી લીધી કે હું પાછળ જ છું. અંધારામાં મને તેની પીઠ દેખાતી બંધ થઈ ગઈ, છતાં હું કંઈ અનિશ્ચિતપણે ચાલતો રહ્યો. થોડું ચાલ્યો હોઈશ ત્યાં મારા પગમાં કંઈક અથડાયું. અથડાવાના અવાજથી જાણે હવામાં સન્નાટો વ્યાપી ગયો. હું સ્તબ્ધ થઈ ઉભો રહી ગયો. પેલા છોકરાએ મારી તરફ ટોર્ચ કરી. વાતાવરણની ભયંકરતા નજરે ચડી, મને થયું તેણે ટોર્ચ ન કરી હોત તો સારું થાત ! મારા પગ પાસે ચારે બાજુ હાડકાનાં ઢગલે ઢગલાં હતા. હું હેબતાઈ ગયો. ટોર્ચનાં પ્રકાશમાં છત પરથી લટકતાં કરોળીયાંના જાળાં દેખાઈ રહ્યાં હતા.

છોકરો કંઈક બોલ્યો, મારા તરફ ટોર્ચ ફેંકી. મે તે ઝીલી લીધી. મને મૂકીને તે જવા લાગ્યો. મેં બૂમ પાડી "અરે.... ". મારું વાક્ય પુરું થાય તે પહેલાં તેની ભાષામાં કંઈક તાડૂકીને તે અંધકારમાં ઓગળી ગયો. મને જમીનથી પચાસ ફૂટ નીચે, મૃતદેહોના સમુદ્રની વચ્ચે એકલો છોડીને તે જતો રહ્યો.

હવે મારી પાસે કોઈ દિશા ન હતી. આજુ બાજુની હવા સ્થિર હતી, અને દિવાલો મને જાણે ગળે ટૂંપો દેવા માંગતી હોય તેવી લાગતી હતી. છત તો એટલી જર્જરિત થઈ ગયેલી હતી કે મને લાગ્યું ગમે તે ઘડીએ તે તૂટી પડશે.

મેં મન મનાવવાનો પ્રયત્ન કર્યો. આ 'હકીકત' નથી, પણ મારા પર થયેલો 'અસ્વસ્થતા' નો હુમલો છે. હકીકતમાં મારી અંદર ભયનું ભૂતાવળ રમી રહ્યું હતું. મને ઉભે ઉભો ચિરાઈ જવાની બીક લાગતી હતી ! મારે કોઈક આધાર શોધીને તેને અઢેલીને ઉભું રહેવું હતું, પણ હાડકાંઓની વચ્ચોવચ્ચ હું બીકનો માર્યો હલી પણ શકતો ન હતો.

એક એક પળ મને કલાકો જેવી લાગતી હતી. થોડાં સમય પછી મેં કોઈના પગલાનો અવાજ સાંભળ્યો.

છાયામાંથી એક નાનકડા માણસની આકૃતિ બહાર આવી. તેણે કહ્યું. "હું જ છું એન્ટોની." હું ઢીલો પડીને હલવા લાગ્યો.

"મોન ડ્યૂઈ" તેણે ફ્રેન્ચમાં કહ્યું. તેણે મારો હાથ પકડ્યો અને મને સ્થિર કર્યો. હાડકાંનાં એક ઢગલા વચ્ચેથી રસ્તો કરીને તે થોડો આગળ ગયો. દિવાલ પાસેથી બેસવાનાં બે નાનાં ટેબલ લઈ આવ્યો. ટનલની વચ્ચે અસમતલ જમીન પર તેણે ટેબલ

મૂક્યાં.

"બેસ, બેસ." તેણે કહ્યું. એન્ટોની પચાસ વર્ષની ઉપરનો લાગતો હતો. માથા પર સફેદ વાળ. ગોળ કાચનાં ચશમા પહેર્યા હતા. કાળો લાંબો કોટ પહેર્યો હતો. એહમતની જેમ તેના ચહેરા પર પણ ભલાઈ દેખાઈ આવતી હતી. પણ એન્ટોની ઊંડા અભ્યાસી જેવો દેખાતો હતો.

"મારી રાહ જોવી પડી તે બદલ દીલગીર છું." એન્ટોનીએ કહ્યું, હું અહીં સાંજે કામ કરું છું. હાડકાંઓનાં ઢગલાં થાળે પાડું છું. ક્યારેક તો બહુ તકલીફ પડે છે, પણ ધીમે ધીમે બધું થતું જાય છે."

મારો શ્વાસ હવે હેઠો બેઠો હતો. મારા પર થયેલ 'ગભરામણ' નો હુમલો બહુ લાંબો ચાલ્યો નહીં એટલો ઈશ્વરનો આભાર. મારામાં બોલવાની પણ ત્રેવડ રહી નહોતી. મેં જેમ તેમ કહ્યું. "બરાબર. ".

એન્ટોનીએ માથું હલાવ્યું, સ્હેજ હસ્યો. "તને અહીં આટલે નીચે આવવું ગમ્યું નથી. એ જાણીને મને સ્હેજ પણ આશ્ચર્ય થયું નથી ! બધાને ટોળામાં જ રહેવું ગમે છે, કોઈને બધાથી દૂર સાવ એકલા, પોતાની પાસે , રહેવામાં બીક લાગે છે. કોઈ 'પોતાની' પાસે જવા ઈચ્છતું જ નથી. હું તો દરરોજ અહીં સાવ એકલો જ હોઉં છું, તને ખબર છે, જેનો ડર લાગતો હોય તે કરવાથી જ તેના ડરમાંથી મુક્ત થવાય છે."

તેણે ખિસ્સામાં હાથ નાંખ્યો અને એક નાની ડબ્બી કાઢી, ઢાંકણું ખોલીને મને તેમાંથી એક કેન્ડી ખાવા આપી, મેં માથું હલાવી ના પાડી. તેણે એક કેન્ડી પોતાના મોઢામાં મૂકી, ડબ્બી બંધ કરી ખિસ્સામાં મૂકી દીધી.

"બહુ જ નાની ઉંમરમાં મારા પિતાનું અવસાન થયું હતું." તેણે કહ્યું. "તેના વિશે હું જે કંઈ જાણું છું તે તેના વિશેની જૂની વાતો સાંભળીને જ. તેથી જ મને જૂનું જાણવાનો-ઈતિહાસનો-શોખ છે. કોફીનમાં મેં તેનો ચહેરો જોયો હતો તે હજુ યાદ છે. મને તે દૃશ્ય સતત વિહવળ કરતું રહ્યું છે. માટે જ્યારે આ કામ કરવાનું આવ્યું ત્યારે મને હાડકાંઓનાં આ ઢગલાં વચ્ચે રહેવાનું બિલકુલ ગમ્યું ન હતું. આ હાડકાં... કોફીનમાં મારા પિતાનો ચહેરો... મૃત્યુનો ડર... ડર, હા ડર. ડર મારા લોહીમાં ભળી જાય તે પહેલાં મારે જાગી જવાની જરુર હતી. મને આની ખબર હતી. તું નહીં માને, આ ડરને જીતવા માટે જ મેં આ મૃતદેહોની વચ્ચે રહેવાનું કામ માથે લીધું !" હવામાં હાથ ફેલાવી તે હસ્યોબોલ્યો "મને હવે ડર નથી."

તે થોડો આગળ ઝૂક્યો, મારી નજીક આવી બોલ્યો : "હવે તને બરાબર લાગે છે ?" મેં માથું હલાવ્યું.

"ઓહ..." કંઈક યાદ આવતું હોય તેમ બોલ્યો : "આ રહ્યું." તેણે મને એક નાનું પડીકું અને ગડી વાળેલી કાગળની ચિઠ્ઠી આપી, એહમતે તુર્કીમાં આપી હતી તેવી જ.

મને આપીને તે બોલ્યો : "મારે મારું કામ ચાલુ રાખવું પડશે, પરંતુ હું જતો રહું તો તને નહીં ગમે, ખરું ને ?" મેં માથું હલાવી હા પાડી, થોડું હસવાનો પ્રયત્ન કર્યો. આટલી

લાંબી મુસાફરી પછી, આટઆટલી મુશ્કેલી વેઠીને થેયલી મુલાકાત સાવ આટલી ટૂંકી રહેશે તે જાણીને આશ્ચર્ય થયું. અમે બન્ને ઉભા થયાં. એક પતરાંની આડશ તરફ ઈશારો કરીને ખૂબ ઝાંખા અજવાળાવાળી ટનલ તરફ આંગળી ચિંધતા તેણે કહ્યું : "આ તરફ." "ટનલમાં આગળ વધતો રહે. જે રસ્તો તારની વાડથી બંધ કર્યો હોય ત્યાં જઈશ નહીં. મેં જીનને દરવાજો ખુલ્લો રાખવા કહ્યું છે. જેથી તું બહાર જઈ શકે."

મેં પેલું પડીકું તથા કાગળ ખિસ્સામાં મૂક્યાં. મેં કહ્યું. "આભાર." એન્ટોનીએ પણ સામે કહ્યું. "આભાર."

મેં બહાર જવા માટે ઝડપથી પગ ઉપાડ્યાં, ત્યાં પાછળથી એન્ટોનીનો અવાજ આવ્યો. "હિંમત રાખજે, જોનાથન જીંદગી જીવવાનો એકમાત્ર રસ્તો હિંમત છે, યાદ રાખજે. બહાદૂરી ખરેખર ડગલેને પગલે બતાવવી પડે છે, માત્ર મનમાં હશે એ નહીં ચાલે."

હું તેણે ચિંધેલી ટનલમાં અગાળ વધ્યો. આ રસ્તે ચારેબાજુ પ્રમાણમાં ચોખ્ખાઈ અને વ્યવસ્થા હતા. હાડકાંઓ આડેધડ પથરાયેલાં ન હતા પણ તેના વ્યવસ્થિત ઢગલાં કરવામાં આવ્યા હતા. બહાર નીકળી જવાની ઉતાવળ ન હોત તો કદાચ ટનલમાં દેખાતી કલાત્મક્તા જોવા હું ઉભો રહી ગયો હોત ! મેં ઊંડો શ્વાસ લીધો, હવે બહાર નિકળવાનો રસ્તો બહુ નજીક જ હતો.

એક પથ્થરની સીડી હું ઉતર્યો અને સામે બીજી સીડી ઝડપથી ચડી ગયો. ગઈકાલના થાકના કારણે મારા પગ થોડાં દુ:ખતા હતા તો પણ હું ઝડપથી ચડવા લાગ્યો.

જેવો હું ઉપર ચડ્યો તો મારા આશ્ચર્ય વચ્ચે હું બહાર આવી ગયો હતો. સાંજની ખુલ્લી હવા મને ભગવાનના વરદાન જેવી લાગી. મેં જલ્દી થોડાં શ્વાસ લઈ લીધાં. અને રસ્તાની બાજુમાં પડેલા બાંકડા તરફ આગળ વધ્યો. હું નીચે બેઠો અને એન્ટોનીએ મને આપેલા પડીકા તરફ ધ્યાન આપ્યું.

પીળા કાગળની કંઈ કેટલીય ગડીઓની વચ્ચે એક નાની ધાતુની ખોપરી હતી. ખોપરીનાં દાંત ખુલ્લા હતા, જાણે મને ફાડી ખાવા માંગતી હોય. કદાચ ખોપરી હસતી હોય એમ પણ લાગ્યું, હું સ્હેજ મલક્યો. મેં હથેળીમાં ખોપરી આમ તેમ ફેરવી. કદાચ કાંસાની બનેલી હોય. મેં મારા ગળામાં વીંટાળેલું લેધરપાઉચ કાઢ્યું અને તેમાં આ તાવીજ મૂકી દીધું.

ત્યાર પછી મેં કાળજીથી 'ચર્મપત્ર' ખોલ્યું અને વાંચવા લાગ્યો :

'તમારા ડરને ભેટો.' આ તેનું શિર્ષક હતું. આ તાવીજ ડર વિશેનું હોવું જોઈએ. મેં આગળ વાંચ્યું :

તમારા ડરને ભેટો.

જીંદગીમાં આપણને આગળ વધતાં કોઈ રોકતું હોય તો તે આપણી ભીતર પડેલું ભયનું અદૃશ્ય માળખું છે. તે આપણને હંમેશા સાનુકૂળ જગ્યામાં જ રાખે છે, જ્યારે હકીક્તમાં તે સૌથી ઓછી સલામત જગ્યા હોય છે. ખરેખર તો જીંદગીમાં કોઈ જોખમ ન લેવું એ જ સૌથી મોટું જોખમ છે.

જેનો ડર લાગે છે તે કરવાથી તે ડર થકી આપણી બંધાયેલી શક્તિ મુક્ત થાય છે. તમારા ડરની બીજી બાજુ તમારી શક્તિ પડેલી જ છે. આપણે જ્યારે વિકાસ કરવાના પ્રતિકૂળ રસ્તે આગળ વધીએ છીએ, ડરના રસ્તે જેમ જેમ આગળ વધતાં જઈએ. તેમ તેમ વધુને વધુ શક્તિ આપણને મળતી રહે છે. આમ આપણે નિર્ભય અને શક્તિશાળી બનીએ છીએ અને આમ જ આપણી સપનાની જિંદગી જીવવા આપણે સક્ષમ બનીએ છીએ.

મેં જેકેટમાંથી નોટબુક કાઢી અને પત્ર તેમાં મૂક્યો. પાઉચ મારા ગળા ફરતે વિંટાળીને હું મેટ્રો તરફ આગળ વધ્યો.

હજુ સાડા છ વાગ્યા ન હતા. કબ્રસ્તાનની મારી મુલાકાત એક કલાક કરતાં પણ ટૂંકી હતી. જુલીઆન તરફથી મને એક મેસેજ મળ્યો હતો કે આવતી કાલે સવારે ટર્મિનલ પર મારા માટે પ્લેનની એક ટીકીટ તૈયાર હશે. હોટલ પર જઈ, ન્હાઈ ધોઈને એફિલ ટાવરની સામે નદી પાર પ્લેસ ડ્યુ ત્રોકાદેરો જવાનું મેં નક્કી કર્યું. ત્યાં કોઈ રેસ્ટોરન્ટમાં જમીશ, રાત્રે ટાવરની લાઈટીંગ જોઈશ અને પછી સૂઈ જઈશ.

હું મેટ્રોના ચાર્લ્સ દ ગોઉલ ઈટોઈલ સ્ટેશને ઉતર્યો અને ચેમ્પ્સ એલીસ તરફ આગળ વધ્યો. મારા મનમાં ટનલનો અંધકાર જ ઘુમરાતો હતો. મારી ગભરામણ અને મારો છૂટકારો ! હોટલમાં પ્રવેશતાં જ લીફ્ટ પાસે ગયો, અંદર દરવાજો બંધ થયા પછી મેં ચોથા માળે જવા બટન દબાવ્યું. લીફ્ટ ઉપર ચડવા લાગી. હા, છેલ્લા વીસ વર્ષથી મેં લીફ્ટનો ઉપયોગ જ ન હોતો કર્યો. મને કંઈક અજુગતું લાગતું હતું, પણ બાકી બધું બરાબર હતું.



પ્રકરણ પાંચ

પેરીસમાં હતો ત્યારે જુલીઆનને ફોન કરવાનો ઘણો પ્રયત્ન કર્યો હતો, પણ નિષ્ફળ રહ્યો હતો. મારે ક્યાં જવાનું છે, કોને મળવાનું છે, હવે કેટલો સમય લાગશે - આ બાબતમાં મારી પાસે કોઈ માહિતી ન હતી. હું થોડો ગુસ્સે પણ થયો. મારે હવે શું કરવાનું છે તેની માહિતી જોઈતી હતી. મેં ફરી એક વાર તેને મોબાઈલ જોડ્યો, ફરી કોઈ જવાબ જ ન મળ્યો.

બીજા દિવસે સવારે એર ફ્રાન્સની ચેક-ઈન લાઈનમાં હું મૂર્ખની જેમ ઉભો હતો. અચાનક મોબાઈલ પર મેસેજ આવ્યો. મારી આંખો પહોળી થઈ ગઈ. મોઢામાંથી લગભગ ચીસ નિકળી ગઈ. “ઓસાકા ?” “જાપાન ? મશ્કરી તો નથી કરતો ને ?”

મારે હવે જાપાન જવાનું હતું.

જાપાન, કોણ જાણે કેમ પણ જાપાન જવાના વિચારમાત્રથી હું હંમેશા દૂર રહ્યો છું. અહીંથી તો બાર કલાકની મુસાફરી હતી. વળી મારે એવા સ્થળે જવાનું હતું જ્યાં અગાઉ હું ક્યારેય ગયો ન હતો. તેની ભાષાનો એક પણ શબ્દ મને આવડતો ન હતો. મારું માથું ભમી ગયું.

વિમાનમાં મારી સીટ પર પહોંચ્યો ત્યારે જોયું કે મારી સીટ તો વિમાનના વચ્ચેના ભાગમાં હતી, અને તે પણ ત્રણ સીટમાંથી વચ્ચેની સીટ. એક બાજુ એક મહાકાય માણસ હતો, તેણે તરત સીટ વચ્ચેની હાથ રાખવાની જગ્યાએ પોતાનો હાથ મૂકીને તે ‘પોતાની’ કરી લીધી. બીજી તરફ એક સ્ત્રી હતી. તેણે પોતાની બેગમાંથી એક પુસ્તક કાઢીને સીટ સામેના નાનકડા ટેબલને ખેંચીને તેના પર ગોઠવીને વાંચવા માંડી. આંતરરાષ્ટ્રીય ભાષામાં આનો અર્થ થાય છે “મારી સાથે વાત કરશો નહીં.” અરે, અહીં મને પણ ક્યાં વાત કરવાનો કોઈ મૂડ હતો !

મને થયું મારે પણ કંઈક વાંચવું જોઈએ, અથવા ફિલ્મ જોવી જોઈએ. પરંતુ મારું મન તો ચકરાવે ચડ્યું હતું. છેલ્લા થોડા દિવસોમાં મારી સાથે જે કંઈ બન્યું હતું તે મારી નજર સામેથી પસાર થવા લાગ્યું. બેસવાનું મને સ્હેજ પણ ફાવતું ન હતું. મારી બાજુવાળાએ કંઈક ઢોળ્યું હતું. પાછળ બેસેલાએ ઓવરહેડ ફેન થોડો ખસેડ્યો અને મારા જમણા કાન ઉપર ઠંડી હવાનો મારો ચાલુ થઈ ગયો. મારા કપડાં જાણે શરીરને ચોંટી ગયા હતા. મારું ગળું સૂકાતું હતું અને તાવીજવાળું લેધર-પાઉચ જાણે મારા ગળામાં ઘૂસી જવા માંગતું હોય એટલું દબાઈ ગયું હતું. મેં તેને શર્ટની નીચેથી કાઢીને પેન્ટના ખિસ્સામાં મૂક્યું, ત્યાં પણ તે ખટકતું જ હતું.

મારી બેગ તો સીટની ઉપરના ભાગમાં મૂકી દીધી હતી, મારી સામે રહેલા સીટના પોકેટમાં તો હું તે મૂકવા માંગતો જ ન હતો, કારણ કે મને ખાત્રી જ હતી કે હું તે ત્યાં ભૂલી જ જઈશ. મારા પેન્ટના ખિસ્સામાં ખટકતા પાઉચને બરાબર ગોઠવવા હું મારી સીટ પર બેઠા બેઠા આમ-તેમ ખસ્યો, ત્યાં બાજુમાં બેઠેલી સ્ત્રીએ મને સંભળાય તેવો અણછાજતો અવાજ કર્યો. મને તે ન ગમ્યું, પણ તેની રીતે તે સાચી હતી. હું જ કંઈક બેહૂદું વર્તન કરી રહ્યો હતો. છેવટે તે પાઉચ દોરા સાથે હતું ત્યાં ને ત્યાં, મારા ગળે વિંટાળીને શર્ટની નીચે ખોસી દીધું.

છ કલાકની મુસાફરી બાકી હતી. હવે જાપાનમાં શું બનશે તેનો મેં વિચાર કરવા માંડ્યો. હું વહેલી સવારે ઓસાકા પહોંચી જઈશ, ત્યારે પેરીસમાં મોડી રાત્રે હશે. મારી આખી રાત સૂતા વિના જ પસાર થઈ જશે. હજી છ કલાક આ જ રીતે સંકડાશમાં બેસીને ટૂંટીયું વાળીને પસાર કરવાની છે. મને લાગ્યું થોડું સૂઈ જવું જ ઠીક રહેશે. થોડો આરામ પણ થઈ જશે, જેથી જાપાનમાં સવારે હાલત કંઈક સારી રહેશે. મારી આજુબાજુના મુસાફરોને પણ સ્વાભાવિક રીતે એ જ ગમ્યું હતું. મારી એક બાજુ રહેલા મહાશય માથું ઢાળીને સૂઈ ગયા હતા. આ બાજુના મેડમ પુસ્તક પુરૂં કરીને બન્ને આંખો બંધ કરીને નિંદ્રાધીન થઈ ગયા હતા. આજુબાજુનું આખું વાતાવરણ શાંત થઈ ગયું હતું. માત્ર મારી પાછળ બેસેલી પ્રમાણમાં નાની ઉંમરની બે સ્ત્રીઓ કંઈક ગણગણ કરતી હતી.

બન્ને અંગ્રેજીમાં વાત કરી રહી હતી. મેં સાંભળ્યું હતું. એક કહેતી હતી કે તે ઓસાકા અંગ્રેજી શીખવવા જઈ રહી હતી. બીજી સ્ત્રીએ અંગ્રેજી-મિશ્રિત ફ્રેન્ચમાં કહ્યું કે ઓસાકામાં તેના કોઈ સંબંધી રહે છે ત્યાં તે જઈ રહી હતી. તેને એશિયામાં ત્રણ મહિના ફરવું હતું. ઓસાકામાં તેના સંબંધીને ત્યાં મુખ્ય મથક રાખીને તે બધે ફરવા માંગતી હતી. શરૂઆતમાં તે એકબીજાને માહિતીની આપલે કરતા રહ્યાં, પણ ધીમે ધીમે તેમની વચ્ચે આત્મીયતા વધતી ગઈ. તેમની વાતચીતમાં પરસ્પરનો ઉત્સાહ વધતો ગયો, તેમનો અવાજ પણ ધીમે ધીમે મોટો થતો ગયો. વિમાનના શાંત વાતાવરણમાં આ અવાજ ધ્યાન ખેંચે તેવો મોટો લાગતો હતો. તેમની વાતો તરફ ધ્યાન આપવાનું ટાળવા મેં પ્રયત્ન કર્યો, પણ વ્યર્થ. મેં મારા એરલાઈન હેડફોન કાઢ્યા અને કાને વળગાડ્યા, મેં તેમાં સંગીત સાંભળવાની કોશિશ કરી જેથી પાછળની વાતચીતના ત્રાસમાંથી મારો છૂટકારો થાય. મારી બાજુમાં બેઠેલો માણસ શાંતિથી નસકોરાં બોલાવી રહ્યો હતો, તે જોઈને મને આશ્ચર્ય તો થયું જ.

કલાકો પસાર થતાં ગયા. એ બે 'મહાનુબાનુ'ઓ વચ્ચે જાતજાતની વાતો ચાલુ રહી. યોગના કલાસ, ટાટૂઝ, હેરસ્ટાઈલ, ડીપ કૉલોન ક્લીન્સીંગ. તેમની ભવિષ્યની

યોજનાઓ વિશેની વાતો સાંભળી મારૂં માથું ભમી ગયું. મેં તેમાંથી ગમે તેમ છૂટવા માટે કોઈ કોમેડી જોવાનો પ્રયત્ન કર્યો, પણ કોઈ ફરક પડ્યો નહીં.

આખરે છૂટકારો થયો. બાર કલાક સુધીની બંધિયાર હવા અને ટૂંટીયાવાળીને બેસી રહેવાથી જકડાઈ ગયેલાં મારા પગની હાલતની જેલમાંથી મને મુક્તિ મળી. મારી મુસાફરી અસહ્ય રહી. મારું મગજ ખરેખર બહેર મારી ગયું હતું. શું કરવું એની પણ ગતાગમ રહી ન હતી. ટોળામાં ઢસડાતો ઢસડાતો મારો સામાન લેવા લાઈનમાં ઉભો રહી ગયો.

કન્વેયર બેલ્ટ પર લગેજ ધીમે ધીમે આવી રહ્યું હતું. ભીડભાડ કરવાની કોઈ જરૂર જ ન હતી. પણ લોકો.... લગેજ જાણે અમારી સાથે જ પ્લેનમાં નહીં પણ પાછળ કોઈ ટ્રેનમાં આવ્યું હોય એમ ઘણું મોડેથી આવવા લાગ્યું. હું એક દિવાલને અઢેલીને ઉભો રહી ગયો. ખિસ્સામાંથી મોબાઈલ કાઢીને મેં તે સ્વિચઑન કર્યો. જુલીઆનના એક મેસેજ તરફ તરત મારૂં ધ્યાન ખેંચાયું.

પ્રિય જોનાથન, તેં ફોન કર્યો ત્યારે તને ન મળી શક્યો એ બદલ તથા તને પૂરતી માહિતી ન આપી તે બદલ દિલગીર છું. હવે પછી તારે ક્યાં કોને મળવાનું છે તેનો એક મેસેજ મેં તને મોકલેલો જ હતો પણ, તારી હોટલની વ્યવસ્થામાં કંઈક ગરબડ હશે તેથી તને તે મેસેજ મળી શક્યો ન હતો. હવે તારે ક્યોટોમાં તેની કૌટુંબિક માલિકીની હોટલમાં સાટો અયામે નામની સુંદર યુવતી સાથે રહેવાનું છે. તે તને એરપોર્ટ પર મળશે. જાપાનમાં લહેર કરજે. મજા કરજે. જુલીઆન.

અનિશા અને આદમને હું ઓસાકા પહોંચી ગયો છું તેવો મેસેજ મોકલી દીધો અને મોબાઈલ મારા ખિસ્સામાં મૂકી દીધો. અચાનક મારા કાને એક પરિચિત અવાજ સંભળાયો લગેજ મેળવવાની જગ્યાએ ખભેખભા મિલાવીને ઉભેલી બે સ્ત્રીઓમાંથી એક બોલતી હતી. "તમારી ઓળખાણ થઈ તેથી ઘણો આનંદ થયો." વિમાનમાં મારી પાછળ બેઠેલી મારી 'પાડોશણો' તે હતી. મને થયું, માંડ છૂટ્યો છું. ફરી તેમની વાતો સાંભળીશ તો માથું દુ:ખવા આવશે.

મારું લગેજ આવશે તો પણ કોઈ લઈ નથી જવાનું એમ વિચારી હું નીચે હૉલ તરફ બાથરૂમની શોધમાં નિકળી ગયો. હું પાછો આવ્યો ત્યારે બધાનાં સામાન આવવાની શરૂઆત થઈ ગઈ હતી. ઘટાદાર વાળવાળી છોકરીએ નીચા નમીને કન્વેયર બેલ્ટ પરથી તેની ગુલાબી રંગની ડફલ બેગ લઈ લીધી. મારો પણ સામાન આવવાની તૈયારી છે તેમ સમજી હું પણ ત્યાં નજીક ગયો. બધું બહુ જ ધીમે ધીમે ચાલતુ હતું. મેં ઘણી રાહ જોઈ, બધા પોતપોતાના સામાન લઈને વિખેરાવા લાગ્યા, પણ મારો સામાન ન આવ્યો તે ન જ આવ્યો. અડધા કલાક પછી પણ હું ત્યાં જ સામાનની કાગડોળે રાહ જોતો ઉભો હતો. હવે તો સામાન આવવાના પણ બંધ થઈ ગયા હતા. જે કંઈ આવ્યા હતા તે મારી નજર સામે જ હતા. મેં બધા પર ચોકસાઈથી નજર કરી. મારા ધ્યાન બહાર સામાન આવી તો નથી ગયો ને ? પણ ના, ખરેખર મારો સામાન આવ્યો જ ન હતો.

મારી પાસેની નાની બેગમાં તો ટૂથબ્રશ અને બે-ચાર નાના કપડાં સિવાય કંઈ ન હતું. હતું એ બધું તો મારી ગુમ થઈ ગયેલી બેગમાં જ હતું. હું ખરેખર ખૂબ જ થાકી ગયો હતો, એમાં આ નવી મુશીબત ઊભી થઈ. મારું મગજ બહેર મારી ગયું. ગુસ્સાથી હું

સમસમી ગયો. બધું મારી સાથે જ કેમ બને છે ? કેમ બધાએ લહેરથી સૂતાં સૂતાં વિમાનની મુસાફરી કરી અને મારે જ ઉજાગરો થયો ? કેમ બધા પોતપોતાનો સામાન લઈને નિકળી ગયા અને હું જ રહી ગયો ? મારા ઘરથી હું હજારો માઈલ દૂર હતો, અને મારી પાસે કહોને ટૂથબ્રશ સિવાય કંઈ ન હતું !

મારી આસપાસના લોકોનું ટોળું ધીમે ધીમે વિખરાઈ ગયું હતું. કન્સાઈ એરપોર્ટ નવું, ચમકતું અને સુઘડ હતું, પણ બીજા બધા મોટા એરપોર્ટની જેમ જ ટોળાબંધ માણસોની હાજરીમાં જ તે સારું લાગતું હતું, પણ ખાલીખમ હોય ત્યારે ખાવા ધસતું હતું. એરપોર્ટ પર માહિતી દર્શાવતા બોર્ડ જાપાનીઝ અને અંગ્રેજી બન્ને ભાષામાં હતા, પણ અંગ્રેજીમાં તો લગભગ ટૂંકાક્ષરીમાં જ લખ્યા હતા. હવે હું એકલો બાઘાની જેમ ઉભો હતો. મારે હવે ક્યાં જવું ને શું કરવું તેનો વિચાર કરવા લાગ્યો. હજી તો અયામેને મળતાં પહેલાં મારે કસ્ટમ્સ અને ઈમીગ્રેશનની ઔપચારિકતા પતાવવાની બાકી હતી.

લાંબી મુસાફરી, કંટાળો, થાક, હતાશા, ગુસ્સો - બધું મને ઘેરી વળ્યું હતું. એમ થયું આ બધું આમનું આમ છોડીને ક્યાંક ભાગી જાઉં. શું કરું ? થોડે દૂર એક માણસ ઉભો હતો, તેણે યુનિફોર્મ પહેર્યો હતો. તે એરપોર્ટનો કોઈ કર્મચારી જ હશે - મેં તેના પર ધ્યાન ન આપ્યું.

મનમાં ગુસ્સો તો અપાર હતો, પણ મને સદનસીબે યાદ આવ્યું કે ગમે તે બન્યું હોય પણ એરપોર્ટ ઉપર ગુસ્સાથી વાત કરવામાં હંમેશા મોટું જોખમ રહેલું હોય છે. તમે સાચા હો તો પણ તમને પકડીને ખૂણામાં બેસાડી શકે, તમારી ધરપકડ થઈ શકે. ગમે તેમ કરીને કસ્ટમ્સ અને ઈમીગ્રેશનમાંથી તો બહાર નિકળ્યો. એરપોર્ટના સ્ટાફે મને પૂરી મદદ કરવાની ખાત્રી આપી, પણ એ લોકો સાથે વાતો કરવામાં મને બહુ મુશ્કેલી પડી. જે મળે તેને મારી ફ્રેન્ચ મિશ્રિત અંગ્રેજીમાં મારી કરમકથા કહી કહીને હું થાકી ગયો હતો - પણ જે થયું તે, હવે હું બહાર આવી ગયો હતો.

મારી સાથે જે કંઈ બની ગયું તે અસહ્ય હતું. હવે મારી હદ આવી ગઈ હતી. મારે માનસિક અને શારીરિક આરામની સખત જરૂર હતી. મેં બહાર આવીને આતુરતાથી આમતેમ નજર કરવા માંડી. થોડે જ દૂર આશરે ત્રીસેક વર્ષની એક યુવતી ઉભી હતી. તેનાં વાળ ટૂંકા અને ચળકતાં હતા. તેણે ગ્રીન શર્ટ અને જીન્સ પહેર્યા હતા. એહમતની જેમ તે કોઈ (મારા નામનું) બોર્ડ લઈને ઉભી ન હતી, પણ ચોક્કસ તે કોઈની રાહ જોઈ રહી હતી. અમારી આંખો મળી ત્યારે તેણે સ્હેજ માથું હલાવ્યું અને મારી પાસે આવી. નજીક આવીને તે સ્હેજ હસી, બોલી : “હજીતે-માશીતે, જોનાથન લોન્ડ્રી - સામા ?” મેં હા પાડી. તે હસી અને સ્વાગત કરવાની જાપાની પરંપરા પ્રમાણે આગળથી થોડી ઝૂકી.

મને યાદ આવ્યું, કંપનીમાંથી મને બિઝનેસ ટૂર માટે વિદેશોમાં મોકલતાં પહેલાં જે તે દેશની ખાસિયતો - ઔપચારિક્તાઓ વિશે શીખવવામાં આવતું, તેમાં જાપાન માટે આ આગળથી ઝૂકીને નમ્રતા દાખવવાનું પણ હતું. જાપાનના આ કન્સાઈ એરપોર્ટ પર તો આવ્યો ત્યારે એ બધી ઔપચારિક્તા હું ભૂલી જ ગયો હતો. મેં એરપોર્ટ પર ક્યાંય વિવેક દાખવ્યો ન હતો. છતાં અહીંના લોકો કેટલાં ભલા છે, મને તેના અણગમાનો અણસાર પણ આવવા દીધો ન હતો.

અયામે ઝૂકી હતી તેના કરતાં થોડુંક વધુ હું ઝૂક્યો. તેણે કહ્યું : “જાપાનમાં તમારું સ્વાગત છે. તમને મળીને હું ગૌરવ અનુભવું છું.”

મારાથી બોલી જવાયું : “ભગવાનનો પાડ, તમે અંગ્રેજી બોલો છો.”

અયામે ફરીને ઝૂકી અને હસી. તેણે કહ્યું : “હા, અહીંની કસોચો યુનિવર્સીટીમાં હું અંગ્રેજી શીખવું છું એટલે મારે તો અંગ્રેજી બોલવી જ પડે.” અંગ્રેજી બાબતની મારી ટકોર કદાચ તેને અણછાજતી લાગી હોય તો તે બદલ મેં દિલગીરી વ્યક્ત કરી. મારી કઠણાઈની વાત તેને કરી ! “મારું લગેજ ગુમ થઈ ગયું છે. મારે એરલાઈનના કાઉન્ટર ઉપર ફરીથી જઈને કહેવું છે કે તેમને મારું લગેજ મળે એટલે તરત મને પહોંચાડે.”

અયામે મારી સાથે એરલાઈનના કાઉન્ટર પાસે આવી મારા વતી તે વાત કરે તો વાંધો નથી ને ? એવું મને પૂછ્યું. મેં આભારની નજરે હા કહી એટલે તેણે કાઉન્ટર પર જાપાનીઝમાં વાત કરી. તેણે મારી તરફ ફરીને કહ્યું તમારું લગેજ મળી ગયું છે. હવે પછીની ફલાઈટમાં તે ઓસાકા આવી જશે. અને આ લોકો તે તરત જ કયોટોની હોટલમાં મોકલી આપશે.

અયામે લાંબા મોટા કાચના કોરીડોર તરફ આગળ વધી. મને એમ કે તે કાર પાર્કીંગ તરફ આગળ વધશે પણ તેણે કહ્યું “આપણે અહીંથી ક્યોટો ટ્રેનમાં જઈશું અને ત્યાંથી ટેક્સીમાં મારા માતા-પિતાની માલિકીની પૂર્વ ક્યોટોમાં આવેલી “રયોકાન"માં જઈશું.

તેણે કહ્યું : “રયોકાન એ જાપાનની પરંપરાગત હોટલ છે. તમને તે ફાવશે તેમ હું માનું છું. ઘણા લોકો વેસ્ટર્ન-સ્ટાઈલ હોટલોથી કંટાળીને રયોકાનમાં રોકાવા આવે છે.”

ટ્રેનમાં ઘણી ગીર્દી હતી, પણ અયામે અને મને બાજુબાજુમાં બેસવાની જગ્યા મળી ગઈ. થોડીવાર થઈ, તેણે કહ્યું કે ટ્રેનમાં ત્યાં પહોંચતા લગભગ દોઢ કલાક લાગશે. મારાથી ઊંડો નિ:સાસો નંખાઈ ગયો. તે જોઈને અયામેનાં નેણ થોડાં ઊંચા થઈ ગયા. મેં કહ્યું : “હું દિલગીર છું, પણ આ બધું હું જાણી બુઝીને નથી કરતો. આટલી બધી મુસાફરીથી હું કંટાળી ગયો છું. મારું મગજ બહેર મારી ગયું છે. આજે ક્યો દિવસ છે કે અત્યારે કેટલા વાગ્યા છે - મને કશું જ ભાન નથી. આ બધું મારા માટે કંટાળાજનક તો છે જ. મને એ ખબર નથી પડતી કે જુલીઆનને તમે લોકો તાવીજો કુરીયરમાં કેમ નથી મોકલી દેતાં ?”

“આ બધું આ રીતે કરવા પાછળ જુલીઆન પાસે ચોક્કસ કારણો છે તેની મને ખબર છે.” અયામે એ જવાબ આપ્યો : “તારે તત્વજ્ઞાનીની જેમ વિચારવું જોઈએ. છેવટે જીંદગી પોતે પણ એક મુસાફરી જ છે ને ?” તેણે ધીમેથી કહ્યું.

“હા, ભાઈ હા” હું બોલવા માંડ્યો :“પણ આ તે કંઈ જીંદગી છે ? તમે આને મુસાફરી કહો છો ? આ તો આડેધડ ફંગોળાતા હોય એમ આગળ વધી રહ્યાં છીએ. લ્યુનોરત એઈરેસ, ઈસ્તનબુલ, પેરીસ ભગવાન જાણે હજુ મારે ક્યાં ક્યાં જવાનું છે.”

“હા, તકલીફ તો છે જ.” અયામેએ ધીમેથી કહ્યું.

આ બધી માથાકૂટ કરવાનો મારો મૂડ ન હતો. મેં કહ્યું : “તમને બધાને શું થયું છે ?

તમે બધા એક જ રીતે - જુલીઆનની જેમ જ - વાતો કરો છો ?”

અયામેને જાણે મારા શબ્દો સાંભળી મજા આવી “તને આશ્ચર્ય થાય છે ? અમે બધા જુલીઆનનાં નજીકનાં મિત્રો છીએ. તેની પાસેથી અમે ઘણું શીખ્યાં છીએ. તેના થકી અમારા બધાની જીંદગી બદલાઈ ગઈ છે.” તેણે કહ્યું.

“હા, મારી જીંદગી પણ બદલાઈ રહી છે !” મેં દાઢમાંથી કહ્યું. “પણ મને ખબર નથી કે તે વધુ સારી બની રહી છે કે નહીં. ઓફિસમાં કામ કરું છું ત્યાં પણ બધું ઢંગધડા વગરનું ચાલે છે અને મારી પત્નિ......”

હું અટકી ગયો. તેના વિશે હું વાત કરવા માંગતો ન હતો. મારી જીંદગીમાં શું શું ખૂટે છે તે બાબત હું વિચારવા જ ન હતો માંગતો. મેં શું શું ગુમાવ્યું છે ? મારી પત્નિ, મારો પુત્ર, મારો સામાન !!

થોડી ચૂપકીદી પછી અયામે કહ્યું : “તમને જુલીમાનની બહુ ચિંતા થતી હોય તેમ લાગે છે.” “શું ?” મેં કહ્યું.

તેણે કહ્યું : “એ જ કે તેણે તમને આ બધા તાવીજો ભેગાં કરવાનું કામ કેમ સોપ્યું ? તેને તાવીજોનું શું કામ છે તેની તમને ખબર છે ? તે કોને મદદ કરવા માંગે છે તેની તમને ખબર છે ?”

હું વિચાર કરવા લાગ્યો. જુલીઆન મારી મા વિશે બહુ ચોખ્ખી વાત નથી કરતો, તે મારી માને મદદ કરવા માંગતો હતો ? મારી મા ઘણા સમયથી બિમાર છે. તેની જીંદગી ખાસ પ્રયત્નો વિનાની જ રહી છે... જો મારી મા ન હોય તો પછી મારી બહેન કીરા હોવી જોઈએ. તે મારા કરતાં બે વર્ષ નાની છે. મેં તેના વિશે હંમેશા જવાબદારીપૂર્વક વિચાર્યું છે. જ્યારે પિતાનું અવસાન થયું ત્યારે માને તેણે જાળવી હતી. મારી માનો જન્મદિવસ પણ તે જ યાદ રાખે છે. મારે માને ક્યારે ફોન કરવો જોઈએ કે ક્યારે રૂબરૂ મળવા જવું જોઈએ એ પણ એ જ મને કહે છે. બધા સંબંધોનો ભાર તેણે પોતાના ખભે ઉંચકી લીધો છે. તે ન હોય તો બીજા ઘણાં કાકા-કાકીઓ છે...

અને જો તે વ્યક્તિ કુટુંબની જ ન હોય તો મને આમ રખડાવવાનો શું અર્થ છે ? તો પછી મારે આ કામનું કોઈ મહત્વ છે ખરું ? થોડા દિવસોમાં જ હું તો કંટાળી ગયો છું.

મેં કહ્યું “હા, મારા મનમાં પણ એ જ રમે છે.” જો કે એ સાવ સાચું ન હતું.

થોડો સમય અયામે કંઈ બોલી નહીં. પછી તેણે કહ્યું : “અત્યારે સવારે આઠ તો વાગી ગયા છે. તમારે આરામ કરવો હોય તો ઘણો સમય છે.”

વિમાન કરતાં ઉલ્ટું જ વાતાવરણ ટ્રેનમાં હતું. તે શાંત હતી. દૂર દૂરથી આછા-પાતળા અવાજ આવતાં હતા તે જ. મેં આંખો બંધ કરી ધીમે ધીમે હાલક ડોલક થતાં થતાં હું ક્યારે સૂઈ ગયો એ જ મને ખબર ન રહી.

ક્યોટોનાં રસ્તા પર અમે ટેક્સીમાં ફર્યા ત્યારે ચારે બાજુ બધું જોવામાં કદાચ મેં અયામેની સામે જ જોયું ન હતું. ક્યોટોનું રેલ્વે સ્ટેશન. મેં જેવી ટોક્યોના રેલ્વે સ્ટેશન વિશે

કલ્પના કરી હતી તેવું - અતિ આધુનિક હતું. ઊંચી ઊંચી છત, કાચ અને ધાતુનાં સુશોભનો, બધું જ ચમકદાર અને ચોખ્ખું અને વિશાળ. ક્યોટો શહેરનું દૃશ્ય પણ દુનિયાનાં અત્યંત આધુનિક શહેર જેવું જ ક્ષિતિજ પર ઢાળ દર્શાવતી ટેકરીઓ, ગગનચુંબી કાચ-મઢ્યા મકાનો, વચ્ચે વચ્ચે નાનાં-મોટાં નવી જૂની શૈલીના મકાનો અને ટાવરો હતાં.

સીટેલમાં આવેલ સ્પેસ નીડલ જેવું ડીસ્ક જેવું છાપરું ધરાવતું એક મકાન પણ હતું. હવે અમે નાના રસ્તાઓમાંથી પસાર થઈ રહ્યાં હતા. હવે બધું જુદું જ લાગતું હતું. નવા મકાનો વચ્ચે જૂનાં લાકડાનાં મકાનો દેખાતા હતા. કેટલાંકનાં છાપરાં નળીયાના તો કેટલાંકના લાકડાના હતા. વાઈન અને બોન્સાઈના વૃક્ષોથી વાતાવરણ છવાયેલું હતું. રસ્તા પર કિમોનોમાં જતી કેટલીક સ્ત્રીઓ મેં જોઈ."ક્યોટોમાં ઘણું ઐતિહાસિક જોવા જેવું છે." અયામે બોલી "એક વખત આ શહેર જાપાનનું પાટનગર હતું. બીજા વિશ્વયુધ્ધનાં બોમ્બમારાથી બધું નષ્ટ થઈ ગયું. અહીં ઘણા બધા મંદિરો હતા."

"ઓહ, એમ ?" બારીની બહાર નજર રાખીને જ મેં કહ્યું.

"કદાચ આવતીકાલે એક મંદિર હું તમને લઈ જઈશ." તેણે કહ્યું.

"હા સમય મળશે તો ચોક્કસ જઈશું, મજા આવશે."

"અને આજે રાત્રે અમારી સાથે તમે ડીનર લો તેવું મારા માતા-પિતા ઈચ્છે છે. અમારું પરંપરાગત ખાણું આપણે સાથે જમીશું." તે બોલી. જવાબ આપતા પહેલાં હું અચકાયો.

"મને જરૂર આનંદ થશે." મેં કહ્યું. "પણ એક વસ્તુ તમને અગાઉથી કહી દઉં. અમારી અને તમારી રીતભાતમાં ઘણો ફર્ક છે. તમારી રીતભાત મને જલ્દી સમજાતી નથી."

અમે ટેક્સીમાંથી બહાર નિકળી રસ્તા પર ચાલવા લાગ્યા. રસ્તામાં પથ્થરો જડેલાં હતા. હવા હુંફાળી અને ભેજવાળી હતી. જાણે હમણાં જ વરસાદ પડ્યો હોય તેમ લાગ્યું. રસ્તામાં દુકાનોની ભરમાર હતી અને સળંગ મકાનોમાં નાના નાના દરવાજાઓ હતા. અમે થોડાં જ આગળ વધ્યાં ત્યાં અન્ય મકાનોની વચ્ચે બદલાઈ ગયું હોય એવું એક લાકડાનું ઘર જોયું. તેની વળાંકદાર છત ઉપર ઘેરા બદામી રંગના ટાઈલ્સ લાઈનબંધ જડેલાં હતા. કાળાશ પડતા લાકડામાં જાળીદાર બારીઓ હતી. પ્રવેશદ્વારનાં બન્ને લાકડાનાં નકશીદાર બારણાઓની નીચેની બાજુ અંદર-બહાર બન્ને બાજુ નકશીદાર પથ્થરો જડેલાં હતા. બારણાની ઉપરની બાજુએ પાંદડા અને ડાળીઓ કોતરી હતી.

"આખા શહેરનાં સૌથી જૂનાં રયોકાનમાંનું આ એક છે." અયામેએ કહ્યું : "તે પેઢીઓથી અમારા કુટુંબ દ્વારા ચલાવવામાં આવે છે. પણ તે નાનું છે. માત્ર અગિયાર રૂમ છે, ઉપરાંત મારા માતા-પિતાને રહેવાની જગ્યા છે."

તેણે એક દરવાજા ખેંચ્યો અને મને અંદર જવાનો ઈશારો કર્યો. અમે એક મોટા હૉલ જેવા દેખાતા રસ્તામાં દાખલ થયા. ફરસ પર સરસ પથ્થર હતાં. દિવાલ પાસે પગરખાંની અનેક જોડીઓ લાઈનબંધ ગોઠવાયેલી હતી. તરત જ આગળ પરસાળમાં

જવાનો રસ્તો હતો. આછા પીળાં રંગના ઘણાં સ્લીપર્સ પણ ત્યાં પડ્યાં હતા.

અયામેએ કહ્યું : “તમારા બૂટ અહીં કાઢી નાંખો અને તમને માફક આવે એ સ્લીપર્સ પહેરી લો.”

અમે બન્નેએ બૂટ કાઢીને સ્લીપર્સ પહેરી લીધાં અને પરસાળમાં પ્રવેશ્યાં. જેવા અમે ત્યાં ગયા ત્યાં ખૂણામાંથી એક પુરુષ અને એક સ્ત્રી અમારી તરફ આવ્યાં. “મારા માતા-પિતા.” અયામેએ કહ્યું.

પરિચય દરમ્યાન સ્મિતની ઘણી આપ લે થઈ. એકબીજા સામે ઝૂકી ઝૂકીને માન આપ્યું. અયામેએ અમારી વચ્ચે દુભાષિયાનું કામ કર્યું. અયામેના પિતાએ થોડાં ભારે સ્વરમાં અયામેને ધીમેથી કંઈક કહ્યું.

“અરે, હા” અયામે બોલી : “ મારા પિતાએ મને યાદ કરાવ્યું. તમે બહુ લાંબી મુસાફરી કરીને આવ્યા છો, તમારી સવાર પણ મુશ્કેલીઓથી ભરપૂર હતી. તમારે આરામની જરૂર છે. ચાલો, હું તમને તમારો રૂમ બતાવું.”

જેવું મેં એક નીચા પલંગમાં લંબાવ્યું, આરામનો મને એક નવો જ અનુભવ થયો. એક કલાક પહેલાનો મારો ટ્રેનમાં લીધેલો આરામ યાદ આવ્યો. અયામેએ મારો રૂમ બતાવ્યો પછી મને હૉલની નીચે આવેલા પુરુષો માટેના ઓફુરો (બાથરૂમ) તરફ દોરી ગઈ.

“તમારા માટે અંદર કપડાં મૂક્યાં છે. તથા ટુવાલ અને ટોઈલેટરીઝ બારણાને અડીને પાટીયા પર છે.” તેણે કહ્યું : “પહેલાં ફુવારા નીચે નાહજો, અને પછી મન ફાવે ત્યાં સુધી બાથટબમાં પડ્યા રહેજો. આ રૂમ ખાલી નથી એવી ચિઠ્ઠી હું બારણા પર ચોંટાડતી જાઉં છું.”

રૂમ નાનો હતો. ફરસ પર નાનાં સફેદ ટાઈલ્સ જડેલાં હતા. લાકડાની દિવાલ હતી. તેમાં હાથમાં પકડીને ઉપયોગમાં લઈ શકાય તેવાં ત્રણ ફુવારાં હતા. દરેક ફુવારાની સામે એક નાનકડું સ્ટુલ તથા ડોલ પડેલી હતી. અંદર છેક છેલ્લે લાકડાનું હૉટ ટબ હતું. ટબની દિવાલ ફરસથી એક ફૂટ ઊંચી દેખાતી હતી, પણ ટબ જમીનમાં અંદર ઘણું ઊંડું હતું. રૂમ હુંફાળો અને ભેજવાળો હતો. અને એક આહ્લાદક લીંબુ જેવી સુગંધથી ભરપૂર હતો. મને પછી ખબર પડી તે સુગંધ હીનોકી (જાપાનીઝ સાયપ્રસનું વૃક્ષ)ની હતી. તેના લાકડામાં રહેલું તેલ સ્વાસ્થ્યસુધાર માટે ઘણું ઉપયોગી ગણાય છે.

થોડી મીનીટો પછી હું બાથટબમાં દાખલ થયો. મારી દાઢી સુધી પાણી આવી ગયું હતું. મેં થોડું વધુ લંબાવ્યું અને ઊંડા શ્વાસ લીધા. ગરમ પાણીમાંથી પણ સુગંધ આવી રહી હતી. પાણીની ગરમીએ મારી ચામડીને સ્હેજ ઝટકો આપ્યો, પણ મારા ખભા અને પીઠમાં ગંઠાઈ ગયેલું લોહી છૂટું પડી ગયું હોય તેમ મને લાગ્યું.

જાપાનનો આ પ્રવાસ કંઈક અલગ હતો, એમાં કોઈ શંકા નથી. થોડી ગૂંચવણો અને થાક જરૂર હતાં. પણ તેનો સામનો કરવાની પણ એક મજા હતી. તાવીજો સાથેની ચિઠ્ઠીઓમાં લખાયેલા સંદેશાઓ મારા માટે જ લખવામાં આવ્યા હોય એવું તો ન હતું. જુલીઆનનો કંઈક પોતાનો જ હેતુ હતો. મને તે વાંચવાની સૂચના તેણે આપેલી ઉપરાંત

મારા વિચારો લખવા માટે જર્નલ પણ આપી હતી. મને તે લખાણની શી અસર થશે તેની તેને ખબર હોવી જોઈએ.

પહેલું તાવીજ નિરપેક્ષતા બાબત, તમારી જાત પ્રત્યે હંમેશા સાચા રહો. મને તે હૃદય સોંસરવું ઉતરી ગયેલું. તેણે મને જાત વિશે વિચારતો કરી મૂક્યો હતો. મારી જીંદગીમાં એવું તો જરૂર હતું જે યોગ્ય ન હતું. અનીશા અને આદમને મેં અતિશય નિરાશ કર્યા હતા. અનીશાની માફી માંગવી, તેને વધુને વધુ વખત ડીનર માટે બોલાવવી, આદમની સાથે વધુ વખત રમવું - એ બધું હવે પૂરતું ન હતું લાગતું.

એક પિતા તરીકેની મારી નિષ્ફળતાએ મને અંદરથી પિંખી નાંખ્યો હતો. દુ:ખ અને ખાલીપાથી મારી જીંદગી મેં જ વેરણછેરણ કરી નાંખી હતી. મેં મહત્વાકાંક્ષાને જ પ્રાધાન્ય આપ્યું હતું. મારે દોડવું હતું, જીતવું હતું. હું ભાગતો રહ્યો. હું દોડતો હતો પણ હું ક્યાં જઈ રહ્યો હતો એ તો મને ક્યાં ખબર હતી ? હું ક્યાં જવા માંગતો હતો તેની પણ મને ખબર ન હતી.

એન્જીનીયરીંગ, સર્કીટ્રી, મેથેમેટીક્સ, ટેકનીકલ ડિઝાઈન - બધામાં હું એક્કો થઈ ગયો હતો. ડિઝાઈન લેબમાં કામ કરતો હોઉં ત્યારે જાણે મને જીંદગીનો મુખ્ય હેતુ મળી ગયો હોય - મારૂં ધ્યેય મળી ગયું હોય તેમ લાગતું. સેલ્સમાં મને ડિઝાઈન લેબ જેવી મજા તો ન હોતી જ આવતી. મને ડિઝાઈન લેબમાંથી હટાવીને સેલ્સમાં મૂકવામાં આવ્યો હતો.

અહીં રયોકાનનાં આ રૂમમાં સમજાયું કે જીંદગીમાં 'પોતાની જીંદગી'ની નજીક રહેવાનો અર્થ શું છે. મારામાં ઘણા મોટાં ફેરફાર કરવાનો મેં વિચાર કર્યો. વિચાર બહુ મોટો કહેવાય, પણ હું કરી જ શકીશ તેની મને ખાત્રી છે. મને તો ભવિષ્યમાં એ ફેરફારો થઈ ગયાં હોય તેવું જ દેખાયું.

અયામેએ મારા માટે નાના પલંગ પર થોડાં કપડાં મૂકી રાખ્યાં હતા. સાથે એક ચિઠ્ઠી હતી. "મારા મિત્ર પાસેથી માંગી લાવી છું, તમને માફક આવશે તેવી અપેક્ષા."

સુંવાળું સુતરાઉનું એક ગોલ્ફ શર્ટ હતું. લૂઝ-ફીટીંગની ખાખીની એક જોડ હતી. મેં તે કપડાં પહેર્યા. હજુ અંદર સફેદ સ્પોર્ટ્સ મોજાની એક જોડ પણ હતી. મેં તે પણ પહેરી અને પછી સ્લીપર્સમાં પગ નાંખ્યા. નાઈટસ્ટેન્ડ પર મૂકેલી મારી જર્નલ અને પેન મેં ઉપાડ્યાં અને રૂમનાં છેડાના ભાગમાં જઈ બેઠો.

ગેસ્ટ રૂમ નાનો પણ હવા ઉજાસવાળો હતો. ફ્લોર પર મેટ હતી. સફેદ દિવાલ પર લાકડાનું ફ્રેમવર્ક એવું સરસ હતું. લૉબીમાં જોતાં જાણે દીવાલ કોઈ ખાસ કાગળની બની હોય તેવું લાગતું હતું. પલંગના પાયા નજીક એક નાનું નીચું ટેબલ હતું. તેની બન્ને બાજુ પાયા વગરની ખુરશીઓ હતી. ખુરશીમાં બેઠક અને ટેકો બે જ વસ્તુ હતી, પાયા ન હતા એક બાજુ દિવાલની જગ્યાએ ફ્લોરથી છત સુધીની આખી મોટી બારી હતી, જેનાં સ્લાઈડીંગ ડૉરની બહાર લીલોતરી છવાઈ ગયેલી હતી. બારીની બહાર જઈને હું લાકડાંના નાના વરંડામાં ગયો. રૂમની અંદરથી બગીચાની લીલોતરી જોઈ શકાતી હતી, પણ બહાર આવ્યા પછી જાણે લીલોતરી મારી અંદર ઉતરી ગઈ. મને કુદરતની ઘણાં નજીક હોવાનો રમ્ય અનુભવ થયો.

લીલું ઘાસ, છોડ, ઝાડ, પાન, ફુલ - બગીચો ભર્યો ભર્યો ને ઘણો સરસ હતો. તેની ત્રણ બાજુએ લાકડાનો વરંડો હતો. બગીચાની વચ્ચોવચ્ચ બહુમાળી પેગોડાનું પથ્થરનું એક શિલ્પ હતું. બગીચામાં છૂટાં છવાયા અનેક શિલ્પ હતાં - સારસ, બુધ્ધ, ડોળાં કાઢીને બિવરાવતો દેડકો. ઘણાં શિલ્પ હતાં. પથ્થરમાંથી નિકળતા પાણીનો એક નાનો ધોધ પણ મેં જોયો. પાણીનો અવાજ કહી આપતો હતો કે ત્યાં પાછળ એક પાણીનો કુંડ પણ છે. ઝાડ-પાનના કારણે તે મને દેખાતો ન હતો. ઝાડ-પાનથી ખરેખર તો બગીચાની જમીન પણ દેખાતી ન હતી. દરેક ઝાડનાં થડ આસપાસ જમીન પર ચમકદાર લીલું ઘાસ દેખાતું હતું. છોડ પર ફુલ જાણે કોઈ શિલ્પ હોય એમ વ્યવસ્થિત રીતે ગોઠવાયેલાં દેખાતા હતા.

હું ઉભો હતો ત્યાં બાજુમાં એક લાકડાની ફોલ્ડીંગ ખુરશી પડી હતી ત્યાં જઈ તેના પુર હું બેઠો. મેં મારી જર્નલ કાઢી ખોળામાં મૂકી અને આજુબાજુનાં સુંદર વાતાવરણનો જાણે એક ભાગ હું બની ગયો.

દેડકાનું શિલ્પ ડોળાં કાઢીને મને બિવરાવી રહ્યું હતું. તેના ચહેરા પર તામસી હાસ્ય હતું. મને એન્ટોનીએ આપેલ ખોપરીનું તાવીજ યાદ આવ્યું. “તમારા ભયને ભેટો.” ખોપરી સાથેના લખાણમાં આ હતું.

હા, મને જેની બીક લાગતી હતી તેવી ઘણી ચીજો મેં આજસુધી કરી હતી - ભયથી ડર્યા વિના તેને ભેટવાનો પ્રયત્ન કર્યો હતો. મેં મારા કુટુંબને તરછોડી દીધું હતું. મારી નોકરી જવાનું જોખમ પણ મેં લઈ લીધું હતું. મારી જીંદગીના રસ્તામાં વચ્ચે આવેલા ઉંચા ખડક પરથી મેં ભૂસકો મારી દીધો હતો. પણ મારું મન સતત ફરિયાદો અને ખચકાટથી ઘેરાયેલું રહેતું હતું. “તમારા ભયને ભેટો.” વાક્ય દ્વારા જુલીયનનો સંદેશો હકારાત્મક હતો, નકારાત્મક નહીં.

તમારા સલામતીના કોચલામાંથી બહાર આવો. સલામતી છોડીને ઉંચી ઉડાન માટે પાંખો પ્રસરાવશો તો જ તમને આકશ મળશે. નવા અજાણ્યા ક્ષેત્રમાં પ્રવેશવામાં તમને અસલામતીનો ડર લાગે છે, તેને જીતો. વીસ વરસ પછી હમણાં હું લીફટમાં બેઠો હતો, ત્યારે મને આવું જ કંઈક થયું હતું.

મારા કુટુંબથી - અનીશા અને આદમથી - હું વિખુટો પડી જઈશ ? - આ મારો સૌથી મોટો ડર હતો, મારે તેને ‘ભેટવાની’ ઈચ્છા ન હતી. તે ડર પર કાબૂ મેળવવા મારે કુટુંબને છોડી દેવાની જરૂર ન હતી. ડર પર કાબૂ મેળવવાની જુલીઆનની વાતનો આ જ અર્થ હતો.

હકારાત્મક બાજુ જવામાં લાગતાં મારી અંદર પડેલાં ભયને મારે જીતવાનો હતો. હું ખાઈથી ડરતો નથી કહીને ખાઈમાં કૂદી પડવાનો કોઈ અર્થ ન હતો. જેનો મને હંમેશા ડર રહ્યા કરતો હોય એવી વસ્તુઓ મારા જીવનમાં અચૂક આવતી મેં જોઈ છે. એનું ચોક્કસ કારણ પણ હું જાણું છું. હું હંમેશા મારૂં ધાર્યું જ કરતો રહ્યો હતો. એકાદ બે બઢતીને જતી કરવાની કે હોદ્દો બદલવાની અનીશાની વાત મેં કાને ધરી હોત અથવા જેનો મને ખરેખર ડર હતો તે વાતની ના પાડવાની ક્યારેક મેં હિંમત કરી હોત તો મારા જીવનમાં આ કટોકટી ક્યારેય આવી ન હોત. અને એવી તે કઈ પ્રવૃત્તિ હું કરતો હતો જેનો મને ડર હતો ? મને હવે સમજાતું હતું કે તમને જેનો ડર છે તે કામ કરવાથી લાંબાગાળે જીંદગીમાં

ડર ઘટતા જાય છે.

જર્નલમાં મેં લખવાનું લગભગ પુરૂં જ કર્યું હતું. ત્યાં દરવાજે ધીમા ટકોરા મેં સાંભળ્યા. અયામે આવી હતી, મને કહેવા કે મારો સામાન મળી ગયો છે. તેણે કહ્યું : "તમે મોબાઈલમાં મેસેજ જોયા ? જુલીઆને તમને મોકલેલો એક મેસેજ મને પણ મોકલી આપ્યો છે, જેમાં હવે પછીનાં થોડા દિવસનો તમારો કાર્યક્રમ શું છે તે લખ્યું છે. તમારી આ અનોખી યાત્રા ચાલુ જ રહેવાની છે, તમે નસીબદાર છો."

સાંજે જમવાનું થોડું લાંબુ ચાલ્યું. સાટોના વ્યક્તિગત રૂમમાં મને લઈ જવામાં આવ્યો, જ્યાં અયામેના માતા-પિતા મારી રાહ જોતાં હતાં. એક બીજાને હસીને મળવાની અને કમ્મરેથી આગળ નમવાની (જાપાની નમસ્કારની) ઔપચારિક વિધિ પૂરી થઈ એટલે મને ટેબલ પર બેસવાનો ઈશારો થયો. મારા રૂમમાં હતું તેવું જ તે નીચું ટેબલ હતું. નાનાં નાનાં શિલ્પ તથા ફુલોની ગોઠવણો પણ હતી.

રૂમની એક બાજુના ભાગમાં સરસ બેઠક જેવું ખાસ બનાવેલું મેં જોયું. ત્યાં પાછળ સારસ અને ઝરણાંનાં ચિત્રો હતાં. તે બધું કંઈક વધુ ખાસ, આકર્ષક અને નયનરમ્ય હતું. તેથી જમતી વખતે તે નજર સામે રહે તે રીતે હું ટેબલ પર ગોઠવાયો, પરંતુ અયામેએ માથું હલાવીને મને તેમ કરતાં રોક્યો.

"અમારે ત્યાં મહેમાનને ટોકોનોમાની સામે બેસાડવા યોગ્ય નથી ગણાતું. અમારી પાસે જે કંઈ સારૂં છે તેનો જાણે દેખાડો કરતાં હોઈએ એમ લાગે છે." અયામેએ નમ્રતાથી મને કહ્યું.

"ઓહ...." હું જરા ભોઠોં પડી ગયો. કદાચ મારા અવાજમાં અણગમો હતો. તે જોઈને અયામે કહ્યું : "હું કદાચ ચલાવી લઉં, પણ મારા માતા-પિતાને તો એ ન જ ગમે. મને લાગે છે તમે સમજી શકો છો."

અમે બેઠક લીધી. એક સ્ત્રી એક ટ્રેમાં ભીનાં ગરમ ટુવાલ લઈને આવી.

"ઓશીબોરી" અયામેએ કહ્યું : "તમારા હાથ સાફ કરવા માટે છે. પણ વેસ્ટર્ન નેપકીનની જેમ તેનાથી મોં કે ચહેરો લૂછતાં નહીં."

જમવાનું પીરસાઈ ગયું પછી અયામે અને તેનાં માતા-પિતા એકસાથે બોલ્યાં : "ઈટાડાકીમાસુ"

"તેનો અર્થ થાય છે - અમે નમ્રપણે સ્વીકારીએ છીએ. -" અયામે એ સમજાવ્યું. અમે જમવાની શરૂઆત આ રીતે કરીએ છીએ - અને છેલ્લે "ગોશીસોસામા-દેશીતા" એમ કહીએ છીએ, જેનો અર્થ થાય છે "આટલું સરસ જમવાનું આપવા બદલ આભાર."

જમતી વખતે અયામેએ જાપાની રીતભાત વિશે મને ઘણું સમજાવ્યું હતું. ચોપસ્ટીક કેવી રીતે પકડવી તે બતાવ્યું. વળી કહ્યું કે ચોપસ્ટીક ભાતમાં ખૂંચાવીને ઉભી રાખવી ન જોઈએ. કારણ કે અંતિમક્રિયા વખતે રેતીમાં અગરબત્તી મૂકી હોય તેવું તે લાગે છે. વળી, તમારી ચોપસ્ટીકથી ખાવાનું ઉપાડીને બીજાને ન આપવું જોઈએ. તેમ કરવાથી તે બેસ્વાદ બની જાય છે. તેનાથી અંતિમક્રિયા પછી હાડકાંઓને લાકડીઓથી આમ તેમ

ખસેડતાં હોઈએ તેની યાદ આવે છે. અયામેએ કહ્યું કે ચોપસ્ટીકની જાડી બાજુથી ક્યારેય કોઈ વસ્તુ ઉપાડવી ન જોઈએ, કોઈની તરફ નિર્દેશ કરતી હોય તેમ ચોપસ્ટીક નીચે ન મૂકવી જોઈએ અને છેલ્લે, ચોપસ્ટીકથી ખાવાનું કાપતા હોઈએ તેમ ન કરવું જોઈએ. આ છેલ્લો નિયમ તો મારા માટે અઘરો હતો. ખોરાકનાં ટુકડાં ન કરો તો તેને મોઢામાં મૂકી કેવી રીતે શકાય ?

સોયા સોસના વાડકામાં ચોખાને ડૂબાડીને મૂકવાની મારી ટેવ અહીં "બૅડ- મેનર" ગણાઈ. અયામેએ કહ્યું :"આમ કરવાથી ભાત ઘણો સોસ શોષી લે છે. તેનો અર્થ તમે લોભી હો, ખાઉધરા હો, તેવો થાય છે."

પણ મને સૌથી વધુ મજા આવી તે એકબીજાને પીણાં આપવાની તેમની રીતથી. જ્યારે સાકીની બોટલ ટેબલ પર આવી તો અયામેએ તેમાંથી થોડું મારા ગ્લાસમાં રેડ્યું. મને થયું તેને નહીં પીવું હોય. પણ ના, તરત તેના પિતાએ બોટલ ઉપાડી અને અયામેના ગ્લાસમાં રેડ્યું. થોડા સમય બાદ, ફરીથી લેવાનો સમય થયો ત્યારે અયામેની માતાએ બોટલ ઉપાડી. બધાનાં ગ્લાસમાં થોડું થોડું રેડ્યું પણ પોતાના ગ્લાસમાં નહીં ! આ વખતે અયામેએ બોટલ ઉપાડીને તેની માતાના ગ્લાસમાં રેડ્યું. ત્રીજીવાર પણ કંઈક આવું જ બન્યું. મને આશ્ચર્ય થાય તે સ્વાભાવિક હતું.

"અરે હા, તમે જોયું ને ?" અયામે બોલી : "જાપાનીઝ રીતભાત પ્રમાણે મહેમાનનો ગ્લાસ ખાલી ન રહે તેનું ધ્યાન રાખવું જોઈએ. પણ સાથે સાથે પોતાનો ગ્લાસ જાતે જ ભરી લેવો તે યોગ્ય નથી ગણાતું. અન્ય વ્યક્તિ તમારો ગ્લાસ ખાલી છે તે જુએ અને ભરી આપે તેની તમારે રાહ જોવી જોઈએ." અનીશા અને આદમ સાથે જમવાની મને યાદ આવી. અનીશાનો ગ્લાસ ખાલી હોય અને મારૂં ધ્યાન ન હોય તો તે ઘણી બેબાકળી બની જતી હતી.

જમ્યા પછી, અયામે મને આજુબાજુમાં લટાર મારવા લઈ ગઈ. રસ્તાઓ ભીનાં ન હતાં, પણ હવામાં ગજબની ભીનાશ હતી.

"જમવાની રીતભાત શીખવવા બદલ આભાર." પથ્થરોથી મઢેલા રસ્તા પર ચાલતાં ચાલતાં મેં કહ્યું. "મારી પાસે વધુ સમય હોત તો હું આ રીતભાતમાં પારંગત થઈ જાત."

જુલીઆને મોકલેલા મારા પ્રવાસના કાર્યક્રમ મુજબ મારે આવતીકાલે મેક્સિકો જવાની ફ્લાઈટ પકડવાની હતી. એક વખત તો મને થઈ ગયું કે હું વહેલી ફ્લાઈટ પણ પકડી શકું, પણ પછી થયું કે અયામેએ મને જે માનપૂર્વક સાચવ્યો છે તે જોતાં આમ કરવું ઠીક નહીં લાગે.

"આ બધી રીતભાત જોઈને મને આનંદ થયો. નાની નાની બાબતોમાં પણ કેવી ચોકસાઈ. જુલીઆને કદાચ તમને કહ્યું હશે - હું દુનિયાભરમાં ખૂબ ફરેલો છું અને હું જ્યાં જાઉં છું ત્યાં વણકહેલી પ્રથાનું, રીતભાતનું, સમજણનું, હું ઝીણવટભર્યું અવલોકન કરતો રહું છું."

"મારા કરતાં તમે વધુ સારી રીતે અવલોકન કરો છો." મેં કહ્યું : "ઈસ્તનબુલમાં

મારૂં એક ખાસ અવલોકન એ હતું કે એહમત તેનાં ડાબા હાથથી કોઈ ચીજને સ્પર્શ કરતો ન હતો."

"ઘણાં દેશોમાં એક ચોક્કસ હાથ કોઈ પણ પ્રકારની ગંદકી સાફ કરવા વપરાય છે. તેથી તે હાથ વડે ખાવાની કોઈ ચીજને કે કોઈ વ્યક્તિને સ્પર્શ કરવામાં આવતો નથી." અયામેએ કહ્યું.

મેં વિચાર્યું. હા,એવું હોઈ શકે.

અયામેએ કહ્યું "મજાની વાત તો એ છે કે આપણે બનાવેલા નિયમો આપણને કુદરતી, સ્વાભાવિક અને તર્કબધ્ધ લાગે છે, પણ જ્યારે આપણું વર્તન આપણે અન્ય સંસ્કૃતિની નજરે જોઈએ છીએ ત્યારે જ કંઈક પ્રશ્નો થાય છે. આશ્ચર્ય થાય છે."

"જેમ કે..." તેણે ચાલુ રાખ્યું : "...મેં વાંચ્યું છે કે મળતી વખતે એકબીજાની સાથે હાથ મિલાવવાનું મૂળ કારણ પોતાની પાસે કોઈ છૂપાં શસ્ત્રો નથી તે દર્શાવવાનું હતું અને તેથી તે સામી વ્યક્તિને નુકશાન કે ઈજા પહોંચાડી શકે તેમ નથી તેની ખાત્રી કરાવવાનું હતું. મૂળ કારણ આ હતું તો આજે ન્યુયોર્કની કોઈ કોન્ફરન્સમાં જાઉં ત્યારે મારે શા માટે કોઈની સાથે હાથ મિલાવવાની જરૂર પડે ? શું મારે તેને એ દર્શાવવાની જરૂર છે કે મારી પાસે કોઈ શસ્ત્રો નથી ?"

તેની વાત સાંભળી મને હસવું આવ્યું.

"પરંતુ કોઈ રિવાજ કેવી રીતે શરૂ થાય છે તે મહત્વનું નથી. પણ આ રીતભાત, શિષ્ટાચાર કે નિયમો દ્વારા આપણને એકબીજાને સમજવાનું સરળ થઈ પડે છે. એકબીજાની સાથેનાં આ રીતભાત આધારિત વર્તનથી ઘણી અનુકૂળતા રહે છે. પરસ્પર માન આપી શકાય છે. ભાવનાઓ સમજી શકાય છે. આપણને એકબીજા સાથે કેવી અનકૂળતા છે તે મહત્વનું છે. આપણું રોજબરોજનું સામાન્ય વર્તન જ આપણી અંદરની માન્યતાઓને રજૂ કરતું હોય છે."

"પણ ક્યારેક તે ગૂંચવાડો ઉભો કરે છે." મેં કહ્યું : "જેમ કે સ્ત્રીઓ માટે દરવાજો ખોલવો. એક સમય હતો જ્યારે કોઈ પુરુષ સ્ત્રીની પહેલાં દરવાજામાંથી પસાર થતો ન હતો. તમારે તે પસાર થઈ જાય ત્યાં સુધી દરવાજો ખોલીને પકડીને ઉભા રહેવું પડતું. મને લાગે છે હવે એવું કંઈ કરવાની જરૂર નથી."

"હા, પશ્ચિમમાં અમુક નિયમો બદલાઈ રહ્યાં છે." અયામેએ કહ્યું : "તે એક માનની નિશાનીરૂપ હતું. બરાબરને ? ત્યાર પછી અમુક સ્ત્રીઓને તેનાથી તેઓ કોઈ પર અવલંબિત હોય કે કોઈ તેના પર ઉપકાર કરતું હોય તેવું લાગવા માંડ્યું. જાણે તેઓ અબળા હોય અને એક દરવાજો ખોલવા જેવી બાબતમાં પણ તેને કોઈની મદદની જરૂર પડે છે - તેવું સૂચિત થતું હતું. અચાનક જ, એ મુદ્દો ઉપસી આવ્યો કે આ રીતભાત નમ્રતાની જ નિશાની છે કે બીજું કંઈ ?"

"હું અન્ય કોઈ પણ વ્યક્તિ માટે દરવાજા ખોલું છું." મેં કહ્યું : "માત્ર કોઈ સ્ત્રી માટે જ નહીં."

"હા, તે ઉપાય બરાબર છે." અયામેએ કહ્યું : "છેલ્લે હું લોસ એન્જલેસ હતી ત્યારે મારા જોવામાં આવ્યું કે ક્યારેક પુરુષ સ્ત્રી માટે દરવાજો ખોલે છે તો ક્યારેક સ્ત્રી પુરુષ માટે કે અન્ય સ્ત્રી માટે દરવાજો ખોલે છે. દરવાજો ખોલવાની રીતભાતમાં ઘણો બદલાવ આવ્યો છે."

આજુબાજુના વિસ્તારમાં અમે લગભગ અડધો કલાક ચક્કર માર્યાં હશે. અંધારામાં રસ્તાઓ વધુ સુંદર દેખાઈ રહ્યાં હતા. કેટલાક ઘરોમાં કાગળ જેવા પડદા પાછળથી લાઈટો ઝગારા મારી રહી હતી, કેટલાકની બહાર સોનેરી ફાનસો ટીંગાતા હતા. કેટલાક મકાનોની છત પર લગાવેલ ગ્લેઝ ટાઈલ્સમાંથી ચન્દ્રનું અજવાળું ચમકી રહ્યું હતું.

અમે એક નાના રસ્તા પર આવી ગયાં ત્યારે મને ધ્યાનમાં આવ્યું કે અયામેની શેરીનાં છેવાડે અમે પહોંચી ગયા છીએ. હું થાકી ગયો હતો, પણ કદાચ ઘસઘસાટ ઉંઘ આવી જાય એટલો બધો નહીં. ગમે તેમ, પણ હવે હું મારી શાંતિપ્રદ રૂમ પર પાછો ફરવાનું વિચારી રહ્યો હતો.

રયોકાનની લૉબીમાં જેવો હું દાખલ થયો કે તરત અયામેએ કહ્યું : "હવે હું તમને જુલીઆનનું પાર્સલ આપીશ." તે લૉબીમાં છેવાડે આવેલ એક દરવાજા સુધી મને દોરી ગઈ. હું તેની પાછળ પાછળ ગયો અને ફરીથી એક લાકડાના વરંડામાં જઈ પહોંચ્યો, સામે બગીચો હતો. છાપરાનાં છેવાડે થોડાં ફાનસ લટકાવેલાં હતાં. પરપોટાંથી છલોછલ ફુવારા પર એક સ્પોટલાઈટ પડતી હતી. આજુબાજુની મૂર્તિઓ પણ તેનાં પર પડતાં કિરણો વડે ઝબકી રહી હતી. બગીચો ખરેખર કંઈક અનોખો, જાદુઈ લાગતો હતો.

"અહીં બેસો." અયામેએ મને લાકડાની એક બેન્ચ તરફ ઈશારો કરી નમ્રતાથી કહ્યું : "હું હમણાં જ આવું છું." તે રૂમમાં અદૃશ્ય થઈ ગઈ.

એક મિનિટમાં જ પાછી આવી. તેનાં બે હાથમાં એક પાર્સલ હતું. એક હાથેથી બનાવેલ જાડા કાગળનું પડીકું હતું તથા તે રેશમી દોરાથી બાંધ્યું હતું. તેણે કાળજીપૂર્વક તે મને ધર્યું અને મેં તે બે હાથો વડે લીધું. તે મારી સામે જોઈ ફિકું હસી.

"આ કાગળમાં શું લખ્યું છે તે તમને ખબર જ હશે ને ?" મેં પૂછ્યું "હાસ્તો વળી." અયામે કહ્યું. તે હસી.

રૂમ પર આવીને મેં તે પડીકું ખોલ્યું અને જાડા કાગળની ગડી ખોલી. અંદર એક નોંધ હતી. સાથે નાનો સોનેરી બગલો હતો. મેં તે બગલાને મારી હથેળીમાં ઉભો રાખ્યો અને તેની સામે જોયું. તેનાં શરીરનાં વળાંક સરસ હતા. તેનું માથું એક બાજુ થોડું નમી ગયું હતું. તેની ચાંચ કોમળ હતી. મેં તે મુઠ્ઠીમાં બંધ કરી દીધું અને મારા ગળા ફરતેનો ચામડાનો પટ્ટો કાઢ્યો. બગલાને તેમાં મૂકીને મેં કાગળ વાંચવા માંડ્યો.

ભલા થઈને જીવો.

એ યાદ રાખવું જરૂરી છે કે જેમ આપણા શબ્દો આપણા વિચારોને મૂર્તિમંત કરે છે, તેમ આપણાં કાર્યો આપણી માન્યતાઓને મૂર્તિમંત કરે છે. ગમે તે બાબત હોય, ગમે તેટલી નાની કેમ ન હોય - તે ખૂબ મહત્વની છે. આપણે કોઈની સાથે કેવું વર્તન કરીએ

છીએ એ બતાવે છે કે આપણે બધાની સાથે - પોતાની સાથે પણ - કેવું વર્તન કરીએ છીએ. આપણે જો કોઈને અપમાનિત કરીએ છીએ, તો આપણે આપણી જાતને પણ અપમાનિત કરીએ છીએ. આપણે કોઈના પર વિશ્વાસ રાખી શકતાં નથી તો તેનો અર્થ એ છે કે આપણને પોતાની જાત પર પણ વિશ્વાસ નથી. બીજાં પ્રત્યે આપણે ક્રૂર છીએ તો જાત પ્રત્યે પણ આપણે ક્રૂર જ બનવાના.

આપણી આજુબાજુનાં માણસોની આપણે કદર ન કરી શકીએ તો જાતની પણ કદર નહીં કરી શકીએ. આપણે કોઈ વ્યક્તિ સાથે કંઈ પણ વર્તન કરીએ, કોઈપણ કાર્ય કરીએ, તો આપણે અપેક્ષા કરતાં પણ વધુ ભલા બનવું જોઈએ, સામે વાળા કરતાં વધુ ઉદાર થવું જોઈએ, શક્ય હોય એટલા હકારાત્મક બનવું જોઈએ. અન્ય વ્યક્તિ સામેની એક એક પળ આપણને આપણી અંદર જે શ્રેષ્ઠ છે તેને વ્યક્ત કરવાની તક આપે છે, આપણી માનવતાને પ્રસારવાની એક તક આપે છે. એક એક વ્યક્તિ સાથે સદ્ભાવ રાખી આપણે દુનિયાને વધુ સારી બનાવી શકીએ છીએ.

અયામે મારી સાથે કેટલી નમ્રતાથી, સદ્ભાવથી, રજૂ થઈ હતી. આ તાવીજ સાચવવા માટે જુલીઆને તેને યોગ્ય રીતે જ પસંદ કરી હતી. હું મારા વર્તન બાબત મારી જાત સાથે વાતો કરવા લાગ્યો.

છેલ્લાં ચોવીસ કલાક મારા માટે કેવા ખરાબ રહ્યાં હતા. પેરીસમાં દિવસની શરૂઆત ખરાબ રીતે થઈ હતી, કહોને કે મેં જ શરૂઆત ખરાબ કરી હતી. દોડધામ, ઘોંઘાટ, ગરબડ. ઓસાકા પહોંચ્યો ત્યાં સુધી, અરે ક્યોટો માટે ટ્રેનમાં હતો ત્યાં સુધી બસ આમ જ રહ્યું. ફરિયાદો, ફરિયાદો અને ફરિયાદો. પણ તેનાથી આખરે મને શું મળ્યું હતું ? મારી હતાશાનો ટોપલો બીજાના માથા પર મૂક્યાં પછી પણ મારા માથા પર ભાર હળવો થયો ન હતો. એ તો અન્ય લોકોની ભલમનસાઈ હતી કે તેમણે મને મદદ કરી. મને તેની કદર ન હતી. અયામેની નમ્રતા અને ભલાઈને કારણે જ હું કૂણો પડ્યો અને મારી જાત પ્રત્યેનું વર્તન પણ સરળ બની ગયું. કેવી જાદુઈ અસર. જુલીઆને જ્ઞાનના ભંડાર જેવાં શબ્દો લખ્યા હતા - અને અયામે ? અયામેએ જીવનમાં તેનો સાક્ષાત્કાર કરી બનાવ્યો હતો.



પ્રકરણ છ

જુલીઆને મને મોકલેલી ‘પ્રવાસની રૂપરેખા’માં મારા સમગ્ર પ્રવાસની અથ-થી-ઈતિ સુધીની વિગતો ન હતી. હવે પછી મારે ક્યા બે સ્થળે પહોંચવાનું છે તે જ તેમાં જણાવ્યું હતું. મેં તારીખ જોઈ ને ઊંડો શ્વાસ લીધો. હું એકધારી રીતે, એકધારી ગતિએ તેણે જણાવેલ વ્યક્તિઓને મળતો રહું તેમ જુલીઆન ઈચ્છતો ન હતો.

“કોઈ ચિંતા ન કરો.” અયામેએ ધીમા અવાજે કહ્યું : “આ રીતે જલ્દી જલ્દી મુસાફરી કરતા રહેવી તમારી તબિયત માટે સારું નહીં રહે. તમે જ્યાં જાઓ, જ્યાં રોકાઓ ત્યાં તમારે યોગ્ય ઉંઘની અને કસરતની જરૂર છે. મને લાગે છે તમારી આ જરૂરીયાતને નજરમાં રાખીને જ જુલીઆને પ્રવાસનું આયોજન કર્યું છે, તેની પોતાની જરૂરીયાત માટે નહીં.”

ફરી એક વખત, અયામેએ વસ્તુને કંઈક અલગ જ રીતે જોતાં શીખવ્યું.

દુનિયા સાથેનાં તેનાં વર્તનમાં ભારોભાર નમ્રતા ભરી હતી. તેનું વર્તન દરેક વ્યક્તિ સાથે - દરેક સંજોગો સામે - એટલું જ નમ્ર રહેતું અને સામે બીજાનું વર્તન પણ એટલું જ નમ્ર રહે તેવી અપેક્ષા તે રાખતી. તે કદાચ સાચી હતી. જુલીઆને મારો જ વિચાર કર્યો હશે, પોતાનો નહીં, પણ આ રીતે તો હું વિચારતો જ ન હતો. સમગ્ર પ્રવાસમાં કેટલો સમય જશે તે તેને તો ખબર જ છે. જો તેને તે મંજૂર હોય, તો મને, ખબર પડ્યા પછી પણ, શા માટે મંજૂર ન હોય ?

બીજા દિવસે, અયામે મને કિયોમીઝુની સમાધિ અને રયોનજી મંદિર લઈ ગઈ. અને સાંજે અમે જીઓન વિસ્તારમાં રખડ્યાં. રાત્રે પલગમાં પડખાં ઘસ્યાં. જુલીઆને જે રીતે પ્રવાસનું આયોજન કર્યું તે માટે મને માન થયું. મનમાં તેનો આભાર પણ માન્યો. આવતી કાલે મારે ઓક્સકુઝકેબ, મેકિસકો જઈને ચાવા ઉકાન નામની વ્યક્તિને મળવાનું હતું. અગાઉ હું એક વખત મેકિસકો આવેલો - અનીશા સાથે અકાપુલ્કો આવેલો - પણ

ક્યારેય મેરીન્ડા, જયાં કાલે મારે ઉતરવાનું છે ત્યાં, કે યુક્તાન પેનિનસુનામાં કોઈ જગ્યાએ આવ્યો ન હતો. મેક્સિકોમાં અત્યારે ખૂબ ગરમીનાં દિવસો ચાલી રહ્યાં હતા.

"જુઓ." અયામેએ બીજા દિવસે સવારે ઓસાકાના એકપોર્ટ ઉપર મારી સાથે હાથ મિલાવતાં કહ્યું. અમે એકબીજાને જાપાનની રીતભાત પ્રમાણે નમન કર્યું. સીધા થયા પછી તેના ચહેરા પર ચિંતાની રેખા સાથે મારી આંખમાં આંખ પરોવી તે બોલી : "જોનાથન, જુલીઆનનાં શબ્દોને મહેરબાની કરીને યાદ રાખજો. બીજા સાથે તમે જેવો સંબંધ રાખશો એવો જ સંબંધ તમે તમારી જાત સાથે રાખી શકશો. તમે બહુ જ સારા માણસ છો, પણ મને લાગે છે કે તમે તમારી જાત સાથે તે પ્રમાણે વર્તતા નથી."

સિકીના, ચાવા ઉકાનની પત્નિ, એ મને મન ફાવે તેટલો સમય સૂઈ રહેવાનું કહ્યું હતું. હું જાતે ન જાગું ત્યાં સુધી તે મને ઉઠાડવાની ન હતી. ઉઠવાની ઈચ્છા તો ન હતી પણ જ્યારે મારી આંખો ખુલી ત્યારે મેક્સિકન સૂર્ય ધસમસતો બારીઓમાંથી બેડરૂમમાં જાણે આવી પહોંચ્યો હતો. મારી છાતી પર તડકો જે રીતે જોર કરી રહ્યો હતો તેના પરથી મને ખ્યાલ આવી ગયો કે જેને 'સવાર' કહેવાય તે તો ક્યારનુંય પૂરૂં થઈ ગયું હતું !

અયામે સાથે હું બે દિવસ રહ્યો, પણ મારી પત્નિ વિશે મેં તેને કંઈ કહ્યું ન હતું. તેણે પૂછયું પણ ન હતું. તેને ઘણી બધી બાબતોમાં કોઈ રસ જ ન હતો.

અત્યારે ચાવાના ઘરમાં, બેડરૂમમાં પલંગમાં હું હતો. ટેરા કોટાની ફરસ પરથી તથા દિવાલોમાંથી ગરમી જોર કરીને બહાર ફેંકાતી હતી. મેં મારી જીંદગીમાં બીજા લોકો સાથે કેવું વર્તન કર્યું હતું તે હું વિચારવા લાગ્યો.

ઓસાકા એરપોર્ટ પરનું મારૂં વર્તન કંઈ ગૌરવ લેવા જેવું ન હતું. બેન્કના કેશીયર કે કરીયાણાની દુકાનવાળા સાથે મારાં વર્તન પણ યાદ આવ્યાં. આદમ સાથેનાં મારા વર્તનમાં ધીરજ તો ક્યાંય ન હતી. અને અનિશાને મેં ગુસ્સામાં કંઈ શું નું શું સંભળાવ્યું હશે. અજાણ્યાં લોકો સાથેનાં ખરાબ વર્તન કરતાં કંઈ કેટલીય વધુ વખત હું આદમ અને અનીશા સાથે ખરાબ રીતે વર્ત્યો હતો.

આપણું વર્તન મિત્રો સાથે હોય તેનાથી ઉતરતું આપણા કુટુંબીજનો સાથે શા માટે હોય છે ? અજાણ્યાં સાથે પણ ન કરીએ એટલું ખરાબ વર્તન આપણે કુટુંબીજનો સાથે શા માટે કરીએ છીએ ? કદાચ એટલે જ, કે આપણે માનીએ છીએ કે તેઓ માફ કરી દેશે, ભૂલી જશે. તેમને દુઃખ થશે તો પણ છેવટે તો તે મને સહન કરવાનાં જ છે ને ? આવી એક ધરપત પણ હોય છે. પણ શું તે યોગ્ય છે ? શું તે આપણાં છે તે જ તેમનો ગુનો છે ? જીંદગીમાં દરેક સાથેનું મારું વર્તન બદલી નાંખવાનો નિર્ધાર મેં કર્યો.

ના, બધા સાથે નહીં, અમુક તો અપવાદ રહેવાનાં જ, જેમ કે જુઆન.

લેબ છોડ્યાં પછી તરત જુઆનને હવે મુશ્કેલી થશે તેનો પહેલો અણસાર મને ડેવીડ અને તેનાં બોસ સ્વેન સાથેની લંચ મીટીંગમાં થયો હતો. મારા અગાઉનાં ઉપરી વિશેનો મારો મત જાણવા સ્વેને મને પૂછ્યું હતું. મેં તેની લીડરશીપનાં વખાણ કરવા માંડ્યાં

- ત્યાં સ્વેને હાથ ઊંચા કરી દીધાં.

"ના,ના, બૉસ તરીકે નહીં. મને ખબર છે તે સારા માણસ છે. તેની દૃષ્ટિને હું સમજુ છું. તેનાં ટેકનીકલ જ્ઞાનને હું જાણું છું. બધું બરોબર, પણ શું તે ખરેખર ધારદાર છે ? આપણે જે રીતે આગળ વધવું જોઈએ, વધી શકીએ તેમ છીએ, તે રીતે આગળ વધવામાં તેને રસ છે ?"

મૂંઝવણ થાય તેવી વાત હતી. મેં જ્યારે જ્યારે જુઆનનાં વખાણ કર્યાં ત્યારે ત્યારે ડેવીડ અને સ્વેનએ જાણે મેં ખોટો જવાબ આપ્યો હોય તેવું વર્તન કર્યું. છેવટે હું ચૂપ થઈ ગયો.

"સાંભળ." ડેવીડ બોલ્યો : "હું એમ નથી કહેતો કે જુઆન હોંશીયાર નથી. મને ખબર છે એક વખતે તે તેના ક્ષેત્રમાં ઘણો આગળ પડતો હતો. પરંતુ, તેની સાથે બીજાં તાજાં નવયુવાનો - એન્જીનીયરો, ડિઝાઈનરો - પણ હતાં જે 'આઉટ ઓફ ધ બોક્સ' વિચારી શકે, કંઈક નવું જ વિચારી શકે, નવો જ અભિગમ દાખવી શકે."

યુવાન ? મને શંકા ગઈ કે ડેવીડ ખરેખર તો 'સસ્તા'ના અર્થમાં વાત કરી રહ્યો હતો. ડેવીડ હંમેશા વધુ નફો મળે એ રીતે જ વિચારતો હતો.

જ્યારે વેઈટ્રેસ ટેબલ સાફ કરવા આવી, ત્યારે મારી ડીશ તો ચિક્કાર ભરેલી હતી. મને ઉલ્ટી થશે કે શું એવું લાગતું હતું. મને ખબર હતી જુઆન જેવો બુધ્ધિશાળી અને કંઈકને કંઈક નવું શોધી કાઢતો એન્જીનીયર મેં આજ સુધી જોયો ન હતો. એટલું જ નહીં, તે પોતાની નીચે કામ કરતાં માણસોને પણ કંઈક નવી જ રીતે વિચારતાં શીખવતો હતો.

ટેકનીકલ હોય કે ટ્રબલશૂટીંગ - દરેક માટે તેની પાસેથી કંઈક નવું જાણવા મળતું. પણ સ્વેન કે ડેવીડમાં તેમાંનું કંઈ ન હતું. હું કંઈ પણ કહું તેની વિરુધ્ધમાં બોલીને મને માત્ર નીચો પાડવાનું જ તેઓએ નક્કી કર્યું હતું. એ તો નક્કી હતું કે જો મારે મારી કરીયરમાં આગળ વધવું હોય તો જુઆનને સારો કહેવાનું બંધ કરવું જોઈએ. મારી ઑફિસથી હજારો માઈલ દૂર આટલા સમય પછી મને સમજાયું કે તે વખતે લંચટેબલ પર મેં લીધેલ નિર્માલ્ય નિર્ણયે અમને બન્નેને પારાવાર નુકશાન પહોંચાડ્યું હતું.

લંચના એ સમયને યાદ કરતો મેક્સિકોમાં હું જાગ્યો. સાચું કહું તો 'ભલા બનવાની' પેલી નોંધ મેં પહેલી વાર વાંચી ત્યારે જ મને આ ભૂલ સમજાઈ ગઈ હતી, પણ ઓસાકાથી મેરીડા સુધીની મુસાફરી દરમ્યાન મેં સતત તે વિચારોથી છૂટકારો મેળવાનો વ્યર્થ પ્રયત્ન કર્યો હતો. લોસ એન્જલેસ, ટોક્યો અને મેક્સિકો સીટીને સાંકળતી તે મુસાફરી ચોવીસ કલાક કરતાં પણ વધુ લાંબી હતી.

મુસાફરી દરમ્યાન હું અયામેની શાંતિપ્રિયતા તથા સરળતા યાદ કરતો રહીને જૂની વાતને ભૂલી જવાનો સતત પ્રયત્ન કરતો રહ્યો હતો. મારૂં મન અહીં તહીં ભટક્યા કરતું હતું, ગમે તેમ તેને શાંત પાડવાનો મેં પ્રયત્ન કર્યો. મારા ફોન પર મેં બહુ ધ્યાન આપ્યું નહીં. જે દિવસે મેં જાપાન છોડ્યું, કેલેન્ડર પ્રમાણે તે જ દિવસે હું મેરીડા ઉતર્યો. હું વિચારોનાં ધમસાણથી મુક્ત થઈ ગયો હતો. એરપોર્ટની બહાર નિકળતી વખતે એક મધ્યમ વયની મહિલા મારી કોણી ઘસીને આગળ નિકળી ગઈ, પણ હું ગરમ ન થયો.

સિકીનાએ તેના પતિની ગેરહાજરી માટે દિલગીરી વ્યક્ત કરી.

“કામ પર જવા માટે તેણે સવારમાં ઘણું વહેલું ઉઠવું પડે તેમ હતું. વળી અમે બન્નેએ વિચાર્યું કે તમારે અહીં આવીને આરામ કરવાની જરૂર પડશે. ચાવા તેના મિત્રને ત્યાં જવાનો છે ત્યાં હું તમને મળવા લઈ જઈશ.”

મેરીડાથી ઓક્સકુટસકેબ લાંબી મુસાફરી દરમ્યાન સિકીનાએ મને કહ્યું કે ચાવા ઓકસકુટ્સકેબની બહાર માયાનના ખંડેરોનાં ઉત્ખનનનું કામ કરતાં લોકો સાથે કામ કરતો ફિલ્ડ ટેકનીશયન છે.

“તે તમને તેની પુરાતત્વ વિષયક ખોદકામ દેખાડવા તથા તેનું કામ બતાવવા ઘણો આતુર છે.”

સિકીનાએ તેની, ચાવા તથા તેનાં બાળકો વિશે ઘણી વાતો કરી, કદાચ જરૂર કરતાં વધારે. તેણે કહ્યું કે વરસો પહેલાં જુલીઆન યુકાતાનમાં ફરતાં ફરતાં માયાનના પુરાતત્વ અવશેષો જોવા તથા તેની સંસ્કૃતિનો અભ્યાસ કરવા આવ્યો હતો ત્યારે તે તથા ચાવા તેને મળ્યાં હતા.

“કેવો અદ્‌ભૂત માણસ !” સિકીનાએ તેના લાંબા કાળા વાળની એક લટને કાન પાછળ લઈ જતાં કહ્યું : “કેટલો સમજદાર અને આનંદી.” પણ તેણે મારી મુલાકાતના કારણ કે તાવીજ વિશે કંઈ કહ્યું નહીં. મને થયું તાવીજ સાચવવા માટે જુલીઆને બહુ કાળજીપૂર્વક વ્યક્તિોની પસંદગી કરી છે. દરેકને તાવીજ તથા તેની સાથે જોડાયેલ અદ્‌ભૂત જ્ઞાન સાથે કંઈકનો કંઈક સંબંધ તો જરૂર હતો. સિકીનાના કહેવા પ્રમાણે ચાવા તેની જીંદગીની કેટલીક વાતો મને કહેવા માંગતો હતો. મેં વિચાર્યું - હમણાં તાવીજ વિશે કંઈ પૂછવું નથી. ચાવાને મળું, તેની વાતો જાણું પછી હું અનુમાન કરીશ કે તાવીજ સાથે જ્ઞાનની કઈ વાત મને જાણવા મળશે ?

અમે હવે ઓકસકુટ્સકેબ આવી પહોંચ્યા હતા. લગભગ સવારનો જ સમય હતો. સિકીનીએ ગુલાબી ચુનાવાળા એક નાનકડા મકાન સામે ગાડી ઉભી રાખી. અંદર જઈ ડ્રોઈંગ રૂમ જવાનો દરવાજો મને બતાવ્યો.

ડ્રોઈંગ રૂમથી આગળ બૅડરૂમ હતો. બૅડરૂમ નાનો પણ વ્યવસ્થિત હતો. મેં સામાન નીચે મૂક્યો અને બૅડ પર હું ફસડાઈ પડ્યો. મેં પડખાં પણ બદલ્યાં ન હતાં અને હું ઘસઘસાટ ઉંઘી ગયો.

કદાચ ગરમીના કારણે જ હું ઉઠી ગયો. પણ મને બૅડરૂમમાંથી રસોડા તરફ ખેંચીને લઈ જનારી તો કોઈ મજેદાર સુંગધ જ હતી.

“ઓહ !” સિકીનાએ એપ્રોનમાં હાથ લૂછતાં કહ્યું. “મને હતું જ કે જમવાનો સમય થશે ત્યારે જ તમે ઉઠશો. આપણે હમણાં જ જમવા જઈશું.”

તેનાં સાંકડા રસોડામાં એક ખૂણામાં નાના ટેબલ પર મને બેસવાનો તેણે ઈશારો કર્યો. ટેબલને ઘેરો પીળો રંગ કર્યો હતો. અને ચારેય ખુરશીઓના રંગ પણ અલગ અલગ હતા. મને થયું, અનીશાને આ ગમ્યું હોત. મેં ભૂરાશ પડતાં લીલા રંગની ખુરશી ખેંચી. તેના

પર હું બેઠો. સિકીનાએ મારી સામે પ્લેટમાં કંઈક ગરમાગરમ મૂક્યું.

"કોડઝીટોસ." તેણે કહ્યું :"નાનાં ટેકોઝ છે, મીટ અને ટમેટો સોસ સાથે. જામફળનો રસ પણ છે."

ખાવાનું મજેદાર હતું. મેં ભરપેટ ખાધું મેં કેટલું વધારે ખાધું હતું તે તો કલાક પછી સિકીનાના ટ્રકમાં ચડ્યો ત્યારે જ ખબર પડી હતી. મેં હાથ-મોં ધોઈને કપડાં બદલ્યાં. હજુ મને પેટ ભારે જ લાગતું હતું.

સિકીનાએ ટ્રકને ગીયરમાં નાંખ્યો અને ટ્રક આગળ સરકયો. મારા ધૂળીયા ચહેરા તરફ તેણે જોયું અને તે હસી.

"ઓ.કે." તેણે કહ્યું : "હાઈવે પર આગળ વધીએ એ પહેલાં હું અમારા શહેરનું એક નાનકડું ચક્કર તમને મરાવું. જેથી તમારા પેટમાં બધું ઠેકાણે પડી જાય."

ઓક્સકુટ્સકેબની ગલીઓમાં સિકીનાએ ટ્રક ધીમો ચલાવ્યો. આજુબાજુનાં મકાનોમાં કેટલાક ચુના વડે રંગાયેલા. કેટલાક રંગ કાબરચીતરા હતા તો કેટલાક સીમેન્ટના બ્લોકમાંથી બનાવેલાં હતા. છાપરા સપાટ હતાં, નળીયા કે પતરાંથી ઢંકાયેલા. કેટલાક નાનાં મકાનો પણ હતાં. તે લંબગોળ હતા અને તેની ટોચ અણીયાળી હતી.

"તે પારંપારિક માયાન ઝૂંપડીઓ છે." સિકીનાએ તેની સામે આંગળી ચિંધી કહ્યું. રહેણાંકનાં મકાનોનો દેખાવ અનિયમિત પણ અત્યંત રળીયામણો હતો. મકાનની આગળ પથ્થરની કે કોન્ક્રીટની નીચી દીવાલો હતી. અંદર ક્યાંક સૂકું ભઠ ઘાસ હતું તો ક્યાંક ભરચક લીલોતરી હતી. જેમાં તાડનાં ઝાડ, જાસૂદના છોડ કે ન ઓળખાય તેવી કેટકેટલી વનસ્પતિ હતી. કાસ્ટ આર્યનની રેલીંગ તથા દરવાજાઓ એક પછી એક ઝડપથી પસાર થઈ રહ્યાં હતા.

શહેરની મધ્યમાં કેટલાક ચર્ચ, રેસ્ટોરન્ટ્સ તથા હોટલ જોવા મળ્યાં. મકાનો બધા ચળકતાં રંગના હતા. ટેરાકોટા કે ભૂરાં કે પીળા. શેરીઓ ધૂળવાળી અને પ્રમાણમાં શાંત હતી. કાર થોડી હતી, પણ બાઈક, મોટરસાયકલ, રાહદારીઓ અને ખાવાની વસ્તુ વેચતા ખુમચાઓ ગરમીમાં ચારે બાજુ દેખાતાં હતા.

અમે જેવા એક સાંકડા ડામરના રસ્તા પર આવ્યાં કે તરત મકાનોની આજુબાજુ વધુ વનરાજી જોવા મળી. શહેર પૂરૂં થયું અને અમને દૂર દૂર ક્ષિતીજમાં નાની નાની ઢોળાવવાળી ટેકરીઓ જોવા મળી ત્યાં સુધી વનરાજી અમારી સાથેને સાથે જ રહી.

"યુકની ટેકરીઓ" સિકીનાએ મને કહ્યું : "ત્યાં માયાનનાં પુષ્કળ ખંડેરો છે - નાનાં અને મોટાં બન્ને. કાલે તમને ચાવા ઉક્સમાલ લઈ જવા માંગે છે. એક વખત તે શહેરની વસ્તી ૨૦૦૦૦ થી પણ વધુ હતી. આજે તે નાનું, લગભગ ભુંસાઈ ગયેલું શહેર છે."

અડધા કલાક પછી એક નાનકડી ખીણમાં જતાં ધૂળીયા, નીચે જતા રસ્તા પર અમે અગાળ વધ્યાં. અમે જેમ તેમ નીચે આગળ વધતાં ગયા. અમારી બન્ને બાજુ ઘટાદાર ઝાડી હતી.

આગળ જતાં અમે એક લાકડાનાં જૂનો સ્થાપત્યની નીચે આવી પહોંચ્યા. લાકડા પર કંઈક નામ કોતરાયેલું હતું. ત્યાં ખુલ્લી જગ્યામાં ગાડી ઉભી રાખી અમે બહાર આવ્યાં. ત્યાં ઘણા બધા લોકોનો ગણગણાટ સાંભળવા મળ્યો. તેમાં કેટલાંક શાળાનાં લોકો નવા જેવા લાગતા બેઠી દડીના એક મકાનમાં જતાં જોયાં. મેં ત્યાં અલગ જ માયાનનાં છાપરાવાળાં ઝૂંપડીઓ જોઈ. પ્રમાણમાં તે નવા લાગતા હતા અને તેનો ઘણો ઉપયોગ થઈ રહ્યો હોય તેમ દેખાતું હતું. પુરાતત્વની જગ્યાએ આ જોવા મળશે તેવું મેં ધાર્યું ન હતું.

"ઓહ, ત્યાં પણ ઘણું બધું બની રહ્યું છે." સિકીનાએ કહ્યું : "અહીં પણ કુદરતની જાળવણી તથા સંશોધન માટેની વ્યવસ્થા છે. જગ્યા ચાર હજાર એકર કરતાં પણ વધુ છે."

અમને ટ્રકમાંથી બહાર આવ્યાને માંડ થોડી મિનિટો થઈ હશે ત્યાં કેપ, શોર્ટસ અને ભારેખમ બૂટ પહેરેલો એક ઠીંગણો, ચોરસ જેવા ચહેરાવાળો માણસ અમારી સામે આવી ઉભો રહ્યો.

"હોલા, જોનાથન !" તે બોલ્યો. હું મલકાયો અને મેં હાથ લંબાવ્યો. ચાવાએ ઝનૂનપૂર્વક હસ્તધૂનન કર્યું.

"કેમ છો?"

ચાવા સાથે માત્ર એક જ મિનિટ તમે વાત કરો ત્યાં જ તમને ખબર પડી જાય કે તે ઈતિહાસ પાછળ કેટલો પાગલ છે. તેણે મારી મુસાફરી, જુલીઆન તથા સિકીનાએ મને બરાબર ખવરાવ્યું - પીવરાવ્યું હતું કે નહીં - બાબતના પ્રશ્નોની ઝડી વરસાવી દીધી. પણ પોતે જે કામ કરી રહ્યો હતો તેની વાત નિકળી ત્યારે તેનો અવાજ ઓર ખિલ્યો.

સિકીના પાછળની એક ઓફિસમાં મુલાકાત લેનારા મિત્રો જોડે રોકાઈ હતી. ચાવા મને જંગલની ટેકરીઓમાં થઈને ખુલ્લા વિસ્તારમાં લઈ આવ્યો અને તે જગ્યા પુરાતત્વને લગતા કામકાજનું હાલનું કેન્દ્રસ્થાન હતું તે જણાવ્યું. આ બધાને તાવીજ સાથે શું સંબંધ છે તે તો મને સમજાતું જ ન હતું. પરંતુ આ પ્રવાસ જે રીતે આગળ વધી રહ્યો હતો તેમાં હું કંઈ કરી શકું તેમ ન હતો.

"પુરાતત્વવિદો અહીં દશકાઓથી કામ કરે છે." ઘનઘોર ઝાડીમાંથી પસાર થતા ચાવાએ કહ્યું : "પણ છેલ્લા થોડા વર્ષોના કામ પરથી અમને લાગે છે કે, માયાન સામ્રાજયની પડતીનાં કારણો શોધવામાં અમને અહીંથી કંઈક સંકેતરૂપે મળશે."

આ મધ્યમ વયના પુરાતત્વવિદ્‌ના રૂપમાં જાણે મારા પિતાએ ફરી જન્મ લીધો હોય તેમ લાગ્યું. તે બોલતો ગયો, તેની સામે મારું સ્મિત ચાલુ જ રહ્યું. તેણે કહ્યું માયાન ભાષા બોલતાં લોકો ચાર હજાર વર્ષ પહેલાં હતાં, પછીના ત્રણ હજાર વર્ષ માયાન જગતમાં સુશિક્ષિત અને ગીચ વસ્તીવાળા શહેરો ચારે બાજુ ફેલાયેલાં હતા. માયાન સામ્રાજયનાં સૌથી સમૃદ્ધ સમયમાં બે મોટા શહેરોની વચ્ચેની જગ્યા ખેતરો તથા ગામડાંઓથી ચિક્કાર ભરેલી હતી, અને દરેક મહત્વની જગ્યાઓ સફેદ ચુનાના પથ્થરોથી બનાવેલ રસ્તાઓ થકી જોડાએલ હતી.

શહેરો કે રાજયોનો વહીવટ ચીવટથી ઘડાયેલ રાજકીય પ્રણાલીથી થતો હતો. એટલું જ નહિ પણ ત્યાં સ્થાપત્યનું સ્તર પણ ઘણું ઊંચું હતું : પગથિયાવાળા પિરામીડ તથા મંદિરો, બહુમાળી રહેઠાણનાં મકાનો, અલંકૃત કોર્ટયાર્ડસ તથા જાહેર વપરાશની જગ્યાઓ - બધા વિશે તે બોલતો જ ગયો. ચાવાએ કહ્યું માયાનએ અદ્‌ભુત કલાકારી સર્જી હતી તથા વિશ્વની સૌથી શરૂઆતની ગણાય તેવી લેખન પ્રણાલી વિકસાવી હતી.

ગણિતમાં તેની અપ્રતિમ કુનેહના કારણે તેમણે ખગોળશાસ્ત્રમાં પણ ઘણી પ્રગતિ કરી હતી. જેના થકી તેણે સૌથી વિખ્યાત એવા માયા કેલેન્ડરની સિદ્ધિ મેળવી હતી. ચાવાના વિચારો જાણે સરસ રીતે તૈયાર કરેલ પ્રવચનની જેમ બહાર આવતાં હતા. તેની વાતોમાં એક ગૌરવ હતું. તે પોતાનાં જાણીતાં અને પ્યારાં માણસોની વાત કરતાં કરતાં સતત હરખાતો હતો.

પછી ઈ.સ. પૂર્વે ૯૦૦ થી ૧૦૦૦ ની વચ્ચે, સ્પેનીશ લોકોનાં આગમનનાં છસ્સો વર્ષ પહેલાં, સંસ્કૃતિ ખંડિત થવા લાગી. ત્યાર પછીનાં બસો વર્ષમાં અત્યંત ખરાબ પરિસ્થિતિએ તેનો પંજો ફેલાવ્યો. નેવું ટકા વસ્તી ઘટી ગઈ. શહેરો નાશ પામ્યાં. માયાનની ભવ્યતા એક ઈતિહાસ બની ગઈ. શહેરોની જગ્યાએ ઘનઘોર જંગલો છવાતાં માત્ર સો કે બસ્સો વર્ષ લાગ્યાં. સ્થાપત્યો અને રસ્તાઓને વનરાજીએ દાટી દીધાં. વધેલી વસ્તી અહીં તહીં વિખરાઈ ગઈ. નાનાં નાનાં ગામડાઓમાં ફેલાઈ ગઈ અને ખેતી દ્વારા ગુજરાન ચલાવવા લાગી. આ બચેલી વસ્તી જ ચાવાનાં પૂર્વજો હતા - ચાવાએ કહ્યું.

વાતો કરતાં કરતાં ચાવા મને જંગલમાં લઈ ગયો હતો. ઝાડનાં મૂળીયાં તથા તૂટેલાં પથ્થરો-અવશેષો પાસે રસ્તામાં એકલ દોકલ ખેતમજૂરોને મેં જોયાં. બાકી બધું ખાલીખમ સુમસામ હતું. ઝાડ ઉપર પક્ષીઓ કલબલાટ કરતાં અહી તહીં ઉડી રહ્યાં હતા. ઝાડ પરથી પાંદડાઓ પડવાનાં તથા તેનાં ચારેબાજુ ઝડપથી ફેલાઈ જવાનાં અવાજ આવતાં હતા. મેં કરોળીયા, વિંછી કે બિલાડી જેવા ડરામણાં પ્રાણીઓને ભૂલીને પક્ષીઓનાં કલરવમાં ધ્યાન પરોવ્યું.

ચાવા ઉભો રહી ગયો. તેણે પથ્થરોની એક ગોઠવણી, હમણાં જ શોધેલી પુરાતત્વની જગ્યા, તરફ મારૂં ધ્યાન દોર્યું. એક નાનાં પિરામીડની ફરતે તેણે મને ફેરવ્યો. મેં ચિચન ઈન્ઝાનાં પ્રખ્યાત પિરામીડનાં ચિત્રોમાં જોયા હતા તેવો તે પગથિયાવાળો પિરામીડ હતો. લગભગ પાંત્રીસ ફૂટની ઊંચાઈ તેની હતી. પછી પથરોથી બનેલી બે બાજુઓની વચ્ચે પથરાયેલા મકાનો તરફ અમે આવ્યાં. મકાનોના પાયામાં ચોરસ પથ્થરો ગોઠવેલાં તથા તેનાં છાપરાં પર પથ્થરો કલાત્મક રીતે ગોઠવેલાં હતાં. "આ અડધો બાંધેલો મહેલ છે." ચાવા બોલ્યો : "આજુબાજુ જાહેર જનતા માટેની જગ્યા છે."

હું ખંડેરની આસપાસ ફર્યો અને પથ્થરનાં ચોસલાંઓથી બનેલ મકાનને બારીકાઈથી જોતો રહ્યો.

"શું તેમની પાસે ધાતુનાં સાધનો ન હતાં ?"

"ના, માત્ર સ્ફટિક, ચકમક તથા જવાળામુખીના ખડકો તથા પથ્થરો. આ પદાર્થોમાંથી ધાતુ બનતી ન હતી." ચાવા બોલ્યો.

મેં કહ્યું : "અદ્દભુત !"

"આપણે થોડો આરામ કરીશું ?" એક મોટા પથ્થરની ધાર પર બેસતાં ચાવાએ પૂછયું, તેની પાસે રહેલી પાણીની બોટલ કાઢીને મારી સામે તેણે ધરી. મેં આભારની લાગણી સાથે તે લીધી. ઝાડનો છાંયો હતો, પણ ગરમી તો જમીનમાંથી તથા ઝાડની ટોચ પરથી જ વાતાવરણમાં ફેંકાતી હતી. મારી પીઠ સાથે પરસેવાથી મારો શર્ટ ચોંટી ગયો હતો, પગમાં પણ પરસેવો વળી ગયો હતો.

"આ કામમાં આની તો મજા આવે છે." ચાવાએ કહ્યું : "જે છે તે છે ગૂઢતા. રહસ્ય, કદાચ આધ્યાત્મિક સત્ય. આપણને લાગે છે કે, વિકસિત શહેરોમાંથી માનવવસ્તી સ્થળાંતર કરી ગઈ હતી. પણ ના, સ્થળાંતર નહીં પણ વસ્તી જ ઘટી ગઈ હતી, માત્ર વધેલી થોડી વસ્તી જ સ્થળાંતર કરીને બીજે કયાંક ચાલી ગઈ હતી."

માયાન સંસ્કૃતિમાંથી મળેલાં હાડપિંજરોનાં અભ્યાસ કરનાર વૈજ્ઞાનિકે કહ્યું હતું કે, સંસ્કૃતિના પાછલા વર્ષોમાં હાડપિંજરોનાં હાડકાંઓમાં પણ અનાજની અછતનું કારણ મળી આવ્યું હતું. શિકાર મેળવવા માટેની વધુ પડતી દોડધામના કારણે પણ આમ બન્યું હોય. બીજી શકયતા કોઈ મહાચેપી રોગ કે ખેતીવાડીમાં કોઈ મહાઆફત ઉતરી આવી હોઈ શકે. પણ અનાજની ભયંકર અછત માટેની સૌથી વધુ શકયતા તો વર્ષોવર્ષ ચાલેલો કોઈ મહાદુકાળ જ હોઈ શકે. યુકાતાનમાં તેના શ્રેષ્ઠ સમયમાં પણ પૂરતું પાણી ન હતું." તે હસ્યો. હા, રોગચાળો, યુદ્ધ કે હિંસાચારીએ પણ વસ્તુને ભરખી લીધી હોય તેમ પણ બને.

ચાવા ઉભો થયો, પાણીની બોટલ પાછી પાછળ ભરાવી દીધી.

"અહીં જુઓ." તે બોલ્યો : "સામાન્ય રીતે પુરાતત્વનાં ઉત્ખનન દ્વારા જોવા ન મળે તેવી એક વસ્તુ અહીં છે. આવો." ચાવા મને ખંડેરની એક બાજુ લઈ ગયો. બહારનો ચોરસ જેવો પુરાતન રસ્તો શેના પર ટકેલો છે ? નાનાં ગોળ થાંભલાઓ પર, પણ ચાવા તો મકાનની સામે જમીન પર જોઈ રહ્યો હતો. મેદાનમાં પથ્થરની એક ગોઠવણી (તે ગોઠવણી વ્યવસ્થિત તો ન હતી પણ ગમે તેમ આડીઅવળી પણ ન હતી.) તરફ આંગળી ચીંધતા તે બોલ્યો : "વિચારો, આ શું હશે ?"

નજીક જતાં મેં કહ્યું: "મને ખબર નથી." બે પથ્થરો વચ્ચે ઘાસના ઝૂમખાં દેખાતાં હતા. ઝડપથી એક કાચિંડો બાજુમાંથી પસાર થઈને નજીકનાં ઢગલામાં કયાંક અલોપ થઈ ગયો. "તે કોઈ મકાનની શરૂઆત છે ? કે પડી ગયેલું કોઈ મકાન છે ?" "ના, તે માત્ર એક દિવાલ છે, કોઈ પડી ગયેલી દિવાલ નહી, વર્ષો પહેલાં તે બનાવવામાં આવી હતી અને અહીં મૂકવામાં આવી હતી. તેનાં પર બીજો માળ ચણવાની રાહ જોવાઈ રહી હતી. તે કોઈ દુષ્કાળ કે રોગને કારણે અટકી નહોતી ગઈ, તે અટકી નહોતી ગઈ પણ તેમાં વિક્ષેપ પડયો હતો."

અમે જયારે આ નાનો પ્રવાસ શરૂ કર્યો ત્યારે પુરાતત્વવિદ્યાનો જાણે એક થોડો અમથો અભ્યાસ કરતાં અહીં તહીં રખડવા હું નીકળી પડયો હોઉં તેમ જ હતું. મને મળેલાં માણસનાં કામને જોવાની માત્ર ઔપચારિકતા હતી, પણ હવે હું જોવા લાગ્યો કે, શા માટે ચાવા તેને મળેલ દરેક વ્યકિતને આ બધું બતાવવા માંગે છે. દરેક અજાણ્યા સાથે પણ તેનાં કામ વિશે વાતો કરે છે. તે જે પ્રકારનું કામ કરે છે તે શા માટે વ્યકિતને જકડી

રાખે છે. ઘણાં પ્રશ્નોનાં જવાબ શોધવાનાં હતાં.

“તમને શું લાગે છે ?” મેં પૂછયું : “કોઈએ હુમલો કર્યો હોય કે એવું કંઈક ?”

“યુદ્ધ કે હિંસા હોય તેવું લાગે છે ને ?” ચાવાએ કહ્યું: “આપણને અહીં ઘણાં બધાં ભાલાના ટુકડાઓ મળ્યા છે. પણ જુઓ, સામે રક્ષણ માટે કંઈ જ કરવામાં આવ્યું નથી. કોઈ અચાનક હુમલો પણ હોઈ શકે.... પણ અહીં બીજી વસ્તુ પણ છે.” ચાવાએ મને દિવાલથી જરા દૂર જવાનો ઈશારો કર્યો. “તમે હજુ થોડાંક ઉપર ચડી શકો ?”

ચાવા મને એક ગોળાકાર રીતે ઉપર જતા રસ્તા પર લઈ ગયો. તૂટેલાં પગથિયાં પર અમે જેમ તેમ કરીને આગળ વધ્યાં. ટેકરીની ટોચની નજીક પહોંચ્યા પછી ચાવાએ ઉપર ચઢવાનું બંધ કર્યું. સ્વાભાવિક રીતે ખંડેર હવે નીચે હતું. દિવાલનાં તળીયાના પથ્થરો આસપાસ સૂકી ધૂળ અને ખાડાંઓ સ્પષ્ટ રીતે દેખાતાં હતા. ત્યાં એક સ્ત્રી પથ્થરોની આસપાસની ધૂળને નાનાં બ્રશ વડે કાળજીપૂર્વક દૂર કરી રહી હતી. બીજી તરફ ખાડામાં પથ્થરનાં ટુકડાં તથા માટીના તૂટેલાં વાસણ હતાં, જેના પર ધજા કે કંઈક લખાણની નિશાનીઓ દેખાઈ રહી હતી.

પેલી સ્ત્રી ઉભી થઈ એટલે ચાવાએ કહ્યું : “જોનાથન, આ એલેન છે અને એલેન આ જોનાથન છે.” એલેન અમેરિકન યુનિવર્સિટીની ટીમમાં કામ કરતી ફિલ્ડ ટેક્નિશ્યન હતી.

“હું જોનાથનને આપણી નવી શોધખોળ બાબત કહી રહ્યો હતો. આ ટેકરીઓ બાબત એલન પણ કંઈ કહી શકે એવું મને લાગે છે,” ચાવાએ કહ્યું. એલને તેના પેન્ટના ખિસ્સામાંથી સ્કાફ કાઢી ચહેરો થોડો સાફ કર્યો અને હકારમાં માથું ધુણાવ્યું. ચાવાની જેમ જ તેને પણ તેના કામ બાબત વાતચીત કરવામાં કોઈ પ્રોત્સાહનની જરૂર ન હતી.

તેણે જણાવ્યું કે જૂના સમયમાં રસોઈ કેવી રીતે બનતી હતી. તે જોઈ રહી છે. દરવાજા પાસે મકાઈ દળવાના પથ્થરો મૂકેલા હતા. વ્યવસ્થિત ગોઠવેલા વાસણો એ દર્શાવતા હતા કે કામ શરૂ કરવામાં આવ્યું હતું. પણ અધવચ્ચે અટકી ગયું હતું. દરેક વસ્તુ કંઈક અધૂરી રીતે પડી હતી. જાણે કે હમણાં થોડા સમયમાં ફરી આવીને તેને પૂરી કરવાની હોય. તેઓ અચાનક જ ઝડપથી કામ અધૂરું મુકીને ભાગ્યા હોય અને ભયથી ફરી પાછા આવ્યા જ ના હોય તેવું લાગતું હતું. જે હતું તે બરાબર હતું, પણ કયાંય હુમલાની કોઈ નિશાની ન હતી.

“ઓહ,” ચાવાએ નિઃસાસો નાખ્યો. “આ બધું સમજતા પહેલાં આપણે ઘણું બધું કામ કરવાનું બાકી છે.”

એલને કહ્યું : “બરાબર છે, હવે તમને વાંધો ના હોય તો હું મારું કામ કરવા માંડું ? દિવસ પૂરો થતાં સુધીમાં હજુ મારે ઘણું કરવાનું છે. ચાવા અને હું ટેકરી પર થોડીક મિનિટ ઉભા રહીને ઝાડથી બનેલા છત્રને જોતાં રહ્યા. મેં એલનને ફરીથી ધૂળ ફંફોળતા જોઈ. ત્યાં છાંયો લગભગ હતો જ નહિ. જોકે, હું આવ્યો ત્યારે સૂર્ય જેટલો ઉપર હતો તેટલો અત્યારે ન હતો. પણ હજુ ગરમી તો હતી જ.

"એક વસ્તુ મને સમજાતી નથી," મેં ચાવાને કહ્યું : ચાવાએ મારી સામે જોયું. "કામ," મેં કહ્યું : "ખોદવાનું કામ કેટલું ધીમું ચાલી રહ્યું છે. મને હતું કે, ઈલેકટ્રીકલ એન્જીનિયરો અને ટેકનિશિયનો ધમાધમ કામ કરતા હશે. પણ અહીં તો...." એલન તરફ ઈશારો કરી મેં કહ્યું : "બહુ જ ધીમે ધીમે અડધા... અડધા ઈંચ જેટલું ખોદકામ ચાલી રહયું છે. આમ તમે કેવી રીતે કામ પૂરૂં કરી શકશો ?"

"બરાબર છે," ચાવાએ હસતાં હસતાં કહ્યું, "તમે આખો દિવસ કામ કરો. છેવટે તમે શું કર્યું હોય ? માત્ર થોડા કિલો રેતી જ ખસેડી હોય. બસ." મેં ખભા ઉલાળી આશ્ચર્ય વ્યકત કર્યું.

"અમારા કામને સામાન્ય રીતે કોઈ ગંભીરતાથી લેતું નથી. અમેરિકન ફિલ્ડ વર્કર્સ કયારેક પોતાને મજાકમાં મજૂર તરીકે જ ઓળખાવે છે. પણ અમારે કામમાં કયારેય ઉતાવળ કરવાની હોતી નથી. શાંતિથી જ કામ કરવું પડે છે અને એ ઉપરાંત, અમારે કામ ખૂબ કાળજીપૂર્વક ચોકસાઈપૂર્વક તથા અત્યંત વ્યાવસાયિક ધોરણે કરવાનું હોય છે, અમે કંટાળી ગયા હોઈએ કે થાકી ગયા હોઈએ તો પણ."

ચાવા તૂટેલા પગથિયાં તરફ આગળ વધ્યો. મારી સામે જોઈ બોલ્યોઃ "એક એક ઈંચનું કામ પણ બહુ જ કાળજીપૂર્વક કરવું પડે છે. મૂળ વસ્તુને સહેજ પણ નુકસાન ના થવું જોઈએ. આ બધાં નાના નાના ખોદકામ થકી જ બહુ જ મહત્વની ઐતિહાસિક શોધ કરી શકાય છે અને કંઈક ઘણું અગત્યનું જાણી શકાય છે. અમે જે કંઈ કામ કરીએ છીએ તે ખૂબ જ મહત્વનું હોય છે અને તેના થકી જ પુરાતત્વની ઘણી ગૂંચવણો ઉકલે છે."

ઘેર જતી વખતે ટ્રકમાં સિકીનાએ મને બારી પાસે બેસવાનો આગ્રહ કર્યો અને પોતે મારી અને ચાવાની વચ્ચે બેઠી. મેં આખે રસ્તે બારી ખુલ્લી રાખી અને બારીની બહાર નાના બાળકની જેમ બધું જોતો રહ્યો. સૂકી હવાના સપાટા અદ્‌ભુત હતા. રસ્તામાં આગળ વધતાં ઓકસકુટઝકેબના બંને બાજુ મકાનો ધરાવતા રસ્તાઓ ચાલુ થયા ત્યારે બારીની બહાર ધ્યાન રાખવાનું એક બીજું જ કારણ હતું - રસોઈની મજેદાર સુગંધ. હું કેટલો ભૂખ્યો થયો હતો તે મને યાદ આવ્યું. કદાચ અમે ઘરે પહોંચીએ ત્યારે ગરમાગરમ રસોઈ તૈયાર જ હશે.

"મને વિચાર આવે છે કે," મેં ચાવા અને સિકીનાને કહ્યું: "હું તમને શહેરમાં કયાંક જમવા લઈ જાઉં, મારી પાછળ તમે બન્નેએ આખો દિવસ ઘણો ભોગ આપ્યો છે."

"ઓહ, નો." સિકીના બોલી, "એમ તો બને જ નહિ. ઝામા આપણી રાહ જોઈ રહી છે." અમે ચાવા અને સિકીનાની પરિણીત પુત્રીના ઘરે જઈ રહ્યાં હતા. તેણે અને તેના પતિએ અમારા માટે જમવાનું મોટું આયોજન કર્યું હતું.

સાંજ માણસોથી ખીચોખીચ અને શોરબકોરવાળી હતી. ઝામા, તેનો પતિ, તેના ત્રણ બાળકો તથા આડોશીપાડોશીઓ પણ હાજર હતા. સંગીત વાગતું હતું. મારો ગ્લાસ ભરેલો હતો અને તેઓ તેને ખાલી તો રહેવા દેતાં જ ન હતા. અને મારી પ્લેટમાં ખાવાની વસ્તુનો મોટો ઢગલો કર્યો હતો. બાળકો છુપાઈને ઘૂસપૂસ કરતા હતા.

ત્યાં મારી નજર ઝામાના છ વર્ષના દિકરા એમે પર ગઈ. તે મુકતપણે હસતો હતો

અને બેઠો હોય તો પણ સતત હલ્યા કરતો હતો. તેને જોઈ મને મારા દીકરાની યાદ આવી. ખાવાનું પતાવીને હું ઘરની બહાર રસ્તા પર ગયો, જયાં ઘણી શાંતિ હતી. મેં ઘરે ફોન કરવાનો પ્રયત્નો કર્યો, પણ હું જયારથી મેકિસકો આવ્યો ત્યારથી મોબાઈલમાં સિગ્નલ પકડાતું ન હતું. તેથી મેં આદમને એક મેસેજ મોકલ્યો. "હેય બીર્ી, મને અહીં કંઈક મજેદાર જોવા મળ્યું. હું ઘરે આવીશ ત્યારે તને વિગતવાર કહીશ પણ અત્યારે તો માત્ર એટલું જ કહીશ કે આઈ લવ યુ."

મોબાઈલને સિગ્નલ મળશે ત્યારે મેસેજ આપોઆપ રવાના થઈ જશે. પછી હું પાર્ટીમાં પાછો અંદર ગયો પણ મારું મન સહેજ પણ લાગતું ન હતું. બહારથી પાછો આવ્યો પછી હું શાંત થઈ ગયો હતો તે ચાવાએ જોયું. લગભગ ત્રીસેક મિનિટ પછી તેણે નીકળવાનું કહ્યું.

પથારીમાં મોડી રાત્રે મેં ચાવાના સુખી કુટુંબ વિશે મારી જર્નલમાં લખ્યું. મને આદમને મળવાની તીવ્ર ઈચ્છા થઈ આવી. બસ, મારો દીકરો અહીં જ મારી બાજુમાં હોય તેથી વિશેષ મારે કંઈ જ નહોતું જોઈતું. જયારે તે મારી પાસે હતો તે ક્ષણોને મેં કેમ જાળવી ન રાખી ? જયારે કંઈક આપણી પાસે હોય છે ત્યારે નહીં, પણ તે જયારે નથી હોતું ત્યારે જ તેની કિંમત આપણને સમજાય છે.

બીજે દિવસે પરોઢ પહેલાંના અંધારામાં જ ચાવા અને હું કાર પાર્કિંગમાં પહોંચી ગયા. મેકિસકોથી જલ્દી ભાગી છૂટવા સિકીનાને મને જલ્દી મેરિડા એરપોર્ટ પહોંચાડી દેવાની વાત કરવાનો એક વિચાર આવી ગયો. પણ મને અયામેના શબ્દો યાદ આવ્યા. જુલિઆને ઘડેલાં આ પ્રવાસ પાછળ પણ કંઈક કારણ હશે જ, ઉપરાંત ચાવા માયાન વિશે કંઈકનું કંઈક મને શીખવવા ઘણો ઉત્સુક હતો અને જો હું તે ટૂંકમાં પતાવું તો બહુ ખરાબ લાગે તેમ હતું. બપોર પહેલાં અમે ઉકસમાલ પહોંચી જઈએ તેમ તે ઈચ્છતો હતો.

તેણે કહ્યું : "સૂરજ નીકળશે પછી ત્યાં વધુ માણસો જોવા મળશે પણ તમારે તો આ બધું એકલાં જ જોવાનું છે ને ?"

સાઈટ પર કામ કરતાં ઘણા લોકો સાથે ચાવાને ઓળખાણ હતી અમે મંદિરો અને ખંડેરોનાં પ્રવેશદ્વાર જેવાં મકાનમાં દાખલ થઈએ ત્યારે અમને મળવાની સિકયોરીટી ગાર્ડને સૂચના આપવામાં આવી હતી. અમે દૂરથી જ મ્યૂઝિયમનાં આગળનાં દરવાજે યુનિફોર્મવાળા સિકયુરીટી ગાર્ડને જોયો. અમે ત્યાં પહોંચ્યા ત્યારે તેણે અને ચાવાએ માયા ભાષામાં કંઈક ટૂંકી વાતચીત કરી, ગાડેર્ અમારા માટે દરવાજો ખોલ્યો પછી તેણે લૉબી તરફ હાથ કરી કંઈક કહેવા માંડયું. ચાવાએ કહ્યું: "મને રસ્તાની ખબર છે, મારી પાછળ આવો."

ત્યાંથી આગળ જતાં દસેક મિનિટ પછી અમે ખુલ્લામાં આવ્યાં. આછા અજવાળામાં અમને લગભગ ૧૦૦ ફૂટ ઊંચો અને ઓછામાં ઓછો ૨૦૦ ફૂટ પહોળો ભવ્ય પિરામિડ જોવા મળ્યો. કાલે જોયેલાં નાનાં પિરામિડ કે ચિત્રોમાં જોયેલાં માયાન પિરામિડો કરતાં અલગ આ પિરામિડનો પાયો લંબગોળ હતો. ચાવાએ કહ્યું. "આ જાદુગરનું મંદિર છે."

અમે ઊભા હતાં અને અમારી પાછળથી જાણે સૂરજ સડસડાટ ઉપર ચઢી ગયો

અને મંદિરનાં પથ્થરો ઉપર સીધાં કિરણો પડયાં અને જાણે પિરામિડની અંદર અગ્નિ હોય તેમ પથ્થરોમાં સોનેરી તેજ વર્તાયું. ચાવાએ નીચા નમીને મને ધીમેથી કહ્યું. "જબરજસ્ત છે ને ? કોઈ માણસે બનાવ્યું હોય તેવું લાગે જ નહીં. આપણા જેવા કોઈ માણસે જ આ બનાવ્યું છે. કેવું અદ્ભુત કહેવાય." મેં માથું હલાવ્યું. પિરામિડને હું આભો બનીને જોતો જ રહ્યો.

પિરામિડની આજુબાજુનું આકાશ પ્રકાશમય બન્યું તે અમે જોયું પછી ચાવાએ ચાલવાનું શરૂ કર્યું. તે પિરામિડ બાજુ જઈ રહ્યો હતો તેની પાછળ પાછળ હું ચાલ્યો.

"પ્રવાસીઓને આ પગથિયા ચઢવાની મનાઈ હોય છે. પણ આપણને ખાસ પરવાનગી મળી છે." પગથિયા ચઢવાને બદલે ચાવા પિરામીડની પાછળની બાજુ જવા લાગ્યો. પગથિયા ચઢવાની વાતથી હું ઉત્તેજિત થઈ ગયો હતો. બધું જાણવામાં હું જે રસ દાખવતો હતો તેને ચાવાએ ગંભીરતાથી જોયું એ જાણીને મને આનંદ થયો.

"પાછળની બાજુએથી ઉપર ચડવું વધુ સારૂં પડશે." મને પાછળની બાજુ લઈ જતાં તે બોલ્યો. હું પગિથિયાંની પાસે પહોંચ્યો ત્યારે મને સમજાયું કે ઊંચાઈ દેખાય છે તેના કરતાં ઘણી વધુ હતી અને પગથિયાં પણ સીધાને સરળ ન હતાં. ઉપર ચઢવું મુશ્કેલ હતું. ચાવાએ શરૂઆત કરી અને અમે ધીમે ધીમે ઉપર જવા લાગ્યાં.

પગથિયા સાંકડાં હતા અને ચઢાણ સીધું હતું. આડાઅવળાં પગથિયાં પર થઈને પણ ઉપર જવાની એક મજા હતી. ચાવાએ કહ્યું કે કેટલાક પિરામિડોમાં ઉપર ચઢવા માટે લોખંડની સાંકળ પણ લટકાવેલી હોય છે. સાંકળની જરૂર કેમ પડે તે તો મને દેખાતું જ હતું. ધીમે ધીમે અમે ટોચ પર પહોંચી ગયા. ખરૂં કહું તો કોઈ મેરેથોન પૂરી કરી હોય તેમ હું પરસેવે રેબઝેબ થઈ ગયો હતો.

"ઉકસમાલનો સૌથી સારો નજારો અહીંથી જોવા મળે છે." ચાવાએ કહ્યું. " બેસો, આરામ કરો અને જુઓ." ચાવાએ તેની નાની કેનવાસની બેગ નીચે મૂકી અને આરામથી બેઠો. હું પણ બેઠો. અમારી સામે ઉકસમાલ સેંકડો એકરમાં પથરાયેલું હતું. પ્રાચીન શહેરનાં ઘણાં અવશેષોની ઉપર લીલોતરી છવાઈ ગઈ હતી. માટીનાં ચોરસ ઉપસેલાં ઢગલાઓ પરથી રસ્તાઓ તથા મકાનોનાં અણસારો દેખાઈ રહ્યા હતાં. અમારી નીચે જ નજીકમાં મોટી ખંડેરોનો સમૂહ હતો.

ચાવાએ કહ્યું : "મૂળમાં ઉકસમાલમાં મકાનો અત્યારે દેખાઈ રહ્યા છે તેનાં કરતાં ખૂબ વધારે હતાં." તેણે એક બીજો પિરામિડ દૂરથી બતાવ્યો. તે અડધો વનરાજીથી ઢંકાઈ ગયેલો હતો. તે ગ્રેટ પિરામિડ કહેવાતો હતો. અમારી આજુબાજુનાં ખંડેર જેવા મકાનો વિશે પણ ચાવાએ મને ઘણું કહ્યું.

"આ પિરામિડ પાછળથી વાર્તા તે સાંભળી છે ?" ચાવાએ પૂછ્યું. મેં ના પાડી. તેણે કહ્યું: "બે ત્રણ વાર્તાઓ છે."

ચાવાએ કહ્યું કે એક વાર્તામાં એમ છે કે ઉકસમાલના રાજાને ચેતવણી મળી હતી કે જ્યારે શહેરનો કોઈ ચોક્કસ ઘંટ વાગશે ત્યારે સ્ત્રીમાંથી ન જન્મ્યા હોય તેવા કોઈ માણસના હાથમાં આ સામ્રાજ્ય આવી જશે. હકીકતમાં જ્યારે તે ઘંટ વાગ્યો ત્યારે રાજા

ગભરાઈ ગયો. તેણે શોધ કરી તો જોયું કે ઘંટ એક અતિ ઠીંગણા છોકરાએ વગાડ્યો હતો અને તે છોકરાને એક સંતાનવિહોણી સ્ત્રીએ એક ઈંડું ફોડીને મેળવ્યો હતો. રાજાએ તે ઠીંગણાને પકડીને પોતાની સમક્ષ મહેલમાં હાજર કરાવ્યો.

તેને તરત જ મારી નાખવાને બદલે રાજાને થયું કે તેવું અશક્ય કામ સોંપું કે તે કરી જ ન શકે. તેથી રાજાએ તેને કહ્યું કે "જો તું એક રાત્રિમાં શહેરમાં સૌથી ઊંચું મંદિર બાંધી શકે તો તને મોતની સજામાંથી મુક્ત કરું."

બીજા દિવસે સવારે રાજા ઉઠ્યો, તો એક જબરજસ્ત પિરામીડ જોઈને અચંબો પામી ગયો. ઠીંગણાની જીંદગી બચી ગઈ. ત્યારથી આ પિરામીડ જાદુગરના મંદિર ત રીકે ઓળખાય છે.

"બીજી એક માન્યતા પ્રમાણે પેલી સ્ત્રી દ્વારા જ ઠીંગણાનું રાતોરાત સર્જન કરવામાં આવ્યું હતું. ત્રીજી એક વાત એમ પણ છે કે રાજાએ પોતાની શક્તિઓનાં પરાક્રમરૂપે જ આ પિરામીડ બનાવ્યો હતો. પણ બધી વાતોમાં એક વસ્તુ સામાન્ય છે કે આ પિરામીડ રાતોરાત બનાવવામાં આવ્યો હતો."

ચાવાએ તેના પૅકમાંથી પાણીની બે બોટલ કાઢી, એક મને આપી અને બીજીમાંથી પોતે પાણી પીવા લાગ્યો. તેનું ભીનું મોઢું હથેળીનાં પાછળનાં ભાગથી લૂછીને તેણે વાત આગળ વધારી.

"હું આ બધું કામ કરું છું તેની પાછળ કદાચ આ જ કારણો છે. આ વાતો મને ગમે છે. આપણી ઈચ્છાઓ, આકાંક્ષાઓ બાબત આ વાતો ઘણું કહી જાય છે. રાજાને શું જોઈતું હતું ? એક સરસ મંદિર ? ના, તેને એક સરસ મંદિર રાતોરાત જોઈતું હતું. રાતોરાત."

"મને લાગે છે કંઈ જ બદલાયું નથી." હસતાં હસતાં મેં કહ્યું : "બધાને અત્યારે પણ બધું જલ્દી જલ્દી જ જોઈએ છે."

"હં....બરાબર." ચાવાએ કહ્યું : "પણ એ શક્ય જ નથી, બરાબર ને ? અહીં રાજાની ઈચ્છા પૂરી કરનાર ઠીંગણો છેવટે 'જાદુગર' કહેવાય છે. સામાન્ય માણસનું તો આમ કરવાનું કોઈ ગજું નથી. બધાને ધીરજની જરૂર છે. લોકોએ મંદિર રાતોરાત મેળવવાની એષણા છોડી તેને ધીરે ધીરે બાંધવાની જરૂર છે. એક એક ઈંટ મૂકતાં જશો તો એક દિવસ મંદિર આપોઆપ બની જશે, પણ રાતોરાત મંદિર બનાવવા જશો તો તે ક્યારેય નહીં બને. કંઈક નોંધપાત્ર પ્રાપ્તિ માટે જરૂરી સમય આપવો જ પડે છે."

ચાવાએ તેની કેનવાસની બેગ ખોળામાં મૂકી, અંદર કંઈક ફંફોળવા લાગ્યો. તેણે તેમાંથી કાપડની નાની થેલી કાઢી અને મારા હાથમાં મૂકી.

"હું અત્યારે ખોલી શકું ?" મેં પૂછ્યું. ચાવાએ હા પાડી.

લાલ કાપડની થેલીની ઉપર દોરી વિંટાળી હતી. તેની ગાંઠ ખોલવામાં થોડી વાર લાગી, પણ છેવટે તે ખોલીને થેલીમાં જે કંઈ હતું તે મેં મારા ખોળામાં ઠાલવ્યું. તેમાં એક નોંધ હતી અને નાનો લાલ માટીનો ટુકડો. મેં તે ઉપાડીને જોયો તો તે પિરામીડની એક

નાની પ્રતિકૃતિ હતી.

મેં ચિઠ્ઠી ખોલી અને વાંચવા લાગ્યો :

દરરોજ થોડો થોડો વિકાસ કરો.

આપણે નાનાં નાનાં કામ કઈ રીતે કરીએ છીએ એના પરથી જ આપણે દરેક મોટાં કામ કઈ રીતે કરીએ છીએ તે દેખાઈ આવે છે. જો આપણે નાનાં કામ ચીવટથી પૂર્ણ રીતે કરીએ, તો આપણાં મોટાં કામ પણ તે જ રીતે પૂરાં થશે. કામ નાનું હોય કે મોટું, તે કેમ કરવું તે બાબતની આપણી આવડત જ ખરેખર તો કામ કરતી હોય છે. અગત્યનું એ છે કે એક પ્રયત્ન ત્યાર પછીનાં પ્રયત્નને જોર પુરૂં પાડે છે. એક પછી એક ઇંટ ગોઠવવા જેવી આ વાત છે. ધીમે ધીમે તમારામાં પ્રચંડ આત્મવિશ્વાસ જન્મે છે. અને તમે તમારાં અસામાન્ય સપનાંઓને સાકાર થતાં જોઈ શકો છો. તમારી જાતમાં દરરોજ થોડો સુધારો કરતાં જશો તો જ તમે એક દિવસ અસામાન્ય પરિણામો મેળવી શકશો.

અમે ચડવાનું શરૂ કર્યું ત્યાર કરતાં અત્યારે સૂર્ય ઘણો માથે આવી ગયો હતો. તેની ગરમી મને દઝાડી રહી હતી. મેં શર્ટનો છેડો પકડીને તેનાંથી પરસેવો લૂછ્યો.

ચાવાએ તે જોયું અને તરત જવા માટે ઉભો થઈ ગયો.

“તમને અહીં આટલી બધી વાર રાખવા બદલ દિલગીર છું.” તેણે કહ્યું. : “મને ખબર છે તમને આટલી ગરમીમાં શેકાવાની ટેવ નથી. ચાલો આપણે નીચે જઈએ. નીચે જતાં રસ્તામાં પણ મારે એક ચીજ તમને દેખાડવાની છે.”

અમે નીચે ઉતરવા લાગ્યાં. મારા આશ્ચર્ય વચ્ચે ઉપર ચડવા કરતાં નીચે ઉતરવું તો વળી વધુ મુશ્કેલ હતું. સીધો ઉતરતો ઢાળ હતો. નીચે જોયાં પછી મને ધ્યાનમાં આવ્યું કે ચડતાં ચડતાં હું કેટલે ઉંચે પહોંચી ગયો હતો. ઉતરતી વખતે જો જરા પણ પગ લપસ્યો તો મને કોઈ જ - કંઈ જ - બચાવી શકે તેમ ન હતું. ચાવાએ મને વધુ નીચે ઉતરવાને બદલે બાજુમાં ચાલવાનું કહ્યું ત્યારે મને રાહત થઈ. તે પિરામીડની એક બાજુ તરફ ખુલતા મોટાં દરવાજાની સામે ઉભો રહ્યો હતો. પિરામીડની અંદર જવાનો આ દરવાજો હતો.

“મને જ્યાં સુધી નિસ્બત છે ત્યાં સુધી પેલી વાતો પાછળની હકીકત આ છે.” ચાવાએ હાથ વડે દરવાજો બતાવતાં કહ્યું.

“ખરેખર ?” મેં આશ્ચર્ય વ્યક્ત કર્યું.

“આ પિરામીડ રાતોરાત બનવો જોઈતો હતો, પણ સાચું એ નથી.” ચાવાએ કહ્યું : “ખરેખર તો તેને બનતાં સેંકડો વર્ષ લાગ્યાં હતા.

હકીકતમાં, તેને ફરી ફરીને બનાવવામાં આવ્યો હતો. પાંચ વખત ! અને દરેક વખતે જૂનાં પિરામીડની ઉપર નવો પિરામીડ બનાવવામાં આવ્યો હતો. મારા પૂર્વજોને તેમાં તેનાં પૂર્વજોની શક્તિ અને મહાનતાનાં દર્શન થયાં હતા. આ ઉપરનાં પિરામીડ પહેલાંના અંદરના પિરામીડમાં જવાનો દરવાજો છે. જે બહાર દેખાય છે તે તો પાછળથી બનાવામાં આવ્યો હતો.”

"નવાઈની વાત છે !" આ પ્રાચીન દરવાજાની કોતરણીને તથા દરવાજાની ફ્રેમમાં આસપાસ દેખાતા માયાન દેવ-દેવીઓનાં શિલ્પોને હું જોતો જ રહ્યો. તે ખરેખર અદ્‌ભૂત અને બારીકાઈવાળી કલાકારીગરી હતી. રાતોરાત તો જવા દો, મહિનાઓમાં પણ જો કોઈ આ બનાવી શક્યું હોય તો પણ તે માન્યામાં ન એવી વાત કહેવાય !

"કાલે મેં કહ્યું હતું કે મારા કામ થકી હું માયાન સામ્રાજ્યની પડતીનાં કારણો શોધતી કોઈ કડી મેળવી શકીશ." ચાવાએ કહ્યું : "પણ પડતીની વાત પછી, સામ્રાજ્યની શરૂઆતમાં પણ કેટલો રસ પડે છે મને - આ બધું કેવી રીતે બન્યું હશે. પુરાતત્વના કામ દરમ્યાન બધું કાળજીપૂર્વક અને ધીમે ધીમે કરવુ પડે છે. તેમ તમે કહેતા હતા, પણ એક સંસ્કૃતિનું સર્જન, વિશાળ શહેરનાં આ ભવ્ય મકાનો, પિરામીડ વગેરે બનતાં પણ કેટલો બધો સમય ગયો હશે, તે પણ કેટલું ધીરજપૂર્વક બનાવવામાં આવ્યું હશે ?"

મેં હા પાડી. થોડી મિનિટો સુધી અમારા બેમાંથી કોઈ કંઈ બોલ્યું નહીં.

ચાવાએ કહ્યું : "એ ખાસ યાદ રાખવું જોઈએ કે મોટાં સપનાં સાકાર કરવાની શરૂઆત હંમેશા નાની હોય છે."

બીજા દિવસે ચાવા મને મેરીડાના એરપોર્ટ પર લઈ ગયો. કારમાં લગભગ બે કલાકનો રસ્તો હતો. પણ શરૂઆતની અડધી કલાક વાતો કર્યા પછી અમે બન્ને લગભગ ચૂપ રહ્યાં હતા. મેં મારો મોબાઈલ જોયો, હજુ પણ સિગ્નલ મળતાં ન હતા. મેં મોબાઈલમાં કેટલાં ફોટા જોવા માંડ્યાં. સોસરના યુનિફોર્મમાં આદમના એક ફોટો હું જોવા લાગ્યો. તેનાં પગ બોલ પર કંઈક અચોક્કસ રીતે હતા.

ચાવાએ આ જોયું. "તમને ઘરની યાદ સતાવે છે ?" મેં કહ્યું : "હા"

અમે ટીકુલ નામનાં ગામ પાસેથી પસાર થયાં. રેઢીયાળ ખેતરો તથા સૂકાં ભઠ્ઠ મેદાનો પસાર થતાં ગયા. અમે ઘણો વખત બોલ્યાં વગર બેઠાં રહ્યાં. પછી મેં પાછળ ભરાવેલા થેલામાંથી મારી જર્નલ કાઢી અને મારી નવી નોંધ લખવા માંડી.

હું મારી મુસાફરીનાં અનુભવો લખી રહ્યો હતો. જુલીઆને કહ્યાં પ્રમાણે તાવીજો વિશે પણ લખતો રહ્યો. છેલ્લે મને જે જાણવા મળ્યું તેના પર કદાચ હજુ મેં પૂરતો વિચાર કર્યો ન હતો.

ચાવાએ મારી નોટબુક જોઈ અને બોલ્યો : "જોનાયન, સિકીનાએ અમારા દિકરા અવાલી વિશે કંઈ તને કહ્યું છે ?"

"માત્ર એટલું જ કે તે મેકિસકો સીટીમાં રહે છે તથા સિકીના તેને ઘણો યાદ કરે છે." મેં જવાબ આપ્યો.

જવાબ સાંભળી ચાવા મોટેથી હસ્યો. મેં આશ્ચર્યથી તેની સામે જોયું "સૉરી." ચાવાએ કહ્યું : "તે આટલું કહીને અટકી ગઈ હશે તે હું માની શકતો નથી. અવાલી એક ડોકટર છે. સિકીનાને તેનું બહું ગૌરવ છે. તે જે મળે તેને સૌથી પહેલાં આ જ વાત કહે છે."

"હા," મેં કહ્યું : "તેને તેનું ગૌરવ તો હોય જ ને ?" થોડી વાર શાંતિ થઈ ગઈ, પછી ચાવાએ આગળ કહ્યું. "અવાલી જ્યારે આઠ વર્ષનો હતો ત્યારે એક દિવસ તે મારી પાસે આવ્યો હતો અને મને કહ્યું હતું - મારે ડોક્ટર બનવું છે અને માંદા લોકોને મદદ કરવી છે. તમને કેવું લાગે છે ?" હવે જોનાથન, તને શું કહું ? સિકીના કે હું - બેમાંથી કોઈ યુનિવર્સીટીમાં ભણ્યાં જ નથી. મારા કુટુંબના મોટાભાગનાંઓ તો પ્રાથમિક શાળામાં પણ ભણ્યાં નથી. એટલું જ નહીં. અમારામાંથી કોઈ ક્યારેય યુકાતાનની બહાર પણ ગયાં નથી. ડોકટર બનવા શું કરવું જોઈએ એ પણ મને ખબર નથી. પણ મારી પાસે સામે મારો નાનો નાનો અવાલી હતો, તેનાં મનમાં સપનાં હતાં. મેં તેને ખેંચીને ખોળામાં લીધો અને તેને કહ્યું તારે શરૂઆત ક્યાંથી કરવાની છે ? કાલે તું સ્કૂલમાં જા અને શિક્ષક જે કંઈ કહે તે ધ્યાનથી સાંભળ અને તેં ક્યારેય ન કરી હોય એટલી મહેનત કર, અને ઘરે આવીને મને કહેજે કે તું શું ભણ્યો ?"

ચાવા ધીમેથી હસ્યો, જાણે તેનો પુત્ર તેની સામે જ ઊભો હોય. તેણે સ્હેજ માથું હલાવ્યું અને વાત આગળ વધારી : "તેણે શરૂઆત કરી દીધી, બધું બરાબર ભણ્યો. મેં કહ્યું બસ આ જ રીતે કરતો રહેજે, એક દિવસ તું ડોકટર બની જઈશ."

આગળ ભવિષ્યમાં શું થશે તે તો અમારામાં કોઈ જાણતું ન હતું પણ અમે હવે પછી શું કરવાનું તેને જ જોતાં રહ્યાં. અમને જરૂર જણાઈ ત્યારે અમે દરેકને પૂછતાં રહ્યાં - પુરાતત્વવિદોને, શોધ-સંશોધન કરનારાંઓને, નર્સ, ડોક્ટર્સ, અરે ખંડેરોની મુલાકાતે આવનારાઓને પણ ... ગમે તેને પૂછીને અમે માહિતી મેળવતાં રહ્યાં. અને હવે પછી શું કરવાનું છે તે નક્કી કરતાં રહ્યાં. ધીમે ધીમે પણ ચોક્કસપણે, અવાલી, સિકીના અને હું આગળ શું કરવું તે નક્કી કરતાં રહ્યાં. અમને ખબર પણ ન પડે તેમ અવાલી એક દિવસ યુનિવર્સીટીમાંથી ગ્રેજ્યુએટ થઈ ગયો, ડૉકટર બની ગયો."

"દરરોજ થોડો સુધારો કરતાં જાઓ તો એક દિવસ મહાન કાર્ય સંપન્ન થાય છે, બરાબર ?" મેં કહ્યું.

"મહાન ઈરાદાઓ કરતાં નાનું પણ અમલમાં મૂકેલું કાર્ય હંમેશા મહાન હોય છે." તેણે કહ્યું : "અને પરિણામનો અવાજ હંમેશા શબ્દોનાં અવાજ કરતાં મોટો હોય છે."

તાવીજોનાં સાચવનારાં અન્ય લોકોની જેમ જ, ચાવા તેની પાસે રહેલાં તાવીજમાં સમાયેલા ડહાપણ-શાણપણ-સમજણ ને ખરેખર જીવી ગયો હતો. તેનાં કામમાં તથા તેના પુત્રની જીંદગીનાં ઘડતરમાં તે જોઈ શકાતું હતું. પણ મારી પોતાની વાત કરું તો ? મારાં નાનાં નાનાં કામની પાછળ કોઈ ધ્યેય હાંસલ કરવાનું કે કોઈ સપનું પરું કરવાનું કે કોઈ સિધ્ધિ હાંસલ કરવાનું ક્યાંય નથી. જે પોતાને એક અભણ તરીકે ઓળખાવે છે તે તેની પુત્રને જે આપી શક્યો તેનો એક નાનો ભાગ પણ હું મારી પુત્રને આપી શક્યો ? ના. અને હું મારી જાતને ભણેલો માનતો હતો.

મારા મનમાં શું હતું - જુલીઆનને પહેલાં હતું તે - CEO ની નોકરી, મોટું ઘર, ફેરારી. હું ખરેખર કંઈકને કંઈક મેળવવા માટે જ સતત દોડતો હતો, કંઈક બનવા તરફ તો મારું ધ્યાન જ ન હતું.

એરપોર્ટ પહોંચ્યા ત્યાં સુધીમાં મેં જર્નલમાં શું લખ્યું ?

"પુશ-અપ. જોર કરો." માત્ર આટલું જ.

હું આવતી કાલથી જ શરૂઆત કરીશ અને ત્યાંથી આગળને આગળ જતો રહીશ.

ચાવાને આવજો કહેવાનું મને વસમું લાગ્યું, મને તેનાથી આશ્ચર્ય થયું. તેણે અને સિકીનાએ મારા માતા-પિતાની યાદ તાજી કરાવી હતી. મને તેનાં કુટુંબ સાથે વધુ સમય વિતાવવાનું મન થયું. કદાચ હું ઘરે જઈશ ત્યારે પણ મને ચાવાના કુટુંબ જેવી 'ઘરની લાગણી' નહીં થાય.

હું વળી એક અજાણી જગ્યાએ જઈ રહ્યો હતો. બાર્સેલોના.

બાર્સેલોના એરપોર્ટ પર મારા મોબાઈલમાં સિગ્નલ પકડાયું. મેં અનીશાને ફોન જોડ્યો, પણ મને તેનો વોઈસમેઈલ મળ્યો. મારા મેક્સિકોનાં રોકાણ દરમ્યાનની વાતો જણાવવા મેં આદમ અને અનીશાને મેસેજ કરવાનું વિચાર્યું. પણ મેં ઈન્બોકસ ખોલ્યું તો તેમાં ટીસાનો મેસેજ હતો. કંઈક અજુગતું કહેવાય. અમે સાથે તો કામ કરતાં ન હતા ? તેમાં લખ્યું હતું :

"હાય જોનાથન, નવાંગને મેં આજે પૂછ્યું હતું કે તું ક્યારે પાછો આવવાનો છે ? તેણે કહ્યું તેને ખબર નથી. તે સમજે છે કે હવે કદાચ તું ક્યારેય કંપનીમાં પાછો નહીં આવે. મને આ જાણી ઘણું દુ:ખ થયું. મને આ વાતે વિચારતી કરી મૂકી.

મારે આ વાત કેમ કરવી જોઈએ એ મને ખબર નથી, પણ ઓફિસમાં તો એવી વાતો થાય છે કે તું છૂટાછેડા લેવાનો છે. તને કદાચ મારી વાત નવી લાગશે, પણ આપણા બન્ને વચ્ચે કંઈક છે તેવું મેં હંમેશા અનુભવ્યું છે. તું કદાચ ઓફિસમાં પાછો ન આવે તો પણ, આપણને બન્નેને ભેગા થવાની તક તો છે જ. મને લાગે છે કે આપણે બન્ને એકબીજાને માટે યોગ્ય છીએ. કદાચ તને મારો આ બડબડાટ લાગશે. તારા જ વિચારોમાં રહું છું. મને જણાવજે.

ટીસા.



પ્રકરણ સાત

હું પાંચ વર્ષનો હતો, ત્યારે મારા પિતા મને મારી જીંદગીની પહેલી બાસ્કેટબોલની મૅચ જોવા લઈ ગયેલા. ચોક્કસ તે કોઈ મોટી કે ફાઈનલ મૅચ ન હતી, પણ આજ સુધી જોયેલી કોઈ રમતમાં મેં આટલી ઉત્તેજના જોઈ ન હતી.

મારા પિતા જ્યાં છઠ્ઠું ધોરણ ભણાવતા હતા તે પાર્ક વ્યુ પબ્લિક સ્કૂલની પ્રાથમિક શાળાની તે સેમી ફાઈનલ હતી. ગયા ઉનાળામાં હું ત્યાં ગયો હતો. મારા પિતાએ તેના ક્લાસરૂમ માટે શાળાના પહેલાં દિવસની ગોઠવણ કરી હતી ત્યારે મારા પિતાએ પ્રાણીઓ તથા અજાણ્યા લોકોનાં પોસ્ટર્સ ત્યાં મૂક્યાં હતા. મેં અને મારી બહેને સ્ક્રેપ પેપરમાં જાતજાતનાં રંગો પૂર્યા હતા. પોસ્ટર્સમાં શું લખેલું હતું તે બાબત મારું કોઈ ધ્યાન ન હતું. મને એક વાત મારા મનમાં પાકી હતી કે મારા પિતા અગિયાર વર્ષથી મોટી ઉંમરના બાળકોને ગણિત, વાંચવાનું તથા જે પણ કંઈ તે શીખવતા હતા તેમાં તે એક્કા હતા.

બાસ્કેટબોલની આ રમત મારા પિતાની કાબેલીયત અને જવાબદારીઓનો પહેલો સંકેત હતો. તેનાં કલાસરૂમને તે ભેટ તરીકે મળ્યાં હતા. મોટાં જીમમાં લાકડાની એક પાટલી પર હું છેડે બેઠો હતો. કમ-સે-કમ મારી નજરમાં મોટાં અને વયસ્ક લાગતાં છોકરાઓથી પાટલીઓ ભરાઈ ગઈ હતી. મારા પિતા તેમને સૂચનાઓ આપતા હતા, અને તે દરેક છોકરાની નજર મારા પિતા પર ચોંટેલી હતી. તેમનો એક એક શબ્દ જાણે બ્રહ્માંડનું કોઈ રહસ્ય જાણી રહ્યાં હોય તેમ સાંભળતા હતા.

રમત વિશે વધુ કંઈ મને કંઈ યાદ નથી. મારા પિતા છોકરાઓને જે રીતે સૂચનાઓ આપતા હતા, અને દરેક વખતે મારી સામે જોઈને મલકાતા હતા તે મને બરાબર યાદ છે.

ચોથા ધોરણમાં આવ્યો ત્યારે તે રમત મારા માટે દૂરનો ભૂતકાળ બની ગઈ હતી. મને મારા પિતાનું ગૌરવ થવાને બદલે મને તેની શરમ આવવા લાગી.

તે વર્ષે મારા શિક્ષિકા મિસીસ હીજીનબોટમ હતા - તે ઘણી વખત વાળમાં

પાછળના ભાગે કર્લર કાઢવાનું ભૂલી જતા હતા અને તેનાં કપડાં પહેરવાના રંગ-ઢંગ કેટલા વિચિત્ર હતા તે તો અમે નાના છોકરાં પણ જોઈ શકતા હતા.

મિસીસ હીજીનબોટમ ક્લાસરૂમ ચલાવવા માટે બાજુના ક્લાસરૂમના શિક્ષિકા મિસીસ ડોરમેનની હંમેશા મદદ લેતા. અરે, વાતવાતમાં તે પ્રિન્સીપાલની પણ મદદ લેવા દોડી જતા હતા. અમે બાળકો તેનાથી ખુશ તો હતાં જ નહીં. તે અણઘડ અને અમારા બધા તરફ કારણ વગરનાં સખત હતા. વધુ પડતું હોમવર્ક આપીને તે તેનો રૂઆબ દેખાડતાં. તે ભણાવતા ત્યારે ન હતો અમને આનંદ થતો હતો કે ન તો તેમને - આ સ્પષ્ટ દેખાઈ આવતું હતું.

રિસેસમાં તેને માટે છોકરાં જાત જાતનાં નામો વાપરતાં. મિસીસ હીજીનબોટમ બધાને હંમેશા કહેતા કે શિક્ષકોને કોઈ માન નથી આપતું. તેની તો બધા હાંસી જ ઉડાવે છે. મને ખાત્રી હતી કે મારા પિતા મિસીસ હીજીનબોટમ જેવા ન હતા. મીસીસ હીજીનબોટમની જેમ કોઈ મારા પિતા પરીક્ષામાં સુપરવાઈઝર હોય ત્યારે - તે જેવી પીઠ પેરવે કે બધા ચોરીઓ કરવા માંડે, એવું ન હતું બનતું કે હોમવર્કની બાબતમાં પણ કોઈ તેને મૂર્ખ બનાવી શક્તું ન હતું. પણ એક પ્રશ્ન મને હંમેશા થયા કરતો : “જો બધા મિસીસ હીજીનબોટમ વિશે આમ બોલે છે, તો મારા પિતા વિશે શું બોલતાં હશે ?”

સાતમા ધોરણમાં હું આવ્યો ત્યાં સુધીમાં મારા મનમાં મારા પિતાની ભગવાન તરીકેની છબી ભૂંસાઈ ગઈ હતી. મને થયા કરતું કે મારા પિતાએ નાનાં બાળકોની સાથે જ આ પ્રકારની જીંદગી જીવવાનું કેમ નક્કી કર્યું હશે ? મારા મિત્રોનાં પિતાઓ ડોકટર હતા, વકીલ હતા, મોટાં મોટાં બિઝનેસમેન હતા. એ સાંજે તેમની મોટી મોટી ગાડીમાં ઘેર આવતા ત્યારે તેમનાં હાથમાં મોંઘી બ્રીફકેસ રહેતી. જ્યારે મારા પિતા ઘરે આવતા ત્યારે તેના હાથમાં થોકબંધ અવ્યવસ્થિત કાગળીયા રહેતા કે કોઈ ફાલતુ લાગે તેવી ચોપડી રહેતી.

હાઈસ્કૂલમાં આવ્યો ત્યાં સુધી તો મારા મનમાં પાકું થઈ ગયું. મારા પિતા મામૂલી પ્રાથમિક શિક્ષક જ હતા. તે તેની જગ્યાએથી આગળ વધતાં જ ન હતા તેની પાછળનું કારણ એ હતું કે તેનામાં મહત્વાકાંક્ષાનો અભાવ હતો. તેને કંઈ બનવું જ ન હતું, તેની કારકિર્દીનાં કોઈ પડકારોને પહોંચી વળવા તેણે કયારેય પ્રયત્ન જ ન હતો કર્યો.

તેને ઘણી વખત પ્રિન્સીપાલ કે વાઈસ-પ્રિન્સીપાલની ઓફર થઈ હતી, પણ તે બસ, તેનાં ક્લાસરૂમને વળગીને જ બેસી રહ્યા હતા. મને ખબર હતી કે આ બધાનું એક જ કારણ છે - મારા પિતા થોડી આળસુ પ્રકૃતિના હતા. તે કામથી દૂર ભાગતા હતા.

હું મોટો થયો, આખો દિવસ કામ કરવામાં જ મારો સમય પસાર થવા લાગ્યો, ત્યારે મેં એટલું જોયું કે મારા પિતા અને મિસીસ હીજીનબોટમમાં ઘણો ફરક હતો. મેં જોયું કે તે જે કંઈ કરતા હતા, તે ખરેખર દિલથી કરતા હતા અને તેના કામમાં તે શ્રેષ્ઠ હતા. પરંતુ મહત્વાકાંક્ષાની વાત મારા મનમાંથી ખસી ન હતી.

લ્યુઈસ કોસ્ટાએ તેની વાત મને કહી ત્યારે હું વિચારતો જ રહ્યો. હા, લ્યુઈસ કોસ્ટા, મને તે બોર્સેલોના એરપોર્ટ મળ્યો હતો. એહમતની જેમ તે પણ એરપોર્ટ પર મને લેવા આવ્યો ત્યારે મારા નામનું બોર્ડ લઈ ઉભો હતો. હજી તે તેની ત્રીસીની શરૂઆતમાં જ

હતો. પણ તેનો ચહેરો, તેની હેરસ્ટાઈલ બધું પ્રમાણમાં નાના છોકરા જેવું લાગતું હતું. તેણે નવી બ્લેઝર તથા ડાર્ક ગ્રે ક્લરનું ઢીલું પેન્ટ પહેર્યું હતું. તેનાં શર્ટની ચમકદાર સફેદીમાં તેની લાલ રંગની ટાઈ તરત અલગ તરી આવતી હતી.

"હોલા, હોલા, વેલકમ જોનાથન," તેણે કહ્યું : "તમારી સેવામાં લ્યુઈસ કોસ્ટા હાજર છે. જુલીઆનના કુટુંબના એક સભ્યને મળીને મને ઘણો આનંદ થયો."

હું હજી કંઈ પ્રતિભાવ આપું તે પહેલાં તેણે તેનો હાથ મારા બાવડા પર મૂકી દીધો, આગળ નમ્યો અને મને બન્ને ગાલે ચૂમી લીધો.

મારા ખભા ફરતે તેનો હાથ-મિત્રની જેમ-વિંટાળીને તેણે કહ્યું : "સરસ મજાનું જમવાનું તથા વાઈનની સરસ મજાની બોટલના સાથમાં જ આપણે એકબીજાને વધુ ઓળખવાનું ગોઠવીશું, બરાબર ?"

લ્યુઈસ મારી સાથે કંઈક વધુ પડતો આત્મીય બની રહ્યો હતો. મને એ અનુકૂળ ન હતું લાગતું. એહમત, અયામે, ચાવા અને સિકીના સાથે મને મજા આવી હતી, પણ હું કંઈ નવા મિત્રો બનાવવા ન હતો નિકળી પડ્યો ! મારે ખરેખર માત્ર તાવીજો જ ભેગા કરવાનાં હતા. બીજું કંઈ મારે કામ ન હતું. મારે જલ્દી ઘરભેગા થવાનું હતું.

લ્યુઈસ મને ટર્મિનલની બહાર અને પછી ટેક્સી સ્ટેન્ડ તરફ લઈ ગયો. મને પહેલી જ ખાલી ટેક્સી તરફ લઈ જવાના બદલે તે છેક ગયો છેલ્લી ટેક્સી સુધી. તેણે છેલ્લી ટેક્સીનો પાછળનો દરવાજો ખોલીને બે હાથ ફેલાવી નમ્રતાથી મને અંદર પાછળની સીટ પર બેસવાનો ઈશારો કર્યો. ટેક્સી ખાલી જ હતી, પાછળ બે જણાની જગ્યા હતી, તો પણ પહેલાં હું બેસું તેવો આગ્રહ શા માટે ? હું હલ્યો નહીં. મેં કહ્યું : "ડ્રાઈવર તો નથી."

"છે." તેણે કહ્યું : "હું. હું જ ડ્રાઈવર છું. આ મારી જ ટેક્સી છે. મારો સાથીદાર - તે ટેક્સી ડ્રાઈવર ખુદ કેમ ન હોય - આગળ અને હું પાછળ બેસું તે મને ક્ષોભજનક લાગ્યું. લ્યુઈસ મને બેસવા બાબતની સૂચનાઓ આપતો હતો. હું કારમાં ગોઠવાયો એટલે તેણે મારો સામાન પણ અંદર મૂક્યો. તે બીજાં ડ્રાઈવરો સાથે હાથ હલાવી વાતો કરતાં કરતાં ડ્રાઈવરની સીટ પર ગોઠવાયો. લ્યુઈસના વ્યક્તિત્વમાં આનંદનો ફુવારો હતો, તમને કોઈ ટેક્સી ડ્રાઈવરમાં ભાગ્યે જ જોવા મળે.

પાછળ જોઈ તે બોલ્યો : "જોનાથન, તું અગાઉ ક્યારેય બોર્સેલોના આવ્યો છે ?"

મેં નકારમાં માથું હલાવ્યું. તેણે આગળ વધાર્યું : "તું નસીબદાર છે. ફરવા માટે તને ઘણો યોગ્ય ડ્રાઈવર મળી ગયો છે. પણ પહેલાં તો - તું થાકી ગયો હોઈશ. મેં તારા માટે એઈકઝામ્પલ વિસ્તારની મસ્ત હોટલમાં તારી રૂમ બુક કરાવી છે. હું તને ત્યાં લઈ જાઉં છું. ત્યાં નાહી-ધોઈને ફ્રેશ થઈ જા, આરામ કરી લે પછી આપણે વોટરફ્રન્ટ પાસે ડીનર માટે જઈશું. બરાબર લાગે છે ને ?"

લ્યુઈસ એક અચ્છો ડ્રાઈવર હતો એ તો મારે સ્વીકારવું જ પડશે. ગમે તેવા ટ્રાફીકને વિંધીને તે સરળતાથી આગળ વધી રહ્યો હતો. ટેકસીમાં હવા પણ ઠંડક વાળી હતી, ઠંડીગાર નહોતી. ધીમેથી શાસ્ત્રીય સંગીત વાગી રહ્યું હતું. ડ્રાઈવરની સીટ પાછળ

એક કવર હતું. તેમાં ટીશ્યૂઝ, હેન્ડ સેનીટાઈઝર્સ તથા નાનાં ટુવાલો હતાં. પેસેન્જર સીટની પાછળની બાજુ બે ખાનામાં થોડાં લીફલેટ્સ હતાં. મેં તેમાંનો એક કાગળ લીધો. તેમાં બાર્સેલોનાનો ટુરીસ્ટ મેપ હતો. બાર્સેલોનાની બધી જ ટેક્સીમાં આવી સગવડતા હશે ? મને આશ્ચર્ય થયું.

શહેરના અંદરના વિસ્તારમાં અમે દાખલ થયા. રસ્તાઓ ઘણા સાંકડા હતા.

“આપણે બીજે રસ્તેથી કદાચ વધુ ઝડપથી પહોંચી શકયા હોત. પણ આ રસ્તે ઘણું જોવા જેવું આવે છે. આ શહેરમાં ઓગણીસમી સદીમાં બંધાયેલ ઈમારતો જોવાનું કદાચ તને ગમશે. તે ખરેખર જોવાલાયક છે.”

લ્યુઈસ સાચો હતો. ઘણા મકાનોને જોઈ મને પેરીસ અને ન્યુયોર્કનાં મકાનોની યાદ આવી ગઈ. પથ્થરનું બાંધકામ, કાસ્ટ-આયર્નની બાલ્કનીઓ, લાંબી લાંબી બારીઓ.

“અદ્‌ભુત ! “ અણિયાળી ટોચવાળા એક આલંકારિક ચર્ચ પાસેથી પસાર થતાં મારાથી બોલાઈ જવાયું.

“હા, તે એન્ટની ગૌડીનું સગરાડા ફેઝીંલીયા છે. બાર્સેલોનાનું સુપ્રસિદ્ધ સ્થાપત્ય. તને રસ પડતો હોય તો આપણે ફરી અહીં આવીશું. ગૌડીના કામને જોયા વિના કોઈ બાર્સેલોના છોડીને જતું નથી.”

ચર્ચ પસાર કરીને એક વળાંક પર અમે વળ્યાં અને લાલ લાઈટ હોવાથી ઉભા રહી ગયા. લાઈટ લાલની લીલી થઈ ત્યારે લ્યુઈસે ધીમેથી કાર આગળ લેવા માંડી. હજુ અમે ચાર રસ્તાની વચ્ચે પણ નહીં પહોંચ્યા હોઈએ ત્યાં કોઈ બીજી ટેક્સી લાલ લાઈટને અવગણીને જોરદાર અવાજ સાથે અમારી તરફ ધસી આવી.

તે ધીમી પડે તેમ તો લાગતું જ નહોતું. મને હતું કે તે અમારી કાર સાથે અચૂક અથડાશે. હું કારમાં બીજે છેડે જતો રહ્યો. માથાનું રક્ષણ કરવા માથા આડે હાથ રાખી દીધા. ચર્‌ર્‌ર્‌ ટાયરનો અવાજ અને કાર ટકરાઈ હોય તેવો અવાજ મેં સાંભળ્યો. પણ મેં જોયું, લ્યુઈસ નિરાંતે કાર ચલાવતો હતો. શાંતિથી, ધીમેથી.

લ્યુઈસે કાળજીપૂર્વક અમારી કાર બીજી બાજુ વાળી દીધી હતી. એ ધસમસતી કાર સાથે અથડામણથી બચવા તેણે સાવ સાંકડી બાજુ કાર સિફતપૂર્વક લઈ લીધી હતી. ઉભા રહ્યા પછી, લ્યુઈસે તેની લાઈટ ચાલુ કરી અને મારી તરફ ફર્યો.

“તું બરાબર છે ને જોનાથન ?” તેણે પૂછયું.

મેં હા પાડી, અને બંન્નેએ પાછળની બારીમાંથી જોયું. એક કાર રોડ પરની લોખંડની ગ્રીલ સાથે અથડાઈને ડૂચા જેવી થઈ ગઈ હતી. રસ્તા પર જોરદાર મારેલી બ્રેકના કારણે ટાયર ઘસાવાનાં લિસોટા હતા. એક ટેકસીએ તે કારને ટક્કર મારી હતી.

હું હવે શું કરવું એ બાબત વિચારૂં ત્યાં જ લ્યુઈસ બારણું ખોલી બહાર કુદયો અને અકસ્માતના સ્થળ તરફ ધસી ગયો. મેં જોયું તે હબક ખાઈ ગયેલી સ્ત્રી અને તે કારની પાછળ બેઠેલી ભયની મારી ધ્રુજતી નાની બાળકીને મદદ કરી રહ્યો હતો. તે સ્ત્રી માથું

દબાવીને બેઠી હતી અને લ્યુઈસ તે બાળકી સાથે નીચા નમીને વાતો કરી રહ્યો હતો. તે કારને ટક્કર મારનાર ટેકસીનો ડ્રાઈવર દરવાજો ખોલીને બહાર આવીને રસ્તાની બાજુમાં, ચૂપચાપ ઉભો રહી ગયો હતો. તે ગભરાયેલો લાગતો હતો, પણ તેને ઈજા થઈ ન હતી.

મેં કારની આગળની પેસેન્જરની બારીમાંથી વળીને અંદર જોયું. તેનો ડ્રાઈવર સ્ટીયરીંગ પર ઢળી ગયો હતો. તેનાં કપાળમાંથી લોહી નીકળતું હતું.

થોડી વારમાં પોલીસ તથા એમ્બ્યુલન્સ આવી પહોંચ્યા હતા. દરમ્યાન, કારનો ડ્રાઈવર સ્વસ્થ થવાનો પ્રયત્ન કરીને લ્યુઈસને શું બન્યું તે જણાવવા મથતો હતો. તે ઘણો નાનો અને ગભરાયેલો લાગતો હતો. તરત તાત્કાલિક સારવાર માટે માણસો આવી પહોંચ્યા. લ્યુઈસ અને હું પોલીસ પાસે સ્ટેટમેન્ટ આપવા ગયા. મારા વતી લ્યુઈસે ભાષાનો અનુવાદ કર્યો. પછી ટકેસીના પેસેન્જર શું કહે છે તેની અમે રાહ જોવા લાગ્યા. તાત્કાલિક સારવાર આપનારે તે સ્ત્રીને વધુ સારવાર માટે હોસ્પિટલ લઈ જવાની વાત કરી પણ તે સ્ત્રીએ કહ્યું કે તે તથા તેની દિકરી બરાબર છે. એમ્બ્યુલન્સ તથા બધા ઓફીસરો જતા રહ્યાં પછી લ્યુઈસ ફરીથી તે સ્ત્રી પાસે ગયો. તેણે કંઈ ધીમેથી કહ્યું. તે સ્ત્રીએ માથુ ધુણાવ્યું અને લ્યુઈસ મારી તરફ પાછો ફર્યો.

“મેં સલામતી ખાતર હોસ્પિટલ જવા માટે સમજાવી છે. થોડું વધારે મોડું થાય તો તેને વાંધો નહિ હોય એમ હું માનું છુ, જોનાથન” તેણે કહ્યું.

“ના, ના કંઈ વાંધો નહીં,” મેં કહ્યું.

તે સ્ત્રી તથા તેની દિકરીને હોસ્પિટલ સુધી પહોંચાડીને લ્યુઈસ પાછો ટેકસી પર આવ્યો.

“તારી બાર્સેલોનાની મુલાકાતની શરૂઆત કેવી ખરાબ રીતે થઈ ? મને દુઃખ થાય છે, જોનાથન”, તે બોલ્યો.

“મારી કોઈ ચિંતા ન કર,” મેં કહ્યું. તે અકસ્માતને કારણે હું વિહ્‌વળ થઈ ગયો હતો. જો લ્યુઈસ મારો ડ્રાઈવર ન હોત તો મારું શું થાત ? ભગવાને ખરેખર મને બચાવી લીધો.

વીસ મિનિટ પછી અમે એક સફેદ પથ્થરનાં મકાન સામે આવી ઉભા. મકાનની બારીઓ કોતરેલી હતી તથા લોખંડના કુંડા હતા. એક યુનિફોર્મનાળો માણસ બહાર ઉભો હતો. ટેક્સી ઉભી રાખવાની જગ્યામાં લ્યુઈસે ટેક્સી પાર્ક કરી અને કારની બહાર નિકળતાં પહેલાં પેલા માણસ તરફ ધ્યાન કર્યું. પછી કારની બહાર નીકળી જલ્દી મારો દરવાજો ખોલવા આવ્યો, પણ હું તેની પહેલાં જ કારની બહાર નીકળી ગયો હતો.

લ્યુઈસે મારો સામાન બહાર કાઢ્યો. અમે હોટલમાં અંદર જવા લાગ્યા ત્યારે પેલા માણસે તેને નામ દઈને આવકાર આપ્યો. બન્નેએ થોડી વાત કરીને પેલા માણસે રીવોલ્વીંગ દરવાજાની બાજુનો કાચનો મોટો દરવાજો ખોલ્યો. અંદર દાખલ થતાં જ સામાન ઉંચકવા માટે હોટલના માણસને લ્યુઈસે સામાન આપ્યો અને પોતે સીધો જ કાઉન્ટર તરફ ગયો. કાઉન્ટર પર ઊંચો પાતળો માણસ ઉભો હતો, કંઈક વાંચી રહ્યો હતો. જેવો તેણે લ્યુઈસને

પોતાની તરફ આવતો જોયો કે હાથમાંના કાગળ બાજુ પર ફેંકીને ઉત્સાહથી બોલ્યો : "બોન ડીયા, લ્યુઈસ !"

તે કાઉન્ટરની બહાર આવી ઉત્સાહથી લ્યુઈસને ભેટ્યો, પછી મારી તરફ ફર્યો.

"આ હું વાત કરતો હતો તે મારા માનનીય મહેમાન છે. તેનું નામ જાનોથન લૉન્ડ્રી છે, જુલીઆનના સંબંધી છે." લ્યુઈસે કહ્યું.

હોટલના માણસે ઉત્સાહપૂર્વક કહ્યું : "તમારા માટે એક સરસ રૂમ તૈયાર છે. તમારે કંઈ પણ જોઈતું હોય તો મહેરબાની કરીને મને કહેશો."

તેણે મને રૂમની ચાવી આપી અને પોર્ટરને ઈશારો કર્યો. મેં લ્યુઈસને આવજો કહ્યું અને પોર્ટર સાથે લીફટ બાજુ ગયો. મારો રૂમ આઠમે માળે હતો. મારૂં મન બદલાય (પગથિયા ચડીને જવું કે.....) તે પહેલાં ઊંડો શ્વાસ લઈને હું લીફ્ટમાં ઘૂસી ગયો.

ઉપર પહોંચ્યો ત્યારે પોર્ટરે દરવાજો ખોલ્યો, મારો સામાન રૂમમાં ગોઠવ્યો અને ચાલ્યો ગયો. રૂમ ઘણો સરસ હતો. મોટો અને હવાદાર. મોટી બારીઓમાંથી નીચેનો રસ્તો તથા દૂર બગીચો પણ દેખાતાં હતા. બારી પાસેનાં ટેબલ પર સફેદ ફૂલો સુંદર રીતે ગોઠવ્યાં હતા. અને વચ્ચે ટેબલ પર ફ્રુટ્સ તથા ચોકલેટ્સ ગોઠવીને રાખ્યાં હતા. હું શૂઝ કાઢીને કિંગસાઈઝના બેડ પર આડો પડ્યો અને મેં મોબાઈલ કાઢ્યો.

મેં ટીસાનો મેસેજ વાંચ્યો એટલે તરત મેં જવાબ લખી નાંખ્યો હતો. ટીસાને નહીં પણ નવાંગને "મારા (પાછા આવવા) વિશે તું શું બધાને આડું અવળું કહી રહી છે ? હું પાછો કંપનીમાં આવવાનો જ છું. મને મોબાઈલમાં સિગ્નલ મળતાં ન હતા તેથી હું કંઈ કહી લખી શકતો ન હતો. પણ ઈન્બોક્સ તો હું સમય મળ્યે જોતો જ રહેતો હતો. કંઈ સમસ્યા હોય કે કંઈ પણ જાણવા જેવું હોય તો મને જણાવતી રહેજે. શક્ય હોય એટલો ઝડપથી તને જવાબ આપતા રહેવાની કોશિશ હું કરીશ."

મેકિસકોથી આવતી વખતે ટીસાનો મેસેજ મેં વારંવાર વાંચ્યો હતો. ઘરથી દૂર રહેવાના મારા દુઃખને તેણે હળવું કર્યું હતું. પહેલાં તો તેણે મારી નોકરી બાબતની ચિંતા વધારી દીધી હતી. શું મારી ગેરહાજરીમાં નવાંગ તેને મારી જગ્યાએ ગોઠવવા પ્રયત્ન કરી રહી છે ? મને તેના પર વિશ્વાસ હંમેશા રહ્યો છે, પણ હું ભોળોભટ તો સાબિત નથી થતો ને ? કે પછી આ બધી ચાલ ડેવીડની છે ? કે હું જલ્દી ઓફિસમાં હાજર થઈ જાઉં ? શું મારા ગ્રોહકોને હવે એ એમ કહી રહ્યો હતો કે હવે બધું નવાંગ જ સંભાળી રહી છે ?

બધું મારા મનમાં ધુમરાઈ રહ્યું હતું ત્યારે મારા મનમાં જુલીઆનનાં શબ્દો પડઘાઈ રહ્યાં હતા : "જો આપણને બીજા પર વિશ્વાસ નથી, તો આપણને આપણી જાત પણ વિશ્વાસ નથી."

મારે શાંત જ રહેવું જોઈએ, પણ આ ચિંતા - આ વિચારો - મારો પીછો છોડે તો ને ? હું બેચેન તો થઈ જ ગયો હતો.

ઓફીસની - મારી કરીયરની - વાત બાજુ પર મૂકો. ટીસાનો વ્યક્તિગત મેસેજ પણ મને બેચેન કરી દે તેવો હતો. છેલ્લા થોડાં મહિનાઓમાં ટીસા અને મારી વચ્ચે કંઈક

તો બન્યું જ હતું. મારા ખરાબ સમયમાં અમારા વચ્ચે જે કંઈ હતું તેણે મને થોડી હૂંફ આપી હતી. અનીશા સાથે બોલવાનું થયું હોય કે એપાર્ટમેન્ટમાં રાત્રે એકલું લાગતું હોય, તો બીજા દિવસે ઓફિસમાં ટીસાનો મારી તરફ હસતો ચહેરો જોવા હું બેતાબ થઈ જતો. પણ તે તો બધું અમસ્તું જ ગણાય, ટીસા તો તે બાબત ગંભીર થઈ ગઈ છે.

નવ વાગે હું લૉબીમાં આવ્યો ત્યારે મેં લ્યુઈસને જોયો. તે આવી ગયો હતો. બારણાના એક છેવાડે દૂર હાથ પાછળ રાખીને થોડો આગળ નમીને તે ઘણા વખતથી ઉભો હોય તેમ ઉભો હતો. મને જોઈ ધીમેથી હસ્યો, જાણે કહેતો હોય - મોડું થયું ? કંઈ વાંધો નહીં !

હોટલના દરવાજાની બહારની બાજુ તેની ટેક્સી પાર્ક કરેલી. આ વખતે તેણે મને આગળની સીટ પર તેની બાજુમાં બેસાડ્યો તેણે ટેક્સી ચાલુ કરી અને તેની વાતો પણ !

“આ અદ્‌ભૂત શહેરને જોવા માટે તારી પાસે બહુ ઓછો સમય છે, બહુ ખરાબ કહેવાય.” તેણે કહ્યું : “આ શહેરમાં ઘણું ઘણું જોવાનું છે. હું હંમેશા કહું છું કે આ શહેર છે બૌધિક કલાત્મકતાનું શહેર.”

અમે શહેરના વધુ પ્રાચીન ભાગ તરફ જઈ રહ્યા હતા. રસ્તાઓ વધુને વધુ સાંકડા તથા ઝાંખા થતા જતા હતા.

“ખરેખર ?” મેં કહ્યું.

“ઓહ, જ્યારે લાજવાબ કલાની વાત નિકળે તો બધા ફ્લોરેન્સ, રોમ, પેરીસને યાદ કરે છે. બધા ઉફીઝી, સિસ્ટાઈન ચેપલ કે લોવરેને યાદ કરે છે, પણ બાર્સેલોના ! બોર્સેલોના તો છેલ્લી શતાબ્દિનાં મહાન કલાકારોનું ઘર છે. જોઆન મીરો, સાલ્વાડોર ડાલી, પાબ્લો પિકાસો. અને હા, બુધ્ધિશાળી આર્કીટેક્ટ એન્ટોની ગૌડી. બધા જ જીનીયસ.”

લ્યુઈસ વાતોમાં બરાબર ચગ્યો હતો. અમે જૂનાં શહેરમાં આવી પહોંચ્યા હતા. મકાનો પર જાણે સદીઓની સુંવાળપ પથરાઈ ગઈ હતી. મકાનો અડોઅડ હતાં. કેટલીક ગલીઓ તો એટલી સાંકડી હતી કે મને થયું એમાં કાર જશે કે નહીં ? આમાંથી પસાર થવું જાણે ડાબા હાથનો ખેલ હોય એમ લ્યુઈસ ગાડી ચલાવતો હતો. ક્યારેક “એ એક્સીડન્ટ થયો !” ની બીક લાગતી, પણ ના, કંઈ થયું નહીં.

“દુનિયામાં એવી ઘણી જગ્યાઓ છે જ્યાં તમને પિકાસોનું અદ્‌ભૂત કામ જોવા મળે. લગભગ પચાસ હજાર પેઈન્ટીગ્ઝ છે. પણ તેનાં બહુ શરૂઆતના કામ તમને બીજે ક્યાં જોવા મળવાનાં છે ? અહીં પિકાસો મ્યુઝીયમમાં તે બધાં તમને જોવા મળશે. તેણે નાનપણમાં સ્પેનમાં દોરેલા સ્કેચીસ અને પેઈન્ટીંગ્ઝ. તેનાં પિતાની દેખરેખ નીચે નાનપણમાં તેણે દોરેલાં ચિત્રો પણ તમને અહીં જોવા મળશે. તેની આંખો કેટલી ચકોર હતી તે તમને દેખાશે. પાછળથી તેણે આપેલાં માસ્ટરપીસનાં બીજરૂપે - તેનાં નાનપણનાં ચિત્રો- જેવો જેવા છે.”

અમારી પાસેથી ચર્ચ અને કેથેડ્રલ્સ પસાર થયાં. ઉપર આલંકારિક બાલ્કનીઓ

તથા નીચે કોતરણીવાળા દરવાજાંવાળા નીચાં મકાનો જોયાં. લોખંડના શટરવાળી દુકાનો હતી. બંધ શટર પર પણ જાતજાતનાં ચિત્રો-લખાણો જોવાં મળ્યાં. પણ અમે સાંકડા રસ્તાઓ છોડી વળી મોટા રસ્તા પર આવી ગયા.

અચાનક - સામે દરિયો ઘૂઘવતો મેં જોયો. મેં હાર્બરમાં નાની હોડીઓ પાર્ક કરેલી જોઈ. કાળાં પાણીમાં તેની લાઈટોનાં પ્રતિબિંબ દેખાતાં હતા. ગલીમાં લાઈનબંધ નાળીયેરનાં ઝાડ હતાં. અને હવામાં મીઠાની ખારાશ સ્પષ્ટ વર્તાતી હતી.

બંદર જેવો વિસ્તાર છોડી ટેક્સી પાણીથી દૂરની બાજુ લઈ જતા રસ્તા તરફ વાળી લ્યુઈસ બોલ્યો : "આગળ બાર્સેલોના છે." ફરી નાની નાની ગલીઓ વટાવી એક જગ્યાએ ટેકસી ઉભી રાખી લ્યુઈસ બોલ્યો : "અહીંથી આપણે ચાલતા જવું પડશે."

નાની આત્મીય લાગે તેવી રેસ્ટોરન્ટ ત્યાંના સ્થાનિક લોકોથી ભરચક હતી. "પ્રવાસીઓની ભરમારથી ઘણી દૂર." લ્યુઈસે કહ્યું.

મેં મેનુ જોયું. તે બે ભાષામાં લખેલું હતું. લ્યુઈસે કહ્યા પ્રમાણે તે સ્પેનીશ અને કેટલાન ભાષામાં હતું. મને થોડી સમજણ પડી ખરી, પણ મારે જે જોઈતું હતું તે મારી રીતે નક્કી ન કરી શક્યો. મેનુમાંથી મેં નજર ઉપર કરી તો લ્યુઈસ મારી સામે જોઈ હસી રહ્યો હતો. "તને ફીશ અને શેલફીશ ભાવે છે ?" તેણે પૂછ્યું.

મેં હા પાડી. "સરસ." તેણે કહ્યું : "કેટેલોનીયન રેસ્ટોરન્ટમાં આવવું ને સમુદ્રનાં ફળને ન ખાવાં એ તો શરમજનક કહેવાય. ઓર્ડર આપી દઉં ?

અમારી જમવાની શરૂઆત સુંવાળી માછલીઓથી થઈ. ત્યાર પછી ગ્રીલ કરેલાં શાકભાજીની પ્લેટ આવી. ત્યાર પછી લસણવાળા કરચલા.. અને એમ ચાલતું રહ્યું. લ્યુઈસે વાઈન ઓર્ડર કર્યો અને મારો ગ્લાસ ભરી આપ્યો, વારંવાર ભરતો રહ્યો, તેને ખાલી ન રહેવા દીધો.

તેણે તેના ખિસ્સામાંથી કંઈક કાઢ્યું : "હું તને આ અત્યારે જ આપી દઉં. તે ખોવાઈ જશે તેની મને બીક લાગે છે." લ્યુઈસે મને બદામી રંગનું લેધર-બોક્સ આપ્યું. તે લગભગ ચાર ઈંચ લાંબુ અને બે ઈંચ પહોળું હતું.

બોકસ ખોલ્યું તો ઉપર નાનું પેઈન્ટબ્રશ હતું. ઘેરા રંગના લાકડાનું હેન્ડલ અને સુંવાળા વાળ હતા. મેં તે હથેળી પર ફેરવ્યું તે કાળજીપૂર્વક ટેબલ પર મૂકીને મેં તેની સાથેની નોંધ વાંચવા માંડી.

જિંદગીને શ્રેષ્ઠ રીતે જીવવી હોય તો તમે જે શ્રેષ્ઠ કરી શકો તે કરો.

દુનિયામાં કોઈ કામ તુચ્છ નથી. કોઈ પણ કામ, કે મજૂરી પણ, તમારી વ્યક્તિગત કાબેલીયત બતાવવાની, કંઈક નવું સર્જન કરવાની કે તમારી ભીતર છૂપાયેલી શક્તિઓને બહાર લાવવાની તમને એક તક આપે છે. પિકાસોએ જે રીતે ચિત્રો દોર્યાં તે રીતે આપણે આપણાં કામ કરવાં જોઈએ. લગનથી, ધગશથી, તેમાં ઓતપ્રોત થઈને, જોશપૂર્વક તથા

સર્વશ્રેષ્ઠ રીતે. આમ કરવાથી આપણું કામ માત્ર બીજાને માટે પ્રેરણાત્મક બનશે. એટલું જ નહીં પણ આપણી આજુબાજુની દુનિયામાં પણ તે ફેરફારો લાવી દેશે. જીવનના સૌંદર્યનું રહસ્ય શું છે ? તમને ખરેખર ગમતું કામ કરો અને તેમાં તમારી એટલી કાબેલીયત બતાવી દો કે લોકોને તેની નોંધ લીધા વિના ચાલે જ નહીં.

મેં પેઈન્ટબ્રશ પાછું બોકસમાં મૂક્યું, અને બોકસ મારા ખિસ્સામાં. હોટલના રૂમ પર જઈને તે હું મારા પાઉચમાં મૂકી દઈશ.

“કંઈક અનોખું છે, નહીં ?” લ્યુઈસ બોલ્યો.

“હા.” મેં કહ્યું :“પિકાસો જીનીયસ જ હતો. અને તને આ તાવીજ સાચવવા કેમ આપ્યું તે હું સમજું છું. આ બધી સર્જનાત્મક બાબતોમાં તને ખૂબ રસ પડે છે, બરાબરને ?” લ્યુઈસ હસ્યો.

“કદાચ.” તે બોલ્યો : “ પણ તેનાથી કંઈક વિશેષ કારણ પણ છે.”

લ્યુઈસે મને વિગતવાર કહ્યું. વર્ષો પહેલાં જુલીઆન તેને આકસ્મિક રીતે જ મળી ગયેલો. એરપોર્ટ પરથી, ટેક્સીના પેસેન્જર તરીકે. લ્યુઈસ ત્યારે તેના કોલેજનાં ખર્ચને પહોંચી વળવા ટેક્સી ચલાવતો હતો. જુલીઆન બાર્સેલોના બહુ જ ટૂંકા સમય માટે આવ્યો હતો, તેને જલ્દી આગળ જવાનું હતું. તેની પાસે સમય હતો જ નહીં. તેણે લ્યુઈસને કહ્યું કે “જો મારી પાસે માત્ર એક જ દિવસ હોય તો મારે બાર્સોલોનામાં શું શું જોવું જોઈએ ?” હોટલ પર પહોચી લ્યુઈસે તેને ઘણી ઘણી વાતો કરી. ઘણો સમય ગયો. જુલીઆને લ્યુઈસને પોતાની સાથે જમવાનું આમંત્રણ પણ આપ્યું.

“હું જુલીઆનને આ જ રેસ્ટોરન્ટમાં લઈ આવ્યો હતો.” લ્યુઈસે કહ્યું : “અને ત્યાર પછી અમે સંપર્કમાં રહ્યાં. મને તેણે ધીરે ધીરે ઓળખ્યો અને આ તાવીજને સાચવવા માટે યોગ્ય વ્યક્તિ તરીકે ગણ્યો હશે.”

જમતાં જમતાં લ્યુઈસે તેની જીવનકથા મને સંભળાવી.

બાર્સેલોનાની દક્ષિણમાં આવેલા નાના ગામડામાં તેનું બાળપણ પૂરું થાય ન થાય ત્યાં તેનું કુટુંબ શહેરમાં રહેવા આવી ગયું હતું.

“મારા માટે તો એ સાહસ જેવું હતું. સુષુપ્ત ગામડામાંથી અહીં.” મારી સામે બે હાથ ભેગા કરીને તે બોલી રહ્યો હતો."મને ખબર છે કે નાનાં છોકરાને બહુ ગતાગમ ન પડે - પણ મને ગૅલેરીઓ બહુ ગમતી. ઈતિહાસ પણ મને ગમતો પણ સાચું કહું ? સૌથી વધુ તો મને શહેરની જૂની મૂળ ગલીઓ અને શેરીઓ ગમતી. લા રમ્બલા નીચે ચાલતા જવું અને મીરો મોઝેઈક જોવું. ત્યાં જ, તારી સામે મેદાન છે ત્યાં. પિકાસોનું શિલ્પ, કોઈ જૂનું ચર્ચ કે કોમન વોલ, બેરી ગોટીકમાં રખડતાં રખડતાં આ બધું જોવાનું. નવરો પડું એટલે મારૂં બાઈક લઈને ગામની અંદર ફરવા નિકળી પડતો.”

લ્યુઈસે હાઈસ્કુલનું શિક્ષણ પૂરું કર્યું ત્યારે તેણે આગળ શું કરવું તે બાબત કુટુંબમાં

ઘણી ચર્ચા થઈ હતી. તેના પિતા બિઝનેસમેન હતા. તેની ઈચ્છા હતી તે વકીલ બને. તેની માતા, ચાવાના કુટુંબની જેમ, કોલેજ સુધી ભણી જ ન હતી.

તે લ્યુઈસના ભણતર બાબત નીરસ હતી. જોગાનુજોગ તેનાં એક કાકી એ લ્યુઈસની જાણકારી તથા ઈતિહાસ પ્રત્યેના લગાવને ધ્યાનમાં રાખીને તેને ટુરીઝમ અને હોસ્પિટાલીટીમાં કરીયર બનાવવાનું સૂચન કર્યું.

"મારા પિતા નિરાશ થઈ ગયા હતા. 'કોઈ મહત્વાકાંક્ષા જ નથી.' તેણે કહ્યું હતું. હું એટર્ની બનું તેવી જ તેની ઈચ્છા હતી. અથવા કોઈ પણ પ્રોફેશનલ જેમ કે ન્યુરોસર્જન, ઓર્થોડોન્ટીસ્ટ."

"એ ચાલી શકે પણ એક હોટલ મેનેજર ?" ઘણું ઉતરતું લાગે. હોટલનો માલિક ? તો હા, હોટલમાં કામ કરનાર ? તો ના."

લ્યુઈસે તેના પિતાની ઈચ્છા તરફ બહુ ધ્યાન ન આપ્યું. તેણે કોલેજનું ફોર્મ ભરી દીધું. તેની ફી ભરવા ટેક્સી ચલાવી. અત્યારે જે હોટેલમાં હું હતો તેમાં તેને નોકરી મળી. તે આસીસ્ટન્ટ મેનેજર હતો. પણ ત્યાંથી તેને મેનેજમેન્ટમાં ઊંચા હોદ્દા સુધી પહોંચતા વાર ન લાગી.

એક દિવસ, દિવસભર ઓફિસમાં ભરાઈ રહીને સાંજે ઘેર જવા નીકળ્યો તો તેણે પોતાના જૂના સાથીદાર એવા એક ટેક્સી ડ્રાઈવરને હોટલના મહેમાન માટે ટેક્સીનો દરવાજો ખોલતાં જોયો. તેણે લ્યુઈસને જોયો, ઈશારાથી હાય-હલો કહ્યું અને ગાડી ચલાવી જતો રહ્યો.

તેનાં ચહેરા પરનાં ભાવ પ્રસન્નતાના અને પરિપૂર્ણતાનાં હતા. ગાડીની પાછળની લાલ લાઈટો જ્યાં સુધી દેખાઈ ત્યાં સુધી લ્યુઈસ તે જોતો જ રહ્યો.

લ્યુઈસને સવારે વહેલા ઓફિસ આવવાનું રહેતું અને સાંજે અંધારૂ થાય પછી નીકળવાનું. દિવસ દરિમયાન ઓફિસની બહાર નીકળવાનું ઓછું બનતું, હોટલની બહાર તો ભાગ્યે જ. તેને લાગ્યું તે એક મૂંગી ફિલ્મના પાત્રની જેમ હોટલમાં કામ કરી રહ્યો હતો. અને બહાર દુનિયા તો કેટલી જીવંત હતી. બધું ચેતનવંતુ હતું. આકાશમાં વાદળો સડસડાટ જતાં હતા, પક્ષીઓ કિલ્લોલ કરતાં હતા. શહેરમાં લોકોની ચહલપહલમાં કેટલું બધુ જીવન ભર્યું હતું. ના, કંઈ જ નીરસ કે શુષ્ક ન હતું. બહાર બધું જીવંત અને ભર્યું ભર્યું હતું.

અને લ્યુઈસને અચાનક, હા અચાનક, જ ભાન થયું - "મારી જીંદગીનો ધબકાર મેં ગુમાવી દીધો છે !"

"ટેક્સી ચલાવતી વખતે મને જે આનંદ થતો હતો તે તો હું ક્યારનોય ભૂલી ગયો હતો. હું કેટલો બધો સ્ફૂર્તિવાળો, જીવંત હતો - આ ધમધમતી દુનિયાનો જ એક હિસ્સો. આ બન્યું ત્યારે જ, તે જ ક્ષણે, હું રસ્તાની બાજુમાં ઊભો રહી ગયો. મેં મોંઘો સ્યુટ અને પોલીશ કરેલાં શુઝ પહેર્યા હતા. મેં નક્કી કર્યું - હોટલમાંથી હું રાજીનામું આપી દઈશ. હું હવે એ જ કરીશ જેમાંથી મને જીવનનો ભરપૂર આનંદ મળે છે. હું ટેક્સી ચલાવીશ."

લ્યુઈસ અટક્યો અને વાઈનની એક ચૂસકી તેણે લીધી.

"અને તે વાતનો તને આનંદ છે ? તારો નિર્ણય સાચો હતો ?" મેં પૂછ્યું.

"એકદમ બરાબર."

"તારા પિતા હજુ પણ નારાજ છે ?" મે પૂછ્યું.

"હા." તેણે જવાબ આપ્યો : "આ બાબતમાં અમે બહુ વાતો નથી કરતાં. જાણે હું જેલમાં સબડતો રહીને દિવસો કાઢતો હોઉં તેવો તે મને સમજે છે. જોવાનું તો એ છે કે મારા પિતા પોતાના કામને પણ ધિક્કારે છે ! તેના પિતાએ (મારા દાદાએ) તેને કુટુંબના ધંધામાં પરાણે જોતર્યાં હતા. મારા દાદા નિવૃત્ત થયા ત્યારે તેણે પોતાના સ્થાને મારા પિતાને તેની મરજી વિરુધ્ધ બેસાડી દીધા હતા. મારા પિતા માટે ધંધામાં એક એક દિવસ પીડાદાયક રહ્યો હતો. તેની કંપનીમાં તેના કોઈ સંતાનને નહીં જોતરવાના તેણે સોગંદ લીધા હતા. બસ, તે ક્યારે નિવૃત્ત થાય અને ક્યારે બધું વેચી કાઢે તેની જ રાહ જોઈ રહ્યાં છે, દિવસો કાઢી રહ્યાં છે."

લ્યુઈસ ટેબલ તરફ જોતાં જોતાં ધીમેથી માથું હલાવી રહ્યો હતો, વેઈટર ડિઝર્ટ લઈને આવ્યો. વેઈટર ગયો પછી મેં લ્યુઈસને પૂછ્યું. : "તારા પિતા અત્યારે જ કેમ બધું છોડી દેતાં નથી ?"

તે બોલ્યો : "તે તેનાં કામને ધિક્કારે છે, અને તેથી જ તે તેનું કામ બરાબર કરી શકતા નથી. મારા એક ગ્રાહકે મને એક દિવસ કહ્યું હતું. - આટલી મંદીમાં પણ તું કેટલો આનંદથી રહે છે ? - મારા પિતાને તો આ જૉક જેવું જ લાગે ને ?"

તેણે બોલવાનું ચાલુ રાખ્યું : "ખરેખર મારા પિતાની કંપનીમાં કંઈ દમ નથી. તે જાણે છે પણ કંપનીને ઊંચી લાવવા તે દરરોજ મથ્યા કરે છે. અને એક સમૃધ્ધિવાન વ્યક્તિ તરીકે નિવૃત્ત થવા માંગે છે. પણ અત્યારે તો, સમૃધ્ધ થવાની તક તેની કરતાં મારી પાસે વધુ છે."

થોડી ક્ષણો અમે ચૂપ થઈ ગયા, લ્યુઈસે તેનાં ફ્રુટ સલાડમાંથી સ્ટ્રોબેરી ઉપાડી. પણ થોડી વારે પાછી મૂકી દીધી.

"તને જે ગમે છે તે જ કરવાનું તેં નક્કી કર્યું, અને એટલે જ જુલીઆને આ તાવીજ સાચવવા માટે તને પસંદ કર્યો ?" મેં પૂછ્યું.

તમને ગમતું કામ કરો તો જ તમે શ્રેષ્ઠ રીતે કામ કરી શકો ? મને બરાબર સમજાતું ન હતું.

"ના, તે કારણથી જ મને તાવીજ માટે પસંદ કરાયો હતો તેમ હું માનતો નથી." લ્યુઈસે કહ્યું : "તે દિવસે હોટલની બહાર રસ્તા પર ઉભા રહીને મેં જે નિર્ણય લીધો એ જ ખરૂં કારણ હોવું જોઈએ. મને ખબર હતી કે મારા કુંટુંબીજનો કે મારા મિત્રોને તે નિર્ણય નહીં ગમે. પણ મેં નિર્ણય કર્યો કે મારા કામ બાબતે મને અંદરથી કોઈ ફરિયાદ ન હોવી જોઈએ. મારી જાત વિશે મને હંમેશા ગૌરવ થાય તેમ જ હું ઈચ્છતો હતો. અને તેને માટે

એ જ રસ્તો હતો - હું જે કામ શ્રેષ્ઠ રીતે કરી શકું તે જ મારે કરવું."

લ્યુઈસે ત્રાંસી નજરે મારી સામે જોયું અને હસ્યો.

"આપણને આજે અથડાતાં રહી ગયો તે ટેક્સી ડ્રાઈવરને ગાડી કેમ ચલાવવી તે ખબર નથી. તે વિચારે છે કે જ્યાં જવું છે ત્યાં તેને બને એટલો જલ્દી પહોચાડી દેવો, અને તે માટે અકસ્માતનું જોખમ લેવું પડે તો પણ શું? તેને ખબર નથી કે શહેરનાં એક સ્થળેથી બીજે સ્થળે સૌથી ઝડપી રીતે પહોંચવા માટે એવો રસ્તો - ટૂંકો કે લાંબો - પસંદ કરવો જોઈએ, જેમાં અડચણો ઓછામાં ઓછી હોય. હું એ જ કરું છું. શહેરની કોઈ ગલીગૂંચી એવી નથી. જેની મને ખબર ન હોય.

માત્ર સારી રીતે ડ્રાઈવીંગ કરવાથી બધું પતી જતું નથી. જ્યારે પેસેન્જરને હું બાર્સેલોના દેખાડવા નિકળું તો તેના કોઈ પણ પ્રશ્નનો મારી પાસે જવાબ હોય છે - કઈ રેસ્ટોરન્ટમાં મસ્ત ફીડેઉઆ મળે છે, કોન્ટેમ્પરરી આર્ટ ગેલેરીનો સમય શું હોય છે, એન્ટીક ચીજવસ્તુઓ ખરીદવા માટે શ્રેષ્ઠ સ્થળ કયું, અને જ્યારે રાત્રે બાર વાગે ગ્રાહક તેનું પ્લેન ચૂકી જાય ત્યારે, તે અમેરીકન-સ્ટાઈલ હોટડોગની જેમ વલખાં મારતો હોય ત્યારે તેને ક્યાં લઈ જવો તે પણ હું જાણું છું."

"હું દિલથી માનું છું મારા કામને. તેને હું સંપૂર્ણપણે મારું કામ સમજું છું. બધા મને ભલે મામૂલી ટેક્સી ડ્રાઈવર તરીકે જુએ, પણ હું મારા કામને મુલાકાતીઓને જીવનભર યાદ રહી જાય તેવા સંભારણા આપવાના કામ તરીકે જ ગણું છું. દુનિયામાં માણસ-માણસ વચ્ચેના સંબંધો કેટલા સરસ મજાનાં હોઈ શકે તેનો મારા ગ્રાહકોને અનુભવ કરાવવાની મારી પાસે તક છે. મારા ગ્રાહકોનાં ચહેરા પરનું સ્મિત મને ગમે છે.

મારી પાસે આવ્યા હોય તેનાં કરતાં મારી પાસેથી જાય ત્યારે તે વધુ આનંદમાં હોય છે. મારી દૃષ્ટિએ તો કામ એ ઈશ્વરે આપણને આપેલી બક્ષિસને બહાર લાવવાનું સાધન છે. આપણી અંદર સારામાં સારું શું છે તે દર્શાવવાની તથા અન્ય લોકોને મદદરૂપ થવાની એક તક છે, હું જે છું તે આ છું - કદાચ એટલે જ જુલીઆને મને પસંદ કર્યો હોય !"

અમારી કોફી આવી ગઈ હતી. પહેલી ચૂસકી લેતી વખતે અમે બન્ને ચૂપ હતા. લ્યુઈસ શું વિચારતો હશે તે તો મને ખબર ન હતી, પણ મારા મનમાં વર્ષો પહેલાં કલાસરૂમમાં ભણાવતા મારા પિતાનું ચિત્ર ઉપસી આવ્યું.

રાત્રે છૂટાં પડતી વખતે, લ્યુઈસે તેનો વધુ લાભ મળે તેવી મને ઑફર કરી. શહેરની ટૂર માટે બીજા દિવસે સવારે આવી પહોંચવાની. અમે સવારે આઠ વાગે મળવાનું નક્કી કર્યું.

બીજા દિવસે સવારે છ વાગ્યાનું એલાર્મ વાગ્યું, બંધ કર્યું અને હું આડોઅવળો થઈ ફરી સૂઈ ગયો. જર્નલમાં મેં લખલો શબ્દો 'પુશ-અપ' મને યાદ આવ્યાં. પથારીનાં ઢગલામાંથી હું બહાર આવ્યો અને લથડિયાં ખાતાં ખાતાં મારા સામાન તરફ ગયો. હું બિઝનેસ ટૂરમાં હોઉં તો પણ મારી સાથે એક થેલીમાં શોર્ટસ, ટી-શર્ટ, જીમ શૂઝ અને મોજાં અચૂક હોય જ. ઉપયોગ ન થાય તો થેલી એમની એમ પાછી ઘેર આવે પણ મારી પાસે આ તો હોય જ.

આજે સવારે આળસને ખંખેરીને, મન જીમમાં નહીં જવાનું કોઈ કારણ શોધી કાઢે તે પહેલાં મેં તે કપડાં પહેરી લીધાં. હોટલના જીમમાં જવા માટે હું મારી મર્યાદાઓને જીતવા માંડ્યો હતો, હું કંઈક શીખી રહ્યો હતો. એવું લાગ્યું જાણે દરવખતનાં મારા બહાનાઓ મારી ભીતર ધરબાયેલા ભયને કારણે જ ઉભા થયેલા છે.

બાથરૂમમાં ગયો, બ્રશ કર્યું. મોઢું બરાબર ધોયું અને જીમ તરફ નિકળી પડ્યો. ટ્રેડમીલ પર વીસેક મિનિટ જોગીંગ કર્યું. મને આનંદ જોગીંગ કર્યાનો નહીં, પણ મનની આળસને જીત્યાનો હતો. મનમાંને મનમાં મેં મારી પીઠ થપથપાવી.

ટ્રેડમીલ પરના રનીંગ પછી, મેં જર્નલનાં મારી જાતને આપેલા વચન પ્રમાણે, થોડી ઉઠ-બેસ કરી. પાછો મારી રૂમ પર તૈયાર થવા ગયો.

સારૂં એવું નાહીને, તૈયાર થઈને લૉબીમાં આવ્યો. કાઉન્ટર પર હાજર વ્યક્તિએ મારી સામે હળવું સ્મિત કરી મને ખૂણામાં રહેલી કાફે તરફ જવા ઈશારો કર્યો. આજુબાજુના વિસ્તારમાં સૌથી સારી કૉફી અહીં મળતી હતી.

નાસ્તો કરીને મોબાઈલમાં મેસેજ જોવા માંડ્યા. નવાંગના મેસેજથી મને હાશ થઈ. મને કોઈ ચિંતા નહીં કરવા તેણે જણાવ્યું હતું. મારા કંપનીમાં પાછા ફરવાની તે રાહ જોઈ રહી હતી. તેણે મને ઢગલાબંધ મેસેજ ફોરવર્ડ પણ કર્યા હતા. મને પરિસ્થિતિથી વાકેફ રાખવાનાં તેના પ્રયત્નો હતા. મેં મોટાભાગના મેસેજના જવાબો લખી નાંખ્યા. પછી ટીસાના મેસેજ તરફ વળ્યો.

મેં તે ફરી ફરીને વાંચ્યો. તેનો શું જવાબ આપવો તેની મને કંઈ ગતાગમ પડતી ન હતી. જુલીઆને મને આપેલી જર્નલ મેં કાઢી. મારા વિચારો હું લખીશ તો તેમાંથી કદાચ રસ્તો મળે. હકીકત એ હતી કે ટીસાએ મારા મનનો કબજો જમાવ્યો હતો.

પરંતુ એ પણ સાચું જ હતું કે તેને પ્રોત્સાહન આપવામાં - એક નવો સંબંધ શરૂ કરવામાં - મને અપરાધભાવ લાગતો હતો. છેવટે તો હું હજી પરિણિત જ કહેવાઉં, અલગ રહેતો હતો, છૂટો તો નહોતો જ પડ્યો. અનીશાએ છોડી જવાનું કહ્યું ત્યારે અલગ રહેવું એ જ એક માત્ર ઉપાય મને લાગ્યો હતો.

અનીશા મારી પ્રાથમિકતાઓ બદલવા મને ખૂબ સમજાવતી હતી, પણ મને હતું તે અલગ રહેવાથી તેને મહેસૂસ થશે કે આના કરતાં તો સાથે હતા તે સારૂં હતું. ફરી સાથે રહેવા માની જવાની તેને ફરજ પડશે. પણ છૂટા પડયાના આટલા સમય બાદ મને નથી લાગતું કે તે એમ માનતી હોય. તેની વિક્ષુબ્ધતા અને ગુસ્સો શાંત પડયા હતા પણ તેની જગ્યા ઉદાસી અને અંતર્મુખતાએ લીધી હતી, પસ્તાવાએ નહીં. તેનો અર્થ એવો થઈ શકે કે તે હવે મારાથી ખરેખર ઘણી દૂર જઈ રહી છે ? શું બધું પતી ગયું હતું ?

અને જો એમ જ હોય તો ટીસાની વાતમાં રસ લેવામાં શું વાંધો હતો ? સાથે કામ કરનારાંઓની વચ્ચે હોય તેવો ઉપરછલ્લો પ્રેમ જ તે હોઈ શકે, તેમાં વધુ રસ બતાવવાનું કોઈ યોગ્ય ન માને.

બીજાની વાત છોડો, મને પણ કંઈક નવા પ્રત્યે, અજ્ઞાત પ્રત્યે, ભય તો હતો જ ને

? મેં જર્નલ બંધ કરી, પેન ખિસ્સામાં મૂકી. હું અચાનક જૂની યાદોમાં ડૂબી ગયો.

પ્રાચીન ઈતિહાસના વૈકલ્પિક કોર્સ, દરમ્યાન મેં અનીશાને જોઈ હતી. મારા એન્જીનીયરીંગના કોર્સ સાથે થોડો ફાયદારૂપ થાય તો તેવો એક માત્ર કોર્સ તે હતો, તેથી જ મેં તેની પસંદગી કરી હતી. તે ભણવાનું કંટાળાજનક હતું તેમ તો ન હતું, પણ મને વિશેષ રસ હતો રૂમની સામેના ભાગમાં જમણી બાજુ બેસતી છોકરીમાં.

તે થોડી ફરે તો મને તેનો ચહેરો જોવા મળે તે માટે હું તેની શક્ય એટલો બાજુમાં બેસવા સતત પ્રયત્ન કરતો, છતાં હું જાણે દૂર બેઠો હોઉં તેમ જ મને લાગ્યા કરતું. તે કલાસમાં ખાસ બોલતી નહીં, પણ જ્યારે તે બોલતી ત્યારે તે સાંભળવા જેવું તો હતું જ. આખા વર્ષ દરમ્યાન તેની સાથે કેવી રીતે વાતચીત કરી શકું તે વિચારવામાં જ ગયું, કંઈ જ થયું નહીં. એટલામાં વાર્ષિક પરીક્ષાઓ આવી. મને સમજાયું કે મેં તેને મળવાની તક ગુમાવી દીધી છે ! તે આર્ટસમાં હતી અને હું એન્જીનીયરીંગમાં. એટલે ભવિષ્યમાં પણ કોઈ કલાસમાં ભેગા થવાનો સવાલ ન હતો. મારો આખો ઉનાળો જાત પ્રત્યે ફરિયાદો કરવામાં જ ગયો. કોલેજના ત્રીજા વર્ષે અનીશાનાં દર્શન થયા નહીં. ફરી ઉનાળાની રજાઓમાં હું એકલો જ ભટકતો રહ્યો, મારા ઉપલા વર્ષમાં ભગવાને મારી સામે જોયું.

એક દિવસ શુક્રવારની રાત્રે મારા રૂમ પાર્ટનર્સ અને હું એક કેમ્પસ બારમાં ગયા. અમારી મુખ્ય પ્રવૃત્તિ રહેતી રાબેતા મુજબની - નવી નવી વેઈટ્રેસ જોવાની. અમારા ટેબલ પર વેઈટ્રસને બદલે વેઈટરને જોઈને અમે નિરાશ થયા.

કેમ્પસમાં આજુબાજુ થોડાં જાણીતા ચહેરાઓ હતા, કેટલીક નવી છોકરીઓ પણ હતી. પરંતુ હું બાથરૂમ તરફ ગયો ત્યાં અંદરના ભાગમાં એક છોકરીને મેં કામ કરતા જોઈ. એ અનીશા હતી.

મારા ટેબલ પર આવીને મેં ઈવાનને પેલી બાજુ કામ કરતી છોકરીને (અનીશાને) જોવા કહ્યું. તે તો ખુરશીમાંથી ઉભો થઈને ડોક લંબાવીને અનીશાને જોવા પ્રયત્ન કરવા લાગ્યો. બરાબર એ જ સમયે અનીશાને અમારા ટબેલ તરફ આવતી મેં જોઈ.

“હં અ.....” ખુરશીમાં પાછો બેસતાં ઈવાન બોલ્યો : “મને લાગે છે કે તે તારા હાથમાં આવે એમ નથી.”

અરે ? આવા જવાબની મેં અપેક્ષા ન હોતી રાખી. મને એમ કે એવું કંઈક કહેશે કે જેથી મારી હિંમત વધે. પણ ફરી, ઈવાન બીયર પીતાં પીતાં બોલ્યો : “ખરેખર કહું છું જોનાથન, તેને ભૂલી જા.” મદદ કરવાની વાત તો એક બાજુએ રહી ...

હું ત્યાં બીયર પીતાં પીતાં મારી જાતને કોસતો જ રહ્યો. “મારામાં હિંમત જ નથી !” મારા રૂમ પાર્ટનર્સ ઉભા થયા ત્યારે મેં કહ્યું : “તમે જાવ, મારે બાથરૂમમાં જવું છે. હું પછી આવીશ.” ઈવાને મારી સામે જોયું - જાણે કહેતો હોય “હેં ?” પછી જેકેટમાં હાથ નાંખતા બોલ્યો : “જોનાથન, ગુડ લક !!” કહેવાની તેની રીત અને અવાજનો અર્થ હતો - આમાં કંઈ લક અજમાવવા જેવું છે જ નહીં. તારા હાથ ખાલી જ રહેવાના ! મારે તેના કોઈ શબ્દોની જરૂર ન હતી. મારે જરૂર હતી ભગવાન મને મદદ કરે તેની.

બારની બાજુમાં એક ટેબલ પર અનીશાને મેં બેસેલી જોઈ. તેની આજુબાજુ કોઈ ન હતું. તે તેને મળેલી ટીપ્સ ગણવામાં મશગૂલ હતી. હું નજીક ગયો અને સાવ તેના ટેબલ પાસે જઈ ઉભો રહ્યો, તેને મારી હાજરીની જાણ જ ન હતી તેવું મને લાગ્યું.

"હાય !!" મેં કહ્યું.

"ઓહ, હાય !" હસતાં ચહેરે તેણે ઊંચે જોયું. એને ખબર પડી કે એ હું છું ત્યાર બાદ પણ તેણે હસવાનું ચાલુ જ રાખ્યું. કાં તો તે સ્વભાવથી (દરેક સાથે) જ હસમુખી હશે અથવા તો ખાસ મારા માટે જ તેણે હસવાનું ચાલુ રાખ્યું હશે. મારા માટે ઘણી સારી નિશાની હતી. કદાચ બન્ને હોઈ શકે.

"તમને હેરાન કરવા બદલ દિલગીર છું." મેં કહ્યું : "પણ મને લાગે છે કે બીજા વર્ષમાં ઈતિહાસના કલાસમાં આપણે સાથે જ હતા."

અનીશા એક બાજુ જોઈ ગઈ, યાદ કરતી હોય તેમ.

થોડી વાર પછી તેણે કહ્યું : "એન્જીનીયર, બરાબર ને ?" તે ધીમેથી જ બોલી હતી - તે બોલી તે બરાબર છે કે નહીં તે હજી કદાચ યાદ કરી રહી હતી.

"એકદમ બરાબર." મેં કહ્યું : "મેં વિકલ્પ તરીકે ઈતિહાસ રાખ્યો હતો."

મને લાગ્યું હું સીધો ઉભો રહી શકતો ન હતો. સીધા ઉભા રહેવાનો શક્ય એટલો પ્રયત્ન કરીને હું ઉતાવળથી બોલી ગયો : "આપણે ક્યારેક સાથે કૉફી પીવા જઈએ તો મને ઘણો આનંદ થશે."

તેના ચહેરા પર હજુ પણ હાસ્ય હતું, પણ તેણે તરત જવાબ આપ્યો નહીં. તે ચોક્કસપણે શું કરવું તે વિચારી રહી હતી.

"આખું અઠવાડીયું કેટલું બધું કામ રહે છે." તે બોલી : "છેલ્લા એક વર્ષથી તો હું મારા ઘણા મિત્રોને મળી શકી નથી."

મેં માથું હલાવ્યું અને એવો જવાબ મનમાં ગોઠવવા લાગ્યો કે તેને લાગે કે જો તેને ન પડી હોય તો મને પણ ખાસ કંઈ પડી નથી !!

"પણ આવતા અઠવાડીયે ગોઠવી શકાય તેમ છે." તેની સામે પડેલા કાગળમાંથી એક ઉપાડીને તે ફાડી રહી હતી. તેના પર ફોન નંબર લખીને તેણે તે કાગળ મને આપ્યો.

"મારું નામ અનીશા છે." તેણે કહ્યું : "સૉરી, પણ તમારું નામ હું ભૂલી ગઈ છું."

લ્યુઈસ આઠને ટકોરે હોટલની સામે આવી ગયો હતો. તે તેની ટેક્સીમાં ન હતો.

"મને લાગે છે આપણે ચાલતા જ જઈશું." તેણે કહ્યું : "ડ્રાઈવીંગ કરવું મને બહુ ગમે છે, પણ શહેર જોવાની - અનુભવવાની - સાચી રીત ચાલતા ફરવાની છે."

આગળી રાત્રે જ લ્યુઈસે મારી પાસે ઓછો સમય છે તે બાર્સેલોનાના સ્થાપત્ય જોવામાં જ ગાળવો તે નક્કી કરાવી નાંખ્યું હતું. કલાની દુનિયામાં બાર્સેલોનોનો અપ્રતિમ

ફાળો તેનું સ્થાપત્ય છે તેમ તે ભાર દઈને કહેતો હતો.

"અહીં નવ મકાનો યુનેસ્કોની હેરીટેજ સાઈટ તરીકે છે." ઉપરાંત ગૌડીના તથા અન્ય આધુનિક ડિઝાઈનનાં ઘણા કેટાલોન મકાનો પણ છે. પણ અહીંના સ્થાપત્યો બાર્સેલોનાના ઈતિહાસના માત્ર સાક્ષીરૂપ હોય તેમ નથી, અમે આજે પણ તેની ખૂબ દરકાર કરીએ છીએ."

લ્યુઈસે કહ્યું કે આ શહેરમાં અત્યારે પાંચ હજારથી વધુ આર્કીટેક્ટ કામ કરી રહ્યાં છે. "દુનિયામાં કોઈ પણ શહેરમાં કુલ વસ્તી દીઠ વધારેમાં વધારે આર્કીટેક્ટ અહીં છે." તેણે કહ્યું. મેં તે બાબતને બહુ મહત્વ આપ્યું. તેણે જીન નોવેલ, ઝારા હેડીડ, ફ્રેન્ક ગેહરી, રીચાર્ડ રીજર્સ વગેરેના મકાનો વિશે કહ્યું. મને માત્ર ગેહરીનું નામ જ યાદ રહ્યું.

સવારથી બપોર સુધી અમે ફક્ત ચાલ્યા જ કર્યું. ક્યારેક બસમાં પણ બેઠા, પણ મોટાભાગનો સમય તો અમે સાથે રખડતા જ રહ્યાં. મકાનો જોઈને ડોક દુઃખી ગઈ.

મેં ગૌડીનું લા પેડરેરા એપાર્ટમેન્ટ જોયું. તેની તરંગાકાર દિવાલો, પાણીથી હમણાં જ ધોયાં હોય તેવા પથ્થરો તથા લોખંડની બાલ્કનીઓ જોઈ. મને એટલાન્ટીસનું ખોવાયેલું શહેર યાદ આવ્યું. દરિયાના તળીયે કોઈ શહેર વસ્યું હોય તો આવું જ લાગે. અમે પાર્ક ગુએલમાં ફર્યા. ત્યાં બિલાડીનાં ટોપથી છવાયેલા ગેટહાઉસ, મોઝેકથી બનાવેલ શિલ્પો તથા ટાઈલ્સથી સુશોભિત મેદાન જોયાં. અને દિવસને અંતે અમે ગઈ કાલે સાંજે જ્યાં હતાં, ત્યાં જ આવી ગયા. સગસાડા ફેમિલીયાની સામે જે લ્યુઈસના મતે ગૌડીની દૂરંદેશી તથા આત્મશ્રધ્ધાના પ્રતિક જેવું અધુરૂં મકાન હતું.

"મને આ જગ્યા બહુ ગમે છે." ઊંચા મિનારા તરફ જોઈ લ્યુઈસ વિચારપૂર્વક બોલ્યો : "મેં અગાઉ તને કહ્યું છે કે મારા સન્માનનીય દાદાએ અહીં કામ કરેલું છે ?"

"ખરેખર ?" મેં કહ્યું : "શું તે પથ્થરના કડીયા હતા ?"

"ના." લ્યુઈસે કહ્યું : "માત્ર મજૂર હતા. અહીં તેણે ઘણા સમય સુધી પથ્થરો અને ઈંટો ખસેડયા હોય તેમ બને. જુલિયાનની નોંધની જેમ જ - કોઈ કામ તુચ્છ નથી. દિવસને અંતે ધૂળીયા અને પરસેવાથી લથપથ શરીરે દરરોજ વધતા જતા આ મિનારાઓને જોઈને જાણે એ બોલતા હોય - "મેં આપેલ શક્તિ અને સમયના ભોગ વિના આવું સરસ સર્જન કેવી રીતે થઈ શકે ?" એવું મારી નજર સામે તરવરે છે."

લ્યુઈસ મને હોટલ પર લઈ આવ્યો ત્યારે મોડી સાંજ થઈ ચૂકી હતી. એને ખાસ કરીને કામે ક્યાંક જવાનું હતું અને અમે બન્ને હવે મુલાકાત જલ્દી પૂરી થાય તેવું ઈચ્છતા હતા. બીજા દિવસે સવારે આઠ વાગ્યાની મારી ફલાઈટ હતી. લ્યુઈસે મને પાંચ વાગે તે મને તેડવા આવશે તેમ જણાવ્યું.

સ્યૂટમાં આવીને રૂમ સર્વિસ દ્વારા મેં ડીનર મંગાવ્યું. મેં જર્નલમાં થોડું લખ્યું અને પછી મારો મોબાઈલ કાઢ્યો - આદમને ટૂંકો મેસેજ મોકલ્યો. મેકિસકોમાં હતો ત્યારથી જ હું તેને બહુ યાદ કરતો હતો. હું ઘરે હોત તો આટલો બધો સમય તેને ફોન વિના કે મળ્યા વિના રહી જ શક્યો ન હોત. બહુ સાદી ભાષામાં જ મેં મેસેજની શરૂઆત કરી. "બીાઁ તું

મને બહુ યાદ આવે છે.”

હું ઈસ્તનબુલ જવા માટે રવાના થયો તે પહેલાં તેની આંખોમાં જોયેલી ઉદાસી મને યાદ આવી, મેં તે વાક્ય કાઢી નાંખ્યું. મારી ગેરહાજરી ત્યાં હોવા છતાં જાણે હું તેને માટે તેની પાસે હાજર છું તેવું તે અનુભવે તેવું મારે લખવું હતું. મેં તેને જાદુગરના મંદિર અને માયાનના ખંડેરો વિશે લખ્યું. વૃક્ષો પરનાં પક્ષીઓનાં અવાજો વિશે લખ્યું. યુકાતાનના જંગલો વિશે લખ્યું. પછી મેં તેને હું હમણાં જ બાર્સેલોના શહેરમાં ફરીને આવ્યો છું તેમ લખ્યું.

“પાછલા ઉનાળામાં આપણે બીચ પર રેતીના કિલ્લા બનાવ્યાં હતા. ભીની રેતીમાંથી તેનાં અણિયાળાં મિનારાં બનાવ્યાં હતા ? ગઈ કાલે મેં જોયેલું ચર્ચ આપણે બનાવ્યું હતું તેવું જ લાગતું હતું. તેમાં અનેક મિનારાઓ હતા. તે એન્ટોની ગૌડી નામના માણસે ડિઝાઈન કરેલું છે. મને ખાત્રી છે કે તારી જેવડો હશે ત્યારે તેણે પણ રેતીમાં કિલ્લાઓ બનાવ્યાં હશે.”

પળવાર હું અટકી ગયો, હવે શું લખવું તેના વિચારમાં. પછી લખ્યું : “હું ઘરે પાછો આવું પછી તને અઠવાડીયાની રજામાં બીચ પર લઈ જઈશ.” આવાં વચનો આપવામાં કેટલું જોખમ હતું તે હું જાણતો હતો, પણ વચન પાળવા મારું મન મજબૂત હતું. જો વચન ન પાળી શકું તો મારું અને આદમનું દિલ તૂટી જાય તેમ હતું.

બીજા દિવસે એરપોર્ટના ટર્મિનલ પર લ્યુઈસની ટેક્સીમાંથી હું બહાર નિકળ્યો ત્યારે હજુ ક્ષિતીજમાં સૂર્યનાં કિરણો પ્રવેશવાની રાહ જોઈ રહ્યાં હતા. તે રાબેતા મુજબ ઉત્સાહી અને આનંદમાં હતો, પણ તેણે જોયું કે હું હજી સવારની સુસ્તીમાંથી બહાર નથી આવ્યો. મારો સામાન ટેક્સીમાંથી બહાર કાઢતી વખતે તે બોલ્યો : “જોનાથન, બધું આવી ગયું ને ?” મેં ખિસ્સામાં મારું પાકીટ તથા પાસપોર્ટ જોઈ લીધાં.

અચાનક મને યાદ આવ્યું, તાવીજો. મારા ગળે ફરતો ચામડાનો બેલ્ટ (જેમાં હું તાવીજો સાચવી રાખું છું) છે ? મને લાગ્યું નહીં. મેં તરત જેકેટ ખોલ્યું, અંદર ફંફોસ્યું. હા, ત્યાં જ હતો. મને કેમ આની ખબર ન રહી ? મને નવાઈ લાગી. અગાઉ કરતાં બેલ્ટ ખૂબ ભારે બની ગયો હતો છતાં મારા ગળે તેની દોરી ભીંસાતી ન હતી. મેં શર્ટની અંદરના ભાગમાંથી પાઉચ બહાર કાઢી મારા ખિસ્સામાં મૂકી દીધું. મારે સિક્યુરીટી ચેકમાં તે બતાવવું પડશે.

ચેક-ઈન પતાવી ડીપાર્ચર લોન્જમાં હું પહોચ્યો ત્યારે એક ખૂણો શોધી ત્યાં ગયો અને મેં અનીશાને મોબાઈલ જોડ્યો. ત્યાં મધરાત હશે પણ મને વાત કરવાની ઘણા વખતથી ઈચ્છા હતી. આદમ વિશે પણ કંઈક જાણવાની ઈચ્છા હતી.

અનીશા એ ફોન ઉપાડ્યો ત્યારે કસમયે ફોન કરવા બદલ મેં દિલગીરી વ્યકત કરી પણ તેને બધું અનુકૂળ હોય તેવી ને શાંત લાગી. “તમારો ફોન આવ્યો મને બહુ જ ગમ્યું.” તેણે કહ્યું. આજે સ્કૂલમાં એક નાની ઘટના બની તે તમને મારે જણાવવી જ હતી. દેખીતી રીતે -” અનીશા અટકી ગઈ. તેના રૂમમાં કોઈનો કોમળ અવાજ મને સંભળાયો.

“મમ્મી.” આદમ કહી રહ્યો હતો : “મને સૂવામાં તકલીફ પડે છે.”

"અરે બેટા," અનીશા તેને કહી રહી હતી : "મારી પાસે આવી જા ને ? અને પપ્પા સાથે તારે વાત કરવી છે ?"

આદમ ફોન પર આવ્યો ત્યારે તે કેમ છે તે મેં પૂછ્યું.

"સરસ." તેણે શાંત અવાજમાં કહ્યું.

"નવીનમાં શું છે ?" મેં ફરી પ્રયત્ન કર્યો.

"કંઈ નહીં." તેણે કહ્યું. મને હવે અનીશાનો અવાજ ફોન પાછળ સંભળાયો.

"એ, તું સ્કૂલમાં આજે શું બન્યું તે પપ્પાને કહેવા માંગતો હતો ?"

મારા આગ્રહ તથા અનીશા પણ જલ્દી જણાવવા માંગતી હતી તે જોઈને આદમે કહ્યું કે આજે સ્કૂલમાં તોફાની છોકરાઓએ તેને ઘેરી લીધો હતો, નીચે પાડી દીધો હતો અને તેનું ખાવાનું ઝૂંટવીને લઈ ગયા હતા.

"તે શું કર્યું ?" મેં પૂછ્યું. તેણે કહ્યું કે તેણે તેના ટીચર મિઝ વેન્ડરનીસને કહ્યું હતું. તેણે તોફાનીઓને ઓફિસમાં મોકલ્યાં હતા.

આદમે પૂછ્યું : "તમે નાના હતા ત્યારે તમારાથી વધુ જોરદાર છોકરાઓએ તમારી સાથે આવું કર્યું હતું ?"

મેં આદમને ફીલ સ્ટેકાક વિશે કહ્યું જે મારા બધા બાસ્કેટબોલના કાર્ડસ ચોરી ગયો હતો તથા મને ચશ્મા હોવાથી પણ ચીડવતો રહેતો હતો. સ્કૂલથી છૂટીને ઘરે આવું ત્યાં સુધી ફીલ મારી પાછળ પાછળ આવતો અને મોટા બરાડા પાડીને મારું અપમાન કર્યા કરતો. કોઈને ફરીયાદ કરવાની પણ મને બીક લાગતી હતી. પણ એક દિવસ જ્યારે ફિલે મારા ચશ્મા ખેંચી જમીન પર ફેંકી દીધા ત્યારે મેં મારા ટીચરને ફરીયાદ કરી હતી. પછી શું બન્યું તેની મને ક્યારેય ખબર ન પડી, પણ ત્યાર પછી ફીલ મને હંમેશા અહોભાવથી જોતો હતો. મને તે ક્યારે અડ્યો પણ નહીં." આદમ સાથે વાત લાંબી ચાલી, પછી અનીશાએ ફોન લીધો, મેં ઘડીયાળમાં જોયું.

"સોરી." મેં અનીશાને કહ્યું:" તમે બન્ને બહુ થાકી ગયા હશો."

"વાંધો નહીં." અનીશાએ કહ્યું :" મારે તમારી સાથે વાત કરવી જ હતી, પણ મારે હવે આદમને સૂવરાવી દેવો જોઈએ."

"બરાબર." મેં કહ્યું : "એક મિનિટ, તને ખબર છે સ્કૂલવાળા આદમની ફરિયાદ બાબત આગળ શું કરી રહ્યા છે ?"

અનીશાને આદમને તેના રૂમમાં સૂવા જતા રહેવા કહ્યું અને કહ્યું થોડી જ વારમાં તે તેની પાસે આવી જશે. પછી તેણે મને કહ્યું કે લંચ પછી મિઝ વન્ડેરવીસનો ફોન હતો. મુખ્ય તોફાની છોકરાએ કોઈ વિદ્યાર્થીઓને માર્યું હોય તેવું આ પહેલી વાર નહોતું બન્યું. તે તોફાનીના માતા-પિતાને વાતચીત કરવા પ્રિન્સીપાલે બોલાવ્યા હતા. મિઝ વન્ડેરવીસ પણ આ બાબત આગળ શું થાય છે તે જોતાં રહેશે. તેણે કલાસમાં પણ બધા વિદ્યાર્થીઓને

કહ્યું કે આવું કંઈ બને તો બધાએ તરત એકબીજાને મદદ કરવી."

"તેણે આ ઘટનાને ઘણી ગંભીર રીતે લીધી છે." અનીશા બોલી : "તેની સાથે વાત કરીને મને ઘણું સારું લાગ્યું."

અનીશા અને મેં આદમની તથા તેની સ્કૂલ વિશે થોડી વધુ વાતો કરી અને પછી ગુડનાઈટ કહીને ફોન પૂરો કર્યો.

ડીપાર્ચર લોન્જમાં હવે ગિર્દી થઈ ગઈ હતી. મોટા ભાગની સીટ ભરાઈ ગઈ હતી. બ્રીફકેસ કે લેપટોપ લઈને ઘણા લોકો ત્યાં જોઈ શકાતાં હતા. નાના બાળકો અને તેનાં માતા-પિતા પણ હતા, મારી સામે એક ટીન-એજ છોકરી, માથા પર ઈયરફોન લગાવી તેની સીટમાં બેસી આરામથી મ્યુઝીક સાંભળતી હતી. તેનાં મમ્મી તેના મોઢામાં કંઈક ખાવાનું મૂકી રહી હતી.

હું પણ જાણે મારી ટીન-એજના દિવસોમાં પહોંચી ગયો. મારા માતા-પિતા મારું કેવું ધ્યાન રાખતા હતા ? મને મારા પિતા યાદ આવી ગયા.

બાર્સેલોનાના એરપોર્ટ પર બેઠા બેઠા, મિઝ વન્ડેરવિસના ધ્યાન હેઠળના મારા પુત્રને યાદ કરતાં, મારા પિતા અને મારું બાળપણ યાદ કરતાં મને થયું કે પાંચ વર્ષની ઉંમરે મારા પિતા વિશે હું વિચારતો હતો તે જ સાચું હતું.

મારા પિતા કલાસરૂમ ટીચર હતા, તે ખરેખર એક સન્માનપાત્ર વ્યવસાયમાં હતા. લ્યુઈસની જેમ જ તે પણ મહાન હતા. તેના જેવા મહાન બનવા માટે મારે ઘણું ઘણું કરવું પડે તેમ છે.



પ્રકરણ આઠ

હું સ્પેનમાં હતો ત્યારે હવે પછી મારે કઈ બે જગ્યાએ જવાનું છે તેની માહિતી મને જુલીઆને મોકલી હતી. જેમાં હવે મારે નોર્થ અમેરિકાના, કેનેડાના પૂર્વ દરિયાકિનારે આવેલા કેપ બ્રેટન આઈસ લેન્ડ જવાનું હતું.

લ્યુઈસ મને બાર્સેલોનાના એરપોર્ટ પર છોડીને ગયો પછી સોળ કલાકે, લંડન અને ગેલીફેક્સમાં કનેકશન લઈને હું કેપ બ્રેટન, નોવા સ્કોટીયામાં સિડની ખાતે ઉતર્યો. સાંજ પડવાની તૈયારી હતી. જુલીઆનના કહ્યા પ્રમાણે એક ભાડાની કાર મારી રાહ જોઈને ઉભી હતી. કારમાં જીપીએસ સીસ્ટમ હોવાથી મને નિરાંત થઈ. સિડનીથી સેટ એન કેટલું દૂર છે તે મને ખબર ન હતી.

"લગભગ એક કલાક થશે." ભાડાની કારવાળા માણસે કહ્યું.

અહીં તાવીજ સાચવનાર વ્યક્તિ એક સ્ત્રી હતી. નામ મેરી મેકનેઈલ. હું રસ્તામાં જ છું અને એને ત્યાં આવી રહ્યો છું તેવો મેસેજ મેં તેને મોકલી દીધો હતો.

સિડનીમાંથી બહાર નિકળી જેવો હું હાઈવે પર આવ્યો, મને યુકાતાન પેનીનસુલામાં જે કંઈ જોયું હતું તે યાદ આવ્યું. વાતાવરણ, મકાનો કે વનરાજી અલગ હતાં. અને હવા પણ તેજ અને ઠંડી હતી. ઘેરા લીલા રંગના ચીડ, ભુર્જ તથા લાસમનાં વૃક્ષો ઉપરાંત ચારેબાજુ પાણી જ પાણી હતું. રસ્તામાં વારંવાર તીવ્ર વળાંકો આવતાં હતા. જીપીએસમાં મેં જોયું - અમારો રસ્તો લગભગ વર્તુળકારે આગળ વધતો હતો. ચારેબાજુ ઝાડ અને વનરાજીવાળા થોડા માઈલના રસ્તા પછી પાણીનો મોટો વિસ્તાર આવતો હતો - અખાત કે સરોવર કે કંઈ પણ. યુકાતાનની જો કોઈ વસ્તુ મને યાદ આવી હોય તો તે હતી નિર્જનપણું.

મેરીડા છોડ્યા પછી હતું તેવું જ સિડની છોડ્યા પછી - તમને ક્યાંય કોઈ માણસ

જોવા ન હોતું મળતું - માઈલોના માઈલો સુધી રસ્તો સૂમસામ. ક્યારેક એકાદ ખોરડું અલપ ઝલપ પસાર થઈ જાય એ જ. મજાની વાત એ હતી કે રસ્તો સૂમસામ હતો, જેને મળવા જવાનું છે તે વ્યક્તિ પણ અજાણી હતી છતાં મને ખૂબ ગમતું હતું.

હું જ્યાં જઈ રહ્યો છું ત્યાં કોઈક મારી રાહ જોઈ રહ્યું છે. જેવી મકાન પાસે ઉભેલા ટ્રક પાસે મારી ગાડી પહોંચી ત્યાં ઘરની એક બાજુએથી થોડાં આડાંઅવળાં વાળ વાળી ઉંચી સ્ત્રી મારી તરફ આવતી દેખાઈ. મેં વિચાર્યું, તે મૅરી જ હોવી જોઈએ.

હું કારમાંથી બહાર નિકળ્યો ત્યારે મૅરી બાજુમાં આવીને ઉભી હતી, બાજુમાં એક પુરુષ હતો, તેનો પતિ એન્ગસ હશે તેમ મેં ધાર્યું. તે મૅરી કરતાં થોડો નીચો હતો, થોડો ગોળમટોળ પણ ખરો અને મૅરીની જેવું જ ઉષ્માભર્યું સ્મિત તેનાં ચહેરા પર હતું. લ્યુઈસની જેમ તે મને વળગી ન પડ્યો પણ તેણે મારા ખભા પર આસ્તેથી હાથ મૂક્યો. મૅરીએ પોતાના બે હાથમાં મારો હાથ લઈને મને તેની ઓળખાણ આપી.

મને જોઈને બન્ને રાજી થયા હતા, પણ મૅરીની આંખોમાં ચિંતા દેખાતી હતી. “તમે ખૂબ જ થાકી ગયા હશો.” તેણે કહ્યું: “એન્ગસ, એન્ગસ.” કારની પાછળની સીટ તરફ જોઈને તે બોલી. તરત એગન્સ અને મેં કારમાંથી મારો સામાન કાઢ્યો. મારો સામાન પણ ચિંથરેહાલ હોય તેવો લાગતો હતો. મેં તેમને મારો સામાન ઘરમાં લઈ જવા દીધો. જાતે ઉપાડવાનો વિવેક ન કર્યો.

“જુલીઆને જણાવ્યું છે કે તમે લાંબી મુસાફરી કરીને આવ્યા છો.” મૅરીએ કહ્યું : “તમારા માટે જમવાનું તૈયાર જ રાખ્યું છે. જમીને આરામથી પલંગમાં સૂઈ જાવ. સ્પેન પ્રમાણે તો અત્યારે મધરાતનો સમય છે.”

મૅરી અને એન્ગસ મને લીવીંગ રૂમમાં લઈ ગયા. રૂમનું ફર્નિચર પ્રાચીન ફિલસુફીની યાદ અપાવતું હતું અને દિવાલ પર થોડાં અસામાન્ય કહેવાય તેવા પેઈન્ટીંગ હતા. એક પેઈન્ટીંગમાં ભૂરાશ પડતાં લીલાં રંગમાં અસંદિગ્ધપણે પાણી દેખાતું હતું. અંદર લીલાં પડછાયાઓ નૃત્ય કરતાં હોય તેમ લાગતું હતું.બીજા પેઈન્ટીંગમાં રંગરંગીન બ્લોકસ જાણે મારી નજર સામે વ્યવસ્થિત ગોઠવાઈ જવા માંગતા હોય તેમ દેખાતા હતા.

બારીઓની પાસેની ઊંડી ખુરશી તરફ મૅરીએ મને બેસવા ઈશારો કર્યો. જેવો હું ખુરશીમાં બેઠો કે તરત એક ખાસ દૃષ્ય પર નજર ગઈ. હવામાં લહેરાતો લીલો પટ્ટો, તેની છેડે આવેલો સાંકડો બ્લ્યુ ભાગ. તે હતો સેન્ટ એનનો અખાત- મારી નજર સામે જ હતું એટલાન્ટિક મહાસાગરનું પાણી. હું ખરેખર ભાગ્યશાળી હતો.

“બેસો, બેસો.” એન્ગસે કહ્યું, “હું ટેબલ પર બધી વસ્તુઓ ગોઠવી દઉં છું અને તમને બંનેને બોલાવું છું.”

મૅરી મારા માટે બીયર લઈ આવી અને મારી બાજુમાં બેઠી. મારી મુસાફરી બાબત તેણે થોડી ઔપચારિક પૂછપરછ કરી.

“એવું લાગે છે કે તમે ખૂબ વ્યસ્ત છો. તમારે આવતી કાલે કદાચ આરામ કરવો હોય પણ એન્ગસ અને હું કંઈક પાર્ટી જેવું કરવા માંગીએ છીએ.”

હા, મારે તો આરામ જ કરવો હતો. આના પછી મારે પેરિસમાં એન્ટનીને મળવાનું હતું. એકાદ દિવસ આરામમાં જાય તો પણ કંઈ ખોટું નહીં.

"કોઈ ધમાલ નહીં." તેણે મને ધરપત આપી : "માત્ર થોડાં મિત્રો અને સગાંસંબંધીઓ અને લોબ્સ્ટર્સ (કરચલાઓ). અત્યારે લોબ્સ્ટર્સની સિઝન ચાલે છે. તમને એમાં મજા આવશે."

હું હસ્યો અને આભારવશ થયો, પણ મને ખરેખર મજા આવશે તેવી ખાત્રી મનમાં ન હતી. મૅરીએ કહ્યું પાર્ટીની તૈયારી માટે તેણે કાલે આખો દિવસ ફાળવવો પડશે. એન્ગસ મને કેલોટ ટ્રેઈલ - ટાપુના ઉત્તર કિનારા તરફ બ્રેટન હાઈલેન્ડનાં પર્વતોને વીંટળાયેલાં રસ્તા બાજુ ફરવા લઈ ગયો.

"તે ખૂબ સુંદર છે," મૅરીએ કહ્યું : "મારી આખી જીંદગી અહીં જ ગઈ છે, પણ મને ક્યારેય તેનો થાક નથી લાગ્યો." મેં કહ્યું "અહીં હું ક્યારેય અગાઉ આવ્યો ન હતો. મેં સાંભળ્યું છે કે એ બધું જોઈને આયર્લેન્ડની લીલીછમ ટેકરીઓ યાદ આવી જાય છે."

મૅરીએ માથું ધુણાવ્યું "હા, તેનાથી પણ કંઈક વિશેષ. કમ-સે-કમ મને તો લાગે જ છે."

છેલ્લા બે અઠવાડિયાથી મારો પ્રવાસ સતત ચાલુ જ હતો. સાચું કહું તો મને ખરેખર સમયનું ભાન ન હતું. હું થાકી ગયો હતો. મને ઘર યાદ આવતું હતું. પણ નવાઈની વાત એ હતી કે ઓફિસમાં કામ હું ઘણું ચડી ગયું હશે કે અમુક કામ તાત્કાલિક કરવાનાં રહેશે, એવાં વિચારોથી હું ઘણો દૂર હતો. હું જાણતો હતો કે મને કામની ચિંતા થવી જોઈએ, પણ મારી પાસે ચિંતા કરવાની પણ શક્તિ નહોતી.

મારો આ પ્રવાસ જલ્દી પૂરો કરવાનો પણ પ્રયત્ન હું કરી શકયો હોત, પણ હું એમ કરવા માંગતો જ ન હતો. મારે કારમાં લાંબા અંતર સુધી જવું પડે એ જ એક વાંધો હતો.

થોડી જ મિનિટોમાં રસોડામાંથી એન્ગસનો અવાજ આવ્યો. "જમવાનો સમય થઈ ગયો છે." મૅરીએ મારો ગ્લાસ ઉપાડ્યો અને આગળ દોરી ગઈ.

રસોડું મોટું હતું, પણ ઝાકઝમાળ ન હતી. રસોડામાં એક બાજુએ પાઈનનાં લાકડામાંથી બનેલું ટેબલ હતું. તેની ફરતે ઊંચા ટેકાવાળી આઠ ખુરશીઓ હતી.

એક બાજુ જુનવાણી શોકેસમાં ચાઈના એન્ટિકની ચીજો તથા કાચનાં બાઉલ્સ ખીચોખીચ ભર્યા હતા. ટેબલ ફરતે દિવાલ પર કેટલાંક રંગીન ચિત્રો પણ હતાં.

એન્ગસે ટેબલમાં વચ્ચે લોખંડનાં સ્ટેન્ડ પર ગરમાગરમ લસાગ્નાની તપેલી મૂકી. ત્યાં અગાઉથી જ લીલાં સલાડ અને બ્રેડની બાસ્કેટ હતી. તેણે કહ્યું, "મને ખબર નથી તને કેટલી ભૂખ લાગી છે, જોનાથન, તેથી બધું જોઈએ તે રીતે જાતે જ લઈ લેજે."

મારી જાત વિશે વાતો કરવાનો મારો કોઈ મૂડ ન હતો. એમને કંઈ જાણવું હશે તો જરૂરી પૂછી લેશે. મને ખબર પડી કે એન્ગસ બેડડેકમાં પ્રેક્ટિસ કરતો ડેન્ટિસ્ટ હતો. તેનો ઉછેર ગ્લેસનાં અખાતમાં થયો હતો અને તે કોલસાનાં ખાણ મજૂરની છોકરો હતો.

હકીકતમાં તેનાં પિતાનો સૌથી નાનો ભાઈ ન્યુ બ્રુન્સવીકમા મોન્કટોન ખાતે ગયો અને ત્યાં પાછળથી એકાઉન્ટન્ટ બન્યો તે પહેલાં તેનાં બધાં કુટુંબીજનો ખાણમાં જ કામ કરતાં હતાં. એન્ગસ અને મૅરી બંને યુનિવર્સિટીમાં હતાં ત્યારે મળ્યાં હતાં.પણ લગ્નનાં હેતુથી મળવાનું તો તેઓ તેમની ત્રીસીમાં આવ્યા પછી જ તેમણે શરૂ કર્યું હતું. મૅરી એક આર્ટિસ્ટ હતી અને ઘરની પાછળ ટેકરી પરનાં એક સ્ટુડીયોમાં કામ કરતી હતી. "અહીં પ્રકાશ હંમેશા અતિ સુંદર હોય છે." મૅરીએ કહ્યું.

જુલિઆનને તેઓ કઈ રીતે મળ્યા તે મેં પૂછ્યું. મૅરીએ કહ્યું કે તે જુલિઆનને ઘણાં ઘણાં વર્ષો પહેલાં મળી હતી અને ત્યારે તે ન્યુયોર્કમાં કામ કરતી એક નાની આર્ટિસ્ટ હતી.

"જુલિઆને મારાં ઘણાં ચિત્રો ખરીદ્યાં હતાં." તેણે કહ્યું : "ત્યારે તે એક લિટીગેશન લૉયર હતો અને પાણીની જેમ પૈસા વાપરતો." આમ કહેતાં મૅરી હસી પડી. "પછી અમારો ઘણાં સમય સુધી સંપર્ક થયો નહીં. હું અહીં રહેવા આવી ગઈ. અને તેણે મને શોધી કાઢી."

"તે તમારા કામનો ઘણો મોટો પ્રશંસક હોવો જોઈએ, એટલે જ એણે તમને અહીં શોધી કાઢ્યાં."

"ના," મૅરીએ કહ્યું : "સિવાનાથી પાછા આવ્યા પછી માત્ર અમારી સાથે વાત કરવા તેણે મારો સંપર્ક કર્યો."

મને વર્ષોથી જેનો મેં સંપર્ક નથી કર્યો તેવાં મારાં જૂનાં હાઈસ્કૂલનાં મિત્રો, કોલેજનાં રૂમપાર્ટનર્સ વગેરે યાદ આવ્યાં. અને હા, એવાં પણ માણસો યાદ આવ્યાં, જેની મેં અવગણના કરી હતી.

મને જાણે છાતીમાં કોઈએ ચટકો ભર્યો. જુઆન આ બીજા વર્ગમાં આવતો હતો. ડેવિડ અને સ્વેન સાથેનાં લંચ પછી ઘણી વખત જુઆન મને મળવા આવતો. તે ગુંચવાયેલો લાગતો હતો. ડેવિડ અને સ્વેન તેની પાસે સામેથી જઈને ઢગલાબંધ માંગણીઓ કરતાં હતાં. લગભગ મેળવી જ ન શકાય તેવાં લક્ષ્યાંકો અને તદ્દન અવાસ્તવિક સમયમર્યાદાઓ તેને આપતા હતા. તેઓ વારંવાર રિપોર્ટસ અને એકાઉન્ટની વિગતો માંગતા હતાં, તે હાસ્યાસ્પદ લાગતું હતું. ત્યારે જુઆનની મુશ્કેલી જોઈને બધાં હસતાં હતાં. તે ચિંતાતુર થઈ ગયો અને માનસિક તાણ અનુભવવા લાગ્યો. તેણે જેટલી વખત મારી સાથે વાત કરવાનો પ્રયત્ન કર્યો, ત્યારે મેં તેની અવગણના કરી. જ્યારે તેણે મને ડિઝાઈન ડિપાર્ટમેન્ટ અને અપર મેનેજમેન્ટ વચ્ચે રહીને મદદ કરવાની વાત કરી, ત્યારે મેં તેને ધૂત્કારી કાઢ્યો. ધીમે-ધીમે મેં તેની સામે જોવાનું જ બંધ કર્યું.

જુઆન મૂર્ખ ન હતો. તેણે જોયું કે મને કોઈ રસ ન હતો - તેથી તે મારી પાસે આવતો બંધ થયો. પણ હું તેને ઓફિસમાં મુંઝાતો, આમ-તેમ ભટક્તો જોતો રહેતો. તેનાં ચહેરા પર ઊંડી રેખાઓ પડી ગઈ હતી. આંખો ઘેરાયેલી અને ઉદાસ દેખાતી હતી. તે મને છેલ્લે કંપનીનાં પાર્કિંગમાં અચાનક મળવા આવ્યો હતો.

"એ જોનાથન, મને ખબર છે કે શું ચાલી રહ્યું છે તે તું જાણે છે." તેણે દુ:ખ સાથે કહ્યું. "અને મને ખબર છે કે મને કોઈ મદદ કરી શકે તેમ નથી. હું ૫૫ વર્ષનો છું. અત્યારે

નિવૃત્ત થવું મને પોસાય તેમ નથી. છતાં જો હું છોડીને જતો રહું તો મારા જેવાં ઉંમરલાયક માણસને કોણ નોકરીએ રાખશે ?" આમ કહીને તે તેની કારમાં બેસીને જતો રહ્યો.

ત્યાર પછી જ મહિનામાં મને સમાચાર મળ્યા કે જુઆન સાંજે કામ કરીને ઘરે જઈ રહ્યો હતો ત્યારે અકસ્માતમાં તેની કાર રસ્તા પર ફંગોળાઈ ગઈ હતી અને એમ્બ્યુલન્સ આવે તે પહેલાં તે મૃત્યુ પામ્યો હતો.

લસાગ્ના સ્વાદિષ્ટ હતા, પણ સ્વાદિષ્ટ ભોજન અને સમયચક્રમાં ફેરફાર બંનેના સંયોજનથી મારી આંખો ભારે થઈ ગઈ હતી. એન્ગસે ડિશો લઈ ટેબલ સાફ કરી નાંખ્યું, પણ મૅરી ત્યાં બેસી જ રહી.

"મને ખબર છે, તમારે અત્યારે સૂઈ જવાની જરૂર છે," તેણે કહ્યું. "પણ હું તમને અત્યારે તાવીજ આપીશ. ખરેખર હું તમને આવતી કાલે પાર્ટી પહેલાં તે આપવાની હતી. મેં તાવીજનાં કારણે જ પાર્ટી ગોઠવવાનું નક્કી કર્યું હતું અને તે ઉજવણી વખતે જ તમારા હાથમાં હું તાવીજ આપું તે બરાબર લાગશે એવું મેં વિચાર્યું હતું, પણ મારી મને ખબર હોય ને ? આવતી કાલે તો સાંજે જમવાની તૈયારી માટે મારે આખો દિવસ ક્યાંના ક્યાંય જવા આવવાનું થશે. તેથી મને થયું અત્યારે જ આપી દઉં.

મૅરીએ તેનાં ખિસ્સામાંથી નાનું ગાદીવાળું કવર કાઢ્યું અને ટેબલની વચ્ચોવચ મુક્યું, પણ તેણે તેનાં પર પોતાનો હાથ ઢાંકી રાખ્યો.

"તમે આ ખોલો તે પહેલાં મને તમારી પાસેનાં બીજા બધાં તાવીજો જોવા મળશે ?" તે બોલી. મારા ગળે ચામડાનાં પટ્ટાનો સ્પર્શ અને મારી છાતી પર તેનું વજન - મને એની ટેવ પડી ગઈ હતી. ગળામાંથી પાઉચ દૂર કરવાથી મને કેટલું અજુગતું લાગી રહ્યું છે તે જાણી મને નવાઈ લાગી. પણ મેં શર્ટની નીચેથી અને ગળામાંથી પાઉચ બહાર કાઢ્યું એ ખોલીને ધીમેથી તેની અંદરના તાવીજો ટેબલ પર મૂક્યાં.

"તમારા વિશે જુલિઆનને ઘણો ઊંચો અભિપ્રાય હોવો જોઈએ. તમારી તે ઊંડાણપૂર્વક કાળજી લેતા હોવા જોઈએ - નહિ તો તે આ કામ તમને સોંપે નહીં." તેણે કહ્યું.

"જે હોય તે, મને ખબર નથી." મેં કહ્યું. "તે અને મારી માતા નજીકનાં સગાં છે. પણ હકીકતમાં હું તેને જાણતો નથી."

"પણ તે ચોખ્ખું દેખાય છે કે તે તમને જાણે છે." મેરીએ કહ્યું. તે ધીમેથી હસી રહી હતી.

તેણે ટેબલ પરથી મોઢું ફાડતી ખોપરી ઉપાડી.

"તમારા ભયને ભેટો." તેણે કહ્યું. મેં હા પાડી. ખોપરી નીચે મૂકી તેણે બગલો ઉપાડ્યો. "ભલા બનો." તેણે પોતાની સામે ખોપરીની બાજુમાં બગલો મૂક્યો. "દરરોજ થોડી થોડી પ્રગતિ કરો." તે નાના પિરામિડને રમાડી રહી હતી. તેણે માટીનો લાલ ટુકડો (પિરામિડ) બાજુ પર મૂકી પેઈન્ટ બ્રશ ઉપાડ્યું. મેં પેઈન્ટ બ્રશ પહેલી વખત હાથમાં લઈ

જે કર્યું હતું, તે જ તેણે કર્યું. હથેળી પર પેઈન્ટ બ્રશ ફેરવ્યું. “તમારું દરેક કામ તમારી આંતરિક શક્તિઓની અભિવ્યક્તિ છે.” તેણે કહ્યું.

“તમને આ બધી ક્યાંથી ખબર ?” મેં તેને પૂછ્યું. મેરીએ મારી સામે જોયું અને માથું આમ-તેમ થોડું ફેરવ્યું, જાણે કંઈક નક્કી કરવાનો પ્રયત્ન કરતી હોય.

“આ બધા તાવીજો...” તેણે ટેબલ પર પડેલા તાવીજો તરફ હાથ ફેલાવીને કહ્યું. “બધા એ જ કહે છે. પણ તે બધા છેવટે સંકેતાત્મક છે. હું વર્ષોથી જુલીઆનનું જે ડહાપણ જોતી આવી છું તેના વિશે જ અહીં તેણે બધી વાત કરી છે.”

છેવટે, મૅરીએ સૂર્ય અને ચન્દ્રનું તાવીજ ઉપાડ્યું.

તેણે કહ્યું : “તમારી પોતાની જીંદગી જીવો. આ બહુ સરસ છે. તે બહુ જ ઉપયોગી છે. પણ બહુ ઓછા લોકો એનો લાભ લે છે.”

તાવીજ ટેબલ પર મૂકી તેણે મારી સામે જોયું.

“હું તમને કંઈક પુછી શકું, જોનાથન ? કંઈક વ્યક્તિગત ?”

હું ના ન કહી શક્યો.

“તમને લાગે છે કે તમે તમારી જાત પ્રત્યે પ્રામાણિક છો ? તમને કંઈક અર્થસભર લાગે તેવી જ જીંદગી તમે જીવી રહ્યા છો ? - જેમાં તમારી ભીતર જે કંઈ છે તેની કદર થાય, તમારી અંદરના ગુણોનો આવિષ્કાર થાય કે તમારા સાચા સપનાને સાકાર થવાનું બળ મળે ?

“મ....મને...હકીકતમાં હું જાણતો નથી....!!” હું થોથવાઈ ગયો. “આ પ્રવાસ દરમ્યાન એ જ શોધી કાઢવાનો પ્રયત્ન કરું છું.”

“હું સમજુ છું."મૅરી બોલી :“તે અઘરૂં છે.”

મે કહ્યું : “મને લાગે છે કે હું હજુ કંઈ સમજ્યો જ નથી. મારા કામ વિષે, મારી જીંદગી વિષે મારી નવેસરથી જ વિચારવાની મને જરૂર લાગે છે.”

મૅરીએ માથું હલાવ્યું. “તારા વિષે હું પૂછું છું પણ મારે પણ મારી જીંદગી વિષે તને જણાવવું જોઈએ ને ?”

મને હાશ થઈ. મારી વિષે વધુ વાતો આગળ ખેંચાય તેમાં મને રસ ન હતો.

મૅરીએ અગાઉ કહ્યું હતું કે તે પેઈન્ટર છે, પણ તેણે કઈ મોટી ક્રાન્તિ કરી ન હતી. કે જબરજસ્ત મોટી તકને છોડીને માત્ર પોતાના મન ખાતર પેઈન્ટર બની હોય ! એવું ન હતું કે ઘરનાં લોકો તે એકાઉન્ટટ બને એમ ઈચ્છતા હતા, પણ છતાં તે પેઈન્ટર બની, કે નવથી પાંચની બીબાઢાળ નોકરીથી કંટાળીને તેણે પેઈન્ટર બનવાનું પસંદ કર્યું હોય. ના, તે તો સાવ નાની હતી ત્યારથી જ તેનાં મનમાં નક્કી હતું કે મોટી થઈને તે આર્ટીસ્ટ જ બનશે. બસ, દોરવું, પેઈન્ટીંગ કરવું, શિલ્પ બનાવવા કે કંઈક નું કંઈક નવું નવું બનાવવું - એમાં જ

એ મસ્ત રહેતી.

“પિકાસોની જેમ જ !” મેં કહ્યું. પિકાસોના બાળપણ વિશે લ્યુઈસે મને કહ્યું હતું તે મને યાદ હતું. પણ પિકાસોના પિતા પણ એક આર્ટીસ્ટ હતા. તેમણે પિકાસોને નાનપણમાં ખૂબ પ્રોત્સાહન આપ્યું હતું. મેં મૅરીને પૂછ્યું કે શું તેના માતા-પિતા પણ આર્ટીસ્ટ હતા ?

“બિલકુલ નહીં.” તેણે કહ્યું : “મારા પિતા તો માછલીઓ પકડવા બોટમાં ફરતા હતા અને મારી માતા કરીયાણાની એક દુકાનમાં પાર્ટ-ટાઈમ નોકરી કરતા હતા. પણ તેઓ મજાના માણસો હતા. મને જે સૌથી વધુ ગમતું હોય તેની તે મને ભેટ આપવા માંગતા હતા. બસ, મને જે ગમે તે જ હું કર્યા કરૂં તેમ તે ઈચ્છતા હતા.”

“એમાંથી ભવિષ્યમાં તમારું ગુજરાન કેવી રીતે ચાલશે કે તેમાંથી તમને કેટલા પૈસા મળશે તે બાબત તેમને કોઈ ચિંતા ન હતી ?” મેં પૂછ્યું.

મૅરી હસી, બોલી : “મારા પિતા મને વારંવાર કહેતા, અમે જેટલું કમાઈએ છીએ એટલું તું મહામહેનતે પણ નહીં કમાઈ શકે. પણ વાંધો નહીં, તને ગમે તે જ કર.”

તેના કુટુંબમાં કોઈ સમૃધ્ધિ ન હતી પણ બસ બધું મજેદાર હતું. આર્ટીસ્ટ બનીને ભવિષ્યમાં ભૂખે મરવાના દિવસો આવશે એવી બીક મૅરીને આર્ટીસ્ટ બનાવતા રોકી ન શકી. હેલીફેકસની એક યુનિવર્સિટીમાં તેને ફાઈન આર્ટસમાં દાખલ થવાની સ્કોલરશીપ મળી પછી તે ગ્રેજ્યુએટ થઈ અને મેનહટ્ન રહેવા ગઈ.

તેણે પેઈન્ટીંગની સાથે સાથે રેસ્ટોરન્ટમાં વેઈટ્રસ તરીકે પણ કામ કરવા માંડ્યું. ત્યાંના કલાજગતમાં તેણે પગપેસારો કર્યો. પ્રદર્શનો ભરવા પણ શરૂ કર્યાં. ધીમે ધીમે વેઈટ્રસની નોકરી છોડીને તે ફુલ-ટાઈમ પેઈન્ટીંગ કરવા લાગી. પ્રીન્ટો કાઢવી અને પેઈન્ટીંગ બનાવવામાંથી ગુજરાન ચલાવવું અઘરૂં તો હતું જ, પણ તે ભાગ્યશાળી હતી.

“હું સાચા સમયે સાચી જગ્યાએ હતી, કદાચ.” તે બોલી.

“એટલે કે તમે તમારી ઈચ્છાની જીંદગી જીવી રહ્યાં હતા, પોતાની ખરી આંતરિક ઈચ્છાઓ સાથે બાંધછોડ કર્યાં વિનાની.” મેં કહ્યું.

મૅરી થોડી વાર તેનાં પ્યાલામાં જોઈ રહી, પછી બોલી : “હા, એ બહુ રસ પડે એવી બાબત છે. મેનહટ્ટનનાં તે વર્ષો દરમ્યાન હું એમ જ માનતી હતી. હું યુવાન હતી, સફળ હતી, મારે મિત્રો હતા, સામાજિક સંબંધોમાં હું હોંશથી સક્રિય રહેતી, બધું ઉત્તેજનાત્મક હતું.”

“તો પછી શું વાંધો પડ્યો ?” મેં પૂછ્યું. મારી ઉત્સુક્તા વધી ગઈ હતી.

“મોટા ભાગનાં લોકોને એ ખબર જ નથી કે આ કલાજગતમાં પણ ઘણી હરિફાઈ હોય છે. અલગ અલગ આર્ટ ગૅલેરીઓમાં તમારે કેવા સંપર્કો છે, વિવેચકોનું ધ્યાન કોણ ખેંચી શકે છે ? કોને કામ મળે છે - કોને નથી મળતું ? વગેરે. સૌથી આગળ રહેવાની ખેંચતાણ, અંદરોઅંદરો ઝઘડા અને પીઠ પાછળ ખંજર ભોંકવાનું... આવું બધું ચાલ્યા જ કરે !”

હું આશ્ચર્ય પામ્યો હોઉં તેવું તેને લાગ્યું હોવું જોઈએ. તેણે કહ્યું : "ખરેખર", મૅરીએ કહ્યું કે લોસ એન્જેલસથી એક નવો આર્ટિસ્ટ મેનહટ્ટન આવ્યો હતો. તેનું કામ મૅરીની જેવું જ હતું. અચાનક ત્યાંના કલાજગતમાં તે બધાનો માનીતો બની ગયો. નવી ગૅલેરીના ઉદ્ઘાટનમાં, પાર્ટીમાં કે કોઈપણ પ્રસંગમાં તેની હાજરી અચૂક રહેતી અને હેન્રીની નજીક જ તે જોવા મળતો. હેન્રી ઘણી ગૅલેરીઓનો માલિક હતો તથા મૅરીનાં કામને તે જ પ્રદર્શિત કરતો હતો. મૅરીને હતું કે હેન્રી પેલા નવા છોકરાને બહુ મહત્વ નહીં આપે, કારણ કે તેનું કામ મૅરીની નકલ જેવું જ હતું. પણ હકીકતમાં કંઈક જુદું જ બનવા લાગ્યું.

"તેમણે મને પાછી ધકેલી દીધી." મૅરીને કહ્યું.

હેન્રીએ તેને પાછી વેઈટ્રેસની નોકરી કરવા મજબૂર કરી દીધી અને હેન્રીની મદદથી પેલો છોકરો કલા વિવેચકોનો માનીતો બની ગયો. કલાજગતમાં મૅરીનું અસ્તિત્વ ઝાંખું થઈ ગયું. મૅરીને સમજાયું કે ભલે હેન્રીએ તેને મોટું કામ અપાવ્યું હતું, પરંતુ તે વિશ્વાસપાત્ર તો નથી જ. તે શાણો વેપારી હતો, વફાદારી કે અપરાધભાવનાથી ઘણો દૂર. મૅરી હેન્રીની રહેમનજર નીચેથી દૂર થઈ રહી હતી. માત્ર હેન્રી જ નહીં, મૅરીનાં કેટલાક મિત્રો પણ હવે તેનાથી દૂર થવા લાગ્યાં હતા. ડીનર પાર્ટીમાં મૅરીને હવે આમંત્રણ મળતું ન હતું. કેટલીક ગેલેરીની સૌથી પ્રિયપાત્ર વ્યકિતઓની પાર્ટીમાંથી તેનું નામ દૂર થઈ ગયું હતું. એક દિવસ એક ફિલ્મના પ્રિમીયરમાં તેણે પેલા લોસ એન્જલસવાળા આર્ટીસ્ટ અને સ્થાનિક મેગેઝીનની લેખિકા વચ્ચે કોઈ ચક્કર ચાલી રહ્યું છે તેવી વાત પણ સાંભળી.

"કેલીફોર્નિયામાં મારો સમય ખરાબ ચાલી રહ્યો હતો. મારી કલાત્મકતાને પણ ઘણી ખરાબ અસર થઈ. મેં પેલી લેખિકાને જણાવી દીધું કે ધ્યાન રાખજે. તે આ ક્ષેત્રમાં બહુ ટકવાનો નથી. તે તારો ઉપયોગ ન કરી જાય. મને હતું સરખામણી કરશે તો તેને મારી કલાનું સ્તર વધુ સારું દેખાશે."

મૅરી ઘેર પહોંચી ત્યારે ઘણી નિરાશ થઈ ગઈ હતી. તે આજ સુધી કયારેય કોઈના મોઢે કોઈના વિશે ખરાબ બોલી ન હતી. આજે બોલી હતી. પોતાના વર્તન બાબત તેને શરમ આવી હતી.

"હું મારી જાતને પૂછતી રહી - આવું મેં કેમ કર્યું ?" મૅરીએ કહ્યું. "મારી જીંદગીમાં આવેલી વ્યકિતઓ વિશે નવેસરથી હું વિચારવા લાગી."

તેને થયું વત્તે ઓછે અંશે લોકોને બે પ્રકારમાં વહેંચી શકાય છે.

એક એવા પ્રકારના લોકો જે તેને ગમે છે, જેના પર તે વિશ્વાસ કરે છે. તેનાં સાચા મિત્રો છે, જેની હાજરીમાં તે પોતાને હંમેશા સલામત અને સુખી અનુભવે છે અને એક પ્રકાર એવા લોકોનો છે જે તે લોકો આકર્ષી શકે છે. પણ કોઈને કોઈ બાબતમાં તેઓ સતત નકારાત્મક રહ્યાં છે. કેટલાકની સાથે વાતચીતમાં તેને મજા આવતી પણ તેઓનો હેતુ મલિન રહેતો. (મને ખાસ રૂમ પાર્ટનર ઈવાન યાદ આવ્યો - તારા હાથમાં કંઈ આવવાનું નથી!)

કેટલાકમાં રસ પડે તેવી બાબતો છે પણ તે ગુસ્સે બહુ થઈ જાય છે. કેટલાક બધી વાતમાં સરખામણી જ કરતાં રહે છે. પોતાની જાતને મૅરી સાથે સરખાવતા રહે છે. તો

કેટલાક એવા હતા કે તેનો પોતાનો કોઈ વાંક ન હોવા છતાં મૅરી પર હંમેશા ખરાબ રીતે અસર કરતાં રહ્યાં હોય. એક સ્ત્રી સાથે જયારે જયારે તે જતી ત્યારે તે ખૂબ મદિરાપાન કરતી. એક છોકરો એવો નિરાશાવાદી હતો કે તેની સાથે વાત કર્યા પછી થોડાં દિવસો સુધી તે નિરાશ રહ્યાં કરતી. બીજો એક હતો એ આળસુનો પીર હતો, તેની સાથે રહ્યા પછી મૅરીને પણ બપોર સુધી ઘોર્યા કરવાની ટેવ પડી જતી.

મૅરી એ પહેલા પ્રકારના લોકો સાથે વધુ અને બીજા સાથે ઓછો સમય વિતાવવાનું નક્કી કર્યું. પણ પછી તેને સમજાયું કે કેટલાક લોકો એવાં પણ હતા કે જે બેમાંથી કોઈ યાદીમાં સમાવી ન શકાય.

“મારું કુટુંબ મારા માટે મહત્વનું હતું, પણ તેમને મળવા હું ભાગ્યે જ જતી.”

તે જયારે તેના કુટુંબની વચ્ચે રહેતી ત્યારે તેઓ મૅરીની છૂપી શક્તિને બહાર લાવવા બનતું બધું કરી છૂટતા.

“મને ખબર હતી કે આર્ટ એ જ મારી સાચી જિંદગી છે, પણ કુટુંબ સાથે રહેવું પણ મને જરૂરી લાગતું હતું. તમારે ખરેખર જેની જરૂર હોય તે તમને કયાંથી મળે છે તે જોતા રહેવું એ પણ જિંદગીનો એક ભાગ જ છે.”

મૅરીના માતા-પિતા મોબાઉ નામના નાના ગામડામાં રહેતા હતા. ત્યાં જવાને બદલે તેણે કેપ બ્રેટન જવાનું નક્કી કર્યું. સેન્ટ એન્નમાં બેડ્હેકની બહાર રહેવાનું નક્કી કર્યું. કારણ કે ત્યાં એક અદ્‌ભુત શિલ્પકાર ક્રિસ્ટાઈન રહેતો હતો, જેને તે એક સોહો આર્ટ શો મળી હતી અને તે તેનો મિત્ર બની ગયો હતો. ગાઈલીક કોલેજ ઓફ સેલ્ટીક આર્ટસ એન્ડ ક્રાફ્ટ માટે તે શહેર ઘર સમાન હતું. ક્રિસ્ટાઈને કહ્યું હતું કે ઘણા સિદ્ધહસ્ત કલાકારો ત્યાં રહેતા હતા.

મારી અંદરની સર્જનાત્મકતાને સમજી શકે તેવા લોકોની વચ્ચે રહેવાની મને જરૂર હતી. તેનાથી મને આગળ વધવાનું બળ મળી રહે તે સ્વાભાવિક છે અને એટલે જ જુલીઆને મને આ ચોકકસ તાવીજ સાચવવા આપ્યું. મૅરીએ એક ગાદીવાળું કવર મને આપ્યું.

મેં તે ખોલ્યું. તેમાંથી લાકડાનો કોતરણીવાળો એક ટુકડો નિકળ્યો તે માત્ર એક ઈંચ પહોળો અને અડધો ઈંચ ઊંચો હતો. તેમાં બે હાથ જોડાયેલાં હતા. સાથે કાગળ પણ હતો.

મેં કાગળ ખોલી વાંચવા માંડયો.

તમારા પર અસર કરનારી વસ્તુઓ જાતે પસંદ કરો.

તમે તમારા દિવસો એકલા અટુલા ગુજારી શકતા નથી. દુનિયાથી બહુ લાંબો સમય દૂર રહી શકતા નથી. તેથી તમારી જિંદગીમાં કઈ વસ્તુઓને કે કઈ વ્યકિતઓને પ્રવેશવા દેવી કે તેને દૂર રાખવી એ બાબતમાં તમારે સજાગ રહેવું જોઈએ. તમને પ્રેરણા મળે અને શક્તિ મળે એવી જગ્યાએ સમય ગુજારવામાં જ શાણપણ છે. તમારો વિકાસ કરે અને તમને આગળ વધતા રહેવામાં મદદ કરે તેવા લોકોની વચ્ચે જ તમારે રહેવું જોઈએ.

તમારું કામ હોય કે તમારી જીંદગી, એકદમ હકારાત્મક મિત્રો કે પ્રતિસ્પર્ધીઓ જ તમને પ્રેરણા પૂરી પાડે છે. જેના થકી તમારી અંદરનું જે કંઈ શ્રેષ્ઠ હોય તેને તમે બહાર લાવી શકો છો.

મેં કાગળ વાળીને ખિસ્સામાં મૂકી દીધો.

"તમારી જીંદગીમાં હકારાત્મક ભાગ ભજવતાં કેટલાક લોકોને હું આવતી કાલે રાત્રે મળવા માંગુ છું," મેં કહ્યું.

"ચોક્કસ." તાવીજને પાઉચમાં પાછું મૂકતાં તે બોલી, "તેમાંનો એક જુલીઆન છે, તે અહીં હોત તો કેવું સારું થાત !"

અહીં હજુ દસ જ વાગ્યા હતા, પણ ત્યાં બાર્સેલોનામાં અત્યારે સવારના ત્રણ વાગ્યા હશે. મૅરીએ મને કવર આપ્યું અને ઉપલા માળે બેડરૂમ બતાવ્યો.

"બાથરૂમ નીચેના રૂમમાં છે. તમારા પલંગ પાસે મેં ટુવાલ મૂકયો છે. આરામથી સૂઈ જાવ. કાલે સવારે હું તમને મળીશ."

બીજા દિવસે સવારે હું જાગ્યો ત્યારે દુનિયા મને થોડી અજાણી લાગી. હું ખરેખર કયાં હતો ? પથારીમાં થોડી વાર પડયા રહ્યા પછી બારણામાંથી કૉફી અને તજની સોડમ મારી તરફ ધસી આવી. મને યાદ આવ્યું - હું કેપ બ્રેટનમાં છું.

હું રસોડામાં ગયો ત્યારે એન્ગસ અને મૅરી બંન્ને ત્યાં કામમાં મશગૂલ હતા. "જાતે જ કૉફી લઈ લો." મૅરીએ કહ્યું. "સફરજન પણ તૈયાર છે, નાસ્તા માટે."

કૉફીના જગ પાસે બ્લ્યુ પૉટરી મગ પડયાં હતા. મેં એક ઉપાડયો અને તેમાં કૉફી ભરી. કૉફી કડક અને ઊંચી ગુણવત્તાની હતી. મારે જોઈએ એવી જ. બાર્સેલોના અને કયોટોની હોટલમાં મને મારી પસંદની કૉફી ન હતી મળી. નાસ્તાની અન્ય વાનગીઓની પણ સુગંધ ઘરમાં ચારે તરફ પ્રસરી ગઈ હતી.

મૅરીએ ટેબલ વચ્ચે પ્લેટમાં પાનકેક (નાની કેક)નો ઢગલો કર્યો. ત્યાં જ ફોન રણકયો. એન્ગસે ફોન ઉપાડયો અને તરત તેનાં ભવાં ઊંચકાયા.

"કેટલા ? હા, બરાબર, બીજી કોઈ ઈજા થઈ છે? પાકું ? હા, બરાબર. તેમના મોઢામાં બરફ મૂકી રાખો અને હું ઓફીસમાં અડધો કલાકમાં તમને મળું છું."

એન્ગસે ફોન મૂકીને મૅરીને કહ્યું: "કોનોર એસ્થોન. તેની બાઈક પરથી પડી ગયો છે અને તેનાં આગળના દાંત તૂટી ગયાં છે."

મારી તરફ ફરીને એન્ગસ બોલ્યો: "કટોકટી છે, મારે ભાગવું પડશે."

"હું સમજી શકું છું...." હું વાકય પૂરું કરું તે પહેલાં તે બારણાની બહાર નિકળી ગયો હતો. ટ્રકના એન્જીનના અવાજ પરથી દેખાતું હતું કે તે કેટલી ઉતાવળમાં ગયો હતો.

મૅરીએ મારી પ્લેટમાં થોડાં પાનકેક મૂકયાં.

તે બોલી : "જોનાથન, શું કરવું એની મને ખબર પડતી નથી. મારે તમને બહાર લઈ જવા જોઈએ પણ જો હું એમ કરું તો રસોઈની તૈયારી કોણ કરે ?

કોનોર એસ્થર માટે કમનસીબ ઠરેલી આ ઘટના મારે માટે કંઈક અંશે સારી ગણી શકાય. મેં કાર ભાડે લીધી. કેલોટ ટ્રેઈલમાં આજુબાજુ જાતે ગાડી ચલાવીને હું ફરવા માંગતો હતો, ભલે મૅરી ઘરે રહીને તેનું કામ કરે.

મૅરીએ મારી વાત સાંભળી હા પાડી. "જો તમને ડ્રાઈવીંગ ગમતું હોય અને ઊંચાઈનો ડર ન લાગતો હોય તો બરાબર જ છે." તેણે કહ્યું : "તમે ભૂલા નહીં પડી જાવ. માત્ર બસો માઈલનો આ એક વર્તુળાકાર રસ્તો છે. મુખ્ય રસ્તા પર જ ગાડી ચલાવ્યે રાખશો તો છેલ્લે પાછા અહીં જ આવી જશો. પણ રસ્તામાં સારા દૃશ્યો આવે ત્યાં કે નાનાં શહેરો આવે ત્યાં તમારે રોકાવાની જરૂર પડશે."

નાસ્તા પછી, મૅરી એક રોડ મેપ (રસ્તાનો નકશો) લઈ આવી. અમે સાથે બેઠા. તેણે નકશા પર અમુક જગ્યાઓની આસપાસ વર્તુળો દોર્યાં અને એક અલગ કાગળમાં મુલાકાત લેવા જેવી જગ્યાઓનાં નામ લખ્યાં. યાદી થોડી લાંબી થઈ ગઈ.

"મને ખબર છે. એક દિવસમાં તમે આ બધું જોઈ શકવાના નથી. તેમાંથી તમે થોડી જગ્યાઓ પસંદ કરો. કંઈ પૂછવા જેવું લાગે તો મને ફોન કરજો." મૅરીએ કહ્યું. મૅરીએ મારે માટે પાણીની બોટલ ભરી તથા એક બેગમાં સેન્ડવીચ અને ફળો મૂકયાં. મારી જમવાની ચિંતા ન કરવાનું મેં તેને કહ્યું, હું કયાંક ખાઈ લઈશ.

તેણે કહ્યું: "ઊંચાઈવાળા વિસ્તારમાં કયાંય સુધી ખાવાનું નહીં મળે. ત્યાં જરુર પડયે તમે આ ખાઈ શકશો."

હજુ તો વહેલી સવાર હતી અને મારી કાર માર્ગશી વેલીના વળાંકો પર વળગી રહેવા કહ્યું હતું. તેનાથી પર્વતની બહારની બાજુએ ઉપર-નીચે જતાં રસ્તા પર હું રસ્તાની અંદરની બાજુએ રહી શકીશ.

અત્યારે મારી બંને બાજુએ ઘટાદાર લીલી ટેકરીઓ હતી. વીસ મિનિટના મારા ડ્રાઈવીંગ દરમ્યાન મને રસ્તામાં માંડ એક-બે કાર જોવા મળી હતી. રસ્તા પર તરાપ મારતું એક બાજ પક્ષી પસાર થતું મેં જોયું અને એક બાજુ ઝાડ પર કંઈક બની રહ્યાનું મારી નજરમાં આવ્યું. કદાચ કોઈ ખિસકોલી કે પક્ષી જ હશે, પણ કદાચ શિયાળ કે હરણ પણ જોવા મળે !

આપણી પર અસર કરતી વસ્તુઓ અને વ્યકિતઓ બાબતની જુલીઆનની નોંધ બાબત વિચારવાની મેં શરૂઆત કરી. મૅરીએ પોતાની જીંદગીમાં કોને પ્રવેશવા દેવા તે બાબતનો નિર્ણય કર્યો હતો. તે યાદ આવ્યું. તેની વાતોએ મને મિત્રતા બાબત વિચાર કરતો કરી મૂકયો હતો.

હું પાછલી વાતો યાદ કરતો ગયો. મારી બહેન કીરા બાબત મેં વિચાર્યું. મારી માના વિશે વિચાર્યું. કીરા હંમેશા મારી અંદર રહેલી શ્રેષ્ઠ વસ્તુને બહાર લાવી હતી. નાની બહેન

કેવી હોવી જોઈએ એ મને તેને જોઈને સતત યાદ રહેતું અને મારી માતા - મને ખબર છે મેં તેની સાથેના વર્તનમાં ઘણી છૂટછાટો લીધેલી છે.

હું મોટો થઈ ગયો તો પણ તે ઝીણી ઝીણી બાબતોમાં મારી કાળજી લેતી હતી. મને સતત સ્વેટર પહેરવાની અને ખાવા-પીવા બાબતની સલાહ આપતી રહેતી. કયારેક તો રવિવારે બપોરે જમીને જાણે તેની સલાહોથી બચવા માટે જ જતો હોઉં તેમ બહાર ભાગી જતો. પણ મારા પર તેની હૃદયભીની લાગણી હું હંમેશા અનુભવતો. મને તેનાં પ્રત્યે આભારની લાગણી થવા લાગી.

હું બેઝબોલ રમીને જેવો ઘરમાં પ્રવેશું, તે મને પૂછતી : “રમવાની મજા આવી ?” - “તું જીત્યો કે નહીં?” એમ નહીં. તે દરેક વ્યકિતમાંથી કંઈકનું કંઈક શોધીને તેના વખાણ કરતી. અંકલ ટેડી પિકાસો સાથે હરિફાઈ કરે તેવા સરસ કલાકાર હતા. મારી માતા તેનાં પણ વખાણ કરતી. મારા પિતા ગુજરી ગયા ત્યારે મેં મારી માતામાં અગાઉ કયારેય ન જોઈ હોય તેવી તાકાત અને બહાદૂરી જોઈ હતી. તેણે કીરા અને મને સંભાળી લીધા હતા. પોતાની જાતની ન હોતી લેતી એટલે કાળજી તે અમારા બંનેની લેતી હતી. મેં વિચાર્યું, મારા પર તેની કેટલી બધી હકારાત્મક અસર છે ? મારે પણ તેનું એટલું જ ધ્યાન રાખવું જોઈએ.

કેટલાક એવા પણ લોકો હતાં જે મને પછાડવાનો પ્રયત્ન કરી રહ્યાં હતા. અમુક દૃષ્ટિએ તે હકારાત્મક ન હતા. મને ડેવીડ અને સ્વેન તરત જ યાદ આવ્યાં. પણ મારી વ્યકિતગત જીંદગીમાં મને એવી કોઈ વ્યકિત યાદ ન આવી. અનીશા અને મારી વચ્ચે ઝઘડા થતા ત્યારે મારું વર્તન બરાબર રહેતું ન હતું, પણ શું તે અનીશાના કારણે ? કે પછી હું દલીલો કરવામાં પાવરધો હતો એટલે ? અનીશાની ઈચ્છાઓનો મેં સતત આટલો લાંબો સમય વિરોધ કર્યો છતાં તે મને વળગીને રહી. તે ઘણી આશાવાદી ચોક્કસ ગણાય.

ટીસા માટે શું કહી શકાય ? તે જીવંત અને આનંદી વ્યકિતત્વ ધરાવે છે, સુંદર પણ છે. ઘણી બાબતોમાં તેને જોઈને મને અનીશા યાદ આવી જાય છે, મારી જીંદગીમાં ટીસાનું સ્થાન હોય તેવું હું ઈચ્છું, પણ કયું સ્થાન ? મેં નક્કી કર્યું હવે થોડી પણ અનુકૂળતા મળે એટલે મોડો તો મોડો પણ હું તેને જવાબ લખીશ. હું તેને સાચું જ લખી દઈશ. મારા જીવનમાં અત્યારે બધું બદલાઈ રહ્યું છે. જીવનના ઘણા બધા પાસાઓ બાબત હું હવે શું કરવું તે નવેસરથી વિચારી રહ્યો છું.

તેનાં શબ્દો અને વિચારો મને ગમ્યાં પણ તેનાં પ્રસ્તાવ બાબત તો હું પાછો જઈશ ત્યારે મારે તેની સાથે રૂબરૂમાં વાત કરવી પડશે. મારે વિચારવા માટે થોડો સમય જોઈએ. બપોર પહેલાં જ હું કેપ બ્રેટન હાઈલેન્ડ નેશનલ પાર્કમાં હું પહોંચ્યો. હવે સળંગ સાંઈઠ માઈલ સુધી રસ્તો વળાંકોથી ભરપૂર રહેવાનો હતો. આ છેવાડે મારે થોડો આરામ કરવો એવું મૅરીએ સૂચન કર્યું હતું. હું કયારે કારની બહાર પગ છૂટાં કરું અને જમવાનું પતાવું તે વિચારતો હતો.

મેં લે કેમીન ડયુ બટર્યુનું બોર્ડ જોયું અને તેનાં નાના પાર્કીંગ લોટમાં મેં કાર મૂકી. રસ્તામાં નીચે બોર્ડ હતું. તેમાં લખ્યું હતું કે, ચાલીને જતાં નેવું મિનિટ લાગશે. મેં આજુબાજુ જોયું, વસંત ઋતુનો હૂંફાળો દિવસ હતો. સૂરજ વાદળ વિહોણા આકાશમાં

ઊંચે ચડી રહ્યો હતો. પણ પાર્કિંગ લોટ ખાલી જ હતો. મારા સિવાય બીજું કોઈ ત્યાં હોય એમ લાગતું ન હતું.

મૅરીએ મને વરૂઓથી સાવધ રહેવા કહ્યું હતું. તે સામાન્ય રીતે માણસોની નજીક આવતાં નથી પણ હમણાં એક પર્યટક પર વરૂએ હુમલો કર્યાની ઘટના બની હતી. મેં થોડું હરી-ફરીને છેવટે કારમાં જ જમી લેવાનું નક્કી કર્યું. રક્ષણ માટે મૅરીએ મને જાડી વૉકીંગ સ્ટીક - લાકડી - આપી હતી. મારી પાસે માત્ર તે લાકડી અને પાણીની બોટલ હતી.

રસ્તો ધૂળીયો, સાંકડો અને આડોઅવળો હતો, અને ઢોળાવ તરત જ ચાલુ થઈ જતો હતો. ઝાડનાં મૂળીયાં કે પથ્થરો પર પગ મૂકીને હું ઉપર ચડી રહ્યો હતો, જાણે નાનાં પગથિયાં ચડતો હોઉં એમ લાગતું હતું. મારી આજુબાજુ ઘટાદાર તરૂનાં ઝાડ હતાં. હવામાં જાણે વનસ્પતિઓમાંથી ટપકતાં જીવનરસની સુવાસ ફેલાઈ ગઈ હતી. ચારેબાજુ પક્ષીઓ મને બોલાવી રહ્યાં હતાં. પણ બાકી બધું બિલકુલ શાંત હતું.

મૅરીએ મને કહ્યું હતું કે, લગભગ સવા માઈલ ચાલ્યા પછી હું બસો ફૂટની ઊંચાઈએ પહોચીશ અને ત્યાં ટેકરીને વીંટળાઈને ગોળ ફરતો રસ્તો મને જોવા મળશે. “ત્યાંથી અદ્ભુત દૃશ્ય જોવા મળશે.” તેણે કહ્યું હતું.

મને કંઈક ઐતિહાસિક પણ જોવા મળશે એમ તેણે મને કહ્યું ન હતું. વીસ મિનિટ ઉપર ચડયા પછી મારી ડાબી બાજુ રસ્તા પર મેં એક નાનું બોર્ડ જોયુ. તેમાં લખ્યું હતું બે બટર્યુ નામના ફ્રેન્ચ-કેનેડીયનની ખેતી વિષયક મિલકતનાં પાંચ મકાનોમાંના એક મકાનના અવશેષો. હું તે દિશામાં થોડો નીચે ઉતર્યો અને વૃક્ષો અને ઘટાદાર વનરાજીની વચ્ચે મેં જૂની પથ્થરની ઈમારતનાં અવશેષ જોયાં.

હું જાણતો હતો કે હું ફ્રેન્ચ-કેનેડીયનના ક્ષેત્રમાં હતો. પાર્કને પહેલી જ વખત જોવા જવું તે પહેલાં ચેટીકેમ્પના એક છેવાડાના ગામ એકેડીયન ખાતે મુકામ કરવાનું મૅરીએ મને કહ્યું હતું.

તેથી કલાક પહેલાં ઉપર ચડવાની શરૂઆત કરી ત્યારે મેં કારને હાઈવેથી નીચે ઉતારી રસ્તાની પાણીવાળી બાજુએ એક રેસ્ટોરન્ટ પાસે પાર્ક કરી હતી. ચેટીકેમ્પના અખાત અને રસ્તાની વચ્ચેના પાતળા સાંકડા જમીનના પટ્ટા પર થોડી દુકાનો તથા બીજાં મકાનો અડોઅડ જોવા મળ્યાં.

મૅરીએ મને આ વિસ્તારનાં પ્રખ્યાત ગાલીચા જોવાનું તથા માછલીને લાંબો સમય ઉકાળીને બનાવેલી ખનાસ ચ્યૂડ નામની વાનગી ચાખવાનું કહ્યું હતું, પણ મને તે બધી વાતમાં રસ ન હતો કે મને ભૂખ પણ નહોતી લાગી. નાનાં ડૉક્સ (હોડી રાખવાની જગ્યા) તરફ લઈ જતાં લાકડાંના પગથિયાં હું ઉતરવા લાગ્યો. એહમત પાસે હતી તેવી નહીં પણ સાવ સાદી માછલી પકડવાની હોડીઓની ત્યાં લંગાર લાગી હતી. એક ડૉક પર મોટું બોર્ડ માર્યું હતું. વ્હેલ જોવા માટેનો નૌકાવિહાર. બાજુમાં એક હોડી પર લખ્યું હતું ઝોડીયાક બોટ. ઝોડીયાક બોટનાં અવાજ અને ધ્રુજારી બહુ હોય છે. તેથી તેને બદલે સારી નાની હોડીમાં વ્હેલી માછલી જોવા માટે જવાનું મને મૅરીએ કહ્યું હતું. પણ મને તો નૌકાવિહાર કરતાં કરતાં પર્વતો પર રખડવાનું ઠીક લાગ્યું.

મારી કાર પાસે પાછા ફરતા પહેલાં, હું હાઈવે પર ઘણું ચાલ્યો. રેસ્ટોરન્ટ્સ અને સ્ટોર્સથી આગળ જતાં લાકડાની ફ્રેમવાળા ઘર મેં જોયાં. તેની સામેથી એક નાનો સાંકડો રસ્તો પસાર થતો હતો. સામી બાજુએ હાઈવે પર વાહનો પસાર થઈ રહ્યાં હતા. હાઈવેથી ઘર બહુ દૂર ન હતાં. તેની પાછળ ઘટાદાર વનરાજીનો એક લીલો પટ્ટો દેખાઈ રહ્યો હતો અને પછી ત્યાં સેન્ટ લોરેન્સનો અખાત હતો.

પહેલાં કેબોટ ટ્રેઈલ એક ધૂળીયો રસ્તો હતો. અત્યારે છે તેના કરતાં વધુ સાંકડો પણ હતો અને આ બધા ઘર તેનાં પર અચોક્કસપણે અહીં-તહીં આવેલાં હોવા જોઈએ. મૅરીએ કહ્યું હતું કે, ચેટીકેમ્પ તથા તેની આસપાસના વિસ્તારોમાં હજુ આજે પણ ફ્રેન્ચ ભાષા બોલાય છે. અહીં લોકો એકેડીયન્સના વંશજ હતા. એકેડીયન્સને અઢારમી સદીના મધ્યમાં બ્રિટીશોએ એનાપોલીસ વેલીમાંથી નોવા સ્કોટીયા તરફ તગેડી મૂકયા હતા.

૧૭૧૦ માં એકાડીયાનો ફ્રેન્ચ વિસ્તાર બ્રિટીશોએ કબજે કર્યો ત્યારે તેમણે બધા એકેડીયન્સ રાજા પ્રત્યેની વફાદારીના સોગંદ લે તેવી માંગણી કરી. મોટાભાગના એકેડીયન્સ ખેતીના ક્ષેત્રમાં હતા, રાજકારણથી દૂર. તેઓ ઉત્તર અમેરિકામાં ફ્રેન્ચ અને બ્રિટીશ સામ્રાજ્ય વચ્ચેની લડાઈથી દૂર રહેવા ઈચ્છતા હતા. થોડાં લોકો જો કે આજે નોવા સ્કોટીયા અને ન્યુ બ્રુન્સવીક ખાતે ફ્રેન્ચ લશ્કરમાં સેવા આપતા જોવા મળે છે. મોટાભાગના એકેડીયન્સ દાયકાઓ સુધી બ્રિટીશ રાજ હેઠળ શાંતિથી જીવન ગુજારતા રહ્યાં.

હવે બ્રિટીશરોને અહીં રહેવામાં જોખમ લાગ્યું. તેઓએ હવે એકેડીયન્સને યુરોપ તથા પોતાનો હકુમત હેઠળનાં અન્ય વિસ્તારોમાં ખસેડવાનું મુનાસીબ માન્યું. ફ્રાન્સ પાછા મોકલાયેલાં ઘણા એકેડીયન્સ પાછળથી ઉત્તર અમેરિકાની ફ્રેન્ચ કોલોનીઓમાં આવતા રહ્યાં હતાં. ઘણા - મોટાભાગના - લોકો લુઈસીયાના ગયા હતા. તેમના વંશજો કાજુન્સ તરીકે ઓળખાય છે. મને ખબર હતી. પણ મૅરીએ કહ્યું હતું કે તેઓના થોડાં લોકો કેપ બ્રેટન આઈસલેન્ડ ખાતે જતા રહ્યા હતા અને ઉત્તર પશ્ચિમ કિનારે વસ્યાં હતાં.

આ નાનાં મકાનોની સામેના રસ્તા પર ચાલતાં ચાલતાં મને આશ્ચર્ય થયું કે, ચેટીકેમ્પના એકેડીયન્સ વસાહતીઓ સામાન્ય દુનિયાથી કેટલા બધા દૂર હતા. દુનિયાથી દૂર દૂર આ અફાટ સમુદ્ર અને પથ્થરોના સાનિધ્યમાં માંડ થોડાં સો જેટલા વસાહતીઓ હતા. હજારોની વસ્તીમાંથી વિખૂટા પડીને અહીં એકલા અટૂલાં રહેતાં આ થોડાં લોકો કઈ રીતે જીવતાં હશે ? દરેક બાબતમાં તેઓ એકબીજા પર જ આધારિત રહેતા હશે. પણ જો ચેટીકેમ્પ આટલું દૂર એકલું અટુલું હતું તો લે બટર્યુ કેવું હશે ?

લે બટર્યુના પાયારૂપ ભાગની આસપાસ હું ફર્યો. જાણે ત્યાં જૂના પથ્થરો, ભાંગ્યા તૂટયા, વેરવિખેર પથરાયેલાં પડયા હોય તેમ લાગ્યું, આટલી નાની જગ્યામાં મોટું કુટુંબ કેમ સમાયું હશે તે હું વિચારતો રહ્યો. ઘરની નીચે ખુલ્લી જગ્યા હતી. જૂના ખેતરો જ હોવાં જોઈએ. તે ચેટીકેમ્પ નદી સુધી વિસ્તરેલાં હતા.

આટલી વિચિત્ર જમીનમાં ખેતી થતી હશે તે માનવું મુશ્કેલ છે. આ કુટુંબના સભ્યો દિવસો સુધી દરિયામાં માછલી પકડવાની બોટ લઈને નીકળી પડતા હશે. રસ્તા પરની નિશાનીઓ જોઈને મને લાગ્યું કે જ્યારે પાણી વધુ હોય ત્યારે કે રવિવારે લોકો લે બટર્યુ

ખાતે ઘરમાં વિતાવતા હશે અને અઠવાડીયાના બાકીના દિવસોમાં ચેટીકેમ્પ અથવા બ્લા બ્લોકના માછીમારીના વિસ્તારમાં આવી જતા હશે. શિયાળમાં થીજી થયેલી નદી પર ચાલીને નદી પાર કરીને લોકોને શહેરમાં જરૂરી ચીજવસ્તુઓ લેવા જતા હશે. પાછળના વર્ષોમાં શાળાએ પણ જતા હશે ! હૂંફાળા મહિનાઓમાં તેઓ ગાડા રસ્તે જતા હશે, જે રસ્તે હાલ હું ચાલી રહ્યો છું.

જમીનના આ ટુકડા પર બહુ બધા કુટુંબો નહીં રહેતા હોય, ૧૯૩૬ માં અહીં માત્ર બે કુટુંબો હતા. ચિએસન સાથે બે બ્લાન્ક તથા લેબ્રૂન્સછ અને ડીવેઅસ. બંનેને નવથી અગિયાર બાળકો હતા. કુલ મળીને લગભગ પચાસ વ્યકિત.

મારી દુનિયા કેટલી જુદી હતી. સેંકડો સહકર્મચારીઓ, સેંકડો મિત્રો, માઈલોના માઈલો સુધીનો પાડોશ, આદમની શાળામાં એંસી પ્રથમ વર્ગના વિદ્યાર્થીઓ હતા. કેટલા બધા લોકો હતા. મને જુલીઆનની નોંધ યાદ આવી: “તમારી જીંદગીમાં પ્રવેશવા દેવા માટે યોગ્ય વ્યકિતઓને પસંદ કરો.” પસંદગી કરવી મારા હાથમાં હતી. ભૂતકાળમાં ઘણા લોકોને આ આઝાદી ન હતી. તેથી બધાને જે કંઈ થોડા ઘણાં લોકો આજુબાજુ હતાં તેનાથી જ, કોઈ પસંદગી મેળવ્યા વિના, કામ ચલાવવું પડતું.

લે ચેમીન ડયુ બેટર્યુની ટોચ પરથી દૃશ્ય ઘણું સુંદર દેખાતું હતું. દરિયા કિનારો નીચેની તરફ વળાંક લેતો દેખાતો હતો. દૂર દૂર સુધી ભૂરૂં પાણી પથરાયેલું દેખાતું હતું. આ સુંદર દૃશ્ય તો માત્ર શરૂઆત હતી.

હું પર્વતીય રસ્તા પર કાર લઈને આગળ વધ્યો. યુ-પીન જેવા ખતરનાક વળાંકો, ચક્કર આવી જાય તેવા ઉતરતા ઢાળ અને માથા પર પહેરેલી ટોપી પડી જાય એવા સીધા ચઢાણ. આધુનિક છ-સિલિન્ડરવાળી કાર સિવાય આ રસ્તે આગળ વધી જ ન શકાય. અહીં વસ્તી કેમ આટલી પાંખી હતી તે હવે સમજાઈ ગયું. ઘણી બધી જગ્યાએ હું વિશાળ સમુદ્ર કે ઘટાટોપ વનરાજીથી છવાએલાં લીલાં પર્વતો જોવા ખાસ ઉભો રહ્યો.

પ્લીઝન્ટના અખાતમાં વ્હેલના મ્યુઝિયમ પાસેથી પસાર થયો. વિચાર્યું એક દિવસ આદમને લઈને હું અહીં આવીશ. ઈન્ગોનીશ સેન્ટર પાસે એલેકઝાન્ડર ગ્રેહામ બેલના ઉનાળુ નિવાસસ્થાન પાસે હું અટકયો. રેકકવોના એક બીચ પર હું ઘણું બેઠો. દરિયાનાં મોજાને કિનારા પર વારંવાર માથાં પછાડતાં જોયા. મોડી બપોરે મેં મૅરી અને એન્ગસના ઘરે પહોંચવાનો રસ્તો પકડયો.

મૅરીની ડિનર પાર્ટી ખરેખર અદ્ભુત હતી. ઢગલે ઢગલા લોબ્સ્ટર (કરચલા) હતાં. જમ્યા પછી ફીડલ્સ અને હોર્મોનિકાના સંગીતમય સૂરો હવામાં છવાઈ ગયા. મૅરી અને એન્ગસનાં મિત્રો સ્ફૂર્તિલાં, આનંદી અને ધગશવાળા હતા. રાજકારણ, કલા, સાંપ્રત બનાવો કે સંગીત-બધાની વાતો તેઓ રસપૂર્વક કરતા હતા. પણ મને તો મજા આવી મહેમાનો આવ્યા તે પહેલાં એન્ગસના પિતા સાથે વાતો કરવાની.

મેં રસોડામાં મૅરી અને એન્ગસને મદદ કરવાની વાત કરી પણ મને મૅરીએ પાછો લીવીંગ રૂમમાં જ ધકેલી દીધો. “ડોન સાથે બીયર પીવો.” તેણે કહ્યું: “એન્ગસ અને હું બે જ જણા કામ માટે પૂરતાં છીએ.”

ડોન ઊંચો કદાવર ન હતો, પણ તેનાં ખભા કહી આપતા હતા કે ભૂતકાળમાં તેણે ઘણી શારીરિક મહેનત કરેલી છે. તેના હાથની ચામડી પર નસો દેખાતી હતી. તેનાં ખભા થોડાં ઢળી ગયા હતા. પણ તેની લીલી આંખોમાં હજુ ચમક હતી.

રસોડામાંથી હું અમારા બંને માટે બીયરની એક એક બોટલ લઈ આવ્યો. (મેં ડોનને બીયર માટે પૂછ્યું તો તેના જવાબ માત્ર એક શબ્દ હતો. 'ત્ચ') અમે બંને લીવીંગ રૂમમાં આરામ ખુરશીમાં નિરાંતે બેઠા અને અમારી સામેના ઝાડપાન જોતાં રહ્યાં. એન્ગસે મને પહેલાં કહ્યું હતું કે, તેનાં પિતા અગાઉ ખાણમાં કામ કરતા હતા, પણ મને એ જાણવાની ઈંતેજારી હતી કે ખાણમાં કામ કરનારની જીંદગી કેવી હોય છે ?

મારી સાથે વાત કરવામાં ડોનને મજા આવતી હતી. તે તેર વર્ષનો હતો ત્યારથી જ ખાણમાં 'ખૂંપી' ગયેલો !

"મારા પિતા, મારા કાકાઓ વગેરે તો દસ વર્ષની ઉંમરથી જ ખાણમાં કામ કરતા થઈ ગયેલા. તેઓ મને ચૌદ વર્ષનો થાઉં ત્યારે જ ખાણમાં કામ શરૂ કરવાનું કહેતા હતા. પણ અમારે પૈસાની ઘણી જરૂર હતી. હું ખોટું બોલ્યો. તેર વર્ષનો હતો છતાં મેં કહ્યું હું ચૌદ વર્ષનો છું. મારા વડીલોએ કામ કરવાની હા પાડી, પોતાની સાથે લઈ લીધો."

છોકરાઓને કોલસો ખોદવાની મનાઈ હતી. તેથી કાળો અને ધૂળીયો નાનો ડોન લાકડાનાં એક મોટા દરવાજા પાસે દિવસના બાર કલાક કામ કરતો. લાકડાના દરવાજાની પેલે પાર કોલસો ખોદાતો હતો. "મારે ખાણીયાઓને અંદર જવા દેવાના હતા અને તેઓ ગાડાં ભરીને કોલસો બહાર લાવતા હતાં."

ડોને કહ્યું કે તમે કોલસો ખોદવા જેટલા મોટા થાઓ અને કોલસો તમને માકફ આવી જાય પછી તમારે એકલા રહેવું ન પડે. બધા લોકોની વચ્ચે સમય ઝડપથી પસાર થઈ જાય છે. ખાણીયાઓ જૉક અને વાર્તાઓ કહેતા રહેતા હોય છે. ગીતો પણ ગાય અને નાચે પણ ખરા, પણ દિવસ ઘણો લાંબો રહેતો. શિયાળામાં તો ખાણીયાઓ ખાણમાં જાય ત્યારે પણ અંધારું (વહેલી સવાર) હોય અને બહાર આવે ત્યારે પણ અંધારું (રાત્રિ) હોય.

"મહિનાઓ અને મહિનાઓ સુધી તેમને સૂરજનાં દર્શન માત્ર રવિવારે જ થાય." ડોન બોલ્યો અને હસ્યો.

અને પછી આવી 'વિસ્ફોટ' ની વાત !

"હું તે સોળ જણા સાથે હતો." કપાળ પર હાથ ફેરવતાં ડોન બોલ્યો. તેનાં ઘણાં બધા મિત્રો અને કુટુંબીજનોએ ખાણમાં વિસ્ફોટમાં જીવ ગુમાવ્યા હતા. ખાણમાં કોલસાની ધૂળ તથા વાયુઓના વિસ્ફોટ થયા કરે છે, તે જીવલેણ હોય છે.

"તમે કેમ રહ્યાં આ બધા વચ્ચે ?" મેં પૂછ્યું. ખાણમાં કામ કરવાની ભયંકરતા વિશે મને ખબર હતી.

"સાચું કહું ?" તેણે એક હાથ ખુરશીના હાથા પર ટેકવીને કહ્યું : "કામ ઘણું સખત હતું, પણ જીંદગી મજાની હતી."

“એટલે તમે શું કહેવા માંગો છો ?” મેં પૂછયું : “તમે એમ કેમ કહો છો?”

ડોન થોડી સેકન્ડ ચૂપ રહ્યો. પછી ખુરશીમાં ફરીથી વ્યવસ્થિત ગોઠવાઈને તે બોલ્યો: “તમને એ સમજાશે કે નહીં તે મને ખબર નથી. સ્થાનિક ખાણીયાઓ સાથે કામ કરવાનો એક અલગ જ અનુભવ છે. તે તમારી જીંદગી પોતાના હાથમાં લઈ લે છે. વિસ્ફોટ થાય તો તમે શું કરો ? દોડીને બહાર આવી જાવને ? તેઓ તરત ખોદવા માંડે, જીવતા હોય પણ કોલસાની ધૂળમાં દટાયેલા હોય તેને શોધવા માંડે કલાકો સુધી તે મથ્યા કરે, તમે નવા હોય ત્યારે આની ખબર ન હોય, પણ વિસ્ફોટમાં તમે બચી ગયા પછી એ લોકોને જોવાની તમારી નજર જ બદલાઈ જાય. તમને ખાત્રી થઈ જાય કે આ લોકો મરશે પણ તમારો સાથ નહીં છોડે. તમને તે ભગવાનના આશીર્વાદ જેવું લાગે.

“ઓહ !” મેં કહ્યું."હજુ હું આ માની શકતો ન હતો.”

“બરાબર. છતાં હું માછીમાર બનવાનું વધુ પસંદ કરું.”

“મૅરી અને જોસેફના આશીર્વાદ,” ડોન બોલ્યો: “મને પ્રેમ કે પૈસા મળે એટલે હું હોડીમાં ફરતો થઈ જાઉં એવો નથી. જોખમી કામ શું ચીજ છે તે તમને ખબર નથી. તમે મૅરીના પિતા જો સાથે વાત કરો.”

ડોને માથું ધુણાવ્યું, “ખાણીયાઓ ખરેખર બહાદૂર હોય છે.”

આખો દિવસ છૂટાછવાયા માછીમારોના ગામડાઓ વચ્ચેથી હું ડ્રાઈવ કરતો રહ્યો. ખાણમાં કામ કરો અથવા માછીમારી કરો. બસ, અહીં પુરુષો માટે આજીવિકાના માત્ર બે જ વિકલ્પો છે. તેમના સમૂહમાં જોખમી કામો માથે લેવા માટે અમુક ખાસ માણસોનો સમૂહ હતો. જાપાન દુનિયાનો સૌથી ગીચ વસ્તી ધરાવતો ટાપુ છે. ત્યાં મને બીજાની સાથે સારી રીતે વર્તન કરવાનું મહત્વ બરાબર સમજાવવામાં આવ્યું હતું.

અહીં મને માનવીય સંબંધો કેટલાં મૂલ્યવાન છે તે ખબર પડી તમે કોની સાથે જીવો છો કે કામ કરો છો તેનું ઘણું મહત્વ છે. અહીં તમારા જીવન અને મરણનો પ્રશ્ન છે.

મારી જીંદગીમાં તો આમ ન હતું. આદમ સિવાય એવું કોણ હતું જેને તેના જીવનને ટકાવવા મારા પર આધાર રાખવો પડે ? વિશ્વાસ રાખવો પડે ? જેમ ડોન બીજા ખાણીયા પર વિશ્વાસ રાખીને જીવતો હતો તેમ ? પણ પછી મને જુઆનનો વિચાર આવ્યો. કદાચ જુઆનને તેનું જીવન ટકાવી રાખવા મારી જરૂર હતી. હા, તેને મારી જરૂર હતી. હા, તેને મારી જરૂરી હતી. જુઆનની જીંદગી મારા હાથમાં હતી, પણ મને તેનું ભાન ન હતું, જવાબદારી ન હતી. હું તેને જિવાડી શકયો હોત, પણ મેં તેને જિવાડયો નહીં, મરવા દીધો.



પ્રકરણ નવ

મૅરી અને એન્ગસને મળ્યા પછી હું સિડનીથી હેલીફેક્સ ગયો. ત્યાં એક રાત્રિ મેં હોટલમાં ગાળી. હવે પછીના મારા ગંતવ્ય સ્થાન - શાંઘાઈ પહોંચવા માટે મારે વહેલી સવારે એરપોર્ટ પહોંચવાનું હતું. જુલીઆને જે રીતે સૂચના આપી હતી તેના પરથી તો મને લાગતું હતું કે મારે શાંઘાઈમાં એક આખો દિવસ પણ રહેવાનું ન હતું. શાંઘાઈ જવા અડધી દુનિયાનું ચક્કર વિમાનમાં કાપવું પડે અને તે પણ માત્ર અડધા દિવસના કામ માટે ? વિમાનભાડા પાછળ બેપરવાહીથી પૈસા ખર્ચાતા હોય એમ મને લાગ્યું. પણ હવે તો હું ટેવાઈ ગયો છું. ઈન્ટરનેશનલ ટ્રાવેલ બિઝેનેસની આવી બાબતોમાં હું ખાસ ધ્યાન નથી આપતો.

શાંઘાઈ માટેનાં નેવાર્કના મારા કનેકશન દરમિયાન મને સુવાની થોડી તક મળી. હું શાંઘાઈ બપોરે બે વાગે આવ્યો (હેલીફેક્સમાં વહેલી સવારનાં ત્રણનો સમય) મને ત્યાં ઉતરતાં જ યુ ફેન્ગ નામનો નાની ઉંમરનો માણસ મળ્યો. તેણે મને કહ્યું કે તે મારો દુભાષિયો તથા ગાઈડ બનશે. તે મારો સામાન ઉપાડી અને મને ટર્મિનલની બહાર લઈ ગયો, જયાં એક ચમકદાર બેન્ટલી અમારી રાહ જોઈને ઊભી હતી, મારો સામાન મૂકીને યુ ફેન્ગ મારી સાથે પાછળની સીટ પર ગોઠવાયો.

“મિ. ગાઓએ તેની ઊંડી દિલગીરી પાઠવી છે. તે એક મિટીંગમાં હતા અને આવી શકે તેમ ન હતા, તમે તેને ઓફીસમાં સાંજે છ વાગે મળો તેમ તે ઈચ્છે છે. પછી તે તમને રાત્રિના જમણ માટે તેના ઘેર લઈ જશે. તે દરમિયાન, તમારે શાંઘાઈમાં જે કંઈ જોવું હોય એ હું તમને બતાવીશ.”

મેં ઘડીયાળમાં જોયું. સામાન મેળવવામાં અને ઈમીગ્રેશનની પ્રક્રિયામાં ઘણો સમય ગયો હતો. શહેર જોવા માટે મારી પાસે થોડા કલાક હતા. પણ નાહી-ધોઈને ટૂંકી ઊંઘ ખેંચવાનું હું વિચારી રહ્યો હતો. મેં યુ ફેન્ગનો આભાર માન્યો અને કોઈ હોટલમાં જવાની

મેં વાત કરી.

અમારા ડ્રાઈવર સાથે યુ ફેન્ગએ થોડી વાતચીત કરી. દરમિયાન અમે શાંઘાઈના ગીચ શહેરી વિસ્તારમાંથી પસાર થઈ રહ્યા હતા.

પોતાની સીટની સામેનો નાનો દરવાજો ખોલીને તે બોલ્યો : "તમને કંઈ પીવાનું ફાવશે? " દરવાજામાંથી મદીરાપાન માટેનો નાનકડો બાર બહાર આવ્યો. મેં હા પાડી. તેણે અમારી બંનેની લેધર સીટની વચ્ચે એક નાનકડું ટેબલ ખેંચી કાઢયું.

"માત્ર પાણી." મેં કહ્યું. "આભાર." આ લકઝરીનો લાભ ન લેવા બદલ જાતની દયા જ ખાવી રહી. પણ બીજું કંઈ પીવાનું મારું અત્યારે સહેજ પણ મન ન હતું.

અમે ઘેરા રંગના પાણીની ઉપરથી પસાર થતા પુલ પર આવી પહોંચ્યા.

"હુંઆન્ગયુ નદી." યુ ફેન્ગ બોલ્યો. "મિ. ગાઓની ઓફીસ તળશહેરમાં નીચે છે. પણ તેની નજીકમાં તમારે માટે બંડની નજીક હોટલ બુક કરી છે." હું સૂચક નજરે યુ ફેન્ગ સામે જોતો રહ્યો. તેણે કહ્યું : "બંડ એ હુઆન્ગયુ નદીના પશ્ચિમ કિનારા પર પથરાયેલું મોટું એવન્યુ - કોમ્પ્લેક્ષ છે. તે વિસ્તારમાં યુરોપીયનોએ ૧૯૨૦ થી ૧૯૪૦ વચ્ચે ઘણા મોટાં મકાનો બાંધ્યા હતા."

"અમેરિકન અને યુરોપિયન પ્રવાસીઓમાં તે ઘણું લોકપ્રિય છે. રાત્રે પણ ઘણું સરસ લાગે છે." તેણે ઉમેર્યું.

મેં માથું હલાવ્યું, પણ હું કંઈ બોલ્યો નહીં. મને તો નહાવાના જ વિચારો આવતા હતા.

હોટલના દરવાજામાંથી હું પસાર થયો ત્યારે પળવાર ઉભો રહીગયો. થયું કંઈક ભૂલ તો નથી થતી ને? હોટલ પર પહોંચ્યા ત્યાં જ મને ખબર પડી ગઈ કે અત્યાર સુધીની મેં જોયેલી સારામાં સારી હોટલ આ છે. પરસાળ - લૉબીમાં છત ત્રણથી ચાર માળ ઊંચી હતી. કાળા માર્બલનું ફલોરીંગ કાચની જેમ ચમકતું હતુ. ફર્નિચર ઘણું સારું હતું.

ઊંચા ઊંચા નાળિયેરીના ઝાડ હતા. આ બધું કદાચ છેતરામણું પણ હોય, બહારનો દેખાવ પણ હોય. મારા પિતા અમને ફરવા લઈ જતા ત્યારે જે હોટલમાં અમે ઉતરતાં ત્યાં દાખલ થતાં બધું ઝાકઝમાળ લાગે પણ રૂમ બધા ઠીક ઠીક રહેતા. અહીં પણ રૂમ બાબત મેં બહુ ઊંચી અપેક્ષા રાખી ન હતી.

પણ મારો રૂમ મેં જોયો તો મારું મો ખુલ્લું જ રહી ગયું ? 'સરસ' કહેવાય તેના કરતાં કયાંયે 'વધુ સરસ' ! યુ ફેન્ગ તરફ હું ફર્યો, તે ઉપર સુધી મારી મદદ કરવા સાથે આવવાનો હતો. તે હોટલના નોકરને ગુસ્સામાં, ઝડપથી તેની મેન્ડેરીન ભાષામાં કંઈક કહી રહ્યો હતો.

પેલા સાથેની તેની ઉગ્ર વાત પૂરી થઈ ત્યારે તેણે મને કહ્યું: "હું ઘણો દિલગીર છું. તમારા માટે રૂમમાં ફળો, શેમ્પેઈન તથા કંઈક ખાવાનું હોવું જોઈએ એ હું તેને કહી રહ્યો હતો. તે બધું જલ્દી તમારા રૂમમાં પહોંચી જશે તેમ તેણે કહ્યું છે."

હું રૂમ વચ્ચે ઊભો રહ્યો. રૂમ મારા આખા એપાર્ટમેન્ટ કરતાં પણ વધુ મોટો હતો. એક આખી દિવાલ પર - નીચેથી ઉપર સુધી - માત્ર મોટી બારી હતી. અંદર ગયો ત્યારે ખબર પડી કે માત્ર મોટો રૂમ જ નહીં, પણ અંદર એક નાનો ડાઈનીંગ રૂમ પણ હતો. તેનો બેડરૂમ અન્ય કોઈ હોટલના મુખ્ય રૂમ જેવડો મોટો હતો. બધું કેટલું મોટું મોટું ? નવાઈની વાત કહેવાય. બેસવાની જગ્યા સાથે સાથે લખવા-વાંચવાનું અલગ વ્યવસ્થિત ટેબલ પણ હતું. બાથરૂમ માર્બલથી છવાયેલો અદ્‌ભુત પ્રદેશ જેવો લાગ્યો. હું પાછો લીવીંગ રૂમમાં આવી ગયો. ફ્રેન્ગ મને આતુરતાથી જોઈ રહ્યો હતો.

"તમારે આરામ કરવો છે, હું હવે જઈશ." તેણે કહ્યું. માથું સ્હેજ નમાવી તેણે ઉમેર્યું : "હું સાડા પાંચ વાગે તમને મિ.ગાઓ પાસે લઈ જવા માટે આવીશ."

યુ ફ્રેન્ગ ગયો પછી હું મારો સ્યુટ ફરીથી જોવા માંડયો. બાથરૂમમાં ટબની સામે એક કેબીનેટ હતું. મેં તેનો દરવાજો ખસેડયો. ત્યાં એક મોટું ટીવી હતું. મેં ટબનાં નળ ચાલુ કરી દીધાં. પછી ડાઈનીંગ રૂમમાં ગયો. જયાં ખાવાનું વગેરે ગોઠવાઈ ગયું હતું.

મેં પ્લેટમાં વેનેઝુએલીયન ચોકલેટ, બ્રીચીઝ, ક્રેકર્સ અને દ્રાક્ષ મૂકયાં. મેં કેબરનેટ સોવીગનનની બોટલ ખોલી તે ગ્લાસમાં રેડી. આ બધું બાથરૂમમાં લઈ જઈ મેં તે ટબની બાજુની માર્બલની ટેબલ જેવી જગ્યામાં મૂકયું. એક નાના ડ્રોઅરમાંથી મેં ટીવીનું રીમોટ શોધી કાઢયું. મેં આડી અવળી ચેનલો ચકાસી અને મને મનગમતું એકશન થ્રીલર મૂકયું.

જાકુઝીની પાણીની ધાર મારા શરીરને દાબી રહી હતી. મને ફિલ્મમાંથી રસ ઓછો થઈ ગયો હતો. મેં રીમોટથી ટીવી બંધ કર્યું અને સાઉન્ડ સીસ્ટમ ચાલુ કરી. એક કલાક પછી હું ટબમાંથી બહાર આવ્યો ત્યારે હળવો ફુલ થઈ ગયો હતો, તાજોમાજો થઈ ગયો હતો અને મારી જાતને મેં નસીબદાર માની.

મેં હળવા સુતરાઉ કપડાં પહેર્યાં. સ્યુટમાં સંગીત વાગી રહ્યું હતું. મેં મારી જર્નલ લીધી અને લીવીંગરૂમ તરફ ગયો. કૂણા મુલાયમ સોફા પર હું બેઠો અને જર્નલમાં મેં એક નવું પાનું ખોલ્યું. "જીવન જીવવાની કેટલી સરસ રીત !" મેં લખ્યું. "મને હંમેશા આ મળતું રહે." લખીને મેં જર્નલ બંધ કરી.

યુ ફ્રેન્ગ અને તેનો ડ્રાઈવર સમયસર આવી ગયા. મને તેની બેન્ટલી(કાર)માં મિ.ગાઓના ચમકતા ઓફીસ ટાવર તરફ લઈ ગયા. ડ્રાઈવર અમને છોડીને જતો રહ્યો. યુ ફ્રેન્ગ મને કાચ અને ફુવારાથી ભરી ભરી લૉબીમાં થઈને મિ.ગાઓની પેન્ટહાઉસ ઓફીસમાં લઈ ગયો.

યુ ફ્રેન્ગએ કાચનું બારણું ખોલ્યું અને રીસેપ્શન ટેબલ પર બેસેલી સ્ત્રીએ તરત ઉભા થઈ અમને આવકાર્યા.

"મિ. યુ, મિ. લોન્ડ્રી" તેણે કહ્યું: "મિ. ગાઓને એમ કે તેની મિટીંગ છ વાગ્યા સુધીમાં પતી જશે પણ હું દિલગીર છું કે હજુ મિટીંગ ચાલુ છે. હું મિ. ગાઓને જાણ કરું છું કે તમે આવી ગયા છો."

એટલામાં જેમાં મિટીંગ ચાલતી હતી તે હૉલનો કાચનો દરવાજો ખુલ્યો અને

તેમાંથી બધા બહાર આવવા લાગ્યાં. તેમના મોટા અવાજો અને હાસ્યથી વાતાવરણ ભરાઈ ગયું. તેમને લૉબીમાં આવતાં જોયાં કે તરત મેં એક જાણીતો ચહેરો જોયો. તેનો અવાજ પણ સાંભળ્યો.

"મિ. ગાઓ, તમે અમારી સાથે સંમત થયા તેનો અમને ઘણો આનંદ છે. આજ સુધી મને મળેલી બધી સ્ક્રીપ્ટમાં આ સૌથી સરસ છે." - તે એક ફિલ્મી અભિનેતા હતો. મેં તેને ઘણી થ્રીલરમાં તથા કયારેક રોમેન્ટીક કોમેડીમાં જોયો હતો. તે આજે મારી સામેથી જ પસાર થઈ રહ્યો હતો ! તેની સાથેનો માણસ પણ કંઈક જાણીતો લાગ્યો. તેને મેં ઘણા ઈન્ટરવ્યૂમાં જોયો હતો, એવોર્ડ લેતાં પણ જોયો હતો.

કોઈ ડાયરેકટર હતો અથવા પ્રોડયુસર પણ હોય. તેની બાજુમાં એક ઊંચો એશિયન ચાલતો હતો. જે સીધો મારી તરફ આવી રહ્યો હતો. તેણે તેના હાથ અભિનેતાના ખભા પર મૂકયા અને તેને ધીમેથી કંઈક કહ્યું. પછી તે સમૂહથી છૂટો પડીને મારી તરફ આવવા લાગ્યો.

"જોનાથન લૉન્ડ્રી," તેણે મને કહ્યું, ઉત્સાહથી તેનાં હાથ મારા તરફ લંબાવ્યા, "ગાઓ લી. તમને રાહ જોવરાવવા બદલ દિલગીર છું. ચાલો તમારી ઓળખાણ મારા નવા બિઝનેસ પાર્ટનર્સ સાથે કરાવું."

ગાઓ લી એક વેન્ચર કેપીટાલીસ્ટ હતો. તેણે હમણાં જ પેલા અભિનેતા તથા તેની સાથેના માણસ - ડાયરેકટર કે પ્રોડયુસર - એ નવી બનાવેલી હોલીવુડ પ્રોડકશન કંપનીમાં રોકાણ કર્યું હતું. આજે મિટીંગમાં તેમણે ફાઈનલ પેપર્સમાં સહીઓ કરી હતી.

"તમે સાચા સમયે સાચી જગ્યાએ છો !" હસતાં હસતાં પેલા અભિનેતાએ મને કહ્યું. મિ. ગાઓની પાછળ તે મારી સામે હસી રહ્યો હતો અને મને તેણે 'થમ્સ અપ'ની નિશાની કરી.

બધા કહે છે જયારે તમે પ્રખ્યાત લોકોને રૂબરૂ જુઓ છો ત્યારે તે તમારી કલ્પના કરતાં ઘણાં નાના દેખાય છે. પણ આ માણસ તો સિનેમાના પરદા પર દેખાય છે તેવો જ વાસ્તવિકતામાં પણ ઊંચો અને મજબૂત હતો. તેના કપડાં કેઝયુઅલ હતા છતાં બધાથી અલગ હતા. તેનાં શર્ટ અને જીન્સ ખરેખર ખૂબ મોંઘા હતા. કપાળ પર સનગ્લાસીસ ચડાવેલા હતા. એમ લાગતું હતું કે, તેઓ આખો દિવસ મિટીંગમાં જ હતા. તેમની ચર્ચામાં મશગૂલ - અને હવે બધું પતી ગયા પછી તેઓ કયાંક જવાની ઉતાવળમાં હતા.

"મિ. ગાઓની સાથે તેની યૅચમાં જજો." તે અભિનેતાએ મને કહ્યું: "ગઈ કાલે રાત્રે અમે ત્યાં ધમાકેદાર પાર્ટી માણી હતી. મજા આવી ગઈ. ખરેખર મિ.ગાઓ, તમારી યૅચ અદ્‌ભુત છે, બીજાને કયાંય ટક્કર મારે તેવી. અમારી આટલી બધી કાળજી લેવા બદલ આભાર." અને ગાઓ લી અને તે અભિનેતાએ હાથ મિલાવ્યા. એક માણસે મિ. ગાઓ પાસે આવીને ગંભીરતાથી ધીમેથી કંઈક કહ્યું.

ત્યાર પછી ગાઓ લી બોલ્યા : "જેન્ટલમેન, હેલીકોપ્ટર તૈયાર છે. આપણે જઈશું ?" પછી તે મારી તરફ ફરીને બોલ્યા : "જોનાથન, મારા મિત્રોને હું આવજો કહેવા જઉં છું, મારી સાથે આવશો કે ?"

મેં અગાઉ કયારેય હેલીપેડ જોયું ન હતું. અમે પેન્ટહાઉસની બીજી બાજુના દરવાજાની બહાર નિકળ્યા અને લીફટમાં માત્ર એક જ માળ ઉપર ગયા. લીફટનો દરવાજો એક મોટી અગાશીમાં ખુલ્યો. ત્યાં થોડે દૂર એક હેલીકોપ્ટર હતું. તેની પાંખો ચમકી રહી હતી.

અમારું બિલ્ડીંગ સો માળ કરતાં પણ વધુ ઊંચું હતું. તેની અગાશીમાં ઉભા રહેવાનો અનુભવ ખરેખર રોમાંચક હતો. પવન મને હળવો સ્પર્શ કરીને ઝડપથી આગળ નીકળી જતો હતો. આકાશ વધુ ખુલ્લું અને મોટું - વિશાળ લાગતું હતું. તેને કયાંય સુધી વિસ્તરેલું જોઈ શકાતું હતું. પ્રમાણમાં નીચા બીજા 'સ્કાયસ્ક્રેપર્સ' નાનાં લાગતાં હતા. જાણે પહાડી ખીણમાં નીચે વસાહતો જોવા મળે તેવાં તે દેખાતાં હતા.

અભિનેતા, ડાયરેકટર તથા તેની સાથેના માણસો થોડા નીચા નમીને હેલીકોપ્ટર તરફ ઝડપથી આગળ વધ્યાં. તેમને માટે આ દરરોજની સામાન્ય બાબત હોય એમ લાગ્યું. તે બધા અંદર ગોઠવાયા એટલે ચોપરે હેલીકોપ્ટર ધીમે ધીમે ઉપર લેવા માંડયું. ગાઓ લી અને મેં હાથ હલાવી વિદાય આપી. અભિનેતા બારીમાંથી અમને વળી વળીને આવજો કહેતાં મેં જોયો. પછી મિ.ગાઓ અને હું નીચે ઓફિસમાં પાછા ફર્યા.

"તમને એરપોર્ટથી લેવા માટે હેલીકોપ્ટર ન મોકલી શકયો તેનું મને દુ:ખ છે. અમારે સુરક્ષા બાબતે ચકાસણી કરવાની હોવાથી સમય ન રહ્યો."

મારે શું કહેવું જોઈએ એની મને ગતાગમ ન રહી. મને કયારેય હેલીકોપ્ટરની સુવિધા મળી શકે એવું તો મેં કયારેય વિચાર્યું જ ન હતું. અમે મિ.ગાઓની ઓફિસમાં આવ્યા. મારું મન ચકરાવે ચડયું. ગાઓ લીની જીંદગી મેં જેના સપના સેવ્યાં હતા તે બધી જ જાહોજલાલીથી ભરપૂર હતી. હું અગાઉ કયારેય બેન્ટલી (કાર) માં બેઠો ન હતો. ડ્રાઈવર આગળ અને હું કારમાં પાછળની સીટ પર, આ પણ નવો અનુભવ હતો. હોટલના સ્યૂટની વાત જ નિરાળી છે. ચકાચોંધ ઓફીસ અને હેલીકોપ્ટર અને પેલો જાણીતો ફિલ્મસ્ટાર. કેટલી બધી ચમકદમક ? હાઈસ્કૂલમાંથી બહાર આવ્યો ત્યારે મારા મનમાં મેં મારા માટે જે ચિત્ર બનાવ્યું હતું - હું જે બનવા માંગતો હતો - તે જ અત્યારે હું મિ. ગાઓની જીંદગીમાં જોઈ રહ્યો હતો.

બીજાં ઘણા બાળકોની જેમ મારાં હાઈસ્કૂલના દિવસો તથા તરૂણાવસ્થાના દિવસો સામાન્ય રહ્યાં. તેનું કારણ એ ન હતું કે હું બહુ જાણીતો ન હતો કે શાળામાં મેં ઘણી મહેનત કરી હતી કે કંઈક ઊંડી અસલામતી અનુભવતો, પણ મારા બાળપણમાં મારા મનમાં તીવ્ર અસંતોષ જ રહ્યા કરતો. મારા કરતાં ખરાબ વસ્તુઓ જેમની પાસે હતી તેવા ઘણા ઘણા બાળકો હતાં, પણ મારા કરતાં ઘણી સારી સ્થિતિમાં હોય તેવા બાળકો પણ ઘણા હતા.

મેં એક યાદી બનાવી હતી. નાના અને મોટા વેકેશનમાં કોણ કોણ મોંઘા પ્રવાસમાં જાય છે, તેઓના મોટાં ઘર, તેમનાં પિતાઓ જે મોંઘી કાર ચલાવતા તે, કેટલાક તો વિદ્યાર્થીઓ પોતે પણ કાર લઈને સ્કૂલે આવતા તે. - આ બાબતોની મારા મનમાં અચૂક નોંધ લેવાતી. મારા માતા-પિતા જેવી ડીસ્કાઉન્ટ કૂપનો ભેગી કરવાની, સેકન્ડહેન્ડ વાહનો ચલાવવાની ને સસ્તાં પ્રવાસો કરવાની જીંદગી મને સ્વીકાર્ય ન હતી. મારે તો મોટા પૈસાદાર

માણસ બનવું હતું. મારે ચમકદમકવાળી સ્ટાઈલીશ જીંદગી જીવવી હતી.

વાસ્તવિકતાને નજરમાં રાખીને તમારી અપેક્ષાઓને મર્યાદામાં રાખવી જોઈએ એ તો સાચું જ છે. હું બેન્ટલી કાર ન ખરીદી શકયો તો કંઈ નહીં પણ હું જેમાં મોટો થયો હતો તેના કરતાં મોટું ઘર તો મેં ખરીદ્યું હતું અને કોર્પોરેટ સીડીના એક પછી એક પગથિયાં ચડતાં રહીને મેં મારી જીંદગીને લકઝુરીયસ તો બનાવી જ હતી.

જુલીઆન માટેના આ પ્રવાસો દરમિયાન મારા ધ્યેય પ્રત્યેની મારી પકડ હું ગુમાવી રહ્યો હતો. 'સારી જીંદગી' એટલે શું એ બાબતે હું નવેસરથી વિચારી રહ્યો હતો. મારી પ્રાથમિકતાઓ બદલાઈ રહી હતી. પણ મારી મિ.ગાઓ સાથેની મુલાકાતથી મારી જૂની એષણાઓ ફરીથી સપાટી પર દેખાઈ રહી હતી. જાણે ભૂલાઈ ગયેલી વસ્તુ પાછી યાદ આવે અને આનંદ થાય એવો આનંદ મને થવા લાગ્યો હતો. ગાઓ લિ.ની જીંદગીની તો નજીક પણ પહોંચવાનું મારી કલ્પના બહારનું હતું. મારી પાસે તો વેચવા માટે જુલીઆનની જેવી ફેરારી પણ ન હતી. પરંતુ શું હું ફેરારી માટેનું મારું સપનું પણ વેચી રહ્યો હતો ?

ગાઓ લી મને તેની ઓફિસમાં લઈ ગયો. ચારે બાજુ, બારીઓથી ઘેરાએલો તે અદ્ભુત સ્યૂટ હતો. એન્ટીક ફર્નિચરના કારણે રૂમ સુઘડ અને વ્યવસ્થિત લાગતો હતો. એક ખૂણામાં સિલ્કનો જરીભરત ભરેલો ખાસ અઢેલીને બેસવા માટેનો પલંગ તથા ખુરશીઓ હતાં. બાજુમાં કાળા રંગના લાકડાનું ભારે ટેબલ હતું. કૉફી ટેબલ પર આઈસ બકેટમાં શેમ્પેઈનની બોટલ પણ પડી હતી.

'મિટીંગ પૂરી થઈ." ગાઓ લી બોલ્યો: "તમારે અહીં કંઈ ખાવું પીવું છે કે પછી મારા ઘરે જઈને ડીનર પહેલાં પીવાની ઈચ્છા છે ?"

મને તે વાતાવરણમાં હજુ વધુ રોકાવાની ઈચ્છા હતી. ત્યાં જ અમે શેમ્પેઈનની ચૂકસી લેતાં લેતાં શાંઘાઈના હારબંધ ઊંચા મકાનો જોવાનો લ્હાવો લીધો. ગાઓ લી કયાં અને કેવી રીતે રહેતા હશે તે જોવાની અલબત્ત મને બહુ તાલાવેલી હતી.

"આપણે જઈશું ?" મેં કહ્યું.

"સરસ." ગાઓ લીએ જવાબ આપ્યો. "મને પણ જલ્દી ઘરે પહોંચવાની તાલાવેલી છે. પ્રોડકશન કંપનીના માણસો પાછળ છેલ્લા થોડા દિવસો હું ઘણો વ્યસ્ત રહ્યા કરતો હતો. મને મારુ ઘર, મારી પત્નિ અને મારી દિકરી સતત યાદ આવે છે."

"અરે હા, તમારી યૅચ વિશે કંઈક વાત થતી હતી ?" મેં કહ્યું.

"બરાબર, પણ હું માનું છું કે, જો હું તમને મારી યૅચ જોવા ન લઈ જઈ શકું તો તમને વાંધો નહીં હોય." ગાઓ લી બોલ્યો. "જુલીઆને કહ્યું છે કે તમારી પાસે મર્યાદિત સમય છે અને ક્રૂ યૅચને ગઈકાલ રાત્રિથી સાફ કરી રહ્યાં છે."

"કંઈ વાંધો નહીં." - જાણે આગ્રહપૂર્વક ના પાડતો હોઉં એવી રીતે મેં કહ્યું. હોલીવુડનો ફિલ્મસ્ટાર જેના વડે પ્રભાવિત થયો હતો તે યૅચ હું ન જોઈ શકયો તેનો વસવસો તો મને રહ્યો જ.

ગાઓ લી તેના ટેબલ પાસે ગયો અને ફોનમાં એક બટન દબાવ્યું.

“યાંગ જિંગ-વે” તેણે સ્પીકર ફોનમાં કહ્યું : “સંગ હાઓને કહેશો કાર તૈયાર રાખે ? જોનાથન અને હું જવા માટે તૈયાર છીએ.” પછી તે મારી તરફ ફર્યો.

“સવારે કંપનીની કાર તથા ડ્રાઈવર તમને લેવા આવવાના હતા એટલે આજે હું મારી પોતાની કાર લઈને અહીં આવ્યો છું.” તેણે કહ્યું.

અમે લીફટમાં નીચે આવી લૉબીમાં ચાલવા લાગ્યા. ગાઓ લીની કાર કેવી હશે તે જાણવા હું ઘણો આતુર હતો. મર્સીડીસ જેવી સેડાન કાર હશે કે પછી કોઈ અદ્‌ભુત સ્પોર્ટસ કાર ? મર્સેતી કે પોર્શ પણ હોઈ શકે. લેમ્બોરથીની કે ફેરારી હોય તો પણ નવાઈ નહીં !

કાચના દરવાજામાંથી અમે બહાર નીકળ્યા ત્યારે સામે હારબંધ કાર પડી હતી. લેકસસ, આલ્ફા રોમીઓ, બીએમડબલ્યુ, એસ્ટન માર્ટીન. ઘણી બધી મારું ધ્યાન એસ્ટોન માર્ટીન તરફ હતું. ગાઓ લી એ મને કહ્યું : “જોનાથન, આ તરફ.” તે કંઈક અલગ જ દિશામાં ચાલી રહ્યો હતો. મારું મોઢું ખુલ્લું રહી ગયું, પગ સ્થિર થઈ ગયા. મેં પ્રયત્નપૂર્વક મોં બંધ કર્યું અને ઝડપથી કારમાં બેસવા નજીક પહોંચ્યો.

મેં પેસેન્જરને બેસવાનો દરવાજો ખોલ્યો તો ત્યાં સીટ પર એક મેગેઝીન પડયું હતું.” ઓહ, મેગેઝીન ? સૉરી.” ગાઓ લી બોલ્યો. મેગેઝીન ઊંચકીને સીટની પાછળ નાંખતા તે બોલ્યો: “મારી દિકરીનું છે.”

તેની કાર જોઈ મને એટલું બધું આશ્ચર્ય થયું કે, ગાઓ લી કારને ટ્રાફીકની વચ્ચે લઈ ગયો, પણ હું અવાચક રહી ગયો. કંઈ બોલી શકયો નહીં. મારા પાડોશી પાસે હતી એવી જ આ કાર હતી. આદમ સોસર ગેમ રમવા જતો ત્યાં લાઈનબંધ આવી કાર જોવા મળતી, તેમાં ખોટું કંઈ નથી, પણ ગાઓ લી જેવી જબરજસ્ત વ્યકિત પાસે આ કાર છે ? તે આ કાર વાપરે છે ?

અમે નાના-મોટા રસ્તાઓ પર જઈ રહ્યા હતા. ચારેબાજુ ઊંચા ઊંચા કોમર્શીયલ તથા રેસીડેન્સીયલ મકાનોનું જંગલ હતું. મને થતું હમણાં કંઈક ખુલી જગ્યા, ઝાડપાન કે થોડું થોડું મોટું આકાશ જોવા મળશે. પણ ના, આનો તો અંત જ આવતો ન હતો.

ગાઓ લી અને હું મિત્રતાભરી વાતો કરી રહ્યાં હતા. તેનાં કેટલાક મોટા સાહસોની તેણે મને વાતો કરી. પ્રોડકશન કંપનીની પણ અને બ્રાઝીલમાં તેણે નવી કંપની ઉભી કરી તેની પણ. ઓટો ઈન્ડસ્ટ્રીઝમાં હું શું કરી રહ્યો છું તે મેં તેને કહ્યું. ને જુલીઆનને કેવી રીતે ઓળખે છે તે બાબત મેં પૂછયું.

“હું તેને કોર્ટમા મેળલો. તેણે મારા પર કેસ કર્યો હતો ત્યારે. ગાઓ લી મર્માળુ હસીને બોલ્યો, “હકીકતમાં તેના ગ્રાહક વતી તેણે મારા પર કેસ કર્યો હતો. તે હારી ગયો હતો.”

“મને લાગે છે કે, જુલીઆન ભાગ્યે જ હાર્યો છે.” મેં કહ્યું. મેં તેના વિશે ઘણું સાંભળ્યું હતું.

"તેના ગ્રાહકના કેસમાં ખાસ દમ ન હતો. પણ જુલીઆનને તેનાથી વધુ ફરક પડતો ન હતો. હું નસીબદાર એટલો કે તે વખતે જુલીઆન તેની લીગલ કરીયરની પૂર્ણાહૂતિ પર હતો - તે તેનો સર્વશ્રેષ્ઠ સમય ન હતો."

"હું ધારું છું ત્યાં સુધી તે હિમાલયમાંથી પાછા ફર્યા તે સમયની આ વાત છે." મેં કહ્યું.

"બરાબર છે." ગીચોગીચ પાર્ક કરેલી ગાડીઓ વચ્ચે કાર ધીમી પાડતાં ગાઓ લી એ કહ્યું.

"મારે અહીં કૉફી શોપમાં એક કામ છે. હું બે-ચાર મિનિટમાં જ પાછો આવું છું." ગાઓ લી કારમાંથી બહાર નીકળી ઝડપથી એક આછા અજવાળાવાળી કૉફીશોપમાં ગૂમ થઈ ગયો. રાત્રિનાં લગભગ આઠ વાગ્યા હશે, દુકાનમાં ખૂબ ભીડ હતી. સાંકડી દુકાનમાં ડઝનબંધ માણસો નાના ટેબલની આસપાસ ટોળે વળ્યાં હતા.

કહ્યા પ્રમાણે ગાઓલી તરત જ પાછો આવી ગયો. કારમાં બેસતી વખતે તે પ્રસન્ન લાગતો હતો.

"આ મારૂં એક વધુ રોકાણ.", તેણે કહ્યું, "મિ. ચેન્ગ અમારા ગામનો જ છે. તેણે અહીં મૉલમાં કૉફીની નાની દુકાન ચાલુ કરી હતી. અડધી રકમ મેં ચૂકવી હતી. આજે તેની દુકાન બહુ જાણીતીને માનીતી થઈ ગઈ છે. આવી જ એક દુકાન બીજા વિસ્તારમાં પણ ખોલવાનું અમે વિચારી રહ્યાં છીએ."

"આ તો બહુ સરસ કહેવાય", મેં કહ્યું.

"માત્ર સાંજે જ અહીં વધુ ગીરદી રહે છે. બપોર પછી અને સાંજે લોકો કૉફી પીએ છે. ચીનમાં હજી સવારે કૉફી પીવાનું ચલણ નથી, પણ ચેન્ગ જાન્ગના પ્રયત્નો લોકો સવારમાં પણ કૉફી પીતા થાય તેના છે જ. સવારે નિયમિત રીતે થોડાં ગ્રાહકો આવે છે. સંખ્યા વધતી જાય તે માટે તે પ્રયત્ન કરે છે. ઉંમરલાયક ગ્રાહકો વધે તે માટે પણ તે પ્રયત્નો કરે છે, કારણ કે અત્યારે તેનાં મોટાભાગનાં ગ્રાહકો નાની ઉંમરનાં જ છે, ધંધાદારીઓ જ છે. મારા જેવા મારી જેટલી ઉંમરના લોકો વેસ્ટર્ન ફેડમાં કૉફી પીવા જાય છે.

તે દુકાન કારના રીઅર વ્યૂ કાચમાંથી દેખાતી બંધ થઈ. ગાઓ લીનું ધ્યાન રસ્તા પર જ હતું, ગાઓ લી જેવા ઊંચા દરજ્જાની વ્યક્તિ માટે સાવ આટલી નાની દુકાનમાં રોકાણ કરવું નવાઈની વાત હતી.

વીસેક મિનિટ પછી ભરચક રસ્તા પરથી પસાર થઈ ગાઓ લીએ કાર એક અન્ડર ગ્રાઉન્ડ પાર્કિંગ ગેરેજ તરફ વાળી. દિશા બદલાતાં જ મને બધું નવું લાગતું હતું, ચારે બાજુ ઊંચા મકાનો દેખાઈ રહ્યાં હતાં. આટલો વૈભવ મેં કદાચ અગાઉ જોયો ન હતો.

ગાઓ લીએ કાર પાર્ક કરી, તેની આજુબાજુ પણ સરસ કાર પાર્ક થયેલી હતી. ગાઓ લીએ પાછળનું બારણું ખોલી પેલું મેગેઝીન તથા પોતાની બ્રીફકેસ લીધાં. લીફ્ટ તરફ અમે આગળ વધ્યા.

કારની જેમ જ મિ. ગાઓનો એપાર્ટમેન્ટ પણ ઓફિસના જોયેલા વૈભવથી કંઈક અલગ અંદાજનો હતો. મારા એપાર્ટમેન્ટ કરતાં તે બેશક ઘણો મોટો હતો. ફર્નિચર તથા અન્ય ચીજવસ્તુઓ ઘણી વધુ સારી હતી. તેનો એપાર્ટમેન્ટ પંદરમાં માળે હતો. ત્યાંથી શાંઘાઈનું દૃશ્ય અત્યંત મનોહર હતું. છતાં પ્રમાણમાં બધું ઘણું જ સાદુ અને સરળ હતું.

તેના ઓફિસના વૈભવ સામે તો ઘરની સાદગી ઉડીને આંખે વળગે તેવી હતી. તેમના પત્નિ, ગાઓ લીંગ, દેખાવડા મધ્યમ વયના હતા. તેમણે ડાર્ક જીન્સ અને સફેદ શર્ટ પહેર્યા હતા. અનીશાને શોભે તેવા હતા. તેમણે ચમકતી ટર્કોઈઝ જ્વેલરી પહેરી હતી, પણ આંગળી કે કાનમાં હીરાજડિત કે કોઈ ઘરેણાં ન હતા.

તેની દિકરી, ગાઓ મેઈ, તેનાં મિત્રો સાથે ફરવા ગઈ હતી, તેથી જમવામાં અમે ત્રણ જણા જ હતાં. મિ. ગાઓ અને મેં વાઈનનો એક-એક ગ્લાસ પીધો, ત્યાં મિસીસ ગાઓએ જમવાનું ટેબલ પર ગોઠવવા માંડ્યું.

“હું મદદ કરૂં ?” મેં પૂછ્યું.

“ના. ના.” ગાઓ લીએ કહ્યું : “આભાર".

ટેબલ પર એક પછી એક વસ્તુઓ ગોઠવાઈ ગઈ હતી. સરસ ખૂશ્બુ આવતી હતી. મેં ઉત્સાહી થઈ પૂછ્યું :“જમવાનું તમે જાતે જ બનાવો છો ?”

મિ. ગાઓએ મેન્ડરીનમાં તેના પત્નિને કંઈક કહેવા માંડ્યું. મિ. ગાઓ તો અંગ્રેજી ઘણું સરસ બોલતા હતા. તેથી મિસીસ ગાઓ અંગ્રેજી નહીં સમજતા હોય તેવું મેં ધાર્યું ન હતું.

ગાઓ લીએ મને કહ્યું : “મારા પત્નિને રસોઈ બનાવવી ગમે છે. જો કોઈ મોટી પાર્ટી હોય તો અમે રસોઈઓ બોલાવીએ છીએ, પણ મિત્રો કે સગાવહાલાંઓને જમવા બોલાવ્યા હોય ત્યારે તે જાતે જ બનાવે છે. હા, મને ક્યારેક મદદ કરવાની તક આપે છે !!” બોલીને તે જોરથી હસ્યા. ગાઓ લીંગ તેમની સામે આશ્ચર્યથી જોઈ રહ્યા એટલે તેણે તે જ વાક્ય તેને મેન્ડેરીનમાં કહ્યું, ગોઓ લીંગ પણ હસ્યા.

મારાથી જરા વધારે જમાઈ ગયું હતું. જમ્યા પછી ટેબલની સફાઈ કરવામાં ગાઓ લીએ અને મેં મદદ કરી. ગાઓ લીએ તેના સ્ટડી રૂમમાં બેસીને ચા પીવાનું સૂચન કર્યું.

“મારે તમને કંઈક આપવાનું છે.” તેણે રૂમમાં જતાં કહ્યું.

હારબંધ ચોપડીઓનાં કબાટ ધરાવતા રૂમમાં અમે દાખલ થયા, બારી પાસે એક નાનું ટેબલ હતું. બહાર શહેરનું દૃશ્ય દેખાતું હતું. બે ઊંડી ગાદીવાળી ખુરશીઓ હતી અને એક ગોળ કૉફી ટેબલ હતું.

એક ખુરશીમાં હું બેઠો, ગાઓ લી એક ટેબલ તરફ ગયા, તેણે એક ખાનું ખોલ્યું તેમાંથી કંઈક કાઢ્યું. મારી તરફ તે આવી રહ્યા હતા ત્યારે તેના હાથમાં મેં નાનું લાલ રેશમી બોક્સ જોયું.

"જુલીઆનનું તાવીજ." બોક્સ ટેબલ પર મૂકતાં તેણે ગૌરવથી કહ્યું.

મેં ઢાંકણું ખોલી અંદર જોયું. તેમાં લગભગ બે ઈંચ લાંબો અને અડધા ઈંચ પહોળો એક સાદો શંખ હતો. મેં તે હાથમાં લઈ જોયો. કંઈ નવીન ન લાગ્યું. સમુદ્ર કિનારે મળી આવતો સાદો શંખ જ તે હતો. તે તાવીજ કે માદળીયા જેવો તો લાગતો જ ન હતો. આટલી કાળજીપૂર્વક સાચવવાનો 'ખજાનો' તો તે નહોતો જ ! બોક્સની અંદર ગડી વાળીને પડેલો કાગળ હતો. મેં તે લઈને ખોલ્યો.

તેમાં લખ્યુંહતું :

જીંદગીની નાની નાની ખુશીઓ જ જીવનનો સૌથી મોટો આનંદ છે.

મોટા ભાગનાં લોકોને તે મોટી ઉંમરના થાય, લગભગ કંઈ કરી શકવાને શક્તિમાન ન રહે, ત્યાં સુધી હકીકતમાં સુખ અને આનંદ શેમાં છે તેની જાણ થતી જ નથી. છેવટે જેની ખાસ કોઈ કિંમત ન હોય તેવી વસ્તુઓ મેળવવામાં તે જીંદગીનાં ઘણાં ઘણાં વર્ષો વેડફી નાંખે છે. સમાજ આપણને જીંદગીને ભૌતિક ચીજ વસ્તુઓથી ભરી દેવા - ભરતા જ રહેવા - ઉશ્કેરે છે, ત્યારે પણ આપણી અંદર એક અવાજ તો સંભળાતો જ હોય છે કે આપણને અંતરથી સમૃદ્ધ કરે તથા સદાય આપણી સાથે જ રહે તે આનંદ તો કંઈક અલગ જ છે, આ નથી. આપણે ગમે તેવી કઠીન મુશ્કેલીમાં હોઈએ પણ ભગવાનના આશીર્વાદ આપણી સાથે હંમેશા હોય છે. આપણે માત્ર તેની હાજરીને માનવાની જરૂર હોય છે. જેમ જેમ તે આશીર્વાદને માનતાં જઈએ છીએ તેમ તેમ આપણો આનંદ વધતો જાય છે. આભારની લાગણી વિસ્તરતી જાય છે અને એક એક દિવસ જાણે ભગવાનની અમૂલ્ય ભેટ હોય તેવો લાગવા લાગે છે.

મેં ગાઓ લી સામે જોયું. કેટલી બધી સમૃદ્ધિ છતાં કેટલી બધી સાદગી. ઓફિસનું ઐશ્વર્ય અને સામે સાદી કાર, સામાન્ય એપાર્ટમેન્ટ.

હાથમાં શંખ રાખીને મેં તેને કહ્યું : "તમારે હજી આના વિષે ઘણું બધું કહેવાનું બાકી છે. આજે જ મને ખ્યાલ આવ્યો."

"હા, આ તાવીજ અને જુલીઆનની નોંધ બાબત મારા વિચારો હું જરૂર કહીશ, પણ મને લાગે છે કે તમારા મનમાં મારા વિષે કેટલાં પ્રશ્નો છે."

મેં માથું હલાવ્યું. ગાઓ લી શું કહેવા માંગતા હતા તે હું ખાસ સમજ્યો નહીં.

"મારી કાર તથા મારું એપાર્ટમેન્ટ જોતી વખતે તમારા હાવભાવ કંઈક અલગ હતા. અને પેલી કૉફીશોપ બાબત પણ તમને જબરું આશ્ચર્ય થયું હશે. તમને આશ્ચર્ય તો ઘણું થયું પણ તમે કાંઈ બોલ્યા નહીં, પણ તમે ચિંતા ન કરો મને ખરાબ નહીં લાગે. તમારે જે પૂછવું હોય તે પૂછો."

મારે આડીઅવળી વાત કરવાનો અર્થ જ નહોતો. મને જબરું આશ્ચર્ય થયું હતું તે એને ખબર જ હતી. પણ તે મારા શબ્દોમાં સાંભળવા માંગતાં હતા. ગમે તમે પણ મારે

હવે કહેવું પડશે.

"ચૅચ, બેન્ટલી અને હેલીકોપ્ટર... એનો અર્થ એ થાય કે તમારો ધંધો ધમધોકાર ચાલે છે પણ..." હું મૂંઝાઈ ગયો. આગળ કેવી રીતે બોલવું તે વિચારવા લાગ્યો. "ખરાબ ન લગાડશો પણ તમારી કાર, તમારો એપાર્ટમેન્ટ સરસ જ છે. ઘણા સરસ છે પણ..."

"પણ તે ખરેખર શ્રીમંતને હોય તેવા નથી, એમ જ ને ?" ગાઓ લીએ હસતાં હસતાં કહ્યું. "તમને થશે કે મારો ધંધો સરસ ચાલે છે તેવો હું દેખાવ કરું છું, પણ હકીકતમાં હું નાણાંકીય ભીડમાં છું."

હું કંઈ બોલ્યો નહીં. બોલવું પણ ન જોઈએ.

"ના, જોનાથન. મને પૈસાની કોઈ ખેંચ નથી. તમે ઓફિસમાં જે સમૃદ્ધિ જોઈ તે બધી સાચી છે. હકીકતમાં મારી પાસે અઢળક પૈસો છે. પણ મારી કાર કે મારા એપાર્ટમેન્ટ બાબત તમારા આશ્ચર્યનો જવાબ તમારા હાથમાં રહેલી ચિઠ્ઠીમાં છે." મેં ચિઠ્ઠી તરફ નજર કરી.

"આટલી મોંઘી કાર બહુ મોટી વાત છે." મેં કહ્યું.

લાઓ લી હસ્યો "બીજા માટે હશે, મને કંઈ ફરક પડતો નથી."

મી. ગાઓએ કહ્યું. "હું જરા વિગતવાર કહું તો જ તમને ખ્યાલ આવશે. જોનાથન, હું પૈસાદારના ઘેર નહોતો જન્મ્યો. મારું કુટુંબ મધ્યમ વર્ગ કરતાં પણ નીચું કહેવાય. મારા માતા-પિતા બંને કઝીંગટેન્ગમાં કપડાની ફેક્ટરીમાં કામદાર હતા. અમે જે એપાર્મેન્ટમાં રહેતાં તેની સામે આ એપાર્ટમેન્ટ તો મોટો મહેલ લાગે."

મને લાગ્યું ગાઓ લી મારી મધ્યમવર્ગીય આર્થિક સ્થિતિને વિશે આડકતરી રીતે કંઈક સંભળાવા માંગે છે. હું અંદરથી ધુંધવાઈ ગયો.

"જોનાથન, હું બીજા કોઈની નહીં પણ મારી અને માત્ર મારી જ વાત કરી રહ્યો છું." ગાઓ લીએ કહ્યું.

હું અંદરથી થોડો ઠંડો પડ્યો, મેં માથું હલાવ્યું.

"ત્યાંથી હું અહીં સુધી કેવી રીતે પહોંચ્યો તેની વાત કરું તો આખી રાત નીકળી જાય. પણ માત્ર એટલું જ કહીશ કે તેમાંથી બહાર નીકળવા મેં અહીં શાંઘાઈમાં એક નાનકડો ધંધો શરૂ કર્યો. મેં ખૂબ મહેનત કરી, ધંધો બરાબર ખીલ્યો ત્યાં કોઈએ તે ખરીદવાની માંગણી કરી અને મને જે પૈસા મળ્યા તે રાજાના ખજાના જેવા લાગ્યા. એ પૈસાથી મેં અન્ય નાની કે મોટી કંપનીઓમાં રોકાણ કરવાનું ચાલું કર્યું. છેલ્લા ઘણાં વર્ષોથી આ દેશમાં આવા રોકાણની પુષ્કળ તક પડેલી છે. જેનો મેં ફાયદો ઉઠાવ્યો."

ગાઓ લીએ કહ્યું કે તેની પાસે જેમ જેમ પૈસા આવતાં ગયાં તેમ તેમ તે કોઈ નવા શ્રીમંત બનેલા માણસની જેમ જ ઢગલે ઢગલાં વસ્તુઓ ખરીદતો ગયો. મોંઘા કપડાં, મોંઘી કાર અને ચૅચ. બહાર જમવા જવામાં ફરવા જવામાં કે કોઈને ભેટ આપવામાં તે પાણીની

જેમ પૈસા વાપરવા લાગ્યો.

"હું ન કરી શક્યો તો એક જ કે જબરજસ્ત પેન્ટ હાઉસ કે મોટો બંગલો ન ખરીદી શક્યો. મારી પત્નીને એવી કોઈ ઈચ્છા ન હતી. મારી દિકરીનો જન્મ થયો તે પહેલાં જ અમે આ એપાર્ટમેન્ટ ખરીધ્યો હતો. મારા પત્નિ અહીંથી બીજે ક્યાંય જવા માગતા નહતાં."

મી. ગાઓ કહેતાં ગયાં, એક દિવસ તેની પત્નિએ દીકરી સાથે બગીચામાં ફરવા જવાનું કહ્યું. પણ મી. ગાઓ પાસે સમય નહોતો. એક સ્પોર્ટ કાર લેવા તેને કાર ડીલર પાસે જવાનું હતું તેથી પત્નિએ નિરાશ થઈ તેની સામે જોયું અને કહ્યું. "શું ખરીદી કરવી જીવનના આનંદ કરતાં પણ વધુ મહત્ત્વની છે ?"

ગાઓ લીએ કહ્યું : "તે ગુસ્સે ન હતી પણ ઉદાસ હતી, આખો દિવસ તેના શબ્દો મારા કાનમાં પડઘાતા રહ્યાં, દિવસો સુધી મને તે સતત યાદ રહ્યાં."

ગાઓ લીએ નવી કાર ખરીદી નહીં. તેને સમજાયું કે તેને મોંઘી ગાડી કે મોંઘા એપાર્ટમેન્ટની કોઈ જરૂર જ નથી. હકીકતમાં જે વસ્તુ મેળવવા તે પોતાનો મોટા ભાગનો સમય 'વેડફતો' હતો તે વસ્તુ મેળવ્યા પછી તેમાંથી તે આનંદ મેળવી શકતો જ ન હતો.

"હું માત્ર એટલા માટે મોંઘી વસ્તુઓ ખરીદતો હતો કારણ કે હું માનતો હતો કે ખૂબ પૈસા મળ્યા પછી મારે તે ખરીદવી જોઈએ. એ મારી સાચી જરૂરીયાત છે કે નહીં કે હું પોતે ખરેખર તેને ઈચ્છું છું કે નહીં તે તો મેં ક્યારેય વિચાર્યું જ નહતું. સમાજે ઊભી કરેલી ભ્રામક માન્યતાઓના પ્રવાહમાં તણાઈને જ હું ખરેખર તો આવી નકામી ચીજો ખરીદી રહ્યો હતો તે મારા ધ્યાનમાં આવ્યું. તેમ મેં એવી વસ્તુઓ ખરીદવાની બંધ કરી અને મને કોઈ વસ્તુની ખોટ ક્યારેય સાલી નહીં. મને પસ્તાવો થયો તેની પાછળ અત્યાર સુધી આંખો મીંચીને દોડતો રહ્યો એનો."

ગાઓ લીએ કહ્યું કે બેન્ટલી કાર તથા હેલીકોપ્ટર તેણે બિઝનેસના કામ માટે રાખ્યાં હતાં. હેલીકોપ્ટરના કારણે તેનો પુષ્કળ સમય બચી જતો હતો, જે તે કુટુંબ સાથે વિતાવતો હતો અને ફરવા માટે યૅચ ઘણી ઉપયોગી હતી. તેનું ઘર પ્રમાણમાં નાનું હતું.

"આ તાવીજની પાછળનું ડહાપણ ત્યાં જ તો કામ આવે છે." ગાઓ લી બોલ્યા, "મેં જોયું કે અમુક રીતે જીવતાં જીવનની નાની નાની સ્વાભાવિક ખુશીઓ હું ગુમાવી રહ્યો હતો અને એ જ તો જીવનનો સાચો આનંદ છે, સૌથી મહત્ત્વની છે.".

"પેસો આનંદ ખરીદી શકતો નથી, બરાબર ?" મેં કહ્યું, મારી માતાના મોઢે મેં આ વાક્ય મેં વારંવાર સાંભળ્યું હતું.

"મને ખોટી રીતે સમજશો નહીં." ગાઓ લી હવે થોડો આગળ નમીને વાત કરી રહ્યો હતો. "હું ખૂબ ગરીબ રહી ચૂક્યો છું, એટલે પૈસો મહત્ત્વનો નથી એમ તો હું ક્યારેય કહીશ નહીં. તમે શાંઘાઈની ચમકદમક જાહોજલાલી આજે જોઈ છે, પણ તમે જે નથી જોયું એ છે આ દેશમાં ગરીબોની હાલત. અહીં હોય કે ગમે ત્યાં - ગરીબની પાસે પસંદગી બહુ થોડી હોય છે, ઓછી હોય છે. તેમના નસીબમાં સામાન્ય ખુશીઓ પણ હોતી નથી,

કારણ કે તેઓ પેટનો ખાડો પૂરવા આખો દિવસ પરસેવો પાડીને સખત કામ કરે છે. તેઓ તેમના કુટુંબ માટે 'રોટી, કપડા ઔર મકાન' મેળવવા પાછળ જ સાવ ઘસાઈ જાય છે. તેમની પાસે સાંજે થાક્યા પાક્યા ઘેર આવે ત્યારે થોડું હસવાની પણ હોંશ હોતી નથી. સામાન્ય ખુશીઓ તેમના નસીબમાં હોતી નથી, મારા માતા-પિતા પાસે પણ સામાન્ય ખુશીઓ માટે કોઈ સમય બચતો ન હતો, મેં જોયું છે."

ગાઓ લી ખુરશીને ટેકો દઈને બેઠો. ફરી આગળ નમીને જગમાંથી પોતાના કપમાં તેણે ચા રેડી. મને પણ પૂછ્યું, મેં ના પાડી.

"જોનાથન," તેણે આગળ ચલાવ્યું : "મને ઘણી વાર લાગે છે કે ગરીબીની નાગચૂડમાંથી છૂટી શક્યા હોય તેવા ઘણા નસીબદાર લોકો રૂપિયાની કિંમત ભૂલી જાય છે. પૈસો આપણને ગમતી વસ્તુઓ ખરીદવા, ગમતું ભણતર મેળવવા, દોસ્તો સાથે મજા કરવા કે કુટુંબ સાથે આનંદ પ્રમોદ કરવાની સ્વતંત્રતા આપે છે. લોકો માને છે કે પૈસો માત્ર એવી વસ્તુઓ માટે જ છે. જે ખરીદી શકાય છે, વાપરી શકાય છે. તેથી તે વસ્તુઓ ખરીદવાની ઉંદરદોડમાં સપડાઈ જાય છે, જેમ હું સપડાઈ ગયો હતો તેમ જ.

કામની - નકામી વસ્તુઓ ખરીદવાની તેમની ટેવ પડી જાય છે. કૃત્રિમ જીવનશૈલીમાં સપડાઈ જાય છે અને તેમના પર દેવાના ડુંગર ક્યારે ખડકાઈ જાય છે, તેની તેમને ખબર પણ પડતી નથી. મિલકતો ગિરવે મૂકીને તે લોન લે છે, ક્રેડીટ કાર્ડનું દેવું ઊભું કરે છે. જ્યાંથી મળે ત્યાંથી લોન લે છે. તેની દશા ખરેખર ગરીબ કરતાં પણ ખરાબ થાય છે. છેવટે તો, જુલીઆન કહે છે તેમ, તમે જેમ જેમ કંઈક 'મેળવવા' પાછળ દોડતાં જાઓ છો તેમ તેમ તમારી કંઈક 'બનવા'ની ગતિ ધીમી પડતી જાય છે.

મારો અનુભવ છે કે સાચો આનંદ સુખ સંપત્તિની વસ્તુઓ ભેગી કરવામાં નથી. સાચો આનંદ તમને નાની નાની ઘટનાઓમાંથી જ મળે છે. સાચો આનંદ તમારી પાસે શું છે તેમાંથી નહીં પણ તમે કેવા છો તેના પર આધાર રાખે છે. જે જીવનના આ નાનાં અને સ્વાભાવિક આનંદને ઓળખે છે અને તેને જતનપૂર્વક ટકાવી રાખે છે તે જ હકીકતમાં સંપત્તિવાન છે. ગરમીના દિવસોમાં ઠંડા પવનની એક નાની લહેરખી કે આખા દિવસનાં કામ કરીને થાક્યા પાક્યા ખાટલામાં પડો ત્યારે દેખાતું આકાશ દર્શન કે ત્રણ કલાકની મહેનત પછી ઘેર બનાવેલી રસોઈ ભેગા બેસીને જમતા અને આનંદ કિલ્લોલ કરતાં કુટુંબના સૌ સભ્યો, સાચું સુખ, સાચો આનંદ - આ જ છે જોનાથન. મારો વૈભવ તેં જોયો છે, પણ તેનાં કરતાં મારી આ સમજણ જ મારી અમૂલ્ય મૂડી છે. જે તેની કિંમત સમજે છે, તે વસ્તુઓ ભેગી કરવા પાછળ દોડવાનું બંધ કરે છે. વસ્તુઓથી સુખ મળે છે, આનંદ મળે છે - તે ભ્રમ છે."

"આ શંખ." મેં હથેળીમાં શંખ રાખીને ગાઓ લીને કહ્યું : "દરિયા કિનારે શંખ ભેગા કરવા એ જ આનંદ છે ?"

"હા, એ જ આનંદ છે, જોનાથન." ગામો લીએ કહ્યું : "મને મારી જિંદગીમાં સૌથી વધુ આનંદ ક્યારે આવેલો ખબર છે ? મારી પત્નિ, મારી દિકરી તથા હું દરિયા કિનારે બેસીને ભીની રેતીમાંથી કિલ્લા બનાવતા હતા ત્યારે. જુલીઆને મને આપેલો આ શંખ મને હંમેશા મારી તે ક્ષણેની યાદ અપાવે છે. આ યાદગીરીનું મારે મન બહુ મહત્ત્વ છે.

તે મને ભ્રમિત સુખથી બચાવતી રહે છે."

થોડો સમય અમે બંને ચૂપ બેસી રહ્યાં. મને પણ મારાં આવા દિવસો, આવી ક્ષણો યાદ આવી ગયાં. છતાં મને કંઈક સમજાતું ન હતું.

મેં ગાઓ લીને પૂછ્યું : "તમારી પાસે આટલો બધો પૈસો છે, તો હવે ધંધો સમેટી લઈને કુટુંબ સાથે આખો સમય આનંદ-કિલ્લોલ કેમ કરતાં નથી ?"

તે હસ્યો. "સરસ પ્રશ્ન છે."તેણે કહ્યું : "મારા પત્નિ પણ મને એમ જ કહે છે."

તેણે એક ઘૂંટડો ચા પીધી અને કપ ટેબલ પર મૂકી દીધો. બોલ્યા : "જોનાથન, મારા માટે કામ કરવું એ પણ એક આનંદ છે. તેના કરતાં પણ કંઈક વિશેષ છે. પેલી કૉફી શોપ યાદ છે ?"

મેં હા પાડી.

"મેં એવા ઘણા નાના બિઝનેસમાં પૈસા રોકેલા છે. હું જ્યારે કોઈ મોટા બિઝનેસના સાહસમાં રોકાણ કરું છું ત્યારે સાથે સાથે આવા બે નાના બિઝનેસમાં પણ રોકાણ કરવાનો પ્રયત્ન કરૂં છું. હું એવા લોકોની શોધમાં હોઉં છું જેમને તક મળતાં તે પોતાની જિંદગી સુધારવા ઉપરાંત અન્યને પણ મદદરૂપ થવા તૈયાર હોય. નાનાં ગામડાંઓથી માંડીને મોટા શહેરોમાં એવા ઘણા નાનાં બિઝનેસ છે જ. એક વેપારી જેમ બજારની રૂખનું ધ્યાન રાખે છે તેમ જ હું આવા નાનાં નાનાં બિઝનેસને નજરમાં રાખું છું. હું તેમને પૈસો આપું છું - તે મને કમાઈને પાછો આપે છે. પોતાની જિંદગી સુધારે છે પણ વધુ વિશેષ તો તે વળી બીજાઓને પણ મારી જેમ જ મદદ કરીને તેમની જિંદગી પણ સુધારે છે. કદાચ મારા કરતાં વધુ સારી રીતે તે આ કામ કરે છે. આ દુનિયાને વધુ સારી બનાવવાના મારા પ્રયાસમાં તે પણ જોડાઈ જાય છે. અમારું બળ વધતું જાય છે. પૈસો બનાવવા કરતાં કંઈક અલગ કરવાનું મારે મન વધુ મહત્ત્વ છે. મને જ્યારથી આ સમજણ આવી ત્યારથી જિંદગી વધુ રોમાંચક લાગે છે, જોનાથન."

"આશ્ચર્યજનક !" મેં કહ્યું. મિ. ગાઓની વાત મને ઘણી સારી લાગી.

ગાઓ લીએ માથું થોડું હલાવ્યું, બારીની બહાર શાંઘાઈની ચમકદમક જોઈ રહ્યો. હું કંઈ બોલ્યો નહીં. તે કંઈ વિચારતો હોય એમ લાગ્યું. ફરી તેણે બોલવાનું શરૂ કર્યું : "જુલીઆનને હૃદયરોગનો હુમલો આવ્યો ત્યાર પછી તેણે મને એક કાગળ લખ્યો હતો. તમે નહીં માનો, હું તે ખોલવાનો જ ન હતો, કારણ કે મને બીક હતી કે વળી તેણે મારા પર કોઈ કેસ કર્યો હશે. પણ ના, તેણે તો મને તેના હસ્તાક્ષરમાં જ કંઈક લખ્યું હતું. તેણે લખ્યું હતું કે તેણે વકીલાતની પ્રેક્ટીસ બંધ કરી છે, તેની બધી માલ-મિલકત વેચી દીધી છે. તે ખૂબ ફર્યો. ઘણું બધું શીખ્યો અને મારી સામે કેસ હારી જવા બદલ તેને ઘણો આનંદ થયો. મારા વિશે વધુ જાણવામાં તેને રસ છે તેમ તેણે લખ્યું હતું."

યાદ કરીને ગાઓ લી મરકી રહ્યો હતો. "તે કાગળની છેલ્લી લીટીઓ તો હું ક્યારેય ભૂલીશ નહીં. તેણે લખ્યું હતું જે આનંદ આપણી અંદર ઉતરી જાય છે, આપણી ભીતર ટકી રહે છે તે તમારી અસરકારકતામાંથી આવે છે, તમારી આવકમાંથી નહીં. આનંદની

પરિતૃપ્તિ તો તમે કેવાં મૂલ્યો જાળવો છો તથા અન્યનાં માટે કેટલા મહત્ત્વનાં બનો છો તેના પર આધાર રાખે છે. તમારી પાસે કઈ કાર છે કે કેવું મકાન છે તે બહુ મહત્ત્વનું નથી. તમારી માલ-મિલકત કરતાં તમારી જાત વધુ મૂલ્યવાન છે. પણ, મને લાગે છે ગાઓ લી કે તમે આ બધું જાણો છો."

"તમે ખરેખર જાણતા જ હતા." મેં કહ્યું.

"હા, હું આ બધું પહેલેથી જ જાણતો હતો.". ગાઓ લીએ કહ્યું.

મોડી રાત્રે, મારી હોટલ પર, મોટી બારી પાસે ઊભો રહીને નદી કિનારે પથરાયેલા મકાનોની રોશની નિહાળી રહ્યો હતો. દિવસે તો તે બધું અદભૂત લાગતું જ હતું, પણ રાત્રે તેનો ઝળહળાટ કંઈક અનોખો જ હતો. જાણે કોઈ ખાસ રંગ, ખાસ આકારનું શિલ્પ મારી સામે જીવંત પડ્યું હોય એમ મને લાગ્યું. ચમકતું, ચળકતું. ગાઓ લીના ઘરેથી હોટલ પર આવતો હતો ત્યારે પણ રસ્તામાં બધું અદ્‌ભૂત લાગ્યું હતું. કદાચ આવું બધું મેં પહેલી વાર જોયું હતું.

પણ ગાઓ લીએ મને શું કહ્યું હતું તે હું વિચારતો હતો. આ બધી ચમકદમક ભ્રામક છે, તમને ખોટે રસ્તે લઈ જનારી છે. મને હજુ આ શહેરમાં વધુ ફરવાની ઈચ્છા હતી. ગાઓ લીની ઓફિસ, બેન્ટલી, હેલીકોપ્ટર, પેલો અભિનેતા, અરે આ હોટલનો સ્ટાર - આ બધાએ મને સાચા આનંદને બાજુ પર રાખીને સુખ સંતોષ મેળવવા માટે મને રીતસર ઉશ્કેર્યો હતો. કદાચ ગાઓ લી મારામાં એ ઉશ્કેરાટ લાવવા માંગતો હોય એવું પણ બને. મારા જીવનમાં તેણે કહ્યું તેવા નાનાં, સ્વાભાવિક સહજ આનંદ છે જ નહીં, તો આ બધી ભવ્યતામાંથી મને આનંદ કેવી રીતે મળે ? મને થયું કે જુલીઆન અને ગાઓ લી પાસે એવું કંઈક છે જે અતિ ધનવાન વ્યક્તિ પાસે પણ નહીં હોય, જે છે તે પૂરતું છે તેવી ભીતરની સમજણ !

મારી પાસે ગમે તે વસ્તુ હોય - યૅચ, મોંઘી કાર કે મોટું આલિશાન મકાન - અત્યારે તો હું, ઘરથી હજારો માઈલ દૂર, અહીં એકલો છું. મારી પાસે કંઈ જ નથી, સત્ય તો આ જ છે. બધું જ હોય પણ એક નાની શી ખુશી તમારી પાસે નથી ? તો તમારી પાસે કંઈ જ નથી.

આગલા અઠવાડીયે કેપ બ્રેટનનાં વળાંકવાળા રસ્તાઓ પર મેં કાર ચલાવી હતી, આમથી તેમ ફંગોળાતા તે રસ્તાઓએ મને જુઆનના છેલ્લા દિવસો યાદ કરાવ્યાં હતાં. તે શહેરથી થોડે દૂર રહેતો હતો. સાંજે ઘેર જઈ રહ્યો હતો. ટ્રાફીક પણ ઘણો ઘટી ગયો હતો. રસ્તા સૂકા હતા. તે હાઈવે પર હતો, રસ્તાની આજુબાજુ હારબંધ વૃક્ષો હતા. તે રસ્તેથી તે દરરોજ પસાર થતો હતો, છતાં ગમે તેમ પણ તે રસ્તાની બાજુએ રાખવામાં આવેલ લોખંડની આડશ સાથે અથડાઈ ગયો. આડશ તોડીને કાર સીધી ખીણમાં ખાબકી. ડોક્ટરે કહ્યું કે તેને શરીરમાં ઘણી જગ્યાએ ઘાતક ઈજાઓ થઈ છે, પણ મૃત્યુનું કારણ તો હૃદયરોગનો હુમલો હતું. તેની પત્નિ એમીબીએ કહ્યું કે કામ બાબતની માનસિક તાણે જ તેને મૃત્યુના મુખમાં ધકેલી દીધો હતો. મને તેની વાતમાં કોઈ શંકા નથી. છેલ્લા દિવસોમાં તે નિસ્તેજ થઈ ગયો હતો. કામનાં દબાણ નીચે દબાયેલો એકલો-અટૂલો, સાથીદારોથી તિરસ્કૃત - છેવટે તેની આ હાલત જ તેને ભરખી ગઈ.

બધા જ આ જાણતા હતા. પાપમાં પોતાની ભાગીદારીને જોતાં હતા, પણ બધા ચૂપ હતા. કદાચ પોતાની જાત પાસે બધા ગુન્હેગારની જેમ નતમસ્તકે ઊભા હતા, હું પણ.



પ્રકરણ દસ

એરિઝોનામાં, ફિનિક્સ અને સેડોના વચ્ચેના હાઈ વે પર શાંઘાઈના ગગનચુંબી મકાનોના જંગલ કરતાં તદ્દન જુદું જ જોવા મળ્યું. દૂર દૂર સુધી શાંત અને ધૂળીયો ખુલ્લો વિસ્તાર. દિવસની શરૂઆતનો ભાગ વિમાનમાં જ રહ્યા પછી હું બપોર પડતાં જ ફિનિક્સ ઉતર્યો. એક કાર ભાડે કરીને હું ઉપડી ગયો. વિમાનના પાઈલોટની જેવી જ મારી દશા હતી - અલગ અલગ ટાઈમઝોન વચ્ચે હું ઘણા વખતથી ફંગોળાતો રહ્યો હતો, પણ મને તે અલગ લાગતું હતું. જેટલેગનો અનુભવ મને ખાસ થયો ન હતો. હું ગમે ત્યાં ગમે ત્યારે ઉંઘ ખેંચી લેતો હતો. પણ ગમે ત્યાં હોઉં સૂરજ ઉગે એટલે હું જાગી જ જતો.

ફિનિક્સના ઉત્તર છેડાના એક પરગણામાં એક રેસ્ટોરન્ટમાં હું ઘુસ્યો. ગુણવત્તા નહીં પણ વધુ જથ્થામાં ખોરાક આપવા માટે જાણીતી એક રેસ્ટોરન્ટ ચેઈનનો તે એક ભાગ હતી. મને બરાબર ભૂખ લાગી હતી. મારે માટે અત્યારે આ જ અનુકૂળ હતું.

દાખલ થતાં જ પ્રવાસીઓ માટેનાં થોડાં પેમ્ફલેટ્સ દિવાલ પર મૂકેલાં મેં જોયાં, મેં તેમાંથી થોડાં લીધાં અને રીસેપ્શન ટેબલ તરફ ગયો. રીસેપ્શનીસ્ટે મને એક ટેબલ પર બેસવા ઈશારો કર્યો. ત્યાં મારી સેવામાં લગભગ સત્તરેક વર્ષનો છોકરો વેઈટર તરીકે ઊભો હતો. મેં ડબલ સેન્ડવીચ તથા જ્યુસનો ઓર્ડર આપ્યો. ઓર્ડર લઈને વેઈટર અદૃશ્ય થઈ ગયો. મેં ટેબલ પર મૂકેલા પેમ્ફલેટ્સ જોવા માંડ્યા, એક કાગળે મારૂં ધ્યાન ખેંચ્યું. તે "વોરટેક્સ ટૂર્સ" વિશે હતું. તેમાં દર્શાવ્યા પ્રમાણે સેડોનામાંથી ઓછામાં ઓછી ચાર ઉર્જા રેખાઓ પસાર થતી હતી, તે જ્યાં છેદતી હતી ત્યાં અદ્રશ્ય ઊર્જા કેન્દ્રિત થયેલી મનાતી, જે રોગોપચાર માટે ઘણી ફાયદાકારક હતી.

આ બાબતને લઈને અહીં ઘણા કુટિર ઉદ્યોગો ખિલ્યાં હતાં. ડઝનબંધ મસાજ સ્પેશ્યાલીસ્ટ, ટેરર કાર્ડ રીડર્સ, વ્યક્તિગત ચુંબકીય ક્ષેત્રને સુધારનારાઓ, ભૂતકાળની જીંદગીના દુ:ખોનો ઈલાજ કરનારાઓ - ચારે બાજુ આવા ધંધાદારીઓના અહીં રાફડા

ફાટી નીકળ્યાં હતા. મારી જિંદગીમાં હાલ પૂરતી કડાકૂટ હતી જ, મારે નવી જોઈતી ન હતી !

આવી જગ્યાએ તાવીજ રાખવાનું જુલીઆને કેમ વિચાર્યું હશે તેની મને નવાઈ લાગી. શું તે તાવીજને ક્રીસ્ટલ્સ કે ઓરા કે ઉર્જા ક્ષેત્ર સાથે કંઈ સંબંધ હશે ?

મેં સેન્ડવીચ પૂરી કરી, ત્યાં પેલો છોકરો કૉફી અને ડેઝર્ટ સાથે હાજર હતો. મેં ના પાડી પણ તેને જોઈને મને લ્યુઈસ યાદ આવી ગયો. વેઈટર તરીકે કામ કરવાના તેના દિવસો ક્યારે ખતમ થશે તે મને ખબર નથી, પણ ત્યાં સુધી તે વેઈટર તરીકે ખંત અને ધગશથી કામ કરતો રહેશે તે તો મને દેખાતું જ હતું.

બીલ ચૂકવી, રેસ્ટોરન્ટમાંથી બહાર નીકળી મારી ભાડે કરેલી કાર પાસે હું આવ્યો. હું રોની લીગેને મળવા જઈ રહ્યો હતો. જુલીઆને બતાવ્યા પ્રમાણે, તે ફિનિક્સથી ઉત્તરે સો માઈલ દૂર આવી હતી.

હાઈવે પર જતાં થોડા સમય પછી મેં બારી ખોલી નાંખી. સૂકી રણની હવાએ મારી ત્વચાને સુંવાળો, હુંફાળો સ્પર્શ કર્યો. શાંઘાઈની ગતિશીલ 'કોર્પોરેટ' હવા કરતાં આ ક્યાંય જુદી જ હતી. મારા મોબાઈલમાંથી બીપ અવાજ આવ્યો, પણ મારે રસ્તા પર ધ્યાન રાખવાનું હોવાથી મેં તેને ગણકાર્યો નહીં.

ઓફિસમાંથી ઢગલાબંધ મેસેજ ઉતરી રહ્યા હતા. ટીસા તરફથી કોઈ મેસેજ આવે તેવી મારી કોઈ ધારણા હતી જ નહીં, નવાંગ પણ ચૂપ હતી. ગઈકાલે તેનો મેસેજ મળ્યો હતો : 'તમને દરેક પરિસ્થિતિની હું જાણ કરી શકતી નથી તેથી દિલગીર છું, પણ અહીં કામ ઘણું રહે છે. છેલ્લા થોડાં દિવસોથી કોન્ફરન્સ રૂમમાં મારા માટે અજાણ્યા એવા સ્ત્રી-પુરૂષો લ્યુક, કેથેરીન અને સ્વેનની ખબર લઈ નાંખતા હોય એવું લાગે છે. મને બહુ ખબર નથી, વાતો એમ સાંભળવા મળી છે કે સાંજ સુધીમાં કંઈક જાહેરાત થશે. કોઈ નવી કંપની આપણી કંપનીને ખરીદી લેશે, અથવા આપણી કંપની તેને. બંને કંપનીઓ એકબીજામાં ભળી જશે તે ચોક્કસ. ડેવીડ થથરી રહ્યો છે. તેને ખબર છે તેને કંપનીની બહાર જવાનો રસ્તો બતાવી દેવામાં આવશે."

તેનાથી આનંદ ન પામવાનો મેં પ્રયત્ન કર્યો. મલિન ભાવનાઓવાળી પ્રતિક્રિયાથી અયામે નારાજ થાય છે તે મને યાદ આવ્યું.

"મારૂં અને તમારૂં શું થશે તે મને ખબર નથી." નવાંગે આગળ લખ્યું હતું.

મેં જોયું કે ઉભી થયેલી અનિશ્ચિતતાના કારણે મને સહેજ પણ ચિંતા થતી ન હતી. આ મારા માટે તે એક નવી તક પણ સાબિત થઈ શકે. જો મને કોઈ રકમ આપીને છૂટો કરવામાં આવશે તો હું બીજી કંપનીઓ સાથે વાટાઘાટ કરવા માટે સ્વતંત્ર થઈ જઈશ. કદાચ મને અત્યાર કરતાં વધુ યોગ્ય જગ્યા પણ મળી જાય. કંપનીનાં નવઘડતરમાં કદાચ મારા માટે કોઈ નવી જગ્યા ઊભી થાય તેમ પણ બને. જુઆનના મૃત્યુ પછી ડિઝાઈન ડિપાર્ટમેન્ટમાં જગ્યા ખાલી જ છે. કંપની મને ત્યાં ગોઠવી શકે. જે કંઈ ફેરફારો આવી રહ્યાં છે, તેને હું મારા ફાયદામાં બદલી શકું તેમ છું. મને તો ફેરફારો બાબત ઉત્તેજના થતી હતી.

આ કંઈક નવું હતું. નવા ફેરફારોને મનમાં ભય રાખ્યા વિના જોવા તે. ભયને સંપૂર્ણ દૂર ન રાખી શકો તો પણ આવનારી ઉથલપાથલને સહર્ષ સ્વીકારવા સ્વસ્થતાથી તૈયાર રહેવું તે મને કુદરતી રીતે જ યોગ્ય લાગ્યું. હું મારી બહેન, કીરા, જેવો બની રહ્યો હતો.

હું હંમેશા રાબેતા મુજબનો, સલામતીનો રસ્તો અપનાવતો, જ્યારે કીરા એક પછી એક નવા નવા રસ્તા પર ચાલવાના અખતરા કરતી રહેતી. હાઈસ્કૂલ પછી લગભગ છએક મહિના તેણે કામ કર્યું અને પછી તેણે યુથ એક્સચેન્જ પ્રોગ્રામમાં જોડાઈ વિવિધ આશ્રમોમાં તેણે સ્વયંસેવિકા તરીકે કામ કર્યું.

કોલેજ પછી તે દુનિયાભરમાં ફરી. પ્રખ્યાત અને અદ્‌ભૂત જગ્યાઓની તેણે મુલાકાત લીધી. મલેશીયા, બાલી અને ન્યુઝીલેન્ડથી લઈને સ્વીડન, ઈસ્ટોનીયા અને રશિયા બધે ફરતી રહી. મનગમતું કામ કરતી રહી. તેના પ્રવાસ દમરિયાન તે ગુવાટામાલામાં તે સ્ત્રીઓની એક સહકારી સંસ્થામાં જઈ ચડી. ત્યાંની સ્ત્રીઓનાં ભરતગૂંથણ તથા ચાદર-ઓશીકા પરનાં સુંદર ચિત્રકામથી તે પ્રભાવિત થઈ.

તે નાનાં ઉદ્યોગમાં સ્ત્રીઓની ધગશ, આત્મસન્માન તથા સંઘર્ષ તેને બહુ ગમ્યાં. ઘેર પાછી આવી ત્યારે એ સ્ત્રીઓની વસ્તુઓ માટે નવું માર્કેટ શોધી કાઢવાનું તેને ઝનૂન ચડ્યું. થોડાં વર્ષમાં તો તેણે પોતાના ઈમ્પોર્ટ-બિઝનેસને ઘણાં મોટા ફલક પર લાવીને મૂક્યો. ઉત્તર અમેરિકાના ડઝનબંધ મોટા શહેરોમાં તેણે સ્ટોર્સ ખોલી નાંખ્યા, જ્યારે તેને જોડકાં બાળકો જન્મ્યા ત્યારે તેણે પોતાના એક પાર્ટનરને પોતાનો બિઝનેસ વેચી નાંખ્યો.

થોડાં વર્ષ તે ઘરમાં જ રહી. વળી તેણે હવે શું કરવું તેની યોજના બનાવવા માંડી. તેણે જે બિઝનેસને વિકસાવવા માટે રાત-દિવસ મહેનત કરી, તેને તેણે રોતારોત વેચી લીધો. મેં તેની પાસે આશ્ચર્ય વ્યક્ત કર્યું ત્યારે તે હસવા લાગી. “મારે દરરોજ એકનું એક કામ નથી કરવું. કંઈક નવું નવું સાહસિક કરતાં રહેવું એનું નામ જ જિંદગી છે.” તેણે કહ્યું.

જુલીઆને રસ્તો દર્શાવ્યો હતો તે સરળ હતો. હાઈવેથી વળીને એક નાના રસ્તે હું લગભગ દોઢ કલાક આગળ વધ્યો. રસ્તા પર એક પછી એક વળાંક આવતા જ રહ્યાં. છેવટે રસ્તાની બન્ને બાજુ છૂટા છવાયાં ઘર જોવા મળ્યાં. મોટા ભાગનાં ઘર એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જઈ શકાય તેવા હતા. તેમની વચ્ચે ક્યાંક નાના નીચા બંગલોઝ દેખાતા હતા. કેટલાકની આગળ સાંકળ જેવી વાડ કરવામાં આવી હતી. બધા ઘરની આજુબાજુ બદામી રંગનું ઘાસ ઉગી નીકળ્યું હતું. ઘાસની સાથે સંઘર્ષ કરતું હોય તેવું દેખાતું રણ બીજી બાજુ, ક્યાંય દૂર સુધી વિસ્તર્યું હતું.

એક બદામી રંગના સ્વચ્છ અને સુઘડ ઘરની બાજુની ટપાલપેટી પર મેં ગલી નંબર જોયો. તે રેતાળ જમીનમાં મેં કાર આગળ કરી. બપોરની ધોમધખતી ગરમીમાં મેં જેવી કાર આગળ વધારી ત્યાં મેં ઘરની બહાર રંગ રંગીન પ્લાસ્ટીકનાં તોરણો લટકાતાં જોયાં. ત્યાં બાળકોનાં રમકડાં પણ હતા. રેતી પર કાર ચાલી ત્યારે થયેલા અવાજે રોનીને મારા આગમનની ખબર કરી દીધેલી. તે આગળનો દરવાજો ખોલીને બહાર આવીને ઊભી રહી.

“જોનાથન !” જાણે ઘણા વખતે મળેલા દોસ્તને મળતી હોય તેવા ઉમળકાથી તે બોલી. તેની ઉંમર લગભગ સાંઈઠની આસપાસ હશે. તેનાં સફેદ માથામાં ક્યાંક ક્યાંક કાળા વાળની લટ દેખાતી હતી. તેના કાંસાના જેવા રંગવાળા ચહેરા પર ઘણી રેખાઓ

હતી, પણ તે નિસ્તેજ ન હતી. જ્યારે તે હસી ત્યારે તેના ચહેરા પર આંખો તથા મોઢાની આસપાસની - કરચલીઓ જાણે નાચતી હોય એમ લાગ્યું.

તે મને લીવીંગ રૂમમાં લઈ ગઈ. ફરસ પર આડા અવળા વિખરાયેલ પડેલા રમકડાં પર પગ ન મૂકાઈ જાય તેનું ધ્યાન રાખવા તેણે મને કહ્યું. “કોઈ માને ? આજે સવારે જ મેં બધું એકદમ વ્યવસ્થિત મૂક્યું હતું.”

તે હસીને બોલી. “મને ખબર છે, બધું આમ જ ચાલે, મારે પણ એક છ વર્ષનો તોફાની છોકરો છે.” મેં કહ્યું.

રોની રસોડામાં ગઈ. તેણે બારીઓ ખોલી નાંખી. હું પણ તેની પાછળ ગયો. ઘરનાં પાછળના ભાગમાં પાંચ-સાત નાના-મોટા બાળકો એક મોટા બૉલ વડે રમતા હતા. રોનીએ કહ્યું તે તેનાં પૌત્ર-પોત્રીઓ તથા કુટુંબનાં જ બાળકો હતા.

તેનાં પૌત્ર-પૌત્રીઓ દરરોજ બપોર પછી આવતા હતા, પણ કુટુંબનાં અન્ય બાળકો તો કાયમ અહીં જ રહેતા હતા.

રોનીએ કહ્યું : “મારા મામાની દિકરીનું જીવન હંમેશા મુશ્કેલીઓથી જ ભરપૂર રહ્યું છે. તેનાં પિતા નથી, તેની માતાની તબિયત બરાબર નથી. તે કંઈ મદદ કરી શકે તેમ નથી. થોડાં વર્ષ પહેલાં કટોકટી ઘણી વધી ગયેલી. તેનાં બાળકોને સંભાળવા માટે ક્યાંક મૂકવાની જરૂર ઊભી થયેલી.”

રોનીએ રસોડામાંથી બૂમ મારી : “રોઝ, સેમીનો પણ વારો આવે તેનું ધ્યાન રાખજે ”. પછી તે મારી તરફ ફરી.

અમારા કુટુંબમાં જોઝ અને હું જ માત્ર એવા પામતા-પહોંચતા હતા કે જે તે બાળકોની સંભાળ લઈ શકીએ.

રોનીએ પોતાના બંને હાથ છાતી પર મૂકી હૃદયને થોડું હલાવ્યું, બોલી. “મારી જિંદગીનો સર્વશ્રેષ્ઠ નિર્ણય.” તેના ચહેરા પર સ્મિત હતું.

રોની ફ્રીજમાંથી એક મોટો જગ કાઢી લાવી.

“બરફવાળી ચા પીવી છે ને ?” તેણે પૂછ્યું. મેં માથું ધુણાવી હા પાડી. તેણે કાઉન્ટર પર બેસી ચાના બે પ્યાલા ભર્યા અને એક મને આપ્યો. બીજો ગ્લાસ કાઉન્ટર પર જ રાખીને તે પાછળના દરવાજા તરફ ગઈ.

“મારે બાળકોને નાસ્તો આપવાનો છે. મોડું થઈ જશે તો તે બધાને પછી જમવાની મજા નહીં આવે.” રોની પાછળના દરવાજામાંથી બહાર ગઈ. મેં તેને ગેરેજ તરફ જતાં જોઈ. થોડી વારમાં તે મોટું તરબૂચ લઈને પાછી આવી. બાળકોએ તેને જોઈ એટલે બધા રસોડામાં દોડીને ઘૂસી ગયા. તેની ફરતે વિંટળાઈ વળ્યા. “મને... મને...” ચીસાચીસ થઈ ગઈ, ચારેબાજુ શોરબકોર મચી ગયો.

રોનીએ કહ્યું : “તરબૂચની સીઝનની શરૂઆત જ છે. અહીં દુકાનોમાં તે બારેમાસ

મળે જ છે, પણ જ્યાં સુધી ખરેખર ઉનાળાની ગરમી શરૂ ન થાય ત્યાં સુધી હું તે લાવતી નથી."

તેણે બાળકોને બહાર જઈ બાંકડા પર બેસવા કહ્યું. કહ્યું તે તરબૂચ લઈને ત્યાં જ આવશે. બાળકો દોડીને બહાર જતા રહ્યાં.

રસોડાના કાઉન્ટર પર રોનીએ તરબૂચને એક મોટા લાકડાના પાટલા પર મૂક્યું. ખાનામાંથી મોટો છરો કાઢ્યો અને તરબૂચને વચ્ચેથી કાપવા માંડ્યું. તે તરબૂચનાં અડધા અને પછી તેના અડધા ટુકડા કરવા માંડી. જાણે બ્રેડના ટુકડા કરતી હોય તેમ તેણે તરબૂચની જાડી ચીર કરવા માંડી. એક ચીર તેણે મને ધરી.

છેલ્લે મેં ક્યારે તરબૂચ ખાધેલું તે મને યાદ નથી. હા, દશકાઓ પહેલાં, મને યાદ આવ્યું. મારી માતાએ ચળકતો સ્કાર્ફ પહેર્યો હતો, વાળ બાંધેલા હતા. એક થાળીમાં તરબૂચ મૂકીને તેણે મારી તરફ તે ધર્યું હતું. કેટલા બધા વરસો વિતી ગયાં.

ગાઓ લીએ જે વાત કરી હતી તે અહીં જોવા મળી. રોનીના ઘરમાં, સીઝનનું પહેલું તરબૂચ આવ્યું હતું. તેનો કેટલો બધો આનંદ હતો. જાણે કોઈ મોટી મનપસંદ ઘટના બની હોય એમ બાળકો નાચતાં હતા.

રોનીએ બે વખત ધક્કા ખાઈને બાળકોને તરબૂચ પહોંચાડ્યા, બાળકો મોઢાં-ભીનાં કરીને તરબૂચ ખાવા લાગ્યા. છેવટે રોનીએ પાછા ફરીને પોતાની બરફવાળી ચાનો પ્યાલો મોઢે માંડ્યો.

"તમને વાંધો નહીં જ હોય..." રોનીએ કહ્યું : "હવે મારે સાંજની રસોઈની તૈયારી કરવી પડશે."

રોની તેના એરકન્ડીશન્ડ રસોડામાં બેસી રસોઈની તૈયારી કરવા લાગી. હું ત્યાં જ બેઠો. તેની પુત્રી રોઝ બાળકો સાથે જ રોકાઈ જવાની હતી. રોનીનો પતિ જોઝ પણ હવે આવવાની તૈયારીમાં હતો. તેની સાથે કદાચ તેની બહેન પણ આવે. બંને સાથે કામ કરતા હતા.

"મારૂ ઘર ક્યારેય ખાલી હોતું નથી." રોનીએ કહ્યું : "સતત કામ રહે છે. પણ મને ગમે છે."

તે જઈને ફ્રીજમાંથી લાલ મરચાંનો ડબ્બો લઈ આવી, તેને ધોતાં ધોતાં તેણે પાછળ ફરી મારી સામે જોયું.

"મારે તમને એક વસ્તુ આપવાની છે, પણ પહેલાં શાંતિથી વાતો થાય એવી જગ્યાએ બેસવું પડશે. મને લાગે છે કે હમણાં જમીને આપણે રેડ રોક્સ જઈશું ત્યાં તમે સૂર્યાસ્ત પણ જોઈ શકશો. તે જોયા વિના તમે અહીંથી જઈ જ નહીં શકો."

થોડાં કલાક પછી રોની અને હું એક ઊંચી જગ્યાની ધાર પર બેઠા હતા. સામે રેતીનો અફાટ સમુદ્ર પથરાયેલો પડ્યો હતો. રણમાંથી માથું કાઢીને કેટલાંક થાંભલાઓ બહાર ડોકાતાં હતાં. સૂર્ય ડૂબ્યો ત્યારે પથ્થરોને જાણે આગ લાગી હોય તેમ તે લાલચોળ

દેખાતા હતા. તે ચળકતા કેસરી રંગના દેખાતા હતા, જાદુગરના મંદિરને મેં સવારે સૂર્યોદય વખતે જોયેલું તે મને યાદ આવ્યું.

"મને લાગે છે કે આ પહેલાં મેં આ જોયેલું છે." મેં કહ્યું,

"વેસ્ટર્ન ફિલ્મોમાં." રોનીએ કહ્યું.

હા, બરાબર. ફિલ્મોમાં જ જોયું હશે, કદાચ. પણ અત્યારે તો તે ઘણું અલગ જ લાગતું હતું. જાણે આ જગ્યા સાથે મારે કંઈક આત્મીયતા હોય એમ લાગતું હતું. પેલી રેસ્ટોરન્ટમાં પેમ્ફલેટ્સમાં તો આના વિશે કંઈ જોવા મળ્યું ન હતું.

"મેં પેલી ઉર્જારેખાઓ વિશે થોડું વાંચ્યું હતું." મેં રોનીને કહ્યું, તે થોડી ધ્રુજી હોય એવું મને લાગ્યું.

"અમે બધા તેને અહીં 'ચક્રવાત' કહીએ છીએ." તેણે કહ્યું.

"ચક્રવાત, એમ. શું આપણે કોઈ ચક્રવાતની નજીક છીએ ? આપણી આજુબાજુમાં ક્યાંય તે છે ?" મેં કહ્યું.

"પેલી બાજુ થોડાં માઈલો દૂર." રોનીએ જમણી બાજુ હાથ ફેલાવતાં કહ્યું. પણ તેના વિશે વધુ કંઈ બોલી નહી.

"આપણે તેમાં ગરકાવ થઈ જઈએ તો જરા સરખો અવાજ પણ ન આવે." મેં કહ્યું. રોનીએ હસતાં હસતાં તેના શૂઝ વડે કઠણ જમીનને ખોતરવા માંડી.

રોનીએ કહ્યું : "અહીંના સ્થાનિક લોકો તેને ખાસ પવિત્ર માનતા નથી. ખાસ કરીને અન્ય જમીન કરતાં વધુ પવિત્ર તો નહીં જ."

રોનીએ શૂઝ પરથી ધૂળ ખંખેરતાં કહ્યું : "પણ એનો અર્થ એમ નથી કે આ જગ્યાની કોઈ વિશિષ્ટતા નથી. અહીંના લોકોને જમીન સાથે અનોખો લગાવ હોય છે. તેને જમીનમાંથી શક્તિ મળે છે, સાંત્વના મળે છે, કુદરતની સાથે જ રહેવાનો તેને આંનદ હોય છે."

"પણ..." મેં કહ્યું. રોની જે રીતે બોલતી હતી તેમાં હવે "પણ" આવશે તેની મને ખાત્રી જ હતી !

"પણ..." રોનીએ કહ્યું. તે ખડકોની પાછળ જોઈ રહી હતી. પ્રકાશની તીવ્રતા ઘટી રહી હતી. ચળકાટ ઘટી રહ્યો હતો. હવે ખડક થોડા શાંત લાગતાં હતાં. આ સમય, આ જગ્યા, આ સંજોગ - હવે કંઈક અલગ લાગતા હતા.

અમારી સામેથી એક કાચિંડો ઝડપથી પસાર થઈને ઝાડી ઝાંખરામાં જતો મેં જોયો.

"અમે કેવી રીતે મળ્યાં તે બાબત જુલીઆને ક્યારેય તમને કહ્યું છે ?" રોનીએ પૂછ્યું.

"ના". મેં કહ્યું : "મને લાગે છે એની પાછળ કંઈક ખાસ વાત છે."

"હા, ખાસ વાત હતી જ." રોનીએ કહ્યું. એ વરસો અગાઉ જુલીઆનને મળી ત્યારે તે જબરજસ્ત સફળ વકીલ હતો. "ત્યારે તે શું કરતો હતો તેની મને ખબર જ ન હતી." રોનીએ કહ્યું : "તેણે મને પાછળથી જણાવ્યું હતું."

એક દિવસ જુલીઆન સાંજના સમયે હાઈવે પરથી પસાર થઈ રહ્યો હતો. રોની અને હું જોઈ રહ્યાં હતા. પેલા ખડકોની સામેથી જ.

તે ફિનિક્સમાં ગોલ્ફ રમવા આવ્યો હતો. તેની પાસે એક સ્ટાઈલીશ સ્પોર્ટ્સ કાર હતી. તેની સાથે તેની એક મિત્ર હતી. સુંદર અને યુવાન. બ્રેડ, ચીઝ અને મોટું થર્મોસ ભરીને માર્ટીનીસ ભરીને તે પીકનીક પર નિકળી પડ્યા હતા. સૂરજ ડૂબે ત્યારે અહીં ખડકોની વચ્ચે બેસીને પીકનીક મનાવવા તે નિકળી પડ્યા હતા. પરંતુ તે સેડોના શહેરની નજીક પહોંચે એટલામાં જ તેની ગાડી બગડી ગઈ.

રોનીએ રસ્તાની બાજુમાં ચળકતી પીળા રંગની સ્પોર્ટ્સ કાર પાર્ક થયેલી જોઈ. તેના હૂડની નીચેથી ધુમાડા નિકળી રહ્યાં હતા. રોની ત્યાં ગઈ અને જુલીઆન અને તેની સાથીદારને પોતાની કારમાં બેસાડીને પોતાના ઘેર લઈ આવી. તે બન્નેને રોનીના સાદા - નાના ઘર માટે ભારોભાર અણગમો હતો, પણ મજબૂરી હતી. જાણે કોઈ સાથીદાર ભાડે લાવ્યા હોય એમ તેઓ રોનીની સાથે રહ્યાં. બગડી ગયેલી કારને લેવા ટોઈંગ ટ્રક મંગાવી તથા એક બીજી કાર પણ જુલીઆન માટે મંગાવી હતી.

"તે મોડી બપોરનો સમય હતો." રોનીએ કહ્યું.

"મારું ઘર તો રાબેતા મુજબ બાળકોથી ખીચોખીચ ભરેલું હતું. ચારે બાજુ શોરબકોર હતો, જોઝ ગીટાર વગાડતો હતો, છોકરાંઓ બૂમાબૂમ કરતા હતા. હસતા-રમતા હતા. કૂદાકૂદી કરતાં હતા.

જુલીઆન કે તેની મિત્રએ રોની કે તેના પતિ સાથે ખાસ કંઈ વાત કરી નહીં. તેઓ અણધારી મુસીબતથી કંટાળી ગયા હતા. પીકનીક પર પાણી ફરી વળ્યું હતું. તેથી તેમના મોઢાં ચડી ગયા હતા. બીજી બાજુ, રોનીના ઘરનો શોરબકોર, તે બંનેની તો જાણે નસો ખેંચાઈ ગઈ હતી !

"પેલી છોકરી, નામ તો મને યાદ નથી, પગ પછાડતી હતી અને જુલીઆન નવરો બેઠો બેઠો કંઈક ને કંઈક ખા ખા કરતો હતો. થર્મોસમાંથી પીધા કરતો હતો. એક એક મિનિટે બારી બહાર ડોકીયાં કરીને કાર આવી કે નહીં તે જોયા કરતો હતો. તે બંને પણ એકબીજા સાથે કંઈ વાત કરતા ન હતા. જોઝ, બાળકો અને હું - અમે પોતપોતાનું કામ ચાલુ રાખ્યું."

કલાકોની ઈંતેજારી પછી જ્યારે બીજી કાર આવી ત્યારે રોનીએ હળવેથી કહ્યું હતું કે કાર જુલીઆનની મિત્ર જ ચલાવે, કારણ કે જુલીઆનની હાલત કાર ચલાવવા જેટલી સારી નથી.

"બસ, તે લોકો ગયા." રોનીએ કહ્યું.

ત્યારબાદ, વરસો પછી, રોનીને જુલીઆન તરફથી સંદેશો મળ્યો. તેણે રોનીને પોતાની યાદ તાજી કરાવી, તે ત્યાં રૂબરૂ આવીને રોનીને મળવા માંગતો હતો - તેની માંગણીથી રોનીને આશ્ચર્ય થયું. તેણે કહ્યું તે છેલ્લી વાર રેડ રોક્સ જોઈ લેવા માંગતો હતો. હકીકતમાં તો તે રોની સાથે કંઈક વાત કરવા માંગતો હતો.

"જ્યારે તે અહીં બીજીવાર આવી પહોંચ્યો ત્યારે ખરેખર હું તેને ઓળખી ન શકી." રોનીએ કહ્યું : "ગમે તેમ પણ તે ઘણો નાની ઉંમરનો લાગતો હતો. ઊંચો પણ લાગતો હતો, તેનો ચહેરો શાંત હતો, એકદમ શાંત અને પ્રસન્ન. હું જે જુલીઆનને જાણતી હતી તેનાથી તે તદ્દન અલગ હતો."

જુલીઆને રોનીને કહ્યું હતું કે તે હિમાલયમાં જઈને આવ્યો છે, જ્યાં સન્યાસીઓનાં સમૂહ વચ્ચે તે રહ્યો હતો. તેની પાસેથી તે જે શીખ્યો તેનાથી તેની જીંદગી બદલાઈ ગઈ હતી. તેની માણસોને જોવાની રીત બદલાઈ ગઈ હતી, તેને એ વાતનું ભાન થયું કે જીવનમાં તેને જે જે માણસો મળેલાં તેમાંથી ઘણા એવા હતાં જેમાંથી તેણે ઘણું શીખવાનું છે. તેની પાસેથી તે ઘણું જાણી શકે તેમ છે.

રોની અને જુલીઆન સૂર્યાસ્ત સમયે રેડ રોક્સ પહોંચ્યા હતા, જેમ અમે બંને અત્યારે હતા તેમ જ. બંને ચાલતાં ચાલતાં ખડકોથી દૂર દૂર જતા રહ્યાં હતા, રોનીના ઘરનાં શોરબકોરથી તદ્દન ઉલટું વાતાવરણ અહીં હતું. શાંત અને સૌમ્ય, રોનીને મન તો બંને વિશિષ્ટ હતા, કોઈ સારૂ કે કોઈ ખરાબ નહિ.

સૂરજ ક્ષિતિજમાં ઢળી ગયો હતો. જુલીઆને રોનીને કહ્યું : "તમે... મને લાગે છે કે તમે જીવનના રહસ્યને જાણો છો. જો હું તમને પૂછું કે જીવનનો હેતુ શું છે ? તો તમે શું કહેશો ?"

રોની તેની વાતો કહેતાં થોડી વાર અટકી ગઈ. હું તેની સામે જોઈ રહ્યો.

"તમને જીવનનાં રહસ્યની ખબર છે ?" મેં અધિરાઈથી રોનીને પૂછ્યું,

"જુલીઆને મને તે પ્રશ્ન પૂછ્યો તે મને થોડું અજુગતું લાગ્યું." રોનીએ કહ્યું "તમને ખબર છે ? મારી માતા હોપી જાતિની હતી, મારા પિતા નવાજો હતા. તેમની આસપાસના લોકોમાં ઘણી અલગ અલગ માન્યતાઓ હતી. ભેદભાવો પણ હતા, હું તેઓની વચ્ચે પારંપરિક વાતાવરણ વચ્ચે રહીને જ મોટી થઈ છું, પણ મારા પતિ કેથોલિક છે. અમારે જેવીશ, બુદ્ધિસ્ટ કે મુસ્લિમ મિત્રો છે. એ બધામાંથી બધાના ધર્મમાંથી મેં કંઈને કંઈક શીખવાનો પ્રયત્ન કર્યો. તેમના ગ્રંથો વાંચવામાં, સમજવામાં તથા તેમની સાથે વાતો કરવામાં મેં પુષ્કળ સમય ખર્ચ્યો"

હવે આકાશનો રંગ કાળો પડી રહ્યો હતો, ક્ષિતીજ પર દેખાતાં ખડકો ઘેરા લાલ રંગના બની ગયાં હતાં. રોની જાણે દૂર દૂર હોય એમ લાગ્યું. તે વિચારોમાં ખોવાઈ ગઈ હતી. તે બોલે તેની મેં રાહ જોઈ.

"જવાબ મેળવવા મેં ઘણો સમય ગાળ્યો. પરંતુ, છેવટે બધા ધર્મોનો સાર મને એક નાનકડી વસ્તુમાં મળ્યો."

રોની તરફ હું અધિરાઈથી જોઈ રહ્યો. મારા શ્વાસ રોકાઈ ગયા હતા. તેણે કહ્યું : “જોનાથન, જિંદગીનો એક જ હેતું છે - સાવ સરળ, તે છે પ્રેમ.”

હું શાંત જ હતો, તેના એક એક શબ્દને મારામાં ઉતારી રહ્યો હતો.

“જો તમને કોઈ પ્રેમ ન કરે, તો તમને ફરક પડતો નથી ?” મેં પૂછ્યું.

“ખાસ નહીં.” રોનીએ કહ્યું : “જિંદગીનો હેતુ છે પ્રેમ કરવો. પ્રેમ પામવો નહીં. પ્રેમ ક્રિયાપદ છે. તે કંઈક કરવાની વસ્તુ છે, પામવાની નહીં. તમારા સમસ્ત બ્રહ્માંડનાં કેન્દ્રસ્થાને પ્રેમ હોવો જોઈએ. તમે જે કંઈ કરો, તેની પાછળ તે હોવો જોઈએ. જો તમે બીજાને પ્રેમ કરતા ન હો તો તમારી જિંદગી અધૂરી છે, તેમાં ખામી છે.”

રોનીએ જુલીઆનને આ જ કહ્યું હતું. જુલીઆને કહ્યું હતું કે હિમાલયના સન્યાસીઓએ પણ તેને એ જ કહ્યું હતું.

“હકીકતમાં,” જુલીઆને કહ્યું હતું : “હિમાલયના સન્યાસીઓએ મને આ જ, હા - આ જ, કહ્યું હતું. તેનો આ સંદેશો સાંભળવા હું હિમાલયમાં ઠેર ઠેર રખડ્યો હતો, ભટક્યો હતો, પણ મને તો આ સંદેશો તમારી પાસેથી ઘણાં વર્ષો પહેલાં મળી ગયો હોત, જો મેં એ સાંભળ્યો હોત તો.”

“તમે સાંભળવા તૈયાર જ ન હતા.” રોનીએ જુલીઆનને કહ્યું હતું : “મેં તમને હજારો વખત, હજારો રીતે કહ્યું હોય તો પણ તે સંદેશો તમે ન મેળવી શકત, કારણ કે તમે સાંભળવા જ તૈયાર ન હતા.”

રોનીની વાત પૂરી થઈ હતી. તે તેનાં ખિસ્સો ફંફોસી રહી હતી. નાની ગૂંથેલી કોથળીમાંથી તેણે કંઈક બહાર કાઢી મને કહ્યું : “તાવીજ.” તેણે તે મને આપ્યું.

મેં દોરી છોડીને કોથળીને મારી હથેળીમાં ઉલટી કરી. તેમાંથી જે તાવીજ મારા હાથમાં પડ્યું તે હતું એક ચાંદીનું હૃદય. તે હાથે બનાવેલું લાગતું હતું. તેની સપાટીને ઘસીને ગોળ મુલાયમ બનાવવામાં આવી હતી. મારા હાથમાં રમાડીને મેં કોથળીમાં જોયું. તેમાં એક નાનો કાગળ હતો. તે નીચે પડી ગયો, મને ખબર પડે એ પહેલાં રોનીએ તે ઉંચકીને મને આપ્યો.

તેમાં સંદેશો બહુ જ ટૂંકો, પણ સ્પષ્ટ હતો.

જીંદગીનો હેતુ છે પ્રેમ કરવો તે.

તમે કોઈને કેટલો પ્રેમ કરો છો તેના પરથી જ તમારી જીંદગી કેટલી સારી છે તે જાણી શકાય છે. મસ્તિષ્ક કરતાં હૃદયમાં વધુ સમજણ છે. તેને માનથી જુઓ. તેના પર વિશ્વાસ રાખો, તેને અનુસરો.

રોની અને હું ગાડી પાર્ક કરી હતી ત્યાં પહોંચ્યા. હવા હવે સૂકી અને ધારદાર હતી. રણનો પવન ધીમે ધીમે વહી રહ્યો હતો. રેતીની સુગંધને હળવે હળવે આગળ લઈ જઈ રહ્યો હતો. કંઈ બોલ્યા વિના અમે રોનીની ગાડીમાં બેઠા. ગાડી આગળ વધતી રહી. અમે

બંને રહ્યાં નિઃશબ્દ.

તેનાં ઘેર પહોંચ્યા પછી પણ કંઈક બોલવા માટે મારે સમય જોઈતો હશે તેમ માનીને રોની ચૂપ રહી. મેં જોયું, મારા વિચારો અત્યારે નોકરીમાં ‘મારી પોતાની જીંદગી’ શોધવા બાબત ચાલી રહ્યા હતા. હું જે કામ નોકરીમાં અત્યારે કરી રહ્યો હતો તે મને ગમતું કામ ન હતું. પણ એ તો આ પ્રવાસ શરૂ થયો ત્યારથી હું જાણું છું. પણ અયામે, મૅરી અને હવે રોનીએ મેં મારી વ્યક્તિગત જીંદગીને પણ રફે દફે કરી નાંખી છે તે જોતાં શીખવ્યું.

મિત્ર કે કુટુંબ સાથેના મારા સંબંધોમાં હું પ્રામાણિક રહ્યો ન હતો. જો મારા મિત્રોને મેં પ્રેમ કર્યો હોત તો જુઆનથી પીઠ ફેરવીને હું બેસી ન ગયો હોત, તેને મરવાનો વારો ન આવ્યો હોત. જો એક પિતા તરીકે મેં આદમને પ્રેમ કર્યો હોત તો આજે તેની આંખો અજંપાથી ભરેલી ન હોત. જો મેં મારી પત્નિને ખરેખર પ્રેમ કર્યો હોત તો તે આજે મારાથી દૂર હૃદયનાં આંસુ સારતી મૂંગે મોઢે જીંદગી ગુજારતી ન હોત. મેં પ્રેમ નથી કર્યો - કોઈને પણ નહીં, મારી જાતને પણ નહીં.

રોનીના ઘેર તે રાત હું રોકાયો, સૂતા પહેલાં મેં ત્રણ મેસેજ મોકલ્યાં, એક આદમ અને અનિશાને, એક માત્ર અનિશાને અને એક ટીસાને. ટીસાને માત્ર એક જ શબ્દ લખ્યો હતો - સૉરી.

બેડરૂમનાં પડદાને વિંધીને સૂરજનું કિરણ દાખલ થયું ત્યારે, બીજે દિવસે સવારે હું ઉઠ્યો. વાતાવરણ શાંત હતું. કપડાં બદલી જર્નલ લઈ હું નીચેના હોલમાં થઈને બહાર ખુલ્લામાં ગયો. પોતાના પડોશીઓની જેમ રોની અને તેના પતિએ પણ પાછળનાં વાડામાં ઘણું ઘાસ વાવ્યું હતું. પણ ગરમીનાં કારણે તે સૂકાઈ ગયું હતું. ઉઘાડાં પગે હું ત્યાં ચાલ્યો ત્યારે જમીનમાં સહેજ પણ ભીનાશ ન હતી. હું પિકનીક ટેબલ પર બેઠો.

મારી સામે માઈલો સુધી વિસ્તરેલું અફાટ રણ હતું. વચ્ચે ક્યાંક ક્યાંક ટપકાં જેવાં રણપ્રદેશનાં ઝાડ અથવા તો ઘાસના મોટા જથ્થા દેખાતાં હતાં. વળી મારે દૂરનો પ્રવાસ કરવાનો હતો. જુલિઆનનાં મેસેજ પ્રમાણે મારે બપોર પહેલાં દિલ્હી, ભારત જવા માટે એરપોર્ટ પહોંચી જવાનું હતું. ઓહ, ભારત ? શું જુલિઆન મને તેનાં પેલા સિવાના પંથનાં સંન્યાસીઓ પાસે મોકલવાં માંગતો હતો. તેણે લખ્યું હતું : “જોનાથન, તું ઘણાં દિવસોથી દોડી રહ્યો છે. બસ, થોડા દિવસ વધારે. પછી તારે તારા ઘરે જવાનું છે.”

મેં જર્નલ ખોલી તેમાં લખવા માંડ્યું. આ પ્રવાસમાં મારા કઝીન માટે મેં જાતજાતની કલાત્મક વસ્તુઓ ભેગી કરી હતી અને હજુ તે પૂરું થયું ન હતું. હજુ મારે કંઈક મેળવવાનું બાકી હતું, પણ મને તો જાણે લાંબા પ્રવાસનો અંત આવી ગયો હોય તેવું લાગ્યું.

મારે શું કરવાનું હતું તે મને ખબર હતી. મારી જાત પ્રત્યે પ્રામાણિક બનવાનું હતું, મારા ભયને જીતવાનાં હતાં. નોકરીમાં મારી ડિઝાઈન લેબમાં પાછા ફરવાની કે બીજી કોઈ જગ્યા માટેની માંગણી કરવાની હતી, કે જ્યાં મારી અંદર જે કંઈ શ્રેષ્ઠ છે તે હું આપી શકું. પણ મારે કરવાના ફેરફારોનો તે તો માત્ર એક થોડો ભાગ જ હતું.

અનીશા સાથે મારે મારી જીંદગી ફરીથી વસાવવાની હતી, જૂનું બધું ભૂલી નવા સંબંધો કેળવવાનાં હતાં. આદમના માટે સર્વશ્રેષ્ઠ પિતા બનવા માટે મારે ઘણો સમય

આપવાનો હતો. ખરેખર તો મારે મારા દરેક પ્રિયજન - મારી માતા, મારી બહેન, મારાં નવા તથા જૂના મિત્રો વગેરેને માટે સુખ અને આનંદનો એક સ્ત્રોત બનવાનું હતું. અયામેનાં તાવીજ સાથેની નોંધમાં સાચું જ લખ્યું હતું -

હું બીજા સાથે જેવું વર્તન કરતો હતો, હકીકતમાં તેવું જ (ખરાબ) વર્તન હું મારી જાત સાથે પણ કરતો હતો. તેમની ઉપેક્ષા કરીને હું મારા જ આનંદની ઉપેક્ષા કરી રહ્યો હતો. હું કોઈની સાથે સારી ભાવનાથી વર્તન કરતો ન હતો. મારા પર ભવિષ્યમાં કયા પરિબળોની અસર થાય અને શેની અસર ન થાય તે મારે અત્યારે નક્કી કરવાનું હતું. નાની નાની ખુશીઓને મારે આવકારવાની હતી. આ બધું રાતોરાત થઈ શકે નહીં, પણ હું તે સતત મનમાં રાખી બધું ધીમે-ધીમે સુધારતો જઈશ. દરરોજ સતત નાનાં નાનાં ફેરફારથી હું આ બધું જરૂર મેળવી શકીશ. હવે મારે કોઈ બહાના કાઢવા નથી.

ભવિષ્ય બદલવાના બધાં જ સાધનો જાણે મારા હાથમાં હોય એવું મને લાગ્યું. તાવીજો સાથેનાં પત્રોમાંથી મને તે બળ મળ્યું હતું. મને થયું, બધું જ આવી ગયું, હજુ શું બાકી રહ્યું ? હજી કયું તાવીજ ખૂટે છે ? કઈ સમજણ મારે જાણવાની બાકી છે ?



પ્રકરણ અગિયાર

મેં આજ સુધી જોયેલી ઈમારતોમાં સૌથી અદ્‌ભૂત ઈમારત - તાજમહેલ - સામે હું ઉભો હતો. મોડી સાંજનો સમય હતો. મુલાકાતીઓ અને પ્રવાસીઓ ઘણાં ઓછા થઈ ગયા હતાં. અહીં કોઈને મળવા માટે આ સમય વિચિત્ર કહેવાય, પણ મારા આ પ્રવાસમાં બધું અનપેક્ષિત જ બનતું રહ્યું હતું.

ફિનિક્સ એરપાર્ટ છોડ્યું ત્યારે વિગતવાર માહિતી આપતો જુલિઆનનો મેસેજ મને મળ્યો હતો. મારે દિલ્હીની એક હોટલમાં રાત રોકાવાનું હતું. બીજે દિવસે સવારે ફ્લાઈટ પકડી આગ્રા પહોંચવાનું હતું. ત્યાં સાંજે સાડા સાત વાગે તાજમહેલની બહાર મારે આખરી વ્યક્તિને મળવાનું હતું. દિલ્હી અને આગ્રામાં મારી જાતે ફરવાનો વિચાર મને રોમાંચિત કરતો હતો.

હું કેટલાંય અજાણ્યા સ્થળોએ ગયો હતો, જાતજાતની પરિસ્થિતિનો મેં સામનો કર્યો હતો. હવે આજે જે પરિસ્થિતિ મારી સામે આવવાની હતી તેનો સામનો કરવા પણ હું સંપૂર્ણ તૈયાર હતો. તાજમહેલની બરાબર સામે ઉભા રહીને હું તેને શાંતિથી જોઈ રહ્યો હતો - મારા મનમાંથી ભૂતકાળનાં અને ભવિષ્યનાં બધાં વિચારો અદૃશ્ય થઈ ગયા હતાં.

હું અહીં પ્રમાણમાં ઘણો વહેલો આવી ગયો હતો, કારણ કે તાજમહેલની અંદર તથા આજુબાજુ ફરવાનો મારો ઈરાદો હતો. પણ અહીં આવ્યા પછી મને ભાન થયું કે મેં ફાળવેલો સમય તાજમહેલ જોવા માટે ઘણો ઘણો ટૂંકો ગણાય. મારે આગ્રા ક્યારે છોડવાનું છે તે જૂલિઆને લખ્યું ન હતું. મને હતું કે તાજમહેલનાં આ અદ્‌ભૂત સ્થાપત્યને શાંતિથી જોવા હું અહીં પાછો આવીશ. થોડો સમય હું તાજમહેલની આજુબાજુ ફરતો રહ્યો. બધું જોઈને આશ્ચર્ય પામતો રહ્યો.

તે જગ્યાની વિશાળતા જોઈને હું આભો જ બની ગયો. તાજમહેલનાં કોઈ પણ ફોટોગ્રાફમાં તેનાં ઘુમ્મટની ગોળાઈ, મનોહર સમરૂપતા કે જબરદસ્ત વિશાળતા મેં જોઈ ન

હતી. હવે મને સમજાતું હતું કે જુલિઆને આ મુલાકાત સાંજે શા માટે ગોઠવી હતી. ડૂબતા સૂરજનાં અજવાળામાં તાજમહેલનો ચકચકિત આરસ અને આજુબાજુના રેતાળ પથ્થરો જાણે નૃત્ય કરી રહ્યાં હતાં. સો ફૂટ ઊંચી વિશાળ દિવાલોમાં પથરાયેલ ઝીણવટભર્યું કોતરકામ તથા સુંદર રીતે કોતરાયેલા લખાણ જોવા હું થોડો નજીક ગયો.

પથ્થરમાં રત્નો તથા બીજા કિંમતી પથ્થરો જડ્યા હોય તેમ લાગ્યું. મેં આસમાની રંગનાં પીરોજ, નીલમણિ, લાલ રત્નો વગેરે મઢેલાં જોયાં. મકાનની દૂર તથા નજીક જઈ મેં બધું ઝીણવટપૂર્વક જોયું. તાજમહેલનાં જાજરમાન પ્રભાવ હેઠળ હું થોડો દૂર જઈને ઉભો.

હું તાજમહેલની આસપાસ ફરવા લાગ્યો. મારા મનમાં શૂન્યતા વ્યાપી ગઈ હતી. હું અહીં શું કામ આવ્યો છું એ જ ભૂલી ગયો હતો. ત્યાં એક લાલ ઝબકારાએ મારું ધ્યાન ખેંચ્યું. હું તે બાજુ ફર્યો, મારી સામે એક ઊંચી વ્યક્તિ ઊભી હતી. તેનો ચહેરો મારા તરફ ન હતો, પણ ચોક્કસ તે એક પુરુષ હતો. તે શાંત ઉભો હતો, તેનાં કપડાં હવામાં થોડાં ફરફરતાં હતાં. તે મારા તરફ ફર્યો, હસ્યો.

તે જુલિઆન હતો, હા, જુલિઆન પોતે.

“હેં ?” મારાથી અચાનક બોલી જવાયું, મને કંઈ જ સમજ ન પડી.

જુલિઆન અને અહીં ? મને તેણે કેમ ન કહ્યું કે તે ભારત આવી રહ્યો છે ? મને ઘણી નવાઈ લાગી.

“તારી પાસેથી તાવીજો લેવા હું આવ્યો છું.” જુલિઆને કહ્યું. મારા મગજમાં ઝડપથી એકસાથે ઘણાં પ્રશ્નો ફૂટી નીકળ્યા. મારા શબ્દોને કેમ ગોઠવવા એ મારા માટે મુશ્કેલ કામ બની ગયું.

જુલિઆને કહ્યું : “મને અત્યારે અહીં જોઈ તને આશ્ચર્ય થાય તે સ્વાભાવિક છે. હું અત્યારે હિમાલય જઈ રહ્યો છું. રસ્તામાં અહીં આપણી મુલાકાત થાય, તે મને ઠીક લાગ્યું.”

મેં માથું હલાવ્યું, હજી હું ગુંચવાડામાંથી બહાર આવ્યો ન હતો. મોટાં હોજની બાજુમાં દેખાતા ફૂલ છોડથી સમૃદ્ધ બગીચા તરફ આંગળી ચીંધીને જુલિઆને કહ્યું : “ચાલો આપણે ત્યાં નીચે જઈએ, સાંજની આ ઠંડી હવામાં શાંતિથી બેસીએ.” અમે પથ્થરનાં પગથિયા ઉતરી નીચે ગયા. અંધારું જામવા માંડ્યું હતું, સૂરજ ક્ષિતિજમાં ડૂબી રહ્યો હતો. આકાશ તેની તેજસ્વિતા ગુમાવી રહ્યું હતું.

ચાલતા ચાલતા જુલિઆને તેનાં ઝભ્ભાનાં ખીસ્સામાં હાથ નાખ્યો.

“તારે છેલ્લું તાવીજ જોવું છે ?”

“તે તારી પાસે છે ?” મેં કહ્યું.

તેણે માથું ધુણાવી હા પાડી. તેણે ખીસ્સામાંથી નાની બદામી કોથળી કાઢી. મેં હાથ

ધર્યો. બેગમાંથી એણે મારી હથેળીમાં કંઈક ઠાલવ્યું. મારા હાથમાં તાજમહેલની નાની પ્રતિકૃતિ હતી. સાથે કોઈ કાગળ, ચિઠ્ઠી કે નોંધ કંઈ જ ન હતું. હું જોતો રહ્યો.

"આનો શું અર્થ થાય તે હું કહું છું," જુલિઆને કહ્યું. "આ સ્થાપત્યએ દુનિયાભરમાંથી આવતા કેટલાંય સ્વપ્નદૃષ્ટાઓને પ્રેરણા પૂરી પાડી છે. સેંકડો વર્ષોથી તે આ કામ કરી રહ્યો છે. કેટલા બધા લોકોની મહેનત છે આની પાછળ. ઘણા લોકોની તો આખી જિંદગી ખર્ચાઈ ગઈ હશે."

જુલિઆને કહ્યું, "એ બાબતમાં કોઈ શંકા નથી કે આ કલા અને સ્થાપત્યનું એક યાદગાર સર્જન છે. કેટલાક લોકો પોતાની પાછળ સૌંદર્ય અને મહાનતા છોડી જાય છે. પણ હું જ્યારે તાજમહેલને નહીં પણ તેનાં બનાવનારનો વિચાર કરું છું ત્યારે મને અહીં કોઈ સ્થાપત્ય નહીં પણ દુનિયાને કંઈક આપવાની ભાવનાથી ભર્યું ભર્યું હૃદય દેખાય છે."

મેં જુલિઆન સામે જોયું, તે શું કહી રહ્યો હતો તે હું કદાચ હજી પૂરું સમજ્યો ન હતો.

"હું તને તાજમહેલની વાત કરું." જુલિઆને કહ્યું.

સત્તરમી સદીની શરૂઆતમાં મોગલ સામ્રાજ્યનો બાદશાહ શાહજહાં હતો. તેની પત્નીને તે મુમતાઝ મહલ એટલે કે મહેલનું રત્ન કહેતો. બન્ને એકબીજાને ઘણાં ચાહતા હતા. કમનસીબે મુમતાઝ મહલ તેનાં ચૌદમા બાળકને જન્મ આપતી વખતે ગુજરી ગઈ. એવું કહેવાય છે કે મુમતાઝનાં છેલ્લાં શબ્દો તેનાં પતિ માટેનાં પ્રેમનાં હતા.

શાહજહાં મુમતાઝનાં મૃત્યુથી ભાંગી પડ્યો. જીવનનાં સુખ ભોગથી દૂર રહી એક વર્ષ તેણે શોકમાં ગુજાર્યું. અને તેણે મુમતાઝની યાદમાં સ્વર્ગ ધરતી પર ઉતરી આવે તેવું એક સ્થાપત્ય ઉભું કરવાનું નક્કી કર્યું. દર વર્ષે અહીં લાખો લોકો શાહજહાંનાં પ્રેમની આ યાદગીરીને જોવા આવે છે.

"આપણે કોઈ આ દુનિયામાં તાજમહેલ જેવું કંઈક છોડીને જઈ શકવાના નથી." જુલિઆને કહ્યું, "પણ તેનાથી પણ કંઈક વધુ સારું, વધુ કિંમતી આપણે દુનિયાને આપી શકીએ તેમ છીએ."

જુલિઆને ઝભ્ભાનાં ખીસ્સામાં કંઈક ફંફોળવા માંડ્યું. કાગળનો એક ટુકડો કાઢી તેણે મારા હાથમાં મૂક્યો. મેં તે ખોલી વાંચવા માંડયો.

તમારી જાતને વધુ મોટા ફલક પર વિચારો.

દુનિયામાં જીવતો કોઈ માણસ વધારાનો નથી. દરેક વ્યક્તિનાં પૃથ્વી પર હોવા પાછળ એક ચોક્કસ કારણ છે, એક ચોક્કસ હેતુ છે, એક ચોક્કસ ધ્યેય છે. તમે તમારી જીંદગીને તમારા માટે તથા તમારા પ્રિયજનો માટે સુંદર બનાવો. સુખી બનો, આનંદ કરો, સફળતા મેળવો પણ તમારી પોતાની શરતોએ, નહીં કે સમાજે ઘડેલાં નિયમો પ્રમાણે.

પણ જે કંઈ બનો, વિશિષ્ટ બનો. જિંદગીનો ઘણો મોટો અર્થ છે. ઉપયોગી બનો,

વધુને વધુ લોકોની સેવા કરો. સાધારણમાંથી અસાધારણ બનવાનો આ રસ્તો છે. તમારી જાતને શ્રેષ્ઠ રીતે જીવનારા લોકોની હરોળમાં મૂકી દો.

"જોનાથન, આ તાજમહેલ પાછળનું ખરૂ કારણ શાહજહાં નહીં પણ મુમતાઝ મહલ છે, શાહજહાંની બેગમ મુમતાઝ મહલ. તાજમહેલના પાયામાં મુમતાઝ મહલનો તેના પતિ પ્રત્યેનો પ્રેમ છે. તે કોઈ જોતું નથી, કોઈને તે દેખાતો નથી. કોઈ તેનાં વિશે વિચારતું પણ નથી. પણ, હકીકત એ જ છે - 'મુમતાઝનો શાહજહાં પ્રત્યેનો પ્રેમ'. તાજમહેલ જોનારાંમાંથી ભાગ્યે જ કોઈ આ જોતું હશે. મોટાભાગનાં લોકો તાજમહેલને 'શાહજહાંના તેની પત્નિ પ્રત્યેના પ્રેમ'ના પ્રતિક તરીકે જ જુએ છે." જુલિઆને ધીમેથી કહ્યું.

જુલિઆને આગળ ચલાવ્યું, "ક્યારેક વિજ્ઞાનની પ્રગતિમાં, કલાના ક્ષેત્રમાં, કોઈ સફળ કંપનીનાં સર્જનમાં કે શહેરનાં કોઈ સુંદર મકાન બનાવવામાં આપણો ફાળો જોઈ શકાય તેવો હોય છે, પણ ક્યારેક કોઈનો વધુ મોટો કે વધુ અગત્યનો ફાળો પણ જોઈ શકાતો નથી. આપણે કંઈક આપીએ તે જ મહત્ત્વનું છે, લોકોને તે દેખાય કે નહીં તે મહત્ત્વનું નથી. આપણી ભીતર સતત કંઈક આપવાની ભાવના જીવંત રહેવી જોઈએ."

મારા ધ્યાનમાં આવ્યું કે સેડાનમાં મેં જે કંઈ જાણ્યું તેમાં કંઈક ખૂટતું હતું. અત્યાર સુધીના તાવીજો મેળવ્યાં તેમાં એક સંદેશો ખૂટતો હતો.

કંઈક આપવાની ભાવનાનો. તેમાં પૈસા કમાવવા અને શાબાશી મેળવવાની વાત ન હતી પણ દુનિયા પર કંઈક જોરદાર અસર છોડી જઈને તેને વધુ સારી બનાવવાની વાત હતી. ગાઓ લીને તે સમજાયું હતું, મારી બહેન કીરાને તે સમજાયું હતું, મારા માતા-પિતાને તે સમજાયું હતું. અહીં આ યાદગાર પ્રેરણામૂર્તિ જેવા તાજમહેલ સામે બેઠો છું ત્યારે મને લાગે છે કે મારે આ વાતને જીવનભર યાદ રાખવી જોઈએ. હું શું આપી શકું ? કે મારી આજુબાજુની દુનિયાને વધુ સારી બનાવવા હું શું કરી શકું ?

થોડી વાર અમારી વચ્ચે શાંતિ જળવાઈ રહી, પછી જુલિઆને કહ્યું: "તારી પાસે તાવીજો છે ?"

"ઓ, હા." મેં કહ્યું : "હું ભૂલી ગયો."

હું ખરેખર ભૂલી નહોતો ગયો પણ મારી પાસે રહેલાં તાવીજો કોઈને આપવા પડે એ મને ગમતું નહોતું.

મેં ધીમેથી શર્ટ નીચેથી તાવીજોનું પાઉચ કાઢ્યું, જુલિઆન હસ્યો.

"તને તેનાં પ્રત્યે લગાવ થઈ ગયો છે," જુલિઆને ધીમેથી કહ્યું. "તેમાં રહેલી શક્તિની તને જાણ થઈ ગઈ છે."

"મને ખબર નથી." મેં કહ્યું.

"મને હતું કે તને લગાવ થઈ ગયો હશે. તને કેવી લાગણી થાય છે ?" જુલિઆને પૂછ્યું.

મેં કહ્યું : "સારી, ઘણી સારી."

"આ તાવીજોમાં છૂપાયેલ શાણપણનો ખજાનો તને મળી જશે, જો તું તેને દિલથી સ્વીકારીશ તો. જો તારી જાતને તું વચન આપે, તો તું એક જીંદગી બદલી શકે છે, તું એક જીંદગીને બચાવી શકે છે."

મારી માતાનો ફોન પરનો આંસુભર્યો અવાજ મને યાદ આવ્યો.

મેં કહ્યું : "કોની જીંદગી ખતરામાં છે ? કોની જીંદગી બચાવવાની તું વાત કરે છે ?"

જુલિઆને મારી સામે જોઈ આંખો થોડી ઊંચી કરી. કંઈ બોલ્યો નહીં. થોડો સમય ખામોશી છવાઈ ગઈ. મારા મગજમાં ચમકારો થયો.

હું બોલ્યો : "ઓહ, ના. મારી જીંદગી ખતરામાં નથી. મારી જીંદગીને બચાવવાની જરૂર નથી." જુલિઆન કંઈ બોલ્યો નહીં, પણ તે કશાકની રાહ જોતો મારી સામે જોઈ રહ્યો. તાવીજો હજી મારા હાથમાં હતા.

"હું બિલકુલ બરાબર છું, મારો દીકરો પણ બરાબર છે. હા મારા લગ્નજીવનમાં થોડી ગરબડ છે પણ..."

મૃદતાસભર નિર્ણયાત્મકતાથી જુલિઆને કહ્યું: "જોનાથન, તું જાણે છે અને હું પણ જાણું છું કે કોઈ બીજાની નહીં પણ તારી, તારી પોતાની, જીંદગીમાં મુશ્કેલી છે. તારી માતાને પણ તે દેખાય છે. તારી ચિંતામાં જ તે માંદા પડી ગયા હતા. તેણે તારા પિતા ગુમાવ્યા, પછી તે તને પણ ગુમાવી રહ્યા હતા. તને આનંદ કે સુખ નથી તે તે જોઈ શકે છે. તારા માતા-પિતા હતાં એટલો તું સુખી નથી. તારી નોકરીમાં તું જે કામ કરે છે તેને જ તું ધિક્કારે છે. તારા લગ્નજીવનને પણ તેં જ બગાડ્યું છે. તારા બાળકનું બાળપણ તેં છીનવી લીધું છે. તું જાણે છે આ બધું."

"એટલે કે, મેં આ બધાં તાવીજ મારા માટે ભેગા કર્યાં ? મારે કોઈ જરૂર નથી. આ કંઈ થોડો જાદુ છે ?"

"સાચો જાદુ તો તે પત્રોમાં છે, જોનાથન, તે પત્રોમાં અને તારી જર્નલમાં. તાવીજો એ તો તમારું ધ્યાન દોરવાનું જ કામ કર્યું છે અને મુસાફરી કરાવવાનું કારણ તે પત્રોનાં ભાવાર્થને તું તારી અંદર ઉતારે તથા મારા મિત્રો સાથેની મુલાકાતની અસર તને થાય તે છે."

"જોનાથન તું સતત કામ કરે છે. તારા ડરનો સામનો કરે છે. બીજાની જીંદગી માટે જોખમો પણ લે છે પણ તારી જાતને બચાવવા તું શું કરે છે ? મને લાગે છે કદાચ હવે તેં શરૂઆત કરી હોય."

"જો તને ખબર જ છે કે આ તાવીજમાં કોઈ જાદુ નથી કે તે એક જ જગ્યાએ ભેગા કરવાનો પણ કંઈ અર્થ નથી, તો પછી દુનિયામાં અલગ અલગ જગ્યાએ તેને મોકલવાનો કે મને તે ભેગા કરવાનું કહેવાનો શું અર્થ છે ?" મેં પૂછ્યું.

જુલિઆન મિત્રતાભર્યું હસ્યો : "દોસ્ત, તે રમત કરવા બદલ હું ખરેખર દિલગીર છું. તે બાબતની મારી અપ્રમાણિકતા મને કબૂલ છે. આ બધા તાવીજ તારી માતાએ થોડાં મહિના પહેલાં મારી સાથે વાત કરી ત્યાર પછી જ મેં ભેગા કર્યા હતા. અને દુનિયામાં ઠેકઠેકાણે મારા મિત્રોને તે મોકલી આપ્યા હતા. મેં જેને મોકલ્યા હતા તે મારા બધાં જ મિત્રો પોતપોતાના ક્ષેત્રમાં સાચી સમજણ ધરાવે છે. જે તે મિત્ર પાસે રહેલાં મારા પત્રોને તેઓ સુસંગત રીતે જીવી રહ્યા છે. તું તેને મળે અને તેમનામાંથી કંઈક શીખે એ જ મારો ઉદ્દેશ હતો. અને મારે જે કરવું હતું તે કરવાનો આ એક માત્ર રસ્તો હતો. જો મેં આ 'નાટક' ન કર્યું હોત તો તું તેઓની પાસે હું ગમે તેટલું કહેત તો પણ જાત નહીં."

જુલિઆનનાં આ બધાં મિત્રોને મળવાની મને ખૂબ મજા આવી હતી. અને તેમની સાથે વધુ સમય ગાળવાની મને ઈચ્છા હતી જ. જેમની સાથે હું વધુ સમય ન ગાળી શક્યો તે લોકો મને યાદ આવ્યા - મારા પિતા અને જુઆન. અમારી સામેની પથ્થરની એક બેઠક તરફ જુલિઆને ઈશારો કર્યો. અમે ત્યાં બેઠાં. તેણે ધીમેથી મારા ખભે હાથ મૂક્યો.

"મને લાગે છે કે ઘણી બાબતો હવે તારા માટે સ્પષ્ટ થઈ ગઈ છે પણ હજુ તને કંઈક મુંઝવણ છે." તેણે ધીમેથી કહ્યું.

મારા મનમાં ધમસાણ મચ્યું હતું. મારે તો ઘણું બધું કહેવું હતું પણ શરૂઆત કેવી રીતે કરવી તે ખબર પડતી ન હતી. મેં પહેલેથી જ ચાલુ કર્યું. ડિઝાઈન લેબમાં જુઆન સાથે હું કામ કરતો હતો ત્યાંથી મેં વાત શરૂ કરી. તે છોડવાના મારા નિર્ણય વિશે જણાવ્યું. સ્વેન અને ડેવિડ જુઆનને હેરાન પરેશાન કરતા હતા, તેને નોકરી છોડી દેવા મજબૂર કરી રહ્યા હતા ત્યારે મેં જુઆનને સાથ કે સધિયારો ન આપ્યો. ન તો મારી મિત્રતા નિભાવી કે ન સહાનુભૂતિ દર્શાવી. બધી વાત કરી અને પછી જુઆનની કારને થયેલ એક્સિડેન્ટ વિશે મેં જુલિઆનને જણાવ્યું.

"એક્સીડેન્ટ !" જુલિઆન બોલ્યો. દેખીતી રીતે તો અકસ્માત જ હતો, પણ જુલિઆનના શબ્દોમાં છૂપાયેલું પ્રશ્નાર્થ ચિહ્ન કહેતું હતું - શું ખરેખર તે અકસ્માત જ હતો ?

હું કંઈ બોલ્યો નહીં, તેથી તેણે આગળ ચલાવ્યું. "તું ચોક્કસ છે કે તે અકસ્માત જ હતો ?"

"જે હોય તે." મેં એ વાતનો અંત લાવતો હોઉં તેમ ઝડપથી કહી દીધું. "જુઆનને હાર્ટ એટેક આવ્યો હતો તે તો પાકું જ છે, હા - ક્યારે આવ્યો હતો તે કહી શકાય નહીં. કાર લોખંડની ગ્રીલ સાથે અથડાઈ તે પહેલાં કે તે પછી ?"

હું મારા ગુનામાંથી છટકવાની ચાલાકી કરી રહ્યો હતો. જુલિઆન સમજી ગયો. તેણે સૂચક નજરે મારી સામે જોયું, જાણે મારી વાત સાથે તે સંમત નથી તે દર્શાવવા માંગતો હોય તે રીતે.

મેં મારી સામે નીચે પડેલાં પથ્થરો તરફ જોયું, દૂર આવેલા ઘુમ્મટ તરફ જોયું, કોઈ કારણ વગર. કદાચ જુલિઆન સામે ન જોવું પડે તે માટે. જુલિઆનનું સૂચક મૌન ચાલુ જ હતું. મારી અકળામણમાંથી છૂટવા મારે જ બોલવું પડયું.

"તે મૃત્યુ પામ્યો તેનાં બે દિવસ પહેલાં…" મેં કહ્યું : "હું જુઆનની ઓફિસ પાસેથી પસાર થયો હતો. તે દરવાજામાંથી બહાર આવી રહ્યો હતો. તે તેના વિચારોમાં ખોવાયેલો હતો. તે લગભગ મારા પર ઢળી પડ્યો. તેની નજર મારા પર પડી, તો પણ તેનાં ચહેરાનાં હાવભાવમાં કોઈ ફરક પડ્યો નહીં, જાણે તે મારાથી દૂર દૂર જતો રહ્યો હોય. તે બોલ્યો, જાણે મને કંઈક ખાસ કહેતો હોય તેમ : "હવે અહીં રહેવામાં કંઈ દમ નથી."

મેં વિચાર્યું કે તે કંપની છોડી જવાની વાત કરી રહ્યો છે. મારે માટે શરમની વાત કહેવાય પણ હું તે સાંભળી રાજી થયો. કમ-સે-કમ દરરોજ મારે તેનો ઉતરેલો ચહેરો તો જોવો નહીં પડે. કમ-સે-કમ જે થયું તે સારું થયું, તેવો દંભ તો હું જાળવી શકીશ. મેં જુઆનને કંઈ કહ્યું નહીં, તે પણ મારી પાસે ઉભા રહ્યા વગર સીધો પસાર થઈ ગયો. નીચે હૉલ તરફ ઉતરતી વખતે તેનાં પગલાં બહુ ભારે લાગતા હતા. પાછળથી જુઆન મૃત્યુ પામ્યો પછી મને આ બધું યાદ આવ્યું.

શું તેની નિરાશા અને તેનાં શબ્દોએ તેનાં મૃત્યુની આગાહી નહોતી કરી ? શું જુઆને કંપની નહીં પણ આ દુનિયા જ છોડી જવાની વાત કરી હતી ? જો મેં તે સમયે તેને રોક્યો હોત, તેની સાથે વાત કરી હોત, મદદ કરી હોત કે મારી સહાનુભૂતિ દર્શાવી હોત તો કદાચ તે આજે જીવતો હોત."

જુલિઆન અને હું થોડીવાર ચૂપ બેઠાં રહ્યાં. આજુબાજુમાં ખાસ કોઈ દેખાતું ન હતું. દિલ્હી અને આગ્રાની ભરચક અને શોરબકોરવાળી શેરીઓની સામે અહીં બધું બિલકુલ શાંત હતું.

જુલિઆને હાથ ભીડ્યા અને તેનાં પગ લંબાવ્યા. તેનાં લાલ ઝભ્ભાની નીચેથી તેનાં ચામડાનાં બદામી સેન્ડલ બહાર દેખાઈ આવ્યા.

"જોનાથન", તેણે કહ્યું : "આપણે પાંચ વર્ષ પછીની સંભવિત પરિસ્થિતિને આજે જ જોતાં શીખવું જોઈએ અને આપણી આજની જીંદગીમાં પાછળથી પસ્તાવું પડે તેવી કોઈ વાત ધ્યાનમાં આવે કે તરત તેને દૂર કરવી જોઈએ. આવનારાં દિવસો કે પરિસ્થિતિ વિશે આપણે અંદાજ જરૂર લગાવી શકીએ છીએ તો પછી તેમાં આપણને ન ગમતી પરિસ્થિતિને ઊભી થતાં પહેલાં જ કેમ ન અટકાવી દઈએ ?" જુલિઆને મારા હાથ પર તેનો હાથ મૂક્યો.

"હું માનું છું કે આ પ્રવાસ દરમિયાન કદાચ તારામાં એ પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. પ્રવાસ શરૂ કરતા પહેલાં તારું જે ભવિષ્ય હતું તેનાં કરતાં અત્યારે તે ઘણું જ અલગ હોય તે શક્ય છે, પણ તે તો ભવિષ્યની વાત છે. તું અત્યારે ભૂતકાળની વાત કરી રહ્યો છે. તને અને મને - આપણને બંનેને ખબર છે કે તારા પ્રશ્નોનાં કોઈ જવાબ નથી. તું જે છે તેને સ્વીકારી શકે તેટલો બહાદૂર હોવો જોઈએ."

મેં ઊંડો નિસાસો નાખ્યો. મને અપેક્ષા હતી કે મારી વાતનો જુલિઆન પાસે કંઈક અલગ જ જવાબ હશે, પણ હું જાણતો જ હતો કે તેની પાસે એવો કોઈ જવાબ નથી.

"તમે પાછળ જોઈને આગળ ન ચાલી શકો.", જુલિઆને દૃઢતાથી કહ્યું "તમે ગમે તે કરો ભૂતકાળને ક્યારેય બદલી શકાતો નથી."

"મને થાય છે મારે ઘણાં સુધારા કરવા જોઈએ અને મને કેટલું દુ:ખ છે તે પણ મારે દર્શાવવું જોઈએ.", મેં કહ્યું.

"તું બે વસ્તુ કરી શકે,", જુલિઆને કહ્યું. મેં તેની સામે જોયું. પહેલી વખત મારી આંખોમાં આશાનો ચમકારો હતો.

"તારે બે વસ્તુ કરવી જ જોઈએ.", જુલિઆને આગળ કહ્યું : "પહેલું એ કે મિત્ર મુશ્કેલીમાં હોય ત્યારે તેની અવગણના કરવી નહીં. બીજાં તેની સાથે ગેરવર્તન કરે કે ક્રૂરતાથી વર્તે ત્યારે મૂક સાક્ષી બનીને જોઈ રહેવું નહીં." મેં હા પાડી. આ વાત તો મેં મહિનાઓ પહેલાં જ મનમાં નક્કી કરી લીધી હતી.

"અને બીજું," તેણે કહ્યું, "તારે તારી જાતને માફ કરવી જોઈએ." જુલિઆન મારી સામે ઈરાદાપૂર્વક જોઈ રહ્યો હતો.

"બગલાનું તાવીજ યાદ છે જોનાથન ?"

"હા," મેં અયામેને યાદ કરતા કહ્યું.

"તેની સાથેનાં પત્રમાં બીજા સાથેનાં વર્તનનું જણાવેલું મહત્ત્વ તને યાદ છે ? અને તમારી જાત સાથેનું પણ વર્તન... બીજાને તમે માફ કરો તેનું બહુ મહત્ત્વ છે. તમે તમારી જાતને માફ કરો તે પણ અત્યંત જરૂરી છે."

જુલિઆન સાચો હતો. તેણે કહ્યું તે મારા માટે સૌથી અઘરું કામ હતું. પણ મારે પસ્તાવાનાં ખાડામાં પડવું ન હતું. મારે કંઈક કરવું જ પડશે, કંઈક તો કરવું જ પડશે.

"માફીની વાત છે," જુલિઆને કહ્યું, તે ઊભો થઈ ગયો હતો. "તને મળવા બીજું કોઈ પણ અહીં હાજર છે."

સૂરજ સંપૂર્ણ ડૂબી ગયો હતો. ક્ષિતિજ શાંત અને ગંભીર બની નિંદ્રાધીન થઈ ગઈ હતી. કાળા ઘેરા આકાશમાં એક ચળકતા સિક્કાની જેમ ચંદ્ર લટકી રહ્યો હતો. હોજનાં પાણીમાંથી ચંદ્રનો પ્રકાશ પ્રતિબિંબિત થઈ રહ્યો હતો. બગીચો અંધારાથી ભર્યો ભર્યો ખાલીખમ હતો. દૂર પથ્થર પાસે મને એક નાની આકૃતિ દેખાઈ. તે મારા તરફ આવી રહી હતી. મેં જુલિઆન સામે જોયું, તે ગાયબ થઈ ગયો હતો !

મેં જોયું ચંદ્રનાં પ્રકાશમાં કે પેલી આકૃતિ એક સ્ત્રી હતી. પાતળી, ઊંચી અને લાંબા વાળવાળી. તે મારી એટલી નજીક આવી ગઈ હતી કે તેનાં ચહેરા પરનું હાસ્ય હું જોઈ શકતો હતો. તે હતી અનીશા ! મારું હૃદય લગભગ બહાર આવી ગયું. હું કૂદ્યો.

હું તેનાં તરફ આગળ વધ્યો તો મેં કંઈક જુદું જ જોયું. એક નાની આકૃતિ તેની પાછળથી બહાર આવી. મારો નાનકડો દીકરો આદમ.

આદમ મારા તરફ ઝડપથી આવી રહ્યો હતો. મેં તેને ઉંચકવા બે હાથ લંબાવી તૈયાર રાખ્યાં હતાં. મારી આંખોમાં આંસુઓ હતા, પણ મારો અવાજ ગુમ થઈ ગયો હતો.

ઘેર જતાં પહેલાં અનીશા, આદમ અને હું ત્રણ દિવસ આગ્રામાં રહ્યાં. ભારતમાં

અમે સાથે ગુજારેલો સમય મારા જીવનનો સૌથી વધુ આનંદનો સમય હતો. જુલીઆને મને તાવીજો અને તેની સાથેનાં પત્રો સાચવી રાખવા કહ્યું હતું. "કદાચ તારે ભવિષ્યમાં તે આદમને આપવાની જરૂર પડે અને તું જે તેનાંથી શીખ્યો છે તે તેને પણ શીખવાડવાની જરૂર પડે." તેના આ વિચાર જાણીને હું મલક્યો.

મારી લાંબી ગેરહાજરી પછી જ્યારે હું ઓફિસમાં પાછો ફર્યો, તો ચારેબાજુ નવા ચહેરાઓ જ જોવા મળ્યા. ડેવિડ અને સ્વેનની ગેરહાજરીથી મને હાશ થઈ. મેં, ઘણા મેનેજરો તથા CEO સાથે ઘણી ચર્ચા કરી. મારા ગ્રાહકો તથા બીજા ઘણા લોકોએ મને સેલ્સમાં ટકી રહેવાનો ઘણો આગ્રહ કર્યો, પણ મને ખબર હતી કે મારામાં શું છે અને એનો સાચો ઉપયોગ ક્યાં છે. છેવટે તેઓ સહમત થયા અને ઘણા મહિના સુધી ટેકનિકલ ડાયરેક્ટર તરીકે કામ કર્યા પછી તેઓએ તે જગ્યાએ મને કાયમી કરી દીધો.

દરમિયાન હું અનીશા અને આદમ સાથે એપાર્ટમેન્ટમાં રહેવા જતો રહ્યો. આદમે તેની સોસર ટીમના આસીસ્ટન્ટ કોચ તરીકે મને રહેવાની માંગણી કરી અને મેં તરત હા પાડી દીધી. હું આટલો જલ્દી કેમ તૈયાર થઈ ગયો એની એને નવાઈ લાગી. અનિશા અને મેં સાવચેતીપૂર્વક ધીમે ધીમે અમારા લગ્નજીવનની ગાડી પાટે ચડાવી દીધી.

અમે એક નવો રિવાજ પાડ્યો. મહિનામાં એક રવિવાર મારી માતા, મારી બેન તથા તેનું કુટુંબ, અનીશાના માતા-પિતા વગેરેએ સાથે મળીને જમવાનો. હવે પછીના વેકેશનમાં ક્યાં જવું તેની તૈયારીમાં અમે લાગી ગયા.

"આપણે ક્યાં જઈશું ?" અનીશાએ પૂછ્યું, મારી માતાએ આપેલ કેટલીક ટ્રાવેલ-બુક્સ તે જોઈ રહી હતી.

મારી નવી જિંદગી શરૂ થઈ રહી હતી.

મેં કહ્યું : "આપણે ઇસ્તનબુલથી શરૂઆત કરીએ !"

નિરપેક્ષતાની શક્તિ

એક નિરપેક્ષ અને પ્રમાણભૂત જીવન જીવવાની પ્રતિબદ્ધતા કેળવવી એ જ આપણે આપણી જાતને આપેલ સર્વશ્રેષ્ઠ ભેટ છે. પોતાની જાત પ્રત્યે સત્યતા કેળવવી એ સહેલું કામ નથી. સમાજ જેની પાછળ દોડે છે તેને છોડીને પોતાની શરતોએ જીંદગી જીવવી, પોતાનાં સ્વપ્તો અને મૂલ્યોને જાળવી રાખવાં એ જ અગત્યનું છે. આપણી ભીતર ધરબાયેલી છૂપાયેલી આકાંક્ષાઓ, આશાઓ, શક્તિઓ અને નબળાઈઓનો ઢંઢોળવાનું કામ આપણે કરવું જોઈએ. આપણે કયાં છીએ અને કયાં જવાનું છે તે શોધી કાઢવું જોઈએ. આપણું દરેક પગલું, દરેક નિર્ણય આપણી જાતને આપેલા - સાચી, પ્રામાણિક અને પ્રમાણભૂત જિંદગી જીવવાના વચન સાથે સકંળાયેલું હોવું જોઈએ. આમાં આગળ વધતાં રહીએ તો આપણી સર્વોચ્ચ કલ્પનાથી પણ અધિક ખજાનો મળ્યાનો અનુભવ પ્રાપ્ત થાય છે.

તમારા ડરને ભેટો.

જિંદગીમાં આપણને આગળ વધતાં કોઈ રોકતું હોય તો તે આપણી ભીતર પડેલું ભયનું અદૃશ્ય માળખું છે. તે આપણને હંમેશા સાનુકૂળ જગ્યામાં જ રાખે છે, જ્યારે હકીક્તમાં તે સૌથી ઓછી સલામત જગ્યા હોય છે. ખરેખર તો જિદગીમાં કોઈ જોખમ ન લેવું એ જ સૌથી મોટું જોખમ છે.

જેનો ડર લાગે છે તે કરવાથી તે ડર થકી આપણી બંધાયેલી શક્તિ મુક્ત થાય છે. તમારા ડરની બીજી બાજુ તમારી શક્તિ પડેલી જ છે. આપણે જ્યારે વિકાસ કરવાના પ્રતિકૂળ રસ્તે આગળ વધીએ છીએ, ડરના રસ્તે જેમ જેમ આગળ વધતાં જઈએ. તેમ તેમ વધુને વધુ શક્તિ આપણને મળતી રહે છે. આમ આપણે નિર્ભય અને શક્તિશાળી બનીએ છીએ અને આમ જ આપણી સપનાની જિંદગી જીવવા આપણે સક્ષમ બનીએ છીએ.

ભલા થઈને જીવો.

જેમ આપણા શબ્દો આપણા વિચારોને મૂર્તિમંત કરે છે, તેમ આપણાં કાર્યો આપણી માન્યતાઓને મૂર્તિમંત કરે છે. ગમે તે બાબત હોય, ગમે તેટલી નાની કેમ ન હોય - તે ખૂબ મહત્વની છે. આપણે કોઈની સાથે કેવું વર્તન કરીએ છીએ એ બતાવે છે કે આપણે બધાની સાથે - પોતાની સાથે પણ - કેવું વર્તન કરીએ છીએ. આપણે જો કોઈને અપમાનિત કરીએ છીએ, તો આપણે આપણી જાતને પણ અપમાનિત કરીએ છીએ. આપણે કોઈના પર વિશ્વાસ રાખી શકતાં નથી તો તેનો અર્થ એ છે તે આપણને પોતાની જાત પર પણ વિશ્વાસ નથી. બીજાં પ્રત્યે આપણે ક્રૂર છીએ તો જાત પ્રત્યે પણ આપણે ક્રૂર જ બનવાના.

આપણી આજુબાજુનાં માણસોની આપણે કદર ન કરી શકીએ તો જાતની પણ કદર નહીં કરી શકીએ. આપણે કોઈ વ્યક્તિ સાથે કંઈ પણ વર્તન કરીએ, કોઈપણ કાર્ય કરીએ, તો આપણે અપેક્ષા કરતાં પણ વધુ ભલા બનવું જોઈએ, સામે વાળા કરતાં વધુ ઉદાર થવું જોઈએ, શક્ય હોય એટલા હકારાત્મક બનવું જોઈએ. અન્ય વ્યક્તિ સામેની એક એક પળ આપણને આપણી અંદર જે શ્રેષ્ઠ છે તેને વ્યક્ત કરવાની તક આપે છે, આપણી માનવતાને પ્રસારવાની એક તક આપે છે, દુનિયાને વધુ સારી બનાવવાની એક તક આપે છે.

દરરોજ થોડો થોડો વિકાસ કરો.

આપણે નાનાં નાનાં કામ કઈ રીતે કરીએ છીએ એના પરથી જ આપણે દરેક મોટાં કામ કઈ રીતે કરીએ છીએ તે દેખાઈ આવે છે. જો આપણે નાનાં કામ ચીવટથી પૂર્ણ રીતે કરીએ, તો આપણાં મોટાં કામ પણ તે જ રીતે પૂરાં થશે. કામ નાનું હોય કે મોટું, તે કેમ કરવું તે બાબતની આપણી આવડત જ ખરેખર તો કામ કરતી હોય છે. અગત્યનું એ છે કે એક પ્રયત્ન ત્યાર પછીનાં પ્રયત્નને જોર પુરૂં પાડે છે. એક પછી એક ઇંટ ગોઠવવા જેવી આ વાત છે. ધીમે ધીમે તમારામાં પ્રચંડ આત્મવિશ્વાસ જન્મે છે. અને તમે તમારાં અસામાન્ય સપનાંઓને સાકાર થતાં જોઈ શકો છો. તમારી જાતમાં દરરોજ થોડો સુધારો કરતાં જશો તો જ તમે એક દિવસ અસમાન્ય પરિણામો મેળવી શકશો.

જિંદગીને શ્રેષ્ઠ રીતે જીવવી હોય તો તમે જે શ્રેષ્ઠ કરી શકો તે કરો.

દુનિયામાં કોઈ કામ તુચ્છ નથી. કોઈ પણ કામ, કે મજૂરી પણ, તમારી વ્યક્તિગત કાબેલીયત બતાવવાની, કંઈક નવું સર્જન કરવાની કે તમારી ભીતર છૂપાયેલી શક્તિઓને બહાર લાવવાની તમને એક તક આપે છે. પિકાસોએ જે રીતે ચિત્રો દોર્યાં તે રીતે આપણે આપણાં કામ કરવાં જોઈએ. લગનથી. ધગશથી, તેમાં ઓતપ્રોત થઈને, જોશપૂર્વક તથા સર્વશ્રેષ્ઠ રીતે. આમ કરવાથી આપણું કામ માત્ર બીજાને માટે પ્રેરણાત્મક બનશે. એટલું જ નહીં પણ આપણી આજુબાજુની દુનિયામાં પણ તે ફેરફારો લાવી દેશે. જીવનના સૌંદર્યનું રહસ્ય શું છે ? તમને ખરેખર ગમતું કામ કરો અને તેમાં તમારી એટલી કાબેલીયત બતાવી દો કે લોકોને તેની નોંધ લીધા વિના ચાલે જ નહીં.

તમારા પર અસર કરનારી વસ્તુઓ જાતે પસંદ કરો.

તમે તમારા દિવસો એકલા અટુલા ગુજારી શકતા નથી. દુનિયાથી બહુ લાંબો સમય દૂર રહી શકતા નથી. તેથી તમારી જિંદગીમાં કઈ વસ્તુઓને કે કઈ વ્યકિતઓને પ્રવેશવા દેવી કે તેને દૂર રાખવીએ બાબતમાં તમારે સજાગ રહેવું જોઈએ. તમને પ્રેરણા મળે અને શક્તિ મળે એવી જગ્યાએ સમય ગુજારવામાં જ શાણપણ છે. તમારો વિકાસ કરે અને તમને આગળ વધતા રહેવામાં મદદ કરે તેવા લોકોની વચ્ચે જ તમારે રહેવું જોઈએ. તમારું કામ હોય કે તમારી જીંદગી, એકદમ હકારાત્મક મિત્રો કે પ્રતિસ્પર્ધીઓ જ તમને

પ્રેરણા પૂરી પાડે છે. જેના થકી તમારી અંદરનું જે કંઈ શ્રેષ્ઠ હોય તેને તમે બહાર લાવી શકો છો.

જીંદગીની નાની નાની ખુશીઓ જ જીવનનો સૌથી મોટો આનંદ છે.

મોટા ભાગનાં લોકોને તે મોટી ઉંમરના થાય, લગભગ કંઈ કરી શકવાને શક્તિમાન ન રહે, ત્યાં સુધી હકીકતમાં સુખ અને આનંદ શેમાં છે તેની જાણ થતી જ નથી. છેવટે જેની ખાસ કોઈ કિંમત ન હોય તેવી વસ્તુઓ મેળવવામાં તે જીંદગીનાં ઘણાં ઘણાં વર્ષો વેડફી નાંખે છે. સમાજ આપણને જીંદગીને ભૌતિક ચીજ વસ્તુઓથી ભરી દેવા - ભરતા જ રહેવા - ઉશ્કેરે છે, ત્યારે પણ આપણી અંદર એક અવાજ તો સંભળાતો જ હોય છે કે આપણને અંતરથી સમૃદ્ધ કરે તથા સદાય આપણી સાથે જ રહે તે આનંદ તો કંઈક અલગ જ છે, આ નથી. આપણે ગમે તેવી કઠીન મુશ્કેલીમાં હોઈએ પણ ભગવાનના આશીર્વાદ આપણી સાથે હંમેશા હોય છે. આપણે માત્ર તેની હાજરીને માનવાની જરૂર હોય છે. જેમ જેમ તે આશીર્વાદને માનતાં જઈએ છીએ તેમ તેમ આપણો આનંદ વધતો જાય છે. આભારની લાગણી વિસ્તરતી જાય છે અને એક એક દિવસ જાણે ભગવાનની અમૂલ્ય ભેટ હોય તેવો લાગવા લાગે છે.

જીંદગીનો હેતુ છે પ્રેમ કરવો તે.

તમે કોઈને કેટલો પ્રેમ કરો છો તેના પરથી જ તમારી જીંદગી કેટલી સારી છે તે જાણી શકાય છે. મસ્તિષ્ક કરતાં હૃદયમાં વધુ સમજણ છે. તેને માનથી જુઓ. તેના પર વિશ્વાસ રાખો, તેને અનુસરો.

તમારી જાતને વધુ મોટાં ફલક પર વિચારો.

દુનિયામાં જીવતો કોઈ માણસ વધારાનો નથી. દરેક વ્યક્તિનાં પૃથ્વી પર હોવા પાછળ એક ચોક્કસ કારણ છે, એક ચોક્કસ હેતુ છે, એક ચોક્કસ ધ્યેય છે. તમે તમારી જીંદગીને તમારા માટે તથા તમારા પ્રિયજનો માટે સુંદર બનાવો. સુખી બનો, આનંદ કરો, સફળતા મેળવો પણ તમારી પોતાની શરતોએ, નહીં કે સમાજે ઘડેલાં નિયમો પ્રમાણે.

પણ જે કંઈ બનો, વિશિષ્ટ બનો. જિંદગીનો ઘણો મોટો અર્થ છે. ઉપયોગી બનો, વધુને વધુ લોકોની સેવા કરો. સાધારણમાંથી અસાધારણ બનવાનો આ રસ્તો છે. તમારી જાતને શ્રેષ્ઠ રીતે જીવનારા લોકોની હરોળમાં મૂકી દો.